ઉ કેમ મેળવશો?

અથવા

…મેળવવાના અનેક માર્ગો.

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ.

એન. બી. સોનીની પ્રકાશના માટે.

નર્મદાશંકર [illegible] પંડ્યા.

ૐ



તારો ભોમિયો

—: અને :—

મદદગાર બની

તારા અણીના પ્રસં-
ગોએ તારી બાજુએ
રહીશ

:ની નવજીવન ગ્રંથમાળા

'ફતેહ કેમ મેળવશો?'

અથવા

'વિજયને આકર્ષનાર રહેણી'

ઘનઘોર તિમિર વ્યાપે આકાશે,
રાત રહે ભલે છો અંધારી,
તદપિ હું રહું ઋણી તે પ્રભુને,
જેણે દીધો આત્મા અતુલિત બલશાળી.

ભલે બોજો ભારી કર્મ સજાના હોયે,
ભલે વરસે વરસાદ દુઃખ તણા તોયે,
છું હું મુજ નસીબનો માલીક ઘડનારો.
છુ હું સ્વયં 'કપ્તાન' આત્માનો મારો.

નર્મદાશંકર.

"Let the fool prate of Luck—
The fortunate is he whose earnest purpose never swerves,
Whose slightest action or inaction serves the one great aim.
Why, even death stands still and waits an hour on such a will.'

ફત્તેહ કેમ મેળવશો?

અથવા

વિજયને આકર્ષનાર રહેણી

(ગમે તેવા પ્રતિકુળ સંજોગો હોય તોપણ)

રા. રા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
એમ. એ. એલ્‌એલ. બી, એમની પ્રસ્તાવના સાથે

—: લેખક તથા પ્રકાશક :—

નર્મદાશંકર બાલાશંકર પંડયા
તે મુખલક્ષણશાસ્ત્ર તથા મસ્તકશાસ્ત્રના કર્તા
નાંદોદ.

કિંમત રૂ. ૧ ૮ ૦

સંવત ૧૯૭૫ પ્રથમાવૃત્તિ. સન ૧૯૧૯

શા. ખુબચંદ અમીચંદના ધી સુરત જૈન એન્જીન પ્રી. પ્રેસમાં
પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું છે. ખપાટીયા ચકલા સુરત

I AM HIS IMAGE.

I am stronger than my fears,
I am wiser than my years,
I am gladder than my tears,
For I am His Image.
I am greater than my pains,
I am richer than my gains,
I am purer than my strains,
For I am His Image.
I am grander than my names,
I am broader than my claims,
I am nobler than my aims,
For I am His Image.

પ્રીતેથી તુજને હું ચાહું દેખી શકું ન તદપિ,
ઓ ઈશ મારા, ઓ નાથ મારા, કૃપા દ્રષ્ટિ મુજપરે ધરવી;
મમ નીચ હવસોને નાથ ઉન્નત કીજીએ,
જુસ્સો સ્વતંત્રતાનો મુજને દીજીએ.
વિસ્તૃત કરીએ પ્રભુ આત્મા આ માહરો,
મમ હૃદયને પ્રેમ જવાળે પ્રજળાવીએ.
જ્યારે, દશે દિશમાં ફેલાવું હું કીર્તિ તાહરી,
ઓ પ્રભુ ! પ્રકાશીએ મમ પંથપરે—
દયા લાવી પ્રકાશીએ.
મમ કાર્યોને ફળદાયી કરશો,
વળી તેને આપ તણાં કરી ધરશો.

પ્રસ્તાવના

જે અંગ્રેજી પુસ્તકને * આધારે આ ન્હાનકડી ચોપડી લખવામાં આવી છે તે પુસ્તકનો વિષય તથા તે વિષય પ્રતિપાદન કરવાની લેખકની રીત એ બંને એટલાં ઉંચા પ્રકારનાં છે કે તે લેખ વાંચતાં તેની લીટીએ લીટીમાં ભરાઇ રહેલો જુસ્સો આપણા હૃદયમાં ઠલવાતો લાગે છે. જેમ ખરે બપોરે સૂર્યના પ્રખર તાપનું જોર પ્રાણીથી ખમી શકાતું નથી, તેમ ડો. માર્ડનના વચનોની સત્યતા, તથા તેમાં રહેલું એક જાતનું બળ વાચકના મન ઉપર જે જોરથી ધસારો કરે છે તે જોર સામે ટકી રહેવાની તેનામાં શક્તિ રહેતી નથી. એ આખા લેખનું સૂત્ર, એ પુસ્તકના દરેકે દરેક પ્રકરણનો મહામંત્ર એ છે કે દરેક માણસે પોતે પોતાના મનમાં દૃઢ નિશ્ચય કરવો કે મારે ફલાણું કામ કરવુંજ છે, મારે અમુક કાર્યમાં ફતેહ મેળવવીજ છે, અને તે કામ કરવાને માટે, તે ફતેહ મેળવવાને માટે હું દરેક રીતે લાયક છું, માટે મારો વિજય થવોજ જોઇએ; જો આ દૃઢતારૂપી નૌકાનો આશ્રય લઇ, એ સંસાર યાત્રાએ નીકળે તો સહીસલામત તીર્થસ્થાનને કિનારે તે પહોંચવોજ જોઇએ. ❋ માત્ર એવો નિશ્ચય

---

* The Victorious Attitude, by Orison Swett Marden, pnblished by G. Bell and Sons, Ld. London (1916).

§ To think you can creates the force that can.

કરવાથીજ, એ નિશ્ચયને અમલમાં મૂકવાનું એક જાતનું બળ દૈવ તેને પૂરૂં પાડે છે.

જો કોઈ પણ વખતે હિંદુસ્તાનને આવા આત્મિક બળની જરૂર હોય તો તે આ વખતેજ છે. શિથીલતા, મંદતા, આનાકાની, સંશય, સ્વાશ્રયની ખામી, પોતાને માટે હલકો વિચાર, કાંગલાપણું, નિર્બળતા તે પણ બ્હીકણુપણાની હદ સુધીની, ગરીબાઇ, લાચારી, એવા એવા માનસિક રોગોથી ભરતખંડ ગ્રસ્ત થયેલો છે. એ રોગ મટાડવાનું ઔષધ આ પુસ્તકનો વિષય પૂરૂં પાડે છે. લેખક ચોખ્ખામાં ચોખ્ખા શબ્દો વડે જણાવે છે કે હમે ગરીબ, લાચાર કે દુર્બળ છીએ એવું ધારોજ નહિ. તમારી વર્તણૂંક, તમારા આચાર, એવા રાખો કે જાણે તમે સશક્ત છો, કોઇને તાબે નથી, અને જે શક્તિ મનની કે તનની પરમેશ્વરે બીજાને આપી છે, તે તમને પણ આપી છે, એ વિચારમાં જો તમે ઓતપ્રોત થઇ જાઇ તમારા કર્ત્તવ્યના માર્ગ પર પગલાં ભરવા માંડો, તો દુનિયામાં એકે એવી મુશ્કેલી નથી કે જે દૂર કરી તમે ફતેહ ન મેળાવી શકો. અશક્ત કે દુઃખના ભારથી બેવડ વળી ગએલા માણુસની ચાલ ન ચાલતાં ટટાર રહી છાતી કાઢી ચાલો એવો બોધ એમાંથી મળે છે. એમ ચાલવાથી તમે ચાર ગાઉ વધારે કાપશો, અને રસ્તામાં મળતા બીજા મુસાફરો તમને માર્ગ આપશે. " સહુ ચલો જીતવા

જંગ," એ મુદ્રાલેખવાળો વાવટો આગળ રાખી કૂચ કરશો તો જરૂર "ફતેહ છે આગે, ફતેહ છે આગે" એ મુજબ વિજય તમારી સમક્ષ આવી ઉભો રહેશે.

આપણા દેશના જીવનના જે અગત્યના પ્રશ્નો હરરોજ ઉભા થતા જાય છે, તે એકે એક પ્રશ્નની ચાવી આ લેખ પૂરી પાડે છે. ઉત્સાહપૂર્વક આગળ વધો, કોઇને નમ્યું આપો નહિ, અને પછી જુઓ કે તમે ફતેહમંદ થાવ છો કે નહિ.

મૂળ પુસ્તકની ભાષા એવી જુસ્સાદાર છે કે તે વાંચી કોઈક નબળા રોગીને દ્રાક્ષારસનો ઘુંટડો પાવાથી તેના શરીરમાંની નસોમાં લોહી જેમ જોરથી દોડવા કે ઉછળવા માંડે છે તેવી જાતની લાગણી વાંચનારને થઇ આવે છે. એ જુસ્સો ગુજરાતીમાં જોકે સંપૂર્ણ રીતે આવી શકયો નથી તોપણ પુસ્તકની મતલબ બહુ સારાં દ્રષ્ટાંતો વડે સમજાવવામાં આવી છે.

મૂળ અંગ્રેજીમાં યુરોપીઅન ઇતિહાસ, સાહિત્ય કે સમાજ જોડે સંબંધ ધરાવતાં જેવાં દ્રષ્ટાંતો છે તેવાંજ અનુવાદમાં આપણાં પુરાણ ઈતિહાસ વગેરેમાંથી આપવામાં આવ્યાં છે, અને એ ફેરફાર અલબત્ત વધારે આવકારદાયક અને અસરકારક છે.

વિશેષ લખવાની જરૂર નથી કારણ પ્રસ્તાવના કરતાં મૂળ પુસ્તકનો મજકુર વધારે કીમતી છે.

મુંબઈ તા. ૧૨ મી જુન સને ૧૯૧૯ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી.

Thou whom I love but
cannot see,
My Lord, my God look
down on me.
My low affections raise;
The Spirit of Liberty
impart,
Enlarge my soul, inflame
my heart,
And when I spread thy
praise,
Shine on My Path in
mercy shine,
Prosper my work and
make it thine.

લેખકના બે બોલ

જ્યારે લેખક સઘળી બાજુએથી વિપત્તિઓના વાદળમાં ઘેરાયલો હતો,–મનુષ્ય માટે જે વધારેમાં વધારે ભયંકર આપત્તિઓ ગણાય તે સઘળી તેની ઉપર આવી પડી હતી ત્યારે આ પુસ્તક તૈયાર કરવાનું કાર્ય શરૂ થયું હતું. જે વિચારપુષ્પોએ તેના આવા કટાકટીના વખતમાં તેનું જીવન ફેરવી તેની હારની બાજી ફત્તેહની બનાવી, જે જીવનના ગભરાવી નાખે એવા પ્રશ્નો મન માફક ઉકેલી શકે છે તે વિચારો આવીજ રીતે તેની માફક દુઃખી થયેલા ઘણાંય મનુષ્યોને જરૂર ફાયદો કરશે એમ જાણી ગુજરાત સમીપ મૂકાય છે.

ગુજરાત માનસશાસ્ત્ર, ધર્મ અને પ્રભુપ્રેમવડે કેવાં અજબનવાં કાર્યો કરી શકે એમ છે તેનું પણ આમાં કંઇક ચિત્ર આપવામાં આવ્યું છે. એક માનસશાસ્ત્રના અભ્યાસી તરીકે બીજી પ્રજાઓ જોડે ગુજરાતી પ્રજાની તુલના કરવાની અલભ્ય તક તેને મળી છે તેના કયાં કયાં ખામીઓ અને ખુબીઓ છે તથા તેનું જીવન કેવી રીતે ગૌરવવાળું અને વિજયી કરી શકાય તે બધું ટુંકાણમાં, સરળતાથી અને મુદ્દાસર બતાવવા પ્રયત્ન થયો છે. લેખકનો હેતુ સુકો ઉપદેશ આપવાનો નથી પણ તે બતાવવા માગે છે કે ફત્તેહના વિકટ દેખાતા માર્ગ ઉપર તેણે પણ એકલા સાધન રહિત મુસાફરી કરી છે અને તે જેટલો કઠણ દેખાય છે તેટલો કઠણ નથી, અને કોઇપણ ગરીબ કે સાધન રહિત માણસને નિરાશ થવાનું કારણ નથી.

જો કે આ પુસ્તક ડો. માર્ડનના ઇંગ્રેજી પુસ્તકોના ખાસ આધારે તૈયાર થયેલું છે છતાં પણ હિંદની–ગુજરાતની હાલની સ્થિતિને અનુસરતું અને પ્રમાણભૂત કરવામાં એક સ્વતંત્ર પુસ્તક લખવા કરતાં વધારે મહેનત અને કાળજી લેવામાં આવી છે, તથા

તે તે વિષય ઉપર બીજાઓએ લખેલા અને વિચારેમા દાખલા દલીલો અને લેખોને ધ્યાનમા લેવામાં આવેલા છે.

દરેક માબાપને લેખકની ખાસ વિનંતિ છે કે તેમણે આ પુસ્તકને ધ્યાનથી વાચી જવું અને પોતાના બાળકોને વંચાવવું અને સમજાવવું પોતાના બાળકનું અને દેશનું ભલું કરવાનો આ ઉત્તમ રસ્તો જણાશે.

નવજીવનની તૈયારી કરતા મારા દેશને એટલીજ અરજ કરવાની કે મારા દરેક ગુર્જર યુવક અને યુવતિએ આને વાંચી, વિચારી, કાંઇ નહિ તો ફકત થોડા વખતને માટે પણ અજમાયશ કરવી; અને પરિણામે તમને જીવનનો લ્હાવો-ફતેહ મળશે. ગુજરાતીઓ જીવનના દરેક વિભાગોમાં વિજેતા તરીકે બહાર આવે, વિશ્વની અન્ય પ્રજાઓમાં ગુજરાતની પ્રજા પોતાનું ઉત્તમ સ્થાન લઇ શકે એ આ સંદેશ-આ ગીતાંનો હેતુ છે. પ્રભુ એ હેતુ જલ્દી સફળ કરો.

I AM HIS IMAGE.

I am better than my deeds,
I am holier than my creeds,
I am worthier than my needs,
For I am His Image.
I am truer than I seem,
I am gracious than I dream,
I am more royal than I dream,
For I am His Image.
I have naught with death and birth,
I encompass heaven and earth,
Measurless my power and worth,
For I am His Image.
He whose image thus I bear,
And whose likeness I shall share,
All His glory will declare,
Through the "I" His image.

અનુક્રમણિકા

(પ્રકરણો તથા તેમાં આવેલા વિષયોની)

પ્રસ્તાવના ૫--૧૬

લેખકના બે બોલ—નવજીવન દેનાર કવિતાઓ વગેરે.

પ્રકરણ ૧ લુ—ફત્તેહની નિશાનીઓ. ૧

ફત્તેહ મેળવવાનું પ્રથમ પગથિયું કયું ?—ફત્તેહ મેળવવામાં નડતાં વિઘ્નો--આનંદી ન દેખાઓ તો ?—લોક મત ઉપર આધાર—ગર્સ્ટર નાટકકાર—પ્રદર્શન બારી—ભલામણ પત્રો—ટટાર ચાલતાં શું થાય ?—ગેરીસનનું મનોબળ—ચારલોટી કુશ્માનની ઇચ્છાશક્તિ—નસીબને રચનાર બળ—અત્રે આવવાનું કારણ. પ્રકરણ ૨ જુ—ફતેહની નિશાનીઓ. ૧૪

ઘણા જણ નિષ્ફળ કેમ થાય છે—પૈસા છતાં ભૂખે મુઓ—નાટકના પાત્રોની તન્મયતા—નાટ્ય ભૂમિ—જે જેનું ચિંતન કરે તે તેમય થઇ જાય છોકરાઓની કેળવણી—જુના માર્ગો નવાને હમેશાં જગ્યા આપે છે.—શુ તમે હાલ હલકી નોકરીમાં છો ?—શું તમારી કેળવણી ઓછી છે ?—નિષ્ફળતાની બીક જતી રહેશે--જીંદગીમાં મઝા નથી ?—વિજયી છટા.

પ્રકરણ ૩ જુ—તારી શ્રદ્ધા અનુસાર. ૨૯

સાહિત્યના ધંધામાં રાજા થયો-રાજદ્વારી કેલ્હુન-શ્રદ્ધા દેવદૂત છે-શ્રદ્ધા અને અહંમાનમાં તફાવત-ગેરીબાલ્ડીએ આસ્ટ્રીઆને કેવી રીતે હરાવ્યું-શ્રદ્ધાની રસી મૂકી શકાય તો ?-દરેક જગ્યાએ શ્રદ્ધાની પડતી જરૂર-આપણે સુખને માટેજ સરજાયા છીએ-વડા પ્રધાનનો આશાવાદ-ઉંડી શ્રદ્ધાને તોફાનો ન નડે-થીઓડોરે ફત્તેહ કેમ મેળવી ?-ખોટા વહેમ છોડયા સિવાય સુખ ન મળે-કાળું ભવિષ્ય ચિતરનાર ગ્રંથો ધર્મ ગ્રંથો નથી.-ગૌતમ બુદ્ધનો મત-નાશકારક અંધ શ્રદ્ધા છોડી દો—

પ્રકરણ ૪થું—સંશય દોસ્તના રૂપમાં દુશ્મન. ૫૬

સિંહના મોંમાં માથું આપવા કેવી રીતે જવાય-સંશય ખીલતાંજ અટકાવે છે-આપઘાત અને દેવાળાનું કારણ-ઘણાં મનુષ્યો નીચી પંક્તિએ કેમ રહે છે ?-તકનો ઉપયોગ ન થયો-આત્મનિંદાનો આફતકારક રોગ-આપણે ટેવનાં પુતળાં છીએ-ઉમ્મર વધે પણ શ્રદ્ધા વધતી નથી-સાહસિક ધંધામાં કે નવિન કાર્યમાં કેમ ઝંપલાવશો ? સંશય દુશ્મનથી બચવા આત્મ શ્રદ્ધારૂપ મિત્રનો આશરો.

પ્રકરણ ૫મું—સ્વપ્નાં સાચાં કેમ પાડશો ! ૭૪

કલ્પના શકિત શું છે ?—તેણે શું શું કર્યું છે ?-ગુજરાત સયાજીરાવનું જમાનાઓ સુધી ઋણી શા માટે

રહેશે ?–મેઝીનીનાં સ્વપ્નાંએ ઇટલી સ્વતંત્ર બન્યું–કલ્પનાનો ઉપયોગ કરો, નહિ તો મૂઢ બનશો–વોશિંગ્ટન અને ગ્રાંટની ભવિષ્ય વાણી–સ્વપ્નાં–આદર્શો નકામાં નથી–ત્રણ અવશ્યની બાબતો–અદ્રશ્ય જગતમાં ખેતી–ઈચ્છા કેવી રીતે સાધનો લાવે છે ? મગજની શક્તિઓ આમ વધે છે–ગરીબમાં ગરીબ માણસને સાધન કેમ મળે ?–હાલ ભય શેનો છે ?— પ્રકરણ ૬ઠું—ઇચ્છાનું ગૌરવ. ૯૩

અદૃષ્ટની દુનિયામાં રહેલી સાચી ચીજો—મહત્વાકાંક્ષાનું પોષણ કરો તો–દરેકે દરેક મનુષ્યને તક આપવામાં આવે છે–ઉત્સાહ મંદ કેમ પડે છે ?–તમેજ ફત્તેહ મેળવશો.

પ્રકરણ ૭મું—લોકો ગરીબ કેમ રહે છે ? ૧૦૪

ગરીબાઇ એ એક માનસિક રોગ છે–આ પરવડતું નથી–રોગિષ્ટ મનથી ગરીબ મવાલી બનેલા–ભવિષ્યમાં શી વલે થશે ?–તત્વજ્ઞાનનો નિયમ–તમારા ગ્રહ કેવા છે ? વાંકા કે સીધા ? શરૂઆતથીજ અસંખ્ય બાળકોને લાગતું ગરીબાઈનું ઝેર–લૉર્ડ નોર્થક્લીફ અને ડેલી મેલનો સબ એડીટર–સારી નોકરી ન મળવાનું કારણ–ક્ષય કે શીતળા માફક ગરીબાઇ હમેશાં એક રોગજ છે–ગરીબાઈ મટાડવાને કેવો વૈદ જોઈએ ?

પ્રકરણ ૮મું—જાહોજલાલીનું લોહચુંબક અથવા આબાદાનીનું કેન્દ્ર. ૧૨૪

આજની સ્થિતિ તમારી ગઇ કાલની વાવણીનું પરિણામ છે—દરેક મનુષ્ય જાહોજલાલીનું લોહચુંબક થઈ શકે—તેના ગુપ્ત નિયમો—ગરીબોને પ્રથમ મદદ કેવી રીતે આપી શકાય? દરેક માનવ પ્રાણીને સ્વતંત્રતા અને સુખમાં રહેવાનો હક છે—જાહોજલાલીનું લોહચુંબક બનતાં એક તદ્દન ગરીબજ કુટુંબ કેવી રીત આબાદાન થાય છે તેનું વર્ણન—લક્ષાધિપતિ શેઠનો વાણોતર—પરદેશમાં હિંદીઓ તરફ ખરાબ વર્તણુંકનું કારણ—ગરીબાઈના જંતુઓ કેમ મરે?—વાનામેકરની ઠેલણ ગાડી—ફક્ત એકજ વર્ષ માટે—વિજ્ઞાન શાસ્ત્રીઓનું કાર્ય—સોનેરી યુગ—શહેનશાહના શહેનશાહ પરમાત્માના બાળકો ભૂખે કેમ મરે?

પ્રકરણ ૯મું—હલકાપણાની સૂચનાઓ અથવા નાલાયકાતની છાપ. ૧૪૯

દરેક માનવીને કીરતાર તરફથી મળેલા હક—પ્રેસિડેન્ટ લીન્કનની ગભરામણ—બાળકોની ખુવારી—દયા ઉપજાવે એવો દાખલો—સ્વતંત્રતા વગર આનંદ અને ઉત્સાહ ન હોય—કેળવણી અને માનસિક શક્તિઓ—કસરતબાજ મલ્લોનું આયુષ્ય ટુંકું કેમ? કઇ કેળવણીની જરૂર છે? ગુજરાત હિંદુસ્તાનનું નાક છે.

પ્રકરણ ૧૦મું—જોઇએ છે–એક મનુષ્ય. ૧૬૪
મનુષ્યની ખોટ સઘળે છે–જેના સ્વભાવમાં બીકનો છાંટો પણ ન હોય–પૈસાદારના પુત્રોનું કમનસીબ–ગરીબાઈમાંથી મહાન પુરૂષો ઘડાયા છે–દુનિયાના જૂદા જૂદા દેશના મહાન્ પુરૂષોના દૃષ્ટાંતો.

પ્રકરણ ૧૧મુ—આપણા ધર્મો. ૧૬૯
ઇશ્વરનો પુત્ર ગરીબડો ઉભો રહે? બીકણ અને રાંકડો છોકરો બાપને ગમે કે? તમારૂં આગલું જીવન જો અપરાધોથી ભરપુર હોય તો શું કરશો?–સત્ય ધર્મની વ્યાખ્યા અને તેની રૂપરેખા–વેદાંતની ભૂમિમાં મિથ્યા ઝઘડા શા? વ્યવહાર અને પરમાર્થ બેઉ ખોવાય છે–આપણા ધર્મના સ્તંભરૂપ આચાર્યો–સત્ય હિંદુ ધર્મ આચારમાં મૂકી જગત ઉપર સુખ અને શાંતિ ફેલાવી શકાય.

પ્રકરણ ૧૨મું–તમારી મહત્વાકાંક્ષા તો જાળવો.૧૮૧
અમને શાની જરૂર છે? આ એકજ પુસ્તકના વાંચનથી તમારૂં સમગ્ર જીવન ઉત્તમ કેમ ન બને!–ડેમોસ્થેનીસ કેવી રીતે મોટો વકતા થયો?–રોમનોને સ્ત્રીઓએ મરદો માફક લડી હરાવ્યા–ઢીલો ઉત્સાહ જીતે એવા લશ્કરની સરદારી ન લઇ શકે. બેન્જામીન ડીઝરાયલી–વનરાજ અને શિવાજી–પ્રેસિડેન્ટ એડબોર્ડ–લોર્ડ જયોર્જની આગલી સ્થિતિ શી ઉન્નતિનો નિયમ–હાલનું માનસશાસ્ત્ર શું કહે

છે ? આશા એ પાપ છે એ શું ખરૂં છે ? જીવનનું મૂળ શું--મહત્વાકાંક્ષા કેમ ટકાવાય-લેખકનો અનુભવ--અણીની વખતે મજબૂત થવાનો રસ્તો.

પ્રકરણ ૧૩મું—પ્રેમના પંથે વિચરશો કે ? ૧૯૫

એતો મારો ભાઇ છે—પ્યાર સૌથી મોટું બળ છે—ગુનેગાર શાથી બને છે—ગુનાઓને મારી નાંખવાની નવી રીત—પ્રેમ બાદશાહી ઉપાય છે—માનો પ્યાર-મુક્તિફોજ—ખરાબ માણસો એવડા બળથી સારાં કામ કરે છે. 'જુવેનાઇલજજ'— બેન લીંડસીનું કામ-જુઓ, ગુન્હેગાર ફરે છે—અયોગ્ય દાબથી જુઠું બોલતાં શીખાય છે—એક માનસશાસ્રીએ ખરાબ લોકોને કેવી રીતે ફેરવ્યા. પ્રેમના રાજ્ય વગર પ્રજા પાયમાલ થાય છે.

પ્રકરણ ૧૪ મું તમારાં સાધનનો ભંડાર કયાં છે. ૨૧૨

મવાલ માણસોને કેમ મળતું નથી તેનું કારણ—પોતાનો હક માગવોજ જોઇએ—કેવી રીતે મંગાય-તમારે આગળ ધસવુંજ જોઇએ-વિચાર ફેરવવાની રીત. દરેક દિવસ ફત્તેહના દિવસ કેમ બને ? સંજોગ દેશ અને કાળ ઉપર તમને રાજ્ય ચલાવવાની સત્તા છે.

પ્રકરણ ૧૫ મું-અચળ ફત્તેહ આપનાર અભય અને હિંમત

લેખકની છેવટની સુચના.

શુદ્ધિ પત્રક. ૨૩૬

ફત્તેહ કેમ મેળવશો?

અથવા

પ્રતિકુળ સંજોગોમાં પણ વિજય મેળવવાના માર્ગો.

પ્રકરણ ૧ લું

ફત્તેહની નિશાનીઓ.

જ્યારે મને માલુમ પડયું કે હું કાળો હતો ત્યારે મેં ગોરા માણસો જેમ રહે તેમ રહેવાનો ઠરાવ કર્યો અને આવા રીતે મે મનુષ્યોને મારી ત્વચાની અંદર જોવાની ફરજ પાડી   અલેકઝાંડર ડુમાસ.

ચલો જીતવા જંગ ફત્તેહ છે આગે. નર્મદ

Let him have a theoratical respect for himself and a practical will soon follow   SCHELLING.

દરેક મનુંષ્ય પોતાની ઉપર પોતાની કિંમતની છાપ મારે છે. અને આપણે આપણી ઇચ્છા મુજબ નાનાં અથવા મોટા હોઈએ છીએ,

સેમ્યુઅલ સ્માઇલ.

As men in crowd instinctively make room for one who would force his way through it, so mankind makes way for one who rushes toward an object beyond them   DWIGHT.

ફતેહ મેળવવાનું પ્રથમ પગથિયું કયું ?

હખાવમાં અને રહેણીમાં વિજયી મનુષ્ય જેવા થવું એ ફતેહ મેળવવાનું પ્રથમ પગથિયું છે. આથી બીજાઓમાં તેમજ તમારા પોતાનામાં તમારે માટે વિશ્વાસ ઉત્પન્ન થાય છે. એવી રીતે બોલો, ચાલો, અને વર્તો કે તેથી દેખાઈ આવે કે તમે એક મહત્વની વ્યક્તિ છો અને તેમ થતાં તમારે માટે તેવા બનવાના સંભવો વધારે રહેશે.

ફત્તેહને—વિજયને તમારા ચહેરામાંથી બોલવા દો અને તેને તમારી રીતભાતમાં પ્રદર્શિત થવા દો. એક મહાન્ હેતુ પાર પાડવા, એક મહત્વનું કાર્ય કરવાજ પોતાનો જન્મ થયેલો છે એવું જે મનુષ્ય ચોક્કસ જાણતો હોય તે જેમ વર્તે તેવી રીતે તમે પણ તમારૂં વર્તન રાખો. તમારી આસપાસ આશા, આનંદ અને ઉત્સાહના કિરણો ફેલાવો; અને વધારે સ્પષ્ટતાથી બોલીએ તો જો તમારે જીત મેળવવીજ હોય તો તમારી રીતભાતમાં, બોલવા ચાલવામાં, અને રહેણી કરણીમાં વિજયી મનુષ્ય જેવી છાપ પ્રથમ સ્પષ્ટ દેખાડો.

ફત્તેહ મેળવવામાં નડતાં વિઘ્નો.

બીક, સંશય, નિરાશા, શ્રદ્ધાની ખામી આ જો તમારામાં હશે તો તમે જરૂર બીજાઓની નજરમાં હલકા પડશો, અને તમે એક નબળા માણસ છો અને 'કાંઈ ધાડ મારી શકશો નહિ' એવી તમારી છાપ પડશે. એટલુંજ નહિ પણ, એથી તમારા માનસિક બંધારણ ઉપર અસર થઈ તમારી યોગ્યતાનો, કુશળતાનો અને આત્મશ્રદ્ધાનો ક્ષય થશે આ ભય, શંકાના વિચારો તમારા ચહેરામાં પ્રદર્શિત થઇ જેને જેને તમે મળો છો તેને તેને તેઓ ખુલ્લું જાહેર કરે છે કે તમે હવે જીંદગીની મહાન્ શરતની બાજીમાં હારતા જાઓ છો વિજયી દેખાવ વિશ્વાસ ઉત્પન્ન કરે છે અને આપણે માટે બીજાઓમાં સારી છાપ બેસાડે છે, પણ હિંમત વગરનો નિરૂત્સાહી દેખાવ અવિશ્વાસ પેદા કરી ખરાબ છાપ બેસાડે છે.

આનંદી ન દેખાઓ તો ?

જો તમે આનંદી ન દેખાઓ અને વિજેતા તરીકે જણાઓ નહિ અને વર્તો નહિ તો તમારી કોઇને ગરજ રહેશે નહિ. તમારી વાત ઉપર કોઈ ધ્યાન આપશે નહિ. ઘણા લાંબા સમયથી નોકરી કે ધંધા વગરના રહયા હોય તો પણ શું થયું ? તમારે ગમે તેમ કરી મનોહર આનંદી ચહેરો અને વિજયી દમામ રાખવોજ જોઇએ, નહિ તો જે ચીજ તમે ખોળો છો, જેની તમને જરૂર છે, તેજ

હાથમાં આવેલી પણ તમે ખોઈ બેસશો. દુનિયામાં દુઃખ રડનારા, નિરાશ અને નિરૂત્સાહી મનુષ્યોનો ઘણોજ થોડો ઉપયોગ હોય છે.

લોકમત ઉપર આધાર.

લોકો આપણે માટે જે મત બાંધે તેનાથી વધારે આગળ વધવાનું કાર્ય ઘણું અઘરૂં છે. પ્રથમ દર્શનથી ખરાબ અસર થઈ જે ખોટી છાપ પડે છે તેને પાછળથી તદ્દન નિર્મૂળ કરવાનું કામ લગભગ અશક્ય જેવું છે. અને તેથી હમેશા આનંદી અને ઉત્સાહજનક ચહેરો રાખવાની તથા પોતાની આસપાસ આત્મશ્રદ્ધા અને વિજયનું વાતાવરણ જમાવવાની ખાસ અગત્ય રહે છે. આમ થતાં તમને જ્યાં જ્યાં જશો ત્યાં ત્યાં તુચ્છકારને બદલે આવકાર મળશે.

ગર્સ્ટર નાટકકાર.

ગર્સ્ટર નામની એક તદ્દન અજાણી સ્ત્રીની નાટકકારે આવીજ રીતે પોતાની પ્રથમજ રાત્રિમાં નાટકના તખ્તા ઉપર દેખાવ દઈ કીર્તિ અને પૈસો મેળવ્યો. ફક્ત તેના ઉત્સાહેજ જોનારાઓ ઉપર જાદુ ફેલાવ્યું. એક અઠવાડીયામાં તો તે સ્વતંત્ર અને લોકપ્રિય થઈ ગઈ. તેનો આત્મા પોતાની ઉન્નતિ કરવા જોર કરતો હતો. અને તેના હૃદયની અને મનની સઘળી શક્તિઓ આત્મસુધારણા

પાછળ કામે લાગી અને તેણે તેના ફક્ત દેખાવ વડેજ ટુંક વખતમાં ફતેહ મેળવી.

આપણે આપણી જાત ઉપર આપણી કિંમતની છાપ મારીએ છીએ, અને તેથી વધારે કિંમતી તરીકે આપણે પસાર થઈ શકીએ એમ નથી. જ્યારે તમારી કોઈ મેલાવડામાં ઓળખાણુ કરાવવામાં આવે ત્યારે તમે પોતે તમારી કેટલી કિંમત આકોંછો તે તપાસવા લોકો તમારા ચહેરામાં અને આંખોમાં જોશે. જો તેઓ તેમાં તમારી હલકી કિંમત આંકેલી જોશે તો તેઓ તમારી કિંમત તે કરતાં વધારે છે એમ તપાસ કરવાની ભાગ્યેજ તકલીફ લેશે. તેઓ જાણે છે કે તમે પોતે તમારી પોતાની સાથે તેમનાં કરતાં વધારે વખત રહયા છો અને તેથી તમે પોતે તમારી કિંમત તેઓ જાણે તેના કરતાં વધારે સારી રીતે જાણુતા હોવાજ જોઇએ. આજના પ્રગતિના જમાનામાં સંતાઇ રહેલા અને બાજુએ ભરાઇ રહેલા ગુણુવાળાઓને ખૂણેખોચરેથી તપાસી તપાસી ખોળી બહાર કહાડવાનો મનુષ્યોને વખત નથી. જ્યાં સુધી એક માણુસ પોતાની જાતે નાલાયક ઠરતો નથી ત્યાં સુધી તેઓ તે માણુસે પંડે આંકેલી કિંમતે તેને ગણુવાનું પસંદ કરે છે. દુનિયા હિંમત અને મરદાનગીપણું પસંદ કરેછે. અને તેજ માગે છે અને દબાતો દબાતો ચાલતો અને સમાજમાં આવવા માટે જાણે માફી માગતો હોય એવી રીતભાતવાળા યુવાન મનુષ્યને તે નાપસંદ કરે છે.

પ્રદર્શન બારી.

મુંબાઈમાં કોટની દુકાનોમાં તેમજ દરેક અન્ય મોટા શહેરોની દુકાનોમાં એક પ્રદર્શન બારી રાખવામાં આવે છે જ્યાં દુકાનમાંનો સર્વોત્તમ માલ સફાઈબંધ ગોઠવી મૂકેલો હોય છે. આપણો પોતાનો દેખાવ એ એક પ્રદર્શન બારી રૂપ છે, આપણે તેમાં આપણા સાધારણ અથવા ખરાબ ગુણોનું નહિ પણ આપણા સર્વોત્તમ ગુણોનુંજ પ્રદર્શન કરાવવું જોઇએ. અને આ પ્રમાણે આપણે જે ગુણો તેમાં દર્શાવીએ છીએ તે ઉપર આપણે માટે મત બંધાય છે. આથી આપણે જેવા નથી તેવા દેખાઈ બીજાને ઠગવાનો પ્રયત્ન કરવાનો નથી, પણ જેમ દુકાનમાં બીજી ઘણીએ હલકી વસ્તુઓ વેચવા માટે હશે પણ પ્રદર્શન બારીમાં તો સૌથી ઉત્તમ ચીજોજ મૂકાય તેમ આપણા ચહેરાના દેખાવ રૂપ પ્રદર્શન બારીમાંથી હલકા કે સાધારણ ગુણોને બાજુએ રાખવા જોઇએ અને ઉત્તમોત્તમ ગુણોનુંજ પ્રદર્શન કરવું જોઇએ.

પ્રમાણ પત્રો તથા ભલામણ પત્રો.

થેકેરી કહે છે કે "દરેક માણસના ચહેરા ઉપર તેની ભલામણ પત્રિકા લખાયલી હોય છે." આતદ્દન ખરૂં છે. જે જે મનુષ્યો આપણા સંબંધમાં આવે છે તેમાંનો મોટો ભાગ આપણા ઘરમાં આપણે શું કરીએ છીએ તે

જોતો નથી. લોકો આપણી માલ મોલકત કેટલી છે ઘર કેટલું મોટું છે તે કાંઇ જોતા નથી આપણી પાસે નોટો કે સોનાના કેટલા થોકડા છે તે કાંઈ જોવા આવતા નથી. જો સારે કે બુરે નામે અગાઉથી ખાસ પંકાયલા ન હોઇએ તો તેઓમાંનાં ઘણા આપણા સંબંધી આપણા ચહેરા ઉપર જે વ્યકિતત્વની, જે બળની અને ચારિત્રની છાપ પડેલી હોય છે તે ઉપરથી જે અટકળ કરે તે સિવાય બીજું વધારે કાંઈ જાણતા નથી. તેઓ માની લે છે કે આપણો સાધારણ દેખાવ એક નમુનો છે જે ઉપરથી આખા ચારિત્રનું તોલ બાંધી શકાય.

જીંદગીની નિરાશાવાળી અથવા તો નિષ્ફળતાવાળી બાજુ નહિ પણ તમારા વિજયી જીવનના આદર્શો તમારા મનમાં અગ્રસ્થાને રહેવા જોઈએ, કારણકે આજ આદર્શો તમને પ્રકાશમાં દોરી જશે. તમારે એવી છાપ બેસાડવી જોઇએ કે તમે ફત્તેહ મેળવી છે અથવા તમારામાં એવા ગુણો છે કે જે તમને ફત્તેહ મેળવી આપશે. જો આમ નહિ કરો તો તમારી પાસે ગમે તેવાં સારાં સર્ટિફિકેટો (પ્રમાણ પત્રકો) હશે અને મજબૂત ભલામણો હશે તો પણ તમે જે મન ઉપર ખરાબ છાપ પાડશો તે ભુસાશે નહિ.

જીંદગીમાં આગળ વધવા માટે આપણે બીજાઓ ઉપર જે સારી અસર ઉપજાવીએ તે ઉપર તથા આપણી

કીર્તિ અથવા શાખ ઉપર ઘણોજ આધાર રહે છે. તેથી મનની મજબૂતાઈ ખીલવવાની પ્રથમ અગત્ય છે. દરેક મનુષ્યના શરીરને પ્રથકત્વ અથવા વ્યક્તિત્વથી રંગનાર તથા મનુષ્યને ચારિત્રબળ અથવા જુસ્સો અર્પનાર મનજ છે. જો આપણે મનોબળ ખીલવીએ, નિશ્ચયી બનીએ અને નિષેધાત્મક વિચારોને બદલે ક્રિયાત્મક વિચારો સેવીએ તો આપણે ચોક્કસ કામ કરનારા અને કાર્યસાધક માણસ છીએ એવી અસર પેદા કર્યા વગર રહી શકીશું નહિ. કારણકે દરેક માણસ જાણે છે કે આજ ગુણો વડે કાર્યો સધાય છે. કુશળતા અને જુસ્સો કાર્યોનો છેડો લાવે છે જો આ ગુણોને આપણા ચહેરામાં દેખાવા ન દઈએ તો લોકોને ભાગ્યેજ આપણા કાર્યસાધકપણા માટે વિશ્વાસ આવશે. તેઓ તમને બતાવ્યું કામ કરનારા અને કારકુની કરી શકે એવા ધારશે અથવાતો નિયમ પ્રમાણે ચોકસાઈથી કે પ્રામાણિકપણે મુકરર કરેલું કામ કરી શકો એવા ધારશે, પણ તમે નેતા (દોરવનારા) થવા લાયક છો અથવા તો અણીના પ્રસંગે બુદ્ધિબળ વાપરી અણીનો પ્રસંગ ટાળી શકવાની શક્તિવાળા છો એમ તેઓ કદી પણ ધારશે નહિ.

ટટાર ચાલો અને ઉંચું જુઓ.

નિર્બળ કે નિર્માલ્ય છો એવું સુચવતો એક શબ્દ બોલશો નહિ અથવાતો એવું કામ કરશો નહિ. ગરીબાઇથી

ખવાઈ ગયલા મનુષ્ય જેવો દેખાવ ન થાય તે માટે સાવધ રહો તમે કદીપણ ચિંતાતુર કે ખિન્ન થયેલો ચહેરો દુનિયાને બતાવશો નહિ, કારણકે એથી તમે કબુલ કરોછો કે તમારે માટે જીંદગી એક કીર્તિવંત જીત નથી પણ તે નિરાશારૂપ થઈ પડી છે. તમારામાં કાંઈ વાંધો કે ખોડ છે એવું તમારા દેખાવમાં કે તમારી ભાષામાં કે હલનચલન કે રીત ભાતમાં દેખાવા દેશો નહિ. સીદ્ધા ટટ્ટાર ચાલો અને દરેક મનુષ્યના મુખ સામું જુઓ. તમે ગમે તેટલા ગરીબ હો, તમારાં કપડાં ગમે તેવાં ફાટેલાં હોય, તમે કામધંધા વગરના અને ભાઈબંધ વગરના હો, અથવા રહેવાને ઘરપણ ન હોય તોપણ શું થયું ? દુનિયાને બતાવો કે તમે તમારી જાતને માન આપો છો, તમને તમારી શક્તિ ઓ ઉપર વિશ્વાસ છે, અને ગમે તેવો અઘરો રસ્તો હશે તોપણ તમે જીત મેળવવા માટેજ કુચ કરો છો. તમારા-દેખાવથી બતાવો કે તમે વિચાર કરી શકો છો તથા પોતાને માટે યુક્તિઓ અને યોજનાઓ ઘડી શકો છો તથા તમારા માં બળવાન મન રહેલું છે, અને પછી ફત્તેહ તમારીજ છે.

ગેરીસનનું મનોબળ.

ફક્ત ચોવીસ વરસ પણ પૂરાં થયાં નથી એવી યુવાન વયના ગેરીસનને જુઓ ! પોતાના મનોબળમાં અને શક્તિઓ ઉપર વિશ્વાસ રાખી બોસ્ટનમાં પૈસા વગર, લાગવગ કે

મિત્રો વગર, એક નાની ઓરડીમાં રહી ગુલામગીરી નાબુદ કરવાનું મહાભારત કામ તેણે માથે લીધું. લીબરેટર પત્ર શરૂ કરતાં તેણે વાપરેલા શબ્દો શું બતાવે છે? "હું સત્યના જેટલોજ કઠણ થઈશ, અને ન્યાય દેવતા માફક રહી કદી પણ વચલો રસ્તો કાઢવાનો નથી. હું કાંઈ આ ગમ્મતમાં કહેતો નથી પણ સત્યજ કહું છું. હું મારા બોલેલા શબ્દો પાછા ખેંચીશ નહિ કે માફી માગીશ નહિ. હું એક તસુ જેટલો પણ પાછો હઠીશ નહિ અને મને સાંભળ્યા વગર છુટકોજ નથી" અને ખરેખર દુનિયાને આ યુવાન પુરૂષનું કહેવું સાંભળવુંજ પડયું. તે એક તસુ પણ પાછો હઠયો નહિ. એના મનોબળ આગળ બધા નરમ પડી ગયા. અને દુનિયામાંથી ગુલામગીરી વ્યાવહારિક રીતે બંધ થઈ.

વિજયી અને ફત્તેહ સૂચક છટા તમને ઘણા ઉત્તમ સાધનો ખોળી આપશે. જયારે નમાલી, આત્મદોષ ખોળનારી અને નિરાશાત્મક રહેણી તમારી પાસે સાધનો હશે તે પણ ખુંચવી લેશે.

ચારલોટી કુશ્માનની ઇચ્છાશકિત,

ચારલોટી કુશ્માનમાં નહોતો ચહેરાનો ઘાટ કે નહોતું રૂપ છતાં પણ પ્રથમ પંક્તિની નાટકકાર (નટી) થવાનો તેણે નિશ્ચય કર્યો હતે. એક દિવસ મુખ્ય નટી પોતાનો ભાગ

ભજવી શકી નહિ એટલે તેના હાથ નીચેની કુમારી કુશમાન તેને બદલે રંગભુમિ ઉપર આવી તે રાત્રે પોતાના બુદ્ધિ અને મનોબળના પ્રભાવથી જોનારાઓને તેણે એટલા બધા તો વશ કર્યા કે તેને ઓળખાણ નહોતું, ગરીબ હતી, લંડનમાં અજાણી હતી, છતાં પણ તેજ રાત્રે તેનુ નામ મશહુર થઈ ગયું. તેણે પોતાનો ઉદય કર્યો. છેલ્લા દિવસોમાં જ્યારે દાકતરોએ કહ્યુ કે તેને અસાધ્ય અને ભયંકર રોગ લાગુ પડયો છે ત્યારે તેનું મનોબળ એટલું જબરૂં હતું કે તે બીલકુલ હાલી પણ નહિ અને શાંતિથી જવાબ દીધો "બહુ સારૂં હું મારી મુશીબતો સાથે કેવી રીતે જીવવું તે શીખેલીજ છું"

તમારી જીવન યાત્રા એક મહાન વિજય રૂપ નીવડશે કે તેમાં નિષ્ફળતાનું મીંડું વળશે તેનો બધો આધાર તમે જે જુસ્સાથી તમારા કામ ઉપર મંડો છો તથા જે જુસ્સાથી અડચણો અને મુશીબતો સામે બાથ ભીડો છો તે ઉપર તથા તમારી મુશ્કેલીઓને ઉકેલવા માટે તમે એક વિજયી યોદ્ધા માફક દ્રઢતા, હિંમત અને નિશ્ચય બળથી કુચ કરો છો કે વ્હેમ અને ભયથી કાયર થઈ બાયલા જેવા વર્તો છો તે ઉપર રહે છે. તમે ગમે ત્યાં જાઓ તોપણ તમને જોતાની સાથે લોકો એમ વાત કરે કે અહીં એક ફત્તેહમંદ માણસ આવે છે, અને તે જે જે ચીજને અડકે છે તે ઉપર

તેનો કાબુ જામે છે. એવી રીતની રહેવાની રીતભાત આવવી એ કાંઈ જેવી તેવી વાત નથી.

નસીબને રચનાર બળ.

જો હું કમનસીબ છું એવો વિચાર પોતાને માટે કર્યા કરો તથા તમારા રૂઠેલા ભાગ્યની તથા તેથી થયેલા નુકશાનની વાતો હમેશા કરો તો જેમ તમને કમનસીબ થવાનો સંભવ વધારે રહે છે તેમજ તમે જો તમારે પોતાને માટે હું નશીબદાર છું એવા વિચાર કર્યા કરો તો તમોને નશીબદાર થવાનો સંભવ ઘણો રહે છે. તમારા વિચારો અને તેથી ઉપજેલા દૃઢ નિશ્ચયો (મંતવ્યો) જે મનની વલણ અથવા અમુક સ્થિતિ પેદા કરે છે તેજ તમારૂં ખરેખરૂં બળ છે. આજ બળ ભાગ્ય રચે છે અથવાતો તેને તોડી ફાડી નાંખે છે. એક ભાગ્યશાળી અને નસીબદાર વ્યક્તિ તરીકે પોતાને જોવાની ટેવ પાડવી તથા આ સુંદર જગતમાં કાંઈક ઉત્તમ કાર્ય કરી જવાના સંજોગો મેળવવા માટે પ્રભુ જીવવા દે છે તે માટે ઉપકાર માનવાની ટેવ એ તમારા મનને ઉત્પાદક સ્થિતિમાં મૂકે છે.

અત્રે આવવાનું કારણ.

આપણે બધાએ આખી જીંદગીમાં એવી રીતે ચાલવું જોઈએ કે જેથી ચોકખું જણાય કે નિરાશા અને નાહિંમત પેદા કરી કિરતારના ઉદ્દેશોને તોડવા આપણે અહીં આવેલા

નથી પણ જનસમાજને ઉન્નત કરવાના તથા મદદ કરવા અને સત્કાર્યોનો સુવાસ પ્રસરાવવાના ભવ્ય ઉદ્દેશથી અત્રે આવ્યા છીએ. આપણે આપણી રીતભાતમાં બતાવી આપવું જોઈએ કે જીંદગીના મોટા નાટકમાં આપણો ભાગ ઉત્તમ રીતે ભજવવા માટે તથા મનુષ્ય જાતને એક ભવ્ય વારસો આપવા માટે આ દુનિયા ઉપર આપણે આવેલા છીએ.



પ્રકરણ ૨ જું.

ફતેહની નિશાનીઓ.(ચાલુ)

દરેક સાધારણ અમેરિકનમાં વખત બેવખત કામચલાઉ હાર મેળવતાં પાછા ન હઠવાનો અને ફરીથી પાછા ઉભા થઈ હારમાંથી પણ ફ-તેહ ઉભી કરવાનો દ્રઢ નિશ્ચય ખીલે એવુ હું ઇચ્છું છું. પ્રેસિડન્ટ રૂઝવેલ્ટ !

"Courage in danger is half the battle" Plat જે ફ-તેહ સહેલાઈથી મળી શકે તે ઘણીજ સસ્તી હોય છે જે સખત લડાઇથી મળી શકે એમ હોય તેજ ફતેહ ખાસ કામની હોય છે. બીચર

ઘણાં જણ નિષ્ફળ કેમ થાય છે ? !

જન સમાજનો મોટો ભાગ એવું માની લે છે કે જીંદગી એ એક મોટું જુગારખાનું છે જેમાં પોતાના પાસા અવળાજ પડવા નિર્માણ થયું છે, અને અવળાજ પડે છે. આ માન્યતાથી તેમનું આખું બંધારણ રંગાઈ જાય છે. અને જે અગણિત નિષ્ફળતાઓ તેમને મળે છે તેને માટે આ કારણભૂત હોય છે. ઘણા મનુષ્યો પોતાને માટે આગળ વધવાના સંજોગો છેજ નહિ એમ માની લે છે. જ્યારે તેઓ પોતાની આસપાસ મ્હોં ફેરવી જુએ છે ત્યારે તેઓને માલૂમ પડે છે કે અસંખ્ય સ્ત્રી પુરૂષોમાંથી કેટલા બધાં થોડાં મનુષ્યો વિજય પ્રાપ્ત કરે છે અને પ્રખ્યાત

થાય છે ત્યારે તેઓ પોતાના મન સાથે નિશ્ચય કરી લે છે કે મારે શા માટે એવું માનવું જોઇએ કે બીજા મનુષ્યો કરતાં સંજોગોનું પ્રમાણ મારી તરફેણમાં વધારે છે આ લોકોને પણ મારા જેટલીજ બુદ્ધિ છે કદાચ કેટલાકની બુદ્ધિ મારાકરતાં વધારે પણ હશે, અને જ્યારે તેઓ ફક્ત પેટ પૂરતુંજ કમાવા કરતાં બીજું કાંઈ વધારે કરી શકતા નથી તો પછી ભાગ્યની સામે હુંજ મહેનત કરીશ તો તેનો શો ઉપયોગ થશે. જ્યારે લોકો ધારે અને નિશ્ચય કરે કે તેઓ કાંઇ કરી શકે એમ નથી અને તેથી તેમને ફત્તેહ ન મળે તો તેમાં કાંઇ અજાયબી છે ?

પૈસા છતાં ભુખે મુઓ.

થોડાક વરસ ઉપર મુંબાઇમાં એક ભીખારી ભૂખે મરી ગયો પણ જ્યારે તેના સામાનની ઝડતી લેવામાં આવી, ત્યારે તેની મેલી ગોદડીમાંથી હજારો રૂપીઆની નોટો નીકળી આવી આવા કમનસીબ માણસ માટે આપણે શું કહીશું ? આવા કંગાલ માણસોને આપણે જોઈએ છીએ ત્યારે આપણે તેઓને માટે 'ગાંડો ! મૂર્ખ ! ભેજાંનો ગયલો !' એવુ તેઓને કહીએ છીએ. જેને આપણે ગાંડા અને મુર્ખ કહીએ છીએ, અને જેઓ કસર કરી બચાવે છે, પુષ્કળ પૈસા હોવા છતાં જીવવા માટે પણ ખોરાક ન ખાઇ ધન સંચય કરે છે એવા મનુષ્યો

કરતાં નમાલી રીતભાતવાળા, ગરીબાઇથી ઢંખાયલા ચહેરાવાળા, અને પોતાની આજુબાજુ પુષ્કળ આનંદ મેળવવાનાં જોવાનાં અને જાણવાનાં અનેક સાધનો હોવા છતાં છતી આંખે જોતા ન હોય તેઓ શું વધારે ચઢીયાતા છે?. એ બેમાં કાંઇ વધારે ફરક છે? જે જોવાની તેમને ઉત્કંઠા હોય છે તેટલુંજ તેઓ દેખે છે તથા જેટલું મેળવવાની તેઓએ આશા રાખી હતી તેટલુંજ તેઓને મળે છે એમાં કાંઇ અજાયબી છે?

નાટકના પાત્રોની તન્મયતા.

એક નાટકકાર નટ જેને એક મહાન્ શૂરવીર પુરૂષનો ભાગ ભજવવાનો છે તે જો એક બાયલા જેવો વિચાર કરે અને તેવીજ રીતે વર્તે અથવા તો પોતે જે ભાગ ભજવવાનું માથે લીધું છે તે બજાવી શકવાની તેની ખાત્રી નથી એવો દેખાવ રાખે તો તેને માટે તમે શું ધારશો? કુદરતી રીતેજ તમે કહેશો કે આ માણસ કાંઈ રંગભૂમિ ઉપર કદી ફત્તેહ પામશે નહિ નાટય કળામાં ફત્તેહ મેળવવા માટે પ્રથમ તો તેણે જે ભાગ ભજવવાનો હોય તેવું ચારિત્ર પોતાનામાં સર્વાંશે આરોપણ કરવું જોઇએ અને તેવોજ દેખાવ ધારણ કરવો જોઇએ આવીજ રીતે દરેક મહાન્ નાટકકારો કરે છે. તેઓ જે ભાગ ભજવવાના હોય તેની અંદર પોતાના સઘળા બળથી બળી

જાય છે જે ચારિત્રવાળા માણુસનો તે ભાગ ભજવવાના હોય તેવા તેઓ પોતેજ છે એમ તેઓ પોતાને જુએ છે. રંગભુમિ ઉપર જે ભાગ ભજવવાના હોય તેવાજ તેઓ રહે છે, બોલે છે અને ચાલે છે, પછી તે ભાગ એક ભીખારીનો હોય કે એક શૂરવીર યોદ્ધાનો હોય. જો તેઓ એક શૂરવીરનો ભાગ ભજવતા હોય તો તેઓ એક શૂરા માફક વાત કરે છે અને વિચાર કરે છે. તેનો દમામ અને વાત કરવાની છટાજ ફકત શૂરવીરપણાની છાપ પેદા કરે છે. એથાં ઉલટું જો તેઓ ભીખારીનો ભાગ ભજવતા હોય તો તેઓ એક ભીખારી માફક પહેરવેશ રાખે છે, તેના જેવાજ વિચાર કરે છે, ભીખારી જેમ ગરીબડો અને નરમ રહે છે, કાલાવાલા કરે છે અને દયામણા પોકર કરે છે તેમ તેઓ પણ કરે છે.

નાટક ભુમિ.

હવે તમે જો ફતેહ મેળવવા માગતા હો તો તમે પણ એક ફતેહ મેળવેલા માણુસ માફક વર્તો અને રહો અને બોલો તમે જ્યાં જ્યાં જાઓ ત્યાં ત્યાં તમારામાંથી વિજયના કિરણો નીકળવાં જોઇએ. તમે જે કરવા પ્રયત્ન કરો છો તેમાં પૂરેપૂરી માન્યતા રાખી તમારા મનના વલણને ટકાવી રાખવું જોઇએ. જો તમે એક

નાસીપાસ થયેલા મનુષ્ય માફક દેખાવ રાખવાનું તથા વર્તવાનું જારી રાખો અથવાતો એક સાધારણ માણસ માફક કે ફતેહ મેળવવામાં તમે પોતેજ શંકાશીલ છો એવું વર્તન રાખો, અથવાતો 'હું કેટલો કમનશીબ છું, તથા મને લાગતું નથી કે હું કાંઈ નામ કાઢી શકીશ કારણ ફતેહ મેળવવાનું ઘણાજ થોડાજ મનુષ્યોના નશીબમાં લખ્યું છે અને જન સમાજનો મોટો ભાગ તો વેતરૂં કરનારજ રહેવાનો' એમ કહેતા હો અને વિચાર કરો તો જે નાટકકાર અમુક જાતના ગુણવાળા મનુષ્યનો ભાગ ભજવવા માગે છે પણ તેનાથી વિરૂદ્ધ ગુણવાળા મનુષ્ય જેવો વિચાર કરે, દેખાવ રાખે અને વર્તે, તો તેને જેવી ફતેહ મળવા સંભવ છે તેમ તમારૂં પણ થશે.

ચેતનશાસ્ત્રના નિયમ પ્રમાણે આપણે શ્રદ્ધા, આશાઓ ઇચ્છાશક્તિ અથવાતો ભય, શંકાઓ વગેરે માનસિક વલણો અનુસાર જે તે ચીજનું આપણે આપણા તરફ આકર્ષણ કરીએ છીએ

જે જેનું ચિંતન કરે તે તેમય થઈ જાય

જો આ સિદ્ધાંત પૂરેપૂરી રીતે સમજવામાં આવે અને રોજના વ્યવહાર અને જીવનમાં સતત ઉપયોગ કરવામાં આવે તો આ સૃષ્ટિમાં ગરીબાઈ, નિષ્ફળતા, ગુન્હા કરનારા

અને ચસ્કેલાં મનુષ્યો ભાગ્યેજ માલૂમ પડે. જીંદગીમાં કાંઇ મઝા નથી રહી એવું બોલનારા મનુષ્યો જે આપણે જોઇએ છીએ તે તથા જીવન ટકાવી રાખવાની જરૂર છે કે કેમ એ જેમને મન એક સવાલ છે એવા મનુષ્યો ભાગ્યેજ જણાય. આ કંગાલ દુનિયા કે જ્યાં કરેલાં કાર્યનો બદલો અનિશ્ચિત છે, ત્યાં મહાકષ્ટ અને મહેનત કરી જીવન ગુજારવું એ લાભપ્રદ છે કે નહિ તે સમજાતું નથી એવું બોલનારા મનુષ્યો પણ એકદમ ઓછા થઇ જાય.

છોકરાંઓની કેળવણી.

દરેક છોકરા અને દરેક છોકરીને જીવનમાં ફતેહની છટાથી રહેવાની ટેવ પાડતાં શીખવવું જોઇએ તેની સમગ્ર કેળવણી દરમ્યાન તેના મનમાં એવો વિચાર નિશ્ચિત કરાવવો જોઇએ કે તે આ દુનિયામાં ફતેહ મેળવવા માટેજ જન્મેલ છે. તે પોતે જાતેજ રાજાનો રાજા અને ઈશ્વરનો અંશ છે અને મહાન્ કાર્યો તેની પોતાનીજ મારફતે ઉદ્ભવવાનાં છે. આ મુજબનું શિક્ષણ તેને તેના પારણામાંથીજ મળવું જોઇએ. જ્યાં સુધી વિજયી જીવન ગાળવાની સમજ આવી નથી ત્યાં સુધી કોઈપણ છોકરાંઓ બરાબર રીતે ઉછેરેલાં કે કેળવેલાં ગણાય નહિ. કેળવણીનો ખરો હેતુ એજ છે. પોતાની જાત ઉપર અને આજુબાજુના સંજોગો

અને સ્થિતિ ઉપર વિજય મેળવવાનું શિક્ષણ એજ ખરી કેળવણી છે. તે સિવાય બીજી બધી ભાર રૂપ થઈ પડે છે. યુવક, આશા ને ઉત્સાહના જીવનથી લચી રહેલો હોવો જોઇએ; તેને બદલે જ્યારે તેને પોતાના ગુજરાન માટે ફાંફા મારતો તથા ભવિષ્યમાં શું કરવું તેના ભાન વગરનો જોઇએ છીએ ત્યારે આપણને અતિશય દુઃખ પેદા થાય છે. 'કદાચ તે ફતેહમંદ નહી નીવડે' એવી વાત કરતો તેને સાંભળવો એ તો ઇશ્વરની નિંદા સાંભળવા બરાબર છે એમ લાગે છે. એમ કેમ! અરે યુવાની પોતેજ ફત્તેહની નિશાની છે. યુવાનીમાંજ અનહદ બળ રહેલું છે. યુવાન માણસો ફતેહ નહિ મેળવે તો શું ઘરડાં માણસો ફતેહ મેળવશે ? ! યુવાની એજ ફતેહ છે કારણ કે તે વખતે જીવનમાં એકેએક ચીજનો ખ્યાલ ઉંચી પંક્તિનો હોય છે, તે જ્યાં જ્યાં જાય ત્યાં આશાનો પવન ફેલાવે છે અને ભવિષ્યમાં ઉત્તમ કામોની ખાત્રી આપે છે.

યુવાન મનુષ્ય અને સ્ત્રીઓ, તમારે શા માટે આમ હાથ જોડી ઉભાં રહેવું જોઇએ ? શું તમે જન્મ્યાં તે પહેલાંથીજ જમીનો બધી માલકીની થઇ ગઇ છે ? શું દુનિયાનો પાક ઘટી ગયો છે ? શું બધી જગ્યાઓ પુરાઇ ગઈ છે ? શું બધા સંજોગો બંધ થઇ ગયા છે ? તમારા

દેશની ઉત્પાદન શક્તિ પૂરેપૂરી ખીલી રહી છે? હવે કાંઇ કુદરતની બીજી ગુપ્ત બાબતો ખોળવાની બાકી રહી નથી? શું આ વહેતી ક્ષણોનો તમારી આત્મોન્નતિ માટે ઉપયોગ કરવા બીજો કોઈ રસ્તો તમારે માટે રહ્યો નથી? પાછલા સઘળા જમાનાનું તથા ચાલુ જમાનાનું જ્ઞાન અને અનુભવ તમને દોરવવા સહાયભૂત છતાં તમે શું ફક્ત તમારૂં જેમ તેમ ગુજરાનજ ચલાવી શકો એમ છો?

જુના માર્ગો નવાને હમેશા જગ્યા આપે છે.

નવિન પદ્ધતિ દરેક જગ્યાએ પુરાણી પદ્ધતિને પાછળ હઠાવે છે દશ વર્ષ ઉપરના સંચાઓ વેચી નાંખી નવા સુધરેલા સંચા લાવવા પડે છે. આપણા બાપદાદાની વખતની રીતો નવા જમાનાની રીતોને દરરોજ માર્ગ કરી આપે છે. જેઓ વિચારમાં ઘણાજ આગળ વધેલા ગણાતા હતા તેઓ તેમનાથી પણ વધારે આગળ વધેલા વિચારના બળવાળા માણસો આગળ ઝૂકી જઇ માર્ગ આપે છે.

ડાક્ટર ટેલમૅગ કહે છે કે 'તમારા સંજોગો માટે મને કહેવા દો, કે જે જે મનુષ્યો હવે પછી ફ-તેહમંદ થવાના છે તે બધા અને તમે આજે સરખી પંક્તિ ઉપર છો. મારા શબ્દો ધ્યાનમાં રાખો. આજથી ત્રીસ વરસ પછી જેઓ આ દેશના લક્ષાધિપતિ થવાના છે, જેઓ દેશના વક્તા કે

કવિઓ કે બળવાન વેપારીઓ થવાના છે; જેઓ પરોપકારી નરો થવાના છે, જેઓ ધર્મ અને રાજ્યમાં જબરામાં જબરા ગણવાના છે તે બધા અને તમે આજે સરખી પંક્તિ ઉપર છો. એક તસુ પણ તેઓ તમારાથી આગળ નથી કદાચ ઉલટા તેઓ આજે તંગીમાં પણ હોય."

જુવાનીની અત્યુત્તમ મઝા તેના બળતા ઉત્સાહમાં રહેલી છે. યુવાન માણુસને આગળ અંધકાર જણાતો નથી. દુનિયામાં નિષ્ફળતા જેવી કોઇ ચીજજ નથી એવું તેને લાગે છે. તે માને છે કે આટલાબધા સૈકાઓ સુધી મનુષ્ય જાત તેનીજ આ દુનિયામાં આવવાની એવી આશાથી રાહ જોયા કરતી હતી કે તે આવીને સત્ય, સૌન્દર્ય અને ઉત્સાહનો છુટકારો કરનાર બને.

શું તમે હાલ હલકી નોકરી કે પાયરીમાં છો ?

જો તમારી નોકરી કે ધંધો હલકો હોય તો તેમાં બીજાઓ કરતાં વધારે મનુષ્યત્વ ઉમેરી, વધારે જુસ્સો ઉમેરી તેને ઉંચી પાયરી ઉપર આણો.

"My bussiness is to preach gospel. I cobble shoes to pay expenses."

"મારો ધંધો તો ઇશ્વરના પવિત્ર પુસ્તકોમાં લખેલો ધર્મોપદેશ કરવાનો છે. તે માટે જે ખર્ચ થાય તે મેળવવા

માટેજ હું આ જોડાઓને ઠીંગડાં મારૂં છું" આવું કહેનાર તે જોડા શીવનાર, પણ પાછળથી મહાન્ ઉપદેશક થનાર પુરૂષ માફક તમે પણ તમારી ગમેતેવી સ્થિતિમાં ઉચ્ચ સ્થિતિ જુઓ. ગમેતેવી નોકરી કે ધંધો તમારા મૂળ જુસ્સાઓને દબાવી શકતો નથી. તમે તેને મહત્વ આપો અને જુઓ કે તેમ થતાં એક શેરીમાં ઝાડુ વાળનાર પણ પોતાને માટે માન ઉપજાવી શકે છે કે નહિ. ?

મહાભારતમાં કર્ણને સૂર્યના પુત્ર તરીકે ગણ્યો છે. તે હમેશાં સૂર્ય સામે જોઇ વિજય મેળવતો અને કદી નિષ્ફળ થતો નહિ. ઉત્સાહપૂર્ણ યુવક સૂર્ય સામે દૃષ્ટિ સ્થાપે છે અને તેનો પડછાયો બધો તેની પાછળ રહેછે. નેપોલીયને ફક્ત પચીસ વર્ષની ઉમરે ઇટાલી જીત્યું. લ્યુથર પચીસમે વર્ષે તો મોટામાં મોટો ફત્તેહમંદ સુધારક થયો. વીટફીલ્ડ અને વેસ્લી ઓક્ષફર્ડમાં ભણતા હતા ત્યારથીજ તેમના વિચારોની છાપ બીજાઓ ઉપર પડી ગઇ હતી. ગ્લેડસ્ટન ઘણી નાની ઉમરમાંજ પાર્લામેન્ટમાં દાખલ થયો હતો. આ જુવાનીનો જમાનો છે. યુવાન મનુષ્ય ! આ જમાનો યુવક અને યુવતીઓ માટે છે. તેમાં રહેલો જુસ્સો તેમને જીતનું તાજ પહેરાવે છે જેની આગળ ઢીલા અને નિવૃત્તિ માર્ગના મનુષ્યો નમે છે. જો આ યુવાનીમાં અજીત બનેલો જુસ્સો

વૃદ્ધ અવસ્થામાં પણ ટકાવી રાખીશકીએ તો કેટલું ભારે કામ કરી શકાય? ગ્લેડસ્ટન જેવાજ આદર્શવાળા પચીસ વર્ષની ઉમરના કોઇ પણ યુવાનની શક્તિ અને ગૌરવ હોય તેના કરતાં તે દશ ઘણું વધારે તેની એંસી વર્ષની વયે હોય છે.

શું તમારી કેળવણી ઓછી છે ?

જરા ઇતિહાસના જાણનારાઓને પુછો કે ઈંગ્લાંડની સ્વતંત્રતાનો પાયો કોણે ચણ્યો ? ઈંગ્લાંડની સ્વતંત્રતાનો પાયો એવા માણસોએ બાંધ્યો હતો કે જેમને પોતાના નામની સહી કરતાં પણ નહોતી આવડતી; એમ છતાં તમે વિજયી છટા રાખશો તો ખુટતી કેળવણી મેળવવાનું સાધન પણ મળી આવશે. આને માટે હવે પછીના પ્રકરણમાં લખીશુ હાલ તો એજ જાણવું જોઇએ કે વિજયી ભાવના એજ ફત્તેહ મેળવવાનું સાધન અને પ્રથમ પગથિયું છે.

નિષ્ફળતાની બીક જતી રહેશે.

જો દરેક છોકરાંઓને આવી વિજયી છટાથી જીવનનો ખ્યાલ કરતાં ઉછેરવામાં આવે તથા તેમને પોતાના ઇશ્વરી વારસાના હકની ખાત્રીમાં કદી તુટે નહિ એવો વિશ્વાસ કરતાં ટેવ પાડવામાં આવે કે જેથી ગમેતેવા સંજોગો પણ તેમને નિરાશ કરે નહિ તો નિષ્ફળતાની વાતો આપણે કદીપણ સાંભળીશું નહિ.

વિચાર કરો કે જ્યારે આ બધા નિષ્ફળ થયેલા મનુષ્યો અથવા તો વ્હેલિયાં જેવા કામ કરનારાઓ વિજયી રહેણી ધારણ કરે અને જીવનનો ફતેહમંદ આદર્શ રાખે તો કેવી દુનિયા થાય? તેઓ પછીથી કદી પણ બબડવાનું કે પોતાના દુઃખ રડવાનું પસંદ કરશે નહીં. જો તેઓને એક વખત પોતાની દૈવી સત્તાનો ઝાંખો પણ ખ્યાલ નજરે પડશે, જો તેઓ પોતાની મહાન સત્તાના ચિન્હનો સહેજ આભાસ જોશે તો તેઓ ગરીબાઈના ચીથરામાં કદી સંતોષ માનશે નહીં. પણ તેઓ શું કરે છે? નિષ્ફળતા, અને ગરીબાઈથી ડંખાયલા વાતાવરણમાંથી દૂર રહી પોતાની સ્થિતિ સુધારવાને બદલે તેઓ તો તેને વધારે મજબૂતાઈથી વળગે છે. દરેક બાજુએ લોકોને કહેતા સાંભળીએ છીએ કે "જીંદગીમાં કાંઇ મઝા નથી. હવે પહેલાના જેવા દહાડા નથી. હજુએ બુરો વખત આવનાર છે દુનિયાનું કોણ જાણે શું થવા બેઠું છે. અમારૂં નશીબજ વાંકું છે ત્યાં બીજાથી શું થાય' વગેરે વગેરે.

જીંદગીમાં મઝા નથી?

જીંદગી કાંઇ નિષ્ફળતાની બાજી નથી. જ્યારે તમે તે બાજી બરાબર રીતે રમો છો ત્યારે તે હમેશા જીતની બાજીજ થાય છે, એમાં જીંદગીનો વાંક નથી પણ રમનારનો વાંક છે. મુખ્ય વાંધો એ નડે છે કે

શરૂઆતમાંજ રમત બરાબર ગોઠવવામાં આવતી નથી. તેઓને યુવાનીમાંજ દૃઢ ઠસાવવામાં આવ્યું નથી હોતું કે જે તેમને જીવનમાં મેળવવું હોય તે પહેલું માનસિક રીતે જ્યાં સર્જન શક્તિની ક્રિયાઓ ચાલુ છે તે જગ્યા એટલે દરેક પુરૂષ કે સ્ત્રીના અંદર રહેલા આત્મામાં સૌથી પ્રથમ રચાવું જોઇએ.

મનુષ્ય જે હાથવતી કરે છે તે પાછળથી બને છે. જે પોતાના મગજ વડે થાય છે તેનીજ ખરીકિંમત છે. ત્યાંથીજ દરેક કામની શરૂઆત થાય છે. કેટલાકને પોતાના મન વડે રચવાનું આવડતુંજ નથી. આપણે આપણા હાથ ઉપર અથવા તો બીજાની મદદ ઉપર અતિશય વિશ્વાસ રાખીએ છીએ. જયારે જીવનનો મુખ્ય પ્રવાહ અંદર રહ્યો છે તથા જે સત્તા મનુષ્ય અને વસ્તુઓને હલાવે છેતે આપણી અંદર છે ત્યારે આપણે બધા બહારની ચીજો ઉપર બેહદ વિશ્વાસ રાખીએ છીએ. કેટલીક વખતે એવો પણ વખત આવે છે કે જયારે આપણને આગળ કાંઇ સુઝતુંજ નથી તથા નિરાશાના તથા નાસીપાસી તમજ આપણી ધારણાઓની નિષ્ફળતાના ધુમસથી વીંટળાએલા આપણે પોતાને દેખીએ છીએ; પણ તે વખતે આપણે માટે જે મુક્તિનો ઉપાય બાકી રહેલો હોય તે એજ છે કે આપણું લક્ષ્યબિન્દુ આપણને દેખાય કે ન દેખાય તો પણ, આગ્રહથી, દ્રઢતાથી, અને ફરી ફરીથી તે

લક્ષ્ય સ્થાન તરફ ચાલવું જારી રાખવું. અડચણો ઓળંગવાનો આ ફક્ત એકજ રસ્તો છે; અને આપણે જો પાછા ફરીએ, જો આપણા લક્ષ્યસ્થાન તરફ પીઠ ફેરવીએ તો જરૂર આપણને ભયંકર સંકટો સામાં મળશે.

ગમે તેટલાં સંકટો તમારો રસ્તો રોકે, તમારો જવાનો રસ્તો ગમે તેટલો અંધકારમય હોય તોપણ તમે ઉંચું જુઓ હિંમત ધરો, પ્રયત્ન કરો, અને તમને ફત્તેહ મળ્યા સિવાય રહેશેજ નહીં. તમારા જીવન નિર્વાહને માટે ગમે તે ધંધો તમે કરતા હો, તમને દુર્ભાગ્ય કે સદ્ભાગ્ય પ્રાપ્ત થાય તોપણ વિજયી છટા ધારણ કરો અને આગળ ધસો.

એક આગબોટ ધુમસમાં સપડાઈ છે, આગળ રસ્તો સુઝતો નથી, અને દૂરના બંદરે તેને પહોંચવું છે; હવે તેના કપ્તાનને શું ત્યાંને ત્યાંજ પડી રહેવું કે પાછા ફરવું ? આ કપ્તાન માટે ફક્ત પોતાના ધારેલા બંદરે પહોંચવાની એકજ આશા છે, અને તે એ છે કે તેણે પોતાનું હોકાયંત્ર જે તેને અજવાળામાં, ધુમસમાં કે ગાઢ અંધકારમાં હમેશા રસ્તો બતાવે છે તેના ઉપર વિશ્વાસ રાખી પોતાના ધારેલા બંદરે જવા આગળ વધવાનું જારી રાખવું. તેને રસ્તો ન દેખાતો હોય તોપણ તેણે પોતાના હોકાયંત્રની પાછળ રહેવું જોઇએ, જેથી રસ્તામાં થતી ભુલોનો તેને તરતજ ખ્યાલ આવે અને

તે સુધારી શકે. આવીજ રીતે આપણા જીવનના દૂરના લક્ષ્યસ્થાનરૂપી બંદરે સહિસલામત પહોંચવા માટે જે વલણ આપણને ખાત્રી આપી શકે છે તથા જે આપણું હોકાયંત્ર બને છે તે ફક્ત એકજ છે અને તે વિજયી છટા છે.

"You will be what you will to be;
Let failure find its false content,
In that poor world 'envirnment';
But spirit scorns it, and is free.

"The human will, that force unseen,
The offspring of a deathless soul,
Can hew a way to any goal,
Though walls of granite intervene."



પ્રકરણ ૩ જું.

તારી શ્રદ્ધા અનુસાર.

Confidence is Conqueror of men,
Victorious both over them and in them;
The Iron will of one stout heart,
Shall make a thousand quail;
A feeble dwarf dauntlessly resolved,
Will turn the tide of battle;
And rally to a nobler strife
The giants that had fled. TUPPER.

સારા કામમાં વિશ્વસ રાખો, અને શક અને અવિશ્વાસ નઠારાં કામ માટેજ રહેવાદો, અવિશ્વાસ રાખવા કરતાં ઠગાવું પણ વધારે સારૂં છે. એમ. ડી લાફ્રેટલી

The King is the man who can. Carlyle

"દીકરા તું જાણે છે કે સાહિત્યના ધંધામાં એક માણસ કાંતો એક ભીખારી બને છે અથવા એક રાજા બને છે." આવું બોલી જ્યારે બેલ્ઝાકના બાપે તેને એક લેખક તરીકેનો ધંધો ન કરવા સમજાવ્યો તથા ચેતવણી આપી ત્યારે તે છોકરાએ જવાબ દીધો ઘણું સારૂં (ત્યારેતો) હું એક રાજા થઇશ, અને તે ખરેખર સાહિત્યમાં રાજા થયો.

રાજદ્વારી કેલ્હુન.

અથાગ ઉદ્યોગ કરી અભ્યાસ કરતા કેલ્હુને તેના મિત્રોની મશ્કરીના જવાબમાં નીચે મુજબ ઉત્તર દીધો "અરે સાહેબ ! જ્યારે હું કોન્ગ્રેસમાં જઈશ ત્યારે મારી ફરજ બરાબર બજાવી શકું એટલા માટે મારે તો મારા વખતનો સૌથી સરસ ઉપયોગ કરવાની જરૂર છે."

આ સાંભળી બધા હસી પડયા તે જોઈ કેલ્હુન બોલી ઉઠયો "શું આ વાતનો તમને શક છે ? હું તમને ખાત્રી-પૂર્વક કહું છું કે ત્રણ વર્ષમાં પ્રતિનિધિ તરીકે કોન્ગ્રેસમાં હું દાખલ થઇશ એવી મારી ખાત્રી ન હોતતો હું કોલેજ છોડીને આજેજ ચાલ્યો જાત." આ મગરૂરી નહી પણ દૃઢ શ્રદ્ધાના વચનો તદન ખરાં પડયાં છે. આ બોલનાર એક મોટો રાજદ્વારી પુરૂષ થઇ વેબસ્ટરના બરાબરીઓ ગણાયો હતો.

યુવાવસ્થાની દૈવી આત્મશ્રદ્ધા જેથી હરેક ચીજ કરી શકાય છે એમ દ્રઢતાથી મનાય છે તે ઘણી વખતે દુનિયા-થી કંટાળેલા અને સઘળે ઉંધુ જોનારા લોકોને હસવું પેદા કરે છે. આમ છે છતાં પણ આ મનુષ્યને મદદ કરનાર મહત્વની શકિત છે. તે માનવ જાતને ઇશ્વરે આપેલી સુંદ-રમાં સુંદર બક્ષીસ છે. અહા ! આ યુવાવસ્થાના ઉત્સાહનો જુસ્સો, આત્મશ્રદ્ધા અને જે ધારીએ તે કરી શકવાની

પોતાની શક્તિમાં વિશ્વાસ આપણા આખા જીવન સુધી કાયમ રાખી શકીએ તો આપણે બધા કેટલી બધી અજાયબી ભરેલાં કામો કરી શકીએ. આવી શ્રદ્ધા, પર્વતો પણ ખસેડવા શક્તિમાન થાય છે. શાસ્ત્રોમાં આવી શ્રદ્ધાના અતુલિત બળ માટે ખાસ ભાર મુકાયો છે.

ગીતાનો રચનાર ગમે તે મનાતો હોય, તે કૃષ્ણ હોય, વેદ વ્યાસ હોય કે ગમે તે હોય તો પણ તેણે જે આત્મશ્રદ્ધા ખીલવનાર તથા મનુષ્યને દરેક રીતે શાંતિ આપનાર બળવાન સાધન હિંદુસ્તાનને આપ્યું છે તે માટે તેના કર્તાનો સમગ્ર દુનિયા ઋણી રહેશે.

अज्ञश्चा श्रद्धानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः

अध्याय ४ श्लोक ४०

શ્રધ્ધા દેવદૂત છે.

શ્રદ્ધા માન્યતા પેદા કરે છે, સંશય બીક પેદા કરે છે. શ્રદ્ધા નવિન રચે છે, સંશય વિનાશ કરે છે. જીવનમાં ઇચ્છવા યોગ્ય વસ્તુઓ મેળવવાનો દરવાજો શ્રદ્ધા ઉઘાડી આપે છે જ્યારે સંશય તે બંધ કરે છે. શ્રદ્ધા વિશ્વાસ પેદા કરી

આપણી સરજન શકિતઓને જાગૃત કરી બુદ્ધિને સતેજ કરે છે. શ્રદ્ધા મનુષ્યને ઇશ્વર સાથે જોડનાર સાંકળ છે, પાપ અને અશ્રદ્ધાથી આંધળા થયેલા મનુષ્યને તે રસ્તો બતાવવા મોકલેલો દેવદૂત છે.

કોઇપણ માણુસ પોતાની શ્રદ્ધા કરતાં વધારે ઉંચો ચઢી શકતોજ નથી. મનુષ્ય પોતે જેટલું કરી શકે એમ હોય તેટલુંજ તે માને છે, તેથી વધારે કાર્ય કોઈપણ માણસ કરી શકે એમ નથી. જે બીજાઓને અશક્ય જણાય તે પોતે કરી શકે એમ છે એવું એક માણુસ ચોક્કસ માને છે એજ બીના બતાવે છે કે આ માણુસમાં કંઇક એવું છે કે જેથી દેખાય છે કે પોતાનુ કાર્ય સાધવા માટે પુરતા બળ ! જથો તેણે મેળવેલો છે.

જે જે સ્ત્રી પુરૂષો આ દુનિયા ઉપર પોતાની નિશાની મૂકી ગયાં છે તે બધાં જ્યારે કાંઈ સુઝે નહીં ત્યારે પોતાની શ્રદ્ધા ઉપર વિશ્વાસ રાખતાં હતાં. આ મહાન્ કાર્ય કરનારાઓ પોતાની શ્રદ્ધા માટે કાંઇ કારણુ આપી શકતા નથા છતાંપણુ એટલું તો નક્કીજ છે કે આ અદશ્ય રસ્તો બતાવનારે સંશય અને અડચણોના ઢગલામાંથી તેમને તેમના લક્ષ્યસ્થાન તરફ દોરવ્યા છે. જ્યારે આપણે વિશ્વાસ અને આત્મશ્રદ્ધાને વાપરવાનું શરૂ કરીએ છીએ, ત્યારે ધારેલા કાર્યો સાધવાનું આપણું બળ વધવા માંડે છે; આપણી શ્રદ્ધા

આપણને ઇચ્છેલા વિષયપર એકાગ્ર કરાવે છે, અને તેમ કરી તે કાર્ય પૂર્ણ કરવાની શકિતઓને વધારે છે. આ દૈવી માર્ગદર્શક ભોમિયો આપણને કદી ભુલો પાડતો નથી.

શ્રદ્ધા અને અહમ્માનમાં તફાવત.

પણ આપણે એટલું તો ચોક્કસ કરવું જોઇએ કે જેના ઉપર આપણે વિશ્વાસ રાખીએ છીએ તે શ્રદ્ધાજ છે કે અહમ્માન અથવા તો અયોગ્ય ઇચ્છાઓ છે. આ બે વચ્ચે ઘણોજ તફાવત રહેલો છે અને તેનાથી આગળ વધવાની ઈચ્છા રાખનાર કોઇપણ માણસે છેતરાવું જોઈએ નહીં.

જયારે આપણે સાચુંજ કરીએ છીએ અને સત્ય માર્ગેજ વહીએ છીએ ત્યારે આપણી દૈવીશ્રદ્ધા કદીપણ તુટતી નથી. કોઇપણ સ્થિતિમાં તે આપણને ટકાવી રાખે છે. જયારે અયોગ્ય ઈચ્છાઓમાં રહેલો અહંભાવ કોઇપણ અણીનો પ્રસંગ આવતાં નિરાશા પેદા કરી નરમ બનાવે છે. આપણો મુખ્ય હેતુ જીવનમાંથી સર્વોત્તમ હોય તે મેળવવું એજ છે; અને આ સર્વોત્તમ દૈવી સત્તામાં વિશ્વાસ રાખ્યા સિવાય મેળવી શકાતું નથી. પોતે સર્વ કરવા સમર્થ છે એવું માનનાર મનુષ્ય સર્વનું મૂળ જે પરમતત્વ, તેમાં સંપૂર્ણ વિશ્વાસ રાખનાર હોય છે. આ તેજ માણસ છે કે જે દરેક પ્રસંગમાં શુભનેજ જુએ છે. પોતાના માનવ બંધુઓમાં રહેલા દૈવી

અંશને તે પારખે છે, અને દરેક જણમાં વિશ્વાસ રાખે છે. એજ મનુષ્ય ખરેખર નર રત્ન છે. જે સંશયી છે, જે અશુભનેજ જોનારાઓ છે તેઓમાં શ્રદ્ધાથી જે દૈવી ઉત્સાહ પ્રકટે છે તેનો જરા અંશ પણ હોતો નથી. ભયંકર પ્રસંગોમાંથી શ્રદ્ધાવાળો માણસ વાળ પણ વાંકો થયા સિવાય પસાર થવાનું જે ઝનુન ધરાવે છે તેની તેઓમાં ખામી હોય છે.

સર્વ પ્રાણી માત્રને સતત ઉન્નતિના માર્ગેજ દોરાવવમાં આવે છે એવી સૃષ્ટિકર્તાની ધારણા અને રચના છે એવા ચોક્કસ વિશ્વાસ વગર આપણામાં ઉત્તમોત્તમ પેદા કરવા માટે વિશ્વાસ ઉપજતો નથી. આપણી આજુબાજુના સંજોગો ગમે તેટલા તેનાથી વિરૂદ્ધ દેખાવ રજુ કરતા હોય, લડાઇઓ, ગુન્હાઓ, ગરીબાઈ, દુઃખ અને કંગાળપણું આપણી આજુબાજુ બધે દેખાવ દઇ આ ખોટું છે એમ જણાવતાં હોય તોપણ આ ઇશ્વરી મહાન્ નિયમમાં આપણને અચલ વિશ્વાસ રહેવો જોઇએ. આવી દૃઢ શ્રદ્ધા તથા છેવટે ઇશ્વર સારૂં કરનાર છે એવી માન્યતા દુનિયામાં જે જે સ્ત્રી પુરૂષો મહાન્ કાર્યો કરી ગયા છે તથા જેઓએ અસહ્ય દુઃખો વેઠી નવી શોધખોળો કરી જનસમાજનું કલ્યાણ કર્યું છે અથવાતો ઉંધે રસ્તે વળેલી સમાજને સત્ય માર્ગ બતાવ્યો છે તથા ખોટી માન્યતાઓમાંથી બચાવી છે તે સૌનામાં બહુજ મોટા પ્રમાણમાં રહેલી હતી.

અગણિત પ્રતિરોધમાંથી પણ લડીને આગળ માર્ગ કાપવો, નિરાશાઓ, દુઃખો તથા તે વખતે દેખાતાં નિષ્ફળતાના ચિન્હો વગેરેથી ગભરાયા સિવાય કે હિંમત છોડી દીધા સિવાય સહન કરવું એ ઉત્તમોત્તમ શ્રદ્ધા વગર બની શકતું નથી.

ગેરીબાલ્ડીએ ઓસ્ટ્રીઆને હરાવ્યું.

ગેરીબાલ્ડીનો દાખલો આ વખતે દૃષ્ટિ સમીપ તરી આવે છે. ઇટાલીને સ્વતંત્ર કરવાના તેણે લીધેલા ટેકમાં કેટલીએ નિષ્ફળતા દેખાઇ હતી. તે ઘણી વખત લડાઈમાં હાર્યો હતો અને તેની ગોઠવેલી બાજીઓ ઉલટાઇ ગઇ હતી. ગરીબાઈ, છોકરાઓનું મૃત્યુ, પ્રસુતિની વેદના પામતી સ્ત્રી સાથે નાસવું, અને પાછળ પડેલા દુશ્મનોની ફીકર આ સઘળું ઇશ્વરી સત્તામાં દૃઢ વિશ્વાસ સિવાયના કોઇ પણ બળવાનમાં બળવાન જીદ્દ અભિમાની માણસને પણ ઢીલો કરવા તથા ટેક છોડવવા પુરતું હતું. પણ આ જણાતી નિષ્ફળતાઓ તેની શ્રદ્ધા આગળ પીગળી ગઇ અને ઇટાલીને તેણેજ સ્વતંત્ર કર્યું.

ઇતિહાસમાં ઘણા મહત્વના સુધારાઓ તથા ફેરફારો ઘણા નાજુક અને મુડદાલ બાંધાના સ્ત્રી પુરૂષોએ બહારની કોઈ પણ મદદ કે ઉત્તેજન સિવાય અને ઘણી વખત તો દૃઢ આગ્રહવાળા વિરોધિઓ સામે હોવા છતાં કરેલા

છે. તેઓએ ચળવળ કરી, તથા આશાઓના વેગમાં તણાઈ જ્યાં સુધી જીત ન મળી ત્યાં સુધી સખત મહેનત અને લડાઇઓ કર્યા કરી હોય છે.

શ્રદ્ધાની રસી મૂકી શકાય તો ?

એક દૈવી સત્તા જે અખિલ વિશ્વમાં વ્યાપી રહી છે તથા જે સત્યને મદદ કરે છે અને અસત્ય તથા દુષ્ટોને વિનાશ રૂપ થાય છે, તેમાં સ્વભાવસિદ્ધ ઉપજેલી શ્રદ્ધા, એક અદૃશ્ય મદદગાર થઈ સાધારણ મનુષ્યોને મનુષ્ય શક્તિથી બહારનું કાર્ય જણાય તે પાર પાડવામાં સ્ત્રી પુરૂષોને ઉશ્કેરે છે, ટકાવી રાખે છે, અને ઉ-તેજન આપે છે. મનુષ્યોને દુઃખમાં તે મદદ આપે છે તથા જ્યારે સર્વ કોઇ તેમનાથી વિરૂદ્ધ જાય ત્યારે પ્રયત્ન કરવાની તથા આશા રાખવાની હિંમત આપે છે. ધર્મને માટે કે દેશને માટે પ્રાણ આપવામાં અથવાતો અગ્નિની જવાળાઓ જ્યારે પોતાના દેહનું ભક્ષણ કરે તો પણ એજ શ્રદ્ધા હસતું મ્હોં રાખી સહન કરવાની શક્તિ આપે છે. જો મનુષ્યો આદર્શ શ્રદ્ધાની અંદર કેટલું બધું ઉત્પાદક બળ રહેલું છે તે ફક્ત જાણે અને તેનો દરરોજના જીવનમાં ઉપયોગ કરે તો આપણી દુનીયામાં ઘણાજ થોડા ભીખારીઓ, કંગાળો, ગુન્હેગાર અને રોગીઓ ફાજલ રહે. જેમ શીતળાની અને બીજી હજારો કચરા-

જેવી રસીઓ પીચકારી વડે શરીરમાં દાખલ કરવામાં આવે છે તેમ કોઈ જાદુ વડે બળવાન મજબૂત શ્રદ્ધા નિષ્ફળ થયલા હજારો સ્ત્રી પુરૂષોમાં દાખલ કરી શકાય તો તેમાંથી ફતેહમંદ મનુષ્યોનું એક મોટું લશ્કર મેળવી શકાય.

દરેક જગ્યાએ શ્રદ્ધાની પડતી જરૂર.

શ્રદ્ધાની જરૂર કાંઈ મહત્વનાં અને અગત્યનાંજ કાર્યોમાં પડે છે અને બીજામાં નથી પડતી એમ નથી. આપણી જીંદગીની દરેક ક્ષણે તથા આપણને લગતી નાની કે મોટી દરેક બાબતોમાં તેની જરૂર પડે છે. તમારી ફતેહને માટે તેની જેટલી જરૂર છે તેટલીજ તમારા આરોગ્યને માટે પણ છે. માનવ સ્વભાવમાં શ્રદ્ધા રાખવાની ટેવ, તમે ડાહ્યા, સારી સમજ શક્તિવાળા છો એમ માનવું, તમારી પોતાની શક્તિમાં વિશ્વાસ રાખવો, તમે જે જે અભિલાષાઓ ધારો તે પૂર્ણ કરી શકો એમ છો એવી શ્રદ્ધાની ટેવ પાડવી એ બીજુ કાંઈજ નહિ પણ ફતેહને માટે પાકી સડકનો ધોરી રસ્તો બાંધી તૈયાર કરવા બરાબર છે. શ્રદ્ધા આટલાં બધાં અજાયબ ભરેલાં કામો કેમ કરી શકે છે? તેનું કારણ એ છે કે તે સમગ્ર માનસિક શક્તિઓને દોરવનાર છે. જ્યાં સુધી શ્રદ્ધા આગળ વધે નહિ ત્યાં સુધી તેઓ હાલતી

પણ નથી. તે હિંમત, પ્રયત્ન અને ઉત્સાહનો પાયો છે. નેપોલીઅનની શકિતનો મોટો ભાગ તથા શરૂઆતની ફ-તેહનો પાયો તેના પ્રેરિત ભાવમાં શ્રદ્ધા તથા તે એક મહાન્ ભાગ્યશાળી માણુસ છે તથા તેના શ્રેષ્ઠો બધા ઉંચા છે અને તે જીતવા સર્જાયલો છે એવી શ્રદ્ધા પર રચાયલો હતો. આ બળવાન માન્યતા તેમાંથી કાઢી લઇએ અને તે ફક્ત તેના લશ્કરના હલકા સીપાઈ કરતાં પણ વધારે થાત નહિ. તેની અડગ શ્રધ્ધાનો એકજ દાખલો બસ થશે. જ્યારે તેના લશ્કરી અમલદારો તેને શત્રુઓની તોપોના મારામાંથી દૂર ખસી જવા માટે ચેતાવતા ત્યારે તે જવાબ આપતો કે નેપોલીયનને મારી નાખવા માટે એવી કોઇ ગોળી કે તોપ તૈયાર થઇજ નથી. તેની કુદરતી શક્તિઓમાં આવી પોતાના ઉચ્ચ ભવિષ્યની અડગ માન્યતાએ અજાયબ ભરેલું બળ મેળવ્યું, અને તે એક ગરીબમાં ગરીબ સીપાઇ ઉપરથી રાજા અને મહારાજા તથા રાજ્યોનાં રાજ્યો બક્ષીસ આપનાર શૂરવીર યોદ્ધો બન્યો. જોન ઓફ આર્કને એવી બળવાન શ્રધ્ધા ઉત્પન્ન થઇ, તેને લાગ્યું કે ફ્રાન્સને ઇંગ્રેજોના ત્રાસમાંથી મુકત કરવા ઇશ્વરે તને પસંદ કરી છે,અને તે ગરીબ અજ્ઞાન અભણ ગામડાની છોકરી દેશની બચાવનાર થઇ. બળવાન શ્રદ્ધાએ તેના દૈવી કાર્યમાં જોઇતો મોભો ચારિત્રનું બળ અને કાર્યસાધક પ્રતિભા અજાયબ જેવી રીતે

એટલે સુધી પેદા કર્યાં કે મોટા મોટા ફ્રાન્સના લશ્કરી અમલદારો સાધારણ સીપાઇ માફક તેનો હુકમ માનવા લાગ્યા. આ શ્રદ્ધાએ આ ગરીબ ગામડાની છોકરીને તે વખતના મહાનમા મહાન્ સેના નાયકમાં ફેરવી નાખી અને ફ્રાન્સની મુકિત કરનાર થઇ. એમાં તો કશો શક નથી કે હરેક મનુષ્ય કાંઇને કાંઇ મહત્વનું કાર્ય કરવાની શકિતઓ લઈને અત્રે આવે છે. આપણે કાંઇ ક્ષુદ્ર કીડાઓ માફક ક્રુર નસીબ, સંજોગ કે ભાગ્યને આધીન થવાને નખાયા નથી. ઇશ્વરની મહાન્ રચનાની સાંકળમાં આપણે એક આંકડા જેવા છે હરેકે હરેક આંકડાંમાં મહત્વ છે. હરેકે હરેક આંકડાની પોતાની જગ્યાએ જરૂર છે. જો એક આંકડો અથવા કડી પોતાનું મહત્વ ન સમજે અથવા ઢીલી પડે તો આખી સાંકળના બળમાં ખામી આવે છે તેમ આપણે જો આપણી યોગ્યતા ન સમજીએ તો મહાન ઇશ્વરી સંકેતને હાનિ પહોચે છે. જયાં આપણે સમજતા થઇએ કે આપણે ઈશ્વરને મદદ કરનાર સહકારી સ્રષ્ટા છીએ કે તરતજ આપણું જીવન કાર્યસાધકતાથી અને મહત્વથી ભરાશે અને અસાધ્ય મનાતાં કામો અજાયબ ભરેલી રીતે આપણાથી થઇ શકશે.

આપણે સુખને માટેજ સરજાયા છીએ.

જો હરેક બાળકને એવી દૃઢ માન્યતા સાથે ઉછેરવામાં આવે કે તે સુખ, ફત્તેહ અને આરોગ્ય માટેજ સરજાયલો છે તો મોટી ઉમરે પહોંચતાં તે ઘણોજ બળવાળો અને મજ-

ભૂત થઇ શકે. એક બાળકનો વિશ્વાસ પ્રેરણારૂપ હોય છે જો તેને આપણે અયોગ્ય કેળવણીથી નરમ બનાવતા નથી અથવા તો નાશ કરતા નથી તો તે આખી જીંદગી સુધી કાયમ રહે છે. આવી શ્રદ્ધા હલકા પ્રાણીઓમાં કુદરતીજ હોય છે. દાંખલા તરીકે એક મરઘી કે કોઈ બીજુ પક્ષી દિવસોના દિવસો સુધી ઇંડા ઉપર બચ્ચાં બહાર નથી આવતાં ત્યાં સુધી કેવીધીરજથી બેસી રહે છે? જે વખતે તે ઇંડા ઉપર બેસવાની શરૂઆત કરે છે તે વખતે બચ્ચું કાંઇ બહાર જણાતું નથી પણ તેને ચોક્કસ માન્યતા હોય છે કે તે જો બહાર રખડવાનું છોડીને થોડા દિવસ ઇંડા ઉપર બેસવાનું પોતાનું કાર્ય કરશે તો બચ્ચું જરૂર બહાર આવશે. કેટલીક વખતતો તે ખાવાનું પણ ત્યાગ કરી ઘણા દિવસ બચ્ચું પેદા કરવાને જોઇતી ગરમી આપવા ઇંડા ઉપર બેસી રહે છે.

કોઈ પણ કામ પાર પાડવામાં જે મુખ્ય અડચણ આવે છે તે એ છે કે દૃઢ નિશ્ચયમાં જે ઉત્પાદક શકિત રહેલી છે તે તથા શ્રદ્ધાથી આવતી ખંત ઘણામાં પૂરા પ્રમાણમાં હોતી નથી. સહેજ નિરાશા કે નિષ્ફળતાં મળતાં ઘણી સહેલાઈથી આપણે તેને વશ થઈ જઇએ છીએ. ખરાબ સંજોગોમાં પણ આગળ ધસવાનું જોશ કે ઝેણુ આપણામાં પૂરતું હોતું નથી. આપણે આદથી તે અંત સુધી શું થશે તે કામ શરૂ કરતી વખ-

તેજ જોવા માગીએ છીએ. આપણે વિશ્વાસ રાખવા ના પાડીએ છીએ. આપણે ખ્યાલ પણ નથી કરતા કે જીંદગીના મોટા ભાગમાં આપણને કાંઈ લક્ષસ્થાન દેખાતું ન હોય તોપણ કામ કર્યા કરવુંજ પડે છે અને જો આપણું માનસિક વલણ બરાબર હોય તો ગમે તે રીતે આપણે ધારેલું લક્ષ્ય બિંદુ મેળવીએ છીએ. શ્રધ્ધા કાંઇ ઠગવાનો સોદો નથી. અહીં તો શ્રદ્ધાને અનુસરતી કાર્ય કરવાની શકિતઓ તૈયારજ થતી હોય છે. દરેક કાર્યમાં કે યુધ્ધમાં જે લાંબો વખત ટકે તેજ જીતે છે. લાંબા વખત ટકવાને માટે શ્રધ્ધા અને આશા સિવાય ચાલતુંજ નથી. લોઈડ જર્યોર્જ બર્કનહેડ ખાતે જર્મન વિગ્રહ વખતે ૧૯૧૭ના સપ્ટેમ્બર માસમાં જે આશાવાદ ખરેખર દેખાતા વિરૂધ્ધ સંજોગોમાં પણ બતાવ્યો હતો તે આશાવાદ તેને વિજય અપાવવામાં કારણભૂત થયો હતો.વિજય મેળવવાનાં થોડાંક સત્યો તેનાજ શબ્દોમાં અમે બતાવીશું.

વડા પ્રધાનનો આશાવાદ.

"બ્રિટીશ મહારાજયનું બળ અને મિત્ર રાજયોની આશા ભ્રષ્ટ કરવાનો જર્મન જલાંતસંચારિણી નૌકાઓનો પ્રયત્ન તદન નિષ્ફળ જવાનો છે એવી તેને પાકી આશા છે. રશિયા તરફથી આવતા સમાચારો બેચેની પેદા કરાવનારા છે. રાજયવિપ્લવ જયારે થાય છે ત્યારે હંમેશા વિજય મોડો આવે એ સ્વાભાવિક છે. નિરાશાની દૃષ્ટિએ રશિયાની ગડબડ તરફ જોવાનું નથી. પણ આશા રાખીને

નજર કરવાની છે. તેણે આશા દર્શાવી હતી કે રશિયા પોતાની મૂર્છામાંથી જાગૃત થશે. અને પ્રશિયન યુધ્ધવાદીઓ ફાવી જાય તે પહેલા તે લડાઇમા મોટે ભાગ ભજવશે. રશિયામાં કાળાં લોગ વાંદરાઓએ ઘોરંભો નાખ્યો છે છતાં મિત્ર રાજ્યોના બીજા રણ-ક્ષેત્રોમા તેઓના વાવટાઓ વિજયરૂપી સુર્યના કીરણોથી અંકિત છે. પૂર્વ રણભુમિમા નિર્બળ સૈન્ય સામે જર્મની વિજય મેળવ્યાનો ભલે ગર્વ ધારણ કરે તો પણ પશ્ચિમ રણભૂમિમાં તેની જે વલે થાય છે તેનો જવાબ તેને આપવાનો છે. હાલમાં ઇટાલિયનોએ મહાન જીતો મેળવી છે, અને હવે અમેરીકનો કે જેઓએ પરાજય કદી પણ અનુભવ્યો નથી તેઓ મિત્ર રાજયો સાથે મળ્યા છે વિજય જરૂર આપણને પ્રાપ્ત થશે. આ સર્વ કારણો વિચારતાં લોકોએ પોતાના હૃદયો દૃઢ બનાવવા જોઇએ. આપણા માર્ગમાં મોટા મોટા કાંકરો અને પત્થરો છે. તો પણ આપણે એવા પહાડી માર્ગ ઉપર ચઢીશુંજ. આપણો માર્ગ લોહીથી ખરડાયલો છે તો પણ આગળ વધીશુંજ અને તે પછી નવી સૃષ્ટિની લીલી કુંજાર ખીણ અને ભૂમિ પ્રદેશ આપણને દૃષ્ટિગોચર થશે.

આ બળવાન આશાવાળો પ્રધાન પોતાની શક્તિઓમાં શ્રદ્ધા માટેનો દૃષ્ટાંતરૂપ જવલંત સંદેશો આખી પ્રજામાં રેડે છે અને જો કે તેવખતે જર્મનીની જીત થતી જણાતી હતી તો પણ તેજ વખતે તેને નાશ કરવાનાં સાધનો પ્રબળ વેગે તૈયાર કરાવે છે. આવીજ રીતે દરેક પ્રજાએ અને વ્યક્તિએ કરવાનું છે. તમને શ્રધ્ધાથી શું કરી

શકાય એ જાણવું છે? લોઇડ જયોર્જને પુછો. એ કોણ હતો? ગરીબ મામાને આધારે ઉછરેલો વેલ્સના ગામડાનો એક બાપ વિનાનો બાળક. પોતાની શક્તિઓમાં દૃઢ શ્રદ્ધા રાખી તે ઝડપથી આગળ વધી પ્રધાન મંડળમાં દાખલ થયો. ઉમરાવ લોકો પ્રજાની ઉન્નતિના વિરોધિ છે માટે તેમની સત્તા કમી કરવી તથા તેમના ઉપર વધારાનો કર નાંખવો એ સિદ્ધાંત ઉપરની મહાન્ લડાઇ આ એકલાએ, બળવાન વિરોધીની પણ પરવા કર્યા વગર પ્રબળ વેગે જમાવી, અને જયારે જર્મન વિગ્રહ જાગ્યો ત્યારે શરૂઆતમાં જે ધીરૂં કામ ચાલતું હતું તેમાં પ્રબળ વેગ આપવા, ખરી કટોકટીની વખતેજ જયારે દુશ્મનનું બળ પૂર જોરમાં હતું ત્યારે આ દૃઢ શ્રદ્ધાવાળા પુરૂષે મહારાજયની અને લડાઇની લગામ હાથમાં લીધી; અને પરિણામ શું આવ્યું તે તમો જુઓ છો.

આવા મોટાં કામ વખતે મહાન્ અને અડગ શ્રદ્ધા વાળા મનુષ્યોને બહાર આવવું પડે છે અને સાધારણ અને ઢીલું કામ કરનારાઓને સત્તામાં હોવા છતાં પણ ખસી જવું પડે છે. એકજ પ્રબળ શ્રદ્ધાવાળા મનુષ્યમાં કરોડો મનુષ્યો પોતાનો વિશ્વાસ મૂકે છે.

ઉંડી શ્રદ્ધાને તોફાનો ન નડે.

મોટી ટીટેનિક આગબોટ જેમાં ૧૬૦૦ માણસો ડુબી મુઆ તે ઘણાજ પ્રબળ વેગથી બરફના પહાડને અથડી હતી. તે વખતે તે બરફના પહાડને લગાર પણ ધક્કો લાગ્યો ન

હતો. તે સહેજ હાલ્યો પણ નહોતો કારણ કે તે જેટલો બહાર દેખાતો હતો તેના કરતાં પણ ઘણો વધારે ભાગ જયાં દરીયાના તોફાનો અને મોજાંઓ અસર કરી શકતાં નથી એવા અનન્ત સમુદ્રના પેટામાં રહેલો હતો. આવા રાક્ષસી બરફના પર્વત માફક શ્રદ્ધા આત્માના અનન્ત પ્રદેશમાં જેટલી ઉપર જણાય છે તે કરતાં વધારે પહોચેલી હોય છે. અને તેથી ઉપર ઉપરના પ્રસંગોપાત્ થતાં તોફાનોથી તેને કાંઇ અસર થતી નથી. આવી શ્રધ્ધા ઉપર રચાયલી જીંદગી ગમે તેવાં તોફાનો અને અડચણોમાંથી રોફ, ગૌરવ અને દ્રઢતાથી પસાર થાય છે.

ઘણી વખત એવું બને છે કે આપણને એવા મનુષ્યો અને સંજોગો આવી મળે છે કે જેથી સહસા આપણામાં અને ઇશ્વરમાં આપણી શ્રધ્ધા ઓછી થાય. એવો પણ વખત આવે છે કે જયારે આપણને તોફાનનો પવન ચાલ્યો જાય ત્યાં સુધી ફકત શ્રદ્ધાને પકડીનેજ શાંત બેસી રહેવું પડે છે. ઘણી વખત આપણને મળેલા દુઃખદ અનુભવોને આપણી યાદશકિતમાંથી દૃઢ બળથી કાઢી નાખવા પડે છે અને સારા ભવિષ્યની આશા રાખ્યા કરવી પડે છે એટલુંજ નહિ પણ બીજાઓ તરફથી મળેલી નિષ્ફળતા તથા અઘટિત ટીકાઓની દરકાર રાખ્યા સિવાય તથા બીક અને સંશયને દબાવીને આગળ વધવું પડે છે.

થીઓડોરે ફતેહ કેમ મેળવી ?

એક મનુષ્યનું કાર્ય બીજાઓને હિંમત આપે છે અમેરિકામાં સત્ય આર્ય ધર્મનો પ્રથમ પ્રચારક,ગુલામગીરીનો નાશ કરવામાં બળવાન મદદગાર થીઓડોર પાર્કરે ઘણી નાની વયે પોતાનામાં કેવા અકસ્માત વડે શ્રદ્ધા આવી તે બહુ ઉત્તમ રીતે પોતાના આત્મવૃત્તાંતમાં બતાવ્યું છે. તેના દાખલામાં બન્યું તેમ ઈશ્વર આ દેશના બાળકોમા પણ શ્રદ્ધા રેડવા વૃદ્ધ પુરૂષો અને સાધુઓ મોકલે તો વિજય મેળવવાનું કામ કેટલું સરળ થાય ! આ બીના રસ ભરેલી હોવાથી તેનાજ શબ્દોમાં આપીશું "હું જયારે એક બાળક હતો ત્યારે સ્કુલમાં જતી વેળા એક દહાડો એક વૃદ્ધ માણસ આવીને મારી સાથે સાથે ચાલવા લાગ્યો; તે ઠેઠ અર્ધા ગાઉ સુધી મારી સાથે રહયો અને એક બુધ્ધિમાન બાળક પ્રયત્નથી શું શું કરી શકે છે, તથા મારાથી કેટલું કામ થઈ શકશે તથા હું શું શું કરી શકીશ તે બધું મને સમજાવવા લાગ્યો. તેની વાત મને ઘણીજ પસંદ પડી અને મેં ધાર્યું કે હુ પણ એક 'માણસ' થઇ શકીશ તે વૃદ્ધ પુરૂષના આકસ્મિક મેળાપને હું એક અલૌકિક વ્યાપાર માનું છું."

હા ! ખરેખર તે એક અલૌકિક વ્યાપાર હતો. તે વ્યાપારે તો આ બાળકમાં આત્મશ્રદ્ધા જાગૃત કરી, મહાનુભાવ

પેદા કર્યો. અમેરીકામાંથી ગુલામગીરી નાબુદ કરવા માટે એજ અલૌકિક વ્યાપારે બળવાન અને તીક્ષ્ણ ધારવાળું શસ્ત્ર પેદા કર્યું. તેણે પાર્કરનું જીવન પ્રેમ, રસ, સ્વતંત્રતા અને પ્રભુભકિતથી ભર્યું. અરે ! આવી અલૌકિક વ્યાપાર કરનાર વ્યકતિઓ બાળકોને આવી અણીના વખતે મળે તો દેશનું કેટલું કલ્યાણ—કેટલું સુખ સાધી શકાય ?

જો તમે કોઈ ધંધામાં પડવા વિચાર રાખતા હો અથવા કેળવણી લેવા કે તમારી મહત્વાકાંક્ષા સંતોષવા જીવતોડ મહેનત કરતા હો કે કાંઇ પણ બીજું કામ કરવા માગતા હો તો તે વખતે તમો ફાવવવાના નથી એવી ભવિષ્યવાણી કહેનારા જોઈએ તેટલા નિરાશાવાદી માણુસો તમને મળશે. તેઓ તમને કહેવા માંડશે કે આજના ચઢાચઢીના વખતમાં તો બહારની પુષ્કળ મદદ સિવાય તથા મોટી મુંડી સિવાય તમે કદી ધંધામાં ફાવી શકશોજ નહિ, ભણવાનો ખરચ એટલો તો બેહદ વધી ગયો છે કે સારી સ્થિતિવાળા માબાપના છોકરાંઓ આગળ ભણી શકતા નથી તો તમે તે કેવી રીતે ભણી શકશો વગેરે. આવાં પગ ઢીલા કરી નાખનાર વાકયો વગર પૂછયે કહેનાર મનુષ્ય અને અસંખ્ય અડચણો મળશે અને તે માટે તમારે જરી બર- ડાનો કાંઠો નરમ નહી પણ સખત રાખવો પડશે. આવી વખતે જીતવા માટે શ્રદ્ધા સિવાય બીજો કોઇ રસ્તો નથી.

યાદ રાખો કે બીજા માણસો તમારામાં શ્રદ્ધા રાખે તે કરતાં તમારી શ્રદ્ધા તમારાં પોતાનામાં હોય તેનીજ વધારે કિંમત છે. બીજાઓનો સારો મત જીતવો, તેઓ આપણામાં વિશ્વાસ રાખે, અને આપણે જે હાથમાં લઈશું તે પાર ઉતારીશું એવું બીજાઓ માને એ એક ઘણી સારી વાત છે છતાં પણ યાદ રાખવું જોઇએ કે એમ હોવુંજ જોઇએ અને એ ન હોય તો ન ચાલે એવું કાંઇ નથી. આપણા **પોતાનામાં શ્રદ્ધા હશે તો બસ છે.** દુનિયામાં જ્યાં જશો ત્યાં તમને માલૂમ પડશે કે કોઇ પણ માણસ એકાદ મહાન્ કાર્ય પોતાનામાં બળવાન શ્રદ્ધા પેદા કર્યા સિવાય અને પોતે સાચા રસ્તા ઉપર છે એવી અડગ માન્યતા સિવાય તથા ગમે તે થાય તો પણ હાથમાં લીધેલા કામને પૂરૂં થાય ત્યાં સુધી વળગીજ રહીશ એવા પક્કા નિશ્ચય સિવાય કરી શકતો નથી

આવા એક માણસને તમે ગમે તે કરો તો પણ રોકી શકો એમ નથી અડચણોની સામા બાથ ભીડે એવી શ્રદ્ધાવાળાને તમે કેવી રીતે કચડી શકશો? કોઇ પણ દુઃખ કે તાવી નાખનારા કસોટીઓથી જે નબળો પડતો નથી, જ્યારે બધા એક પછી એક પાછા વળી જાય છે ત્યારે તે આગળ ધસ્યોજ જાય છે અને જ્યારે જ્યારે તેને ગબડાવી પડવામાં આવે છે ત્યારે તરતજ દર વખતે વધારે બળથી

અને દઢ નિશ્ચયથી ઉભો થાય ત્યારે તેવો માણસ તે કેમ હારશે ? ખાત્રી રાખો કે જીંદગીમાં જીત તેનીજ છે.

ઇશ્વરી સંકેતજ સુખ આપવાનો છે ત્યારે હિંદમાં પ્રસંગોપાત્ અડચણો, દુકાળ વગેરે કેમ પડે છે? કેમ દેશ દરિદ્રિ છે? શા માટે લોકો દબાયલા ગરીબ જેવા રહે છે એવા એવા પ્રશ્નો આવી બાબતોમાં સહજજ ઉત્પન્ન થાય. અમને સમગ્ર જનસમુદાયની માનસિક વલણમાંજ કાંઈક ભારે વાંધા ભરેલું લાગે છે. ગુજરાત કે જે હિંદના બગીચારૂપ ગણાય છે, તેનો ભારે પાક, ખનીજ પદાર્થનું ઉત્તમ સાધન, કેળવણી લેવાની અસંખ્ય સગવડો વગેરે ખરીરીતે જોતાં દરેકને ઉત્તમ પોષણ આપી શકે એમ છે.અત્રે જે અડચણો નડે છે તે માનસિક વલણોની છે.

ખોટો વહેમ છોડયા સિવાય સુખ ન મળે.

આપણાંમાંથી વહેમ અને અશુભ વિચારો પ્રથમ નાબુદ થવા જોઇએ. હવેના દિવસો સારા આવવાના છે એની દરેકને નિશ્ચયાત્મકઆશા હોવી જોઇએ સામાજીક અને ધાર્મિક જીવનમાં ખોટાં વહેમ કે બંધનો હોવાં ન જોઈએ. અમેરિકાની ખરેખરી ચઢતી કરતાં પહેલા પ્રથમ દેશમાંથી ગુલામગીરીનો નાશ કરવો પડયો હતો; અને તે ગુલામગીરીનો નાશ કરવા માટે જનસમાજને તૈયાર કરવાનું

કામ વધારે મુશ્કેલ હતું પણ તે કર્યા સિવાય દેશની આબાદાની થઇ શકે એમ નહોતું. આ કામ કેવી રીતે બન્યું તે બતાવવા નારાયણ હેમચંદ્ર પાર્કરના જીવનમાં નીચે મુજબ લખે છે "આ વખતેજ ડાક્ટર ચેનિંગ પોતાના પ્રભાવશાળી ભાષણોથી માનવઆત્માનું મહત્વ, અને આન્તરિક ઈશ્વર ભક્તિનો પ્રચાર કરતો હતો. રેવરન્ડ જોન પિયારપન્ટે રસ્તામાં છાકટા થનારને રોકવાનો અને કોઇ પણ જાતનું ગેરવાજબી કામ પછી તે લોકોને પ્રિય હોય તો પણ તેની સામે થવાનો ધર્મયાજકોને અધિકાર રહેવો જોઇએ એમ જણાવતો હતો પ્રસિદ્ધ એમરસન પોતાના ભાષણોદ્વારા લોકમત ફેરવતો હતો, મસ્તશાસ્ત્રીનિપુણ ડાકટર સ્પર્ઝીમ અને જોર્જ કોમ્બ લોકોના મનમાંથી જુના અપ્રાકૃતિક વિશ્વાસ દૂર કરતા હતા અને માનવ પ્રકૃતિના તત્વોનું શિક્ષણ આપવાને માટે ઉત્સાહ આપતા હતા." આવા વિપ્લવ વડેજ દેશ સ્વતંત્રતા અને આબાદાની માટે લાયક થાય છે. હવેજ દેશમાથી અજ્ઞાન દુર કરનારા બનાવો બનતા જાય છે. હમણાંજ મસ્તકશાસ્ત્ર લોકોમાં પ્રચલિત થતું જાય છે. આથી દરેકમનુષ્ય પોતાની શક્તિઓ બરાબર સમજી શકે છે અને પોતાનું બાળક કેવું મહત્વનું કાર્ય કરવા ખાસ નિર્માણ થયેલું છે તે તેજાણી તેને તે મુજબની કેળવણી તથા સગવડ કરી આપી મદદ કરી શકે છે.

પશ્ચિમના દેશો માફક હિંદુસ્થાનમાંથી પણ હવે જુના અપ્રાકૃતિક વિશ્વાસો દૂર કરી આપવા માટે આજ મસ્તકશાસ્ત્રી ઉત્સાહ આપશે.

કાળું ભવિષ્ય ચિતરનાર ગ્રંથો ધર્મ ગ્રંથો નથી.

કર્તવ્યશાળી અને પ્રભાવશાળી વક્તાઓ મનુષ્યને માનવ પ્રકૃતિના તત્વનું શિક્ષણ આપી પોતાની ખરી કિંમત સમજાવશે. એક ખાસ મહત્વની વાત એ છે કે ભાગવતના બારમા સ્કંધમાં કળીયુગના ભવિષ્ય વર્ણનની માન્યતાને તમારે તિલાંજલી આપવી પડશે, બુદ્ધનો નિવૃતિવાદ છોડી દેવો પડશે, અને ગીતાએ બતાવેલો બળવાન શ્રદ્ધાવાદ હૃદયમાં કોતરી રાખવો પડશે. આખા દેશને આબાદ કરવા માટે તમારે નિશ્ચય માનવું પડશે કે હવે તો વખત સારોજ આવતો જાય છે, લોકો સુખી, આત્મશ્રદ્ધાવાળા તથા ભક્તિવાન બનતા જાય છે. હવેથી વધારે ખરાબ વખત આવનાર છે ઘરડાંઓનો વખત સારો છે એવું કહેનારને તેમનું અસત્ય પણ તમારે સાબીત કરી આપવું પડશે.

આપણને આપણા પેદા કરનારમાં વધારે વિશ્વાસની જરૂર છે અને આબાદ થઇએ તે પહેલાં આબાદાનીના વિચારોને મનમાં કાયમ કરવાના છે. તે આબાદાની, તે ઇચ્છિત ફળ દૂરના ભવિષ્યમાં નહિ પણ હમણાંજ, ટુંક વખતમાં મળે છે એવું દરેક વ્યક્તિએ અને આખી પ્રજાએ સતત્ મનમાં

ધારણ કરવાનું છે અને જો એમ બને તો આબાદાનીમાં ચઢતાં ગમે તેવી વિરૂદ્ધ અડચણો કે સત્તા કોઇને પણ રોકી શકે તેમ નથી.

ગૌતમ બુદ્ધનો નુકશાનકારક મત.

* બુદ્ધની માન્યતાએ જે હિંદને નુકશાન કર્યું છે તે સંબંધી અમે આગળ ઉપર દર્શાવીશું નીચેનો લેખ ઉપલી બીના વધારે સ્પષ્ટ કરે છે

ભૂતકાળ તરફ, પુરાતન તરફ, હમેશાં માનની દૃષ્ટિથી ને પૂજ્યભાવની વૃત્તિથી જોવામાં આવે છે. ભૂતકાળમાં હમેશાં ઉન્નતિનું આરોપણ કરવામાં આવે છે. હિંદવાસીઓ શારીરિક ને માનસિક વિકાસમાં અધોગતિ પામતા ગયા છે ને નૈતિક રીતે અવનતિને પ્રાપ્ત થયા છે. એવા ભણકારા ઘણે સ્થળે સાંભળવામાં આવે છે. કોઇ વિદ્વાન પુરૂષ એમ પણ કહે કે મુસલ્લીમોના આક્રમણ પછીજ નિરાશાવાદ પ્રવેશ પામ્યો કદાચ કોઇ એથી પણ આગળ મર્યાદા લઇ જાય ને કહે કે બુદ્ધ અને જૈનોના સિદ્ધાંત અને ભાવનાઓએ આ નિરાશાવાદ ફેલાવ્યો અને પ્રાચીન બ્રહ્મણુત્વના આનાંદવાદનો અંત આણ્યો. આ નિરાશાવાદ કેવળ બ્રાહ્મણ ધર્મીમાંજ નથી. બુદ્ધ ધર્મીમાં પણ જડે એમ છે. એક કથા આવે છે કે જેમાં કોસાલાના રાજાને સ્વપ્નું આવે છે. તેનો ભાવાર્થ એવો છે કે "હવેના યુગમાં એવી પ્રજા થશે કે જે મનુષ્યોના મનોવિકારો બળવાન થશે કોમળ બાળાઓ યુવકો સાથે સહચારમાં અતિ ક્રીડાગામી બનશે, અને તેઓને સંતાતિ થશે." જો કે બુદ્ધે બ્રાહ્મણોને એવો ઉપદેશ આપેલો કે તેઓ હવે પ્રતિદીન ક્ષીણ

થતા જાય જયારે તેઓના પૂર્વજો બહાદૂર અને સુંદર હતા અને ત્યાર પછી તેઓ ધનતૃષ્ણામાં લુબ્ધ થયા, ક્ષત્રિકન્યાઓમાં મદોન્મત્ત બન્યા, મોજ, શોખ, અને વિલાસના વૈભવી થયા આ પરથી જણાશે કે ધર્મના રક્ષકો પોતાના સ્થાનપરથી ભ્રષ્ટ થયા, લક્ષ્યભ્રષ્ટ બન્યા, જીવનનો હેતુ ભુલ્યા ને ધીમે ધીમે રોગ શરૂ થયો. અધોગતિનાં આ કારણો જાણવા જેવાંછે ઇતિહાસના મર્મવિદો હજી પણ વૈભવવંતી વિલાસીની તૃષ્ણા અને સંપૂર્ણ સુખ સમૃદ્ધિ એ પ્રજાને ઊન્નતિના સ્થના પરથી ખસેડેછે, પ્રમાદી બનાવેછે, મદોન્મતતા લાવેછે, અને પશ્ચિમ એશીયા અને યુરોપની પ્રાચીન સંસ્કૃતિના અસ્તનાં એજ કારણો માનવામા આવેછે, અહીં આપણે જે: વિચારનું છે અને જે નિર્ણય કરવાનોછે તે એ જે કે રોગનાં પરમાણુઓ પ્રવેશેલાં કહેવામા આવેછે તે ગૌતમ બુદ્ધ પહેલાંથી જ પ્રવેશ્યા છે એમ આ દૃષ્ટિએ કહી શકાશે કે જેને કેટલાકો બલ્કે પુરાતનની પ્રીતિવાળા બધા ઉન્નતિ ને સંસ્કૃતિના પરમ શિખર તરીકે સ્વીકારેછે ગમે તેમ હોય પણ આવી સ્થિતિઓ કાળના ઇતિહાસના ક્રમમાં બનતી રહેછે અને એવી અધે ગતીમાથી પુનરૂદ્ધાર પામવાનુ કેવળ અપ્રાપ્ય નથી હોતુ આ મુસલીમ કાળ પણ આમ સંસ્કૃતિનો વિનાશક નથી એમ માનવું પડેછે આ રીતે આર્યાવૃત અવનતિને માર્ગે ક્રમણ કરતુ ગયુંછે એનાં મુળતત્વોના સિદ્ધાંતો વીશે જ જયાં શંકા થાયછે અને પ્રજાના અંતર જીવનમાં કોઇ અસાધ્ય રોગ ઘર કરી બેઠો નથી એમ લાગેછે તો ઇતીહાસની અમરતામા ભવિષ્ય અતી ઉજ્જ્વાળ સુવર્ણ સમુછે એ નિશ્ચયજ અને પટાંતરે બનેલા આવા ઐતિહાસિક પ્રસંગે વિચાર કરનારને આસત્ય સહજ સમજાશે પ્રભુકૃપાથી ઇષ્ટસિદ્ધિ સહુનેથાવ (ગુજરાતીના દીવાળી અંકમાનો એક લેખ.)

આપણે શ્રદ્ધા સંબંધી ઘણું શાસ્ત્રોમાં તથા સાંપ્રદાયિક પુસ્તકોમાં વાંચ્યું છે પણ આ શ્રદ્ધા ઘણી વખતે અંધ શ્રદ્ધા હોય છે અથવા તો ફક્ત શબ્દના આડંબર રૂપ હોય છે. હજુ હમણાંજ આપણે શ્રદ્ધા વિજળી માફક એક જબરૂં બળ છે એમ સમજતા થયા છીએ. અત્યાર સુધી ફક્ત આપણે વાતોનાં વડાં કરતા હતા હવે આપણે શીખતા થવા છીએ કે આપણાં માનસિક સ્વપ્નોમાં દ્રઢ શ્રદ્ધા, અડચણો અને દુઃખોના પછાડાને પણ હઠાવી શકે છે. શ્રદ્ધા જીવનનો મુખ્ય નિયમ છે તે તંદુરસ્તી ફત્તેહ અને સુખનો તથા ખુદ પ્યારનો પણ પાયો છે આપણે જેને ચહાઈએ છીએ તેમના અગણિત દોષો હોય છતાં પણ આ શ્રદ્ધા વડેજ તેમને વળગી રહીએ છીએ. શ્રદ્ધાજ દરદો મટાડે છે, તે કાર્ય કરાવે છે અને આશા રખાવે છે. આપણી અને આપણા પેદા કરનાર પ્રભુ કે જેની અંદર આપણે વસીએ છીએ, ચાલીએ છીએ અને જીવન ધરીએ છીએ તેની સાથે ઐકતાની લાગણી જે આપણને થવી જોઇએ તે તથા આપણને બીજુ કોઈ ન આપી શકે એવી સલામતીની અને રક્ષણની ખાત્રી આપનાર શ્રદ્ધા સિવાય બીજું કોઈ નથી.

નાશકારક અંધ શ્રદ્ધા છોડી દો.

ઓ હિંદના પુત્ર અને પુત્રીઓ! તમે અંધ શ્રદ્ધા છોડી ખરી શ્રદ્ધા ગ્રહણ કરો. બીજા ગમે તેવા મોટા હોય

તો પણ તેમને પુજો નહિ તેઓ પણ તમારી માફક પ્રભુના બાળકો છે. તમારે તમારો દૈવી અંશ વધારે સારી રીતે સમજવો જોઇએ. તમે ઇશ્વરની આ દુનિયામાં તેની મુર્તિ રૂપ છો એવી ચોક્કસ ખાત્રી થઇ તમારી માન્યતા થશે ત્યારે તમારામાં ઇશ્વરની શકિતઓ આવશે, અને આમ થતાં આપણી શકિતઓમાં આપણને પૂર્ણ શ્રદ્ધા થશે અને જયારે આપણને પ્રભુના જેવા ગુણો મળેલા છે એવું ભાન થશે ત્યારે આપણા ઉપરથી વંશપરંપરાથી ઉતરી આવેલા રોગો કે દુર્ગુણો અને ગ્રહોની નડતી અસરો તથા બીજી અનેક અડચણો કે નબળાઇ દૂર થઈ જઈ નાશ પામશે. સવાલ ફક્ત યોગ્ય વિચાર મગજમાં પકડી ધારણ કરી રાખવા પૂરતોજ છે; અને આ સાધ્ય થતાં કોઇ પણ કાર્ય સહેલાઈથી કરી શકાશે. તમારી શક્તિઓમાં કોઈ પણ માણસને અશ્રદ્ધા ઉપજાવવા દેતા નહિ. તે ગમે તેવો અનુભવી હોય તેની પાસે ચાંદ હોય, તે ખેતાબ ધરાવતો હોય અને તમારૂં અને તમારા બાપનું તેણે પોષણ કર્યું હોય તોપણ તેવા માણસથી એકદમ દૂર થજો. તેની સત્તાની અસર તમારા ઉપર ગમે તેમ કરી થવા દેશો નહિ. આતો તમારૂં મહત્વનું હથિયાર છે. શ્રદ્ધાથી વધારે મોટો જાદુ બીજો કોઈ નથી. તે મનની બીજી દરેક શક્તિઓને ઉત્તેજીત કરે છે તેમનું બળ વધારે છે તથા વધારે કુમાસદાર બનાવે છે. આપણે

જીવનની શરૂઆત કરતા હોઇએ કે આ દુનિયાનું જીવન પુરૂં કરી બીજી દુનિયામાં જતાં પહેલાની સ્થિતિ જેને મૃત્યુ કહે છે તેમાં પ્રવેશ કરતા હોઇએ તોપણ દરેક વખતે આપણને હિંમત આપવા શ્રદ્ધા હાજર થાય છે.

જો તમે શ્રદ્ધાથી ભરપૂર હશો તો ગમે તેવી અંધારી ખીણ કે રસ્તામાંથી બીક વગર પસાર થશો. તમારા જીવનના દરેક પ્રસંગમાં એણે તમને ટકાવ્યા છે. તમને તે કદી પણ છોડશે નહિ,

દરેક બાળક માબાપ ઉપર અનન્ય વિશ્વાસ રાખે છે. જો તમે તમારા બાળકને ગાઢ અંધકારમાં તમને જોઈ ન શકતું હોય તો પણ તમારા હાથમાં કુદવા તેને કહો તો તે વિશ્વાસુ બાળક કુદવા અચકાશે નહિ. તે જરૂર કુદશે, કારણ કે તેને તમારામાં વિશ્વાસ છે, તે ખાત્રીથી જાણે છે કે તમારા કહ્યા પ્રમાણે કરવામાં તેને કાંઈ નુકશાન નથી પણ ફાયદોજ થવાનો છે. જો આમ એક અજ્ઞાન બાળક પણ કરી શકે છે તો પછી બીજી જીંદગીના દરવાજા રૂપ મોત આવે તો આપણે સમજુ થઇ અનન્ત ઇશ્વરના હાથમાં પડવા માટે કેમ ડરીએ ? જ્યારે આપણા માતાપિતારૂપ પરમેશ્વર બે હાથ પહોળા કરી આપણને ભેટવા માટે થોભે છે, ત્યારે નવું જીવન અર્પનારી મોતરૂપી કાળી ખીણ ઓળંગવામાં શા માટે બીવું જોઇએ ?

પ્રકરણ ૪ થું.

સંશય, (દોસ્તના રૂપમાં દુશ્મન.)

संशयात्मा विनश्यति । गीता.

એક પશુ કેળવનાર મનુષ્ય એક ઝનુની વાઘ કે સિંહના પિંજરામાં ભય, શંકા અને અસ્થિરતાના વિચારો મનમાં રાખીને પ્રવેશ કરે તો તેને કેવી ફત્તેહ મળશે? જો તે પોતાના મનમાં એમ કહે કે "આ જંગલી પ્રાણીઓને જીતવા હું પ્રયત્ન કરૂં છું ખરો પણ મને ખાત્રી નથી કે હું તેને વશ કરી શકીશ. આફ્રિકાના જંગલી, ઝનુની સિંહને જીતવો એ માણસ જાત માટે અઘરૂં છે, બીજા મનુષ્યો કદાચ તે કરી શકતા હશે પણ હું કરી શકીશ કે કેમ તેનો મને સંશય રહે છે." તો શું થાય? આવી નબળી, ભય, શંકાની માનસિક વલણો સાથે તે જો જંગલી પશુઓની સામે જાય તો નક્કી, તરતજ તે પશુઓ તેને ફાડી ખાધા વગર રહેજ નહિ. બહાદૂરી ભરેલી હિંમતજ ફક્ત તેને બચાવે એમ છે. તેણે પ્રથમતો પોતાની આંખોવતી તેઓને જીતવાં જોઇએ અને આ આંખોની પછવાડે કંઈક દ્રઢતા અને હિંમતના વિચારોનું બળ રહેવું

જોઈએ, કારણકે બીકનો બારીકમાં બારીક દેખાવ તેના પોતાના નાશનું કારણ થઈ પડશે, અને બાયલાપણાનું નાનામાં નાનુ ચિન્હ તેની જીંદગી લેશે.

જો તમારી આત્મશ્રદ્ધામાં તમને પોતાને ભારે શંકા હોય, જો તમે પાછા ફરવા માટે ઓળંગી ગયલા પૂલો અને તૈયાર કરેલા રસ્તા સલામત રહેવા દીધા હોય, જો તમારામાં દૃઢનિશ્ચયની ખામી અને તમારી શ્રદ્ધામાં એક સવાલ પુછાય એવી ઉણુપ રહી ગઈ હોય તો તમે ખાત્રી રાખો કે તમે સાધારણ સ્થિતિથી વધારે ઉંચે કદી ચઢી શકશો નહિ. જેટલી ખાત્રીથી એક સાચી ચીજ કહી શકો તેટલીજ ખાત્રીવાળી ઢબથી તમે એક અસત્ય કહી શકો તો લોકો તમે જે કહેશો તેનો સ્વિકાર કરશે, પણ તેને બદલે તમે એક સત્ય વાત ધીરા ધ્રુજતા અવાજથી તથા સંશય પડતી રીતભાતથી બોલશો તો કોઈ પણ તેને માનશે નહિ. ખરા સોનાના દાગીના તમારા હાથમાં લઈ બહાર નીકળી તેને વેચવાનો પ્રયત્ન કરો પણ સાથે સાથે તમારા દેખાવ ઉપરથીજ એમ બતાવો કે તમે જે વેચવા નીકળ્યા છો તેની કિંમતમાં તમને પોતાનેજ સંશય છે તો ખાત્રી રાખજો કે તમે તેની કિંમતના દશમા ભાગે વેચવા જશો તો પણ તે વેચાશે નહિ. તમારી બીકણ, સંશય ભરેલી અને અસ્થિર રીતભાત, તમે જે કરવા માગો છો તે બનવાના સઘળા સંજોગોમાં ધુળ મેળવી દે છે.

આપણા કટ્ટામાં કટ્ટા વેરીઓ આપણી બહાર નથી પણ અંદર રહેલા છે. આ બધામાં સૌથી વધારે ચીવટ દુશ્મન સંશય છે. જો કોઈ સ્ત્રી કે પુરૂષ આના હુમલા સામે ટકી રહી શકે નહિ તો જે કામ કરવા ઇશ્વરે તેને પેદા કરેલ છે તે કદી કરી શકશે નહિ. જે માણસ હમેશાં પરિણામોની બીક રાખે છે, જે પોતે કરેલાં કામોના ફળ વિશે સંશયી રહે છે અથવા તો જે કામ કરવાનું માથે લે છે તે તે કરી શકશે કે નહિ તે વિષે તેને પોતાનેજ સંશય હોય છે તો તે હંમેશાં નબળોજ રહેવાનો.

સંશય ખીલતાંજ અટકાવે છે.

સંશય દરેક ચીજને શરૂ થતામાંજ કરડી ખાય છે. આ જો ન હોત તો પ્રયત્ન કરી જોવાનો સદ્‌ગુણ જે આજે બહુજ થોડો નજરે પડે છે તે દરેક જાતના લોકોમાં સર્વ સાધારણ થઇ પડતે. આ વહેમના સૂચનથી સાધારણ માણસોમાંના દશમાંથી નવ જણ પોતાની શક્તિઓનો ઉપયોગ કરતાં અટકે છે. આપણી આશાઓ અને નિશ્ચયોના ઉમર. ઉપરજ આડો થઇ સામો ઉભો રહેનાર આ દુશ્મન આપણા આદર્શો ઉપર નુકસાનકારક પડદો ઢાંકે છે. તેને મનુષ્યના મનમાંથી જો હાંકી કહાડવાનું બની શકતું હોત તો જગતનો સુધારો કેટલી બધી ઝડપે કુદકે અને ભુસકે

આગળ વધત દોસ્તના લેબાસમાં રહેતો આ નીચ દુશ્મન લાખો અને કરોડો પુરૂષોને સ્ત્રી પોતે જે કરી શકે એમ છે તે કરવાનું શરૂજ ન કરવા દેતાં ઉલટું તેમાં સમાયલા જોખમો ગણાવી પ્રયત્નજ બંધ કરવાની સલાહ આપે છે અને પોતાની શક્તિઓથી ઘણીજ નીચેની પંક્તિએ દબાવી રાખે છે.

આપઘાત અને દેવાળાંનું કારણ.

જગતમાં જે જે આપઘાતો થાય છે, જે દેવાળાં નીકળે છે તથા જે નિષ્ફળતા અને દુઃખ આપણને નજરે પડે છે તે આ સંશયને લીધેજ છે. આપણો પસંદ કરેલો રસ્તો, જ્યાં જવાનો આપણે સંપૂર્ણ રીતે વિચારી નક્કી કરેલો હોય અને પ્રથમ પગલું ભરતાંજ સંશય આવીને ઉભો રહે છે અને આપણને અટકવાનું કહે છે. તે આપણને કહે છે કે "તમે અટકી જાઓ અને ફરીથી એક વખત વિચાર કરો. તમારાથી આ બની શકશે નહિ એવું મને લાગે છે એનો પુનઃ ખ્યાલ કરો."

બીકણ મનુષ્ય, પોતાના સંશય અને વહેમથી આગળ વધી શકતો નથી તેને નિષ્ફળતા મળવાનીની શરૂઆત આ જગ્યાએથીજ થાય છે. આ દુશ્મને જે સૂચનો તેના મન ઉપર ઠસાવ્યાં હોય છે તેથી તે અસ્થિર બને છે. તે ઉપર કહ્યા મુજબ અટકવા, જોવા અને સાંભળવા ઉભો રહે છે.

તે ફરીથી વિચાર કરે છે અને તેને શું માલૂમ પડે છે ! તેણે જે જે અડચણો પહેલાં જોઈ રાખી હતી તેની તેજ અડચણો ફરીથી વિચાર કરતાં વધારે મોટી બને છે. તે ભય પામે છે અને જે પહેલાં બનવાજોગ દેખાતું હતું તે હવે તેને લાગે છે કે તે કદાચ કરી શકશેજ નહિ, અને છેવટે સાધારણ સ્થિતિમાં રહેવાનો માર્ગ, જેવધારે સરળ છે તે તરફ પોતાનાં પગલાં ફેરવે છે.

ઘણા મનુષ્યો નીચી પંક્તિએ કેમ રહે છે ?

ઘણીએ આશા ભરી યોજનાઓ, ઘણા મહાન્ બુદ્ધિશાળી નરો, અને મોટાં કર્તવ્ય કરી જવાના ઉત્સાહવાળા અસંખ્ય સ્ત્રી પુરૂષોને આ સંશયે કચડી છુંદી નાખ્યાં છે. અફીણ અને દારૂથી થતી નુકશાનીનો આની આગળ હિસાબ નથી. સંશયના ભોગ થયલાંઓનો તો સુમાર નથી. હલકી પંક્તિમાં, હંમેશ કારકુની કરનારાઓમાં, અસંતોષી વેતરૂ કરનારાઓમાં, લાકડા ને પાણી લાવનારાઓમાં, અને હલકા નોકરોમાં આપણે સર્વત્ર તેઓને જોઇએ છીએ. શ્રદ્ધા, આશા, નિશ્ચય અને ખાત્રીના રામબાણ ઉપાયોથી આ દુશ્મનને નાશ કરવાનું તેઓ કદી શીખેલા ન હોવાથી તેઓની વ્યાવહારિક જીંદગીના દરવાજા ઉપરજ તેઓની શક્તિઓને પક્ષાઘાત લાગુ પડે છે.

હજારો નોકરો આજે સાધારણ જીંદગી ગુજારી જેમ તેમ પોતાનું નભાવે છે. તેઓ આ સંશયરૂપી દુશ્મન ન

હોત તો પોતે જાતે પોતાનો ધંધો કરત. કેટલાએ સારા ભાષણ કર્તા અને ઉત્તમ વકીલો આ યુવાન માણસોમાંથી થયા હોત! આજે કેટલા બધા માણસો કારકુન, નામું લખનાર, અને બીજી તાબાની નોકરીમાં છે! તેઓ પોતે ધંધાના માલિક કે મેનેજર ન થયા હોત? પોતાનું એકલાનું પણ સારી રીતે પૂરું ન કરી શકાય એવી કંગાળયત ભરેલી હલકા પગારની નોકરી માટે સંખ્યાબંધ ઉમેદવારો અને અરજીઓ કોણ મોકલાવે છે? ઉપરીની ગાળો તથા હલકા શબ્દો વગર બોલ્યે સાંભળવાનું કોણ બતાવે છે? ખોટા અને અન્યાયી હુકમોને તાબે રહેવાનું કોણ સુચવે છે? એક હલકી નોકરીમાં પણ જ્યારે એક ખાલી પડતી જગ્યા માટે પાંચ ઉમેદવાર હોય તો તે જગ્યાએ નોકરી કરનાર હમેશાં સ્વમાન, સ્વતંત્રતા, અને બીજા ઉચ્ચ ગુણો ગુમાવે છે અને કંગાલપણાનું દર્શન કરે છે. આવું કગાલપણું અપાવનાર તથા મનુષ્યનો જન્મસિદ્ધ દૈવી હક્ક લુટી લેનાર સંશય સિવાય બીજો કયો દુસ્મન છે?

તકનો ઉપયોગ ન થયો.

જ્યારે તક આવી ત્યારે આ સંશયી માણસો બીધા. સમયનો ઉપયોગ કરવાને બદલે તેઓને ચોક્કસ ખાત્રી જોઈતી હતી. તેઓએ જાણ્યું નહિ કે તક તો એક કુટડી કુમારિકા

છે, જે બહાદૂર હિંમતવાન અને આત્માશ્રદ્ધાવાળા માણસને પસંદ કરે છે. તેઓ વખતસર સમજયા નહિ કે તક રૂપી કુમારિકા બીકણ, અસ્થિર અથવા તો અતિશય સાવધ વૃત્તિવળા કે ચિંતાવાળા માણસમાં પોતાનો વિશ્વાસ મૂકી શકતી નથી. છેવટે તેઓને ખબર પડે છે કે જે વખતે પોતે અસ્થિર ગને શખડી છે અને વિચાર કરતા હતા કે જીતવા પ્રયત્ન કરીએ કે નહિ તેટલામાં તો એમ હિંમતવાન બહાદૂર માણુસ એક પગલું આગળ ભરે છે અને જીતે છે. જીંદગીનાં મોટાં ઈનામો તો ફકત આત્મશ્રદ્ધાવાળા અને દબાય નહિ એવા બહાદૂરો માટે છે. બીકણ, અને અસ્થિર માણુસો પોતાના સંશયોને સાંભળે છે, અને ભય, નિશ્ચય કરતાં અટકાવે છે અને એટલામા તો પેલી તક એટલી બધી દૂર જતી રહે છે કે તેને પકડી પહોંચી શકાતું નથી. સંશય હરેક મહત્વના કાર્યનો દુશ્મન છે. તે કેળવણીને માટે આતુર ઇચ્છા રાખનાર ગરીબ છોકરા કે છોકરીને કહે છે કે "પૈસા કે બીજા કોઈની મદદ સિવાય નિશાળે કે કોલેજમાં જવાનો વિચાર કરવો એ મૂર્ખાઈભરેલું છે. હરેક નિશાળ અને કોલેજમાં અત્યારેજ એટલા બધા ગરીબ છોકરા અને છોકરીઓ ભરાયલાં છે કે તેઓ ભણુવા કરતાં પોતાનું ગુજરાન ચલાવવાની તજવીજ કરવાનો વિચાર કરે છે તે ખબર નથી?"તે તેમના કાનમાં કહે છે કે

વર્ષોથી પાસ થયેલા ગ્રેજ્યુએટોનો મોટો ભાગ હજુ માંખો મારર્યા કરે છે અને કોલેજમાં ભણવા માટે ખરચેલા પૈસા પણ પાછા મેળવી શકયા નથી.

કોઇ નવા ધંધામાં તમે પડવા માગતા હો તે વખતે આજ દુસ્મન આવી તમને કહે છે કે "તમારે ધીરેથી પગ મૂકવો જોઇએ નવો ધંધો કરવાનો આ વખત નથી. તમોને બધુ અનુકુળ ન થાય ત્યાં સુધી થોભી જાઓ"

સંશય વડે એક નેપોલીયનને નિર્બળ કરી શકાય.

સંશય ચપળતાનો નાશ કરે છે, ઉત્સાહ નરમ પાડે છે, અને મોટામાં મોટા મગજવાળાની શકિતને નરમ કરી નાખે છે. તે વેબ્સ્ટર જેવાને બ્હેતીયા જેવો કરી નાંખે છે, શેક્સ્પીયર જેવાને પણ એક 'હીપ્નોસ્ટ' તેના મનમાં તેની યોજક શકિત સંબંધી સંશય પેદા કરી પોતે મૂર્ખ છે એમ મનાવી શકે. એક નેપોલીયન જેવાના મનમાં પણ એવો સંશય 'હીપ્નોટીઝમ' વડે રેડી શકાય કે જેથી તે પોતાના પ્રભાવશાળી બુદ્ધિ વૈભવમાંથી હેઠો પડી એક સાધારણ સીપાઈ જેવો બની શકે. પુરાતન હિંદના પુત્રો! આ સૂત્રો તમો બરાબર સમજો. સંચયને જેમ બને તેમ જલ્દી વ્યવહારમાંથી નાબુદ કરો અને જો તમારી શક્તિઓ સંબંધી સંશયની તંદ્રા કે ધારણ તમારા ઉપર પડયું હોય તો તે જલ્દી તેનાથી વિરોધિ વિચારોવડે નાશ કરો.

મનુષ્ય જાતના આ કટ્ટા દુશ્મન અને બીકની વચ્ચે એટલો ઘાડો સંબંધ છે કે એ બેની વચ્ચે ભેદ બતાવનાર રેખા દોરવી મુશ્કેલ છે. તેઓ બન્ને જોડિયા ભાઇ બ્હેન છે. જ્યારે જ્યારે તમારા મનમાં સંશય ઘર કરે છે કે તરતજ તેની બેન બીક તેના બધાં સગાં સ્નેહી,–ચિંતા નિરૂત્સાહ, અકળામણ વગેરે નિષ્ફળતા આપનાર આખું કુટુંબ લઇને આવે છે. આત્માનંદાના ગુન્હામાં અને સંશય તથા બીકમાં ગાળેલા એકજ દીવસમાં મહિનાઓ સુધી મહેનત કરી સંચય કરેલી શક્તિઓનો ક્ષય થાય છે.

આત્મનિંદાનો આફતકારક રોગ.

આજે અહીં આત્મનિંદાના નાશકારક દરદથી પીડાતા સંખ્યાબંધ લોકો છે. આ રોગનાં બીજ તેઓમાં સંશયવડે રોપાયલાં હોય છે. જેઓ નિરાશાથી પીડાઈ આખી જીંદગી દરમ્યાન આશા વગરના થઈ ફરે છે તેઓ પોતેજ પોતાનાં અગણિત દુઃખોના પેદા કરનાર હોય છે. તેઓ જે મેળવવા મથે છે તેનોજ નાશ કરવામાં, તથા જે મેળવેલું હોય તે સંશયના ઝેરવડે ખોઇ દેવાનું તેઓ બીકટાઈથી જીવનના અંત સુધી ચાલુ રાખે છે.

સંશયી માણસો કોઈ પણ જગ્યાએ વધી શકતાજ નથી. કારણ કે તેઓને સ્વપ્ન, ઉચ્ચ આદર્શ, ઉચ્ચ અભિલાષાઓ દેખાતાં નથી. જે જે મનુષ્ય કાંઇ કરી શકે એમ હોય

છે તે દરેકને કાંઈને કાંઈ સ્વપ્ન હોય છે, અને તે સ્વપ્ન અનુસાર ચાલવાની તેનામાં હિંમત અને શ્રદ્ધા હોય છે. બીજા સ્વાર્થથી અંધ થયેલા અભિમાની કે પામર મનુષ્યો ગમે તેમ બોલે અને એમ પણ કહે કે "તમારો આદર્શ ફક્ત સ્વપ્નાં માફક જુઠો છે, આકાશનો ચાંદ લેવા માગો તે કાંઈ મળે, તમારી શકિત કે લાયકાત નથી," તો પણ હિંમત ન હારતાં તે તેમના આ શબ્દોને તેમના મોઢા ઉપર પાછા ફેંકે છે અથવા તો તેમની તરફ દુર્લક્ષ કરે છે અને હિંમતથી પોતાનું સાધ્ય, સ્વપ્ન પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે. તે પાછો હઠતો નથી, અને સંપૂર્ણ શ્રદ્ધાથી સંશય રહિત થઈ પોતાનો હક મેળવે છે. અને તેમાં કાંઇ અજાયબી નથી. માનસ મહારાજ્યમાં, હિંમત અથવા શૌર્ય એ એક મહાન્ નાયક છે અને સંશય તેનો મોટો દુશ્મન છે. ખરી અણીની વખતે, જયારે બહાદુરી અને હિંમત ઉપર સઘળી વસ્તુનો આધાર રહ્યો હોય છે તે વખતેજ, સાવધાન રહેવાની અને ધીરા પડવાની તે સૂચના કરે છે. જો એક લશ્કરનો અમલદાર પોતાની યુકિતઓનો અમલ કરતાં પહેલાં બેહદ સાવચેત રહી તેના પરિણામની ચોક્કસ ખાત્રી થાય નહિ ત્યાં સુધી થોભે તો તે એક પણ લડાઈ જીતી શકશે કે ?

સાવધતા જોકે બહુ ઉત્તમ ગુણ છે તોપણ જયારે તે હદ કરતાં વધી જાય ત્યારે તે સદ્ગુણ મટીને એક જોખમ

ભરેલો દુર્ગુણ રૂપે બની જાય છે. ઘણા ઉંચા સદ્ગુણોને તે બીનઉપયોગી કરી શકે છે.ઘણા માણસો હિંમતવાન દેખાય છે છતાં પણ આ વધારે પડતી સાવધતાને લીધેજ કાંઈ કરી શકતા નથી. તેમની બુદ્ધિ કહેતી હોય કે અમુક કાર્ય કરવું જરૂરનું છે, અને તેજ ક્ષણે આગળ ધસવુંજ જોઈએ તો પણ તદ્દન ચોક્કસ ખાત્રી કરવાને માટે તેઓ થોભે છે, અને પછી ત્યાંને ત્યાંજ તેઓ પડયા રહે છે.

આપણે ટેવનાંપુતળાં છીએ.

હમેશાં આપણા મનમાં જે આપણે કરવા માગીએ છીએ તે કરવાની આપણી શકિતઓ માટે શંકાઓ ઉભી કરીએ તો કેટલોક વખત જતાં 'આપણાથી બનશે નહિ' એવો વિચાર કરવાની આપણને ટેવ પડે છે. અને જયારે 'આપણે કરી શકીશું નહિ.' એમ વિચાર કરીએ છીએ, ત્યારે આપણે કરી શકતાજ નથી. જયારથી એક મનુષ્ય, પોતાના સંશયોની ઉપર વિશ્વાસ મૂકવાનું શરૂ કરે છે ત્યારથીજ તે પામર થતા જવાનું પણ શરૂ કરે છે.

જયારે ચોક્કસ ખાત્રીથી જણાય કે આ કાર્ય કરવુંજ ઇએ ત્યારે વાર શું કામ લગાડો છો ? તમે શાનાથી ડરો છો ? નિષ્ફળતાથી ! જે કામ કરવા યોગ્ય છે તેને હમેશાં મુલતવી રાખવા કરતાં, તેવાં કામ કરવાનો માન ભરેલો પ્રયત્ન કરવો અને તેમાં કદાચ નિષ્ફળતા મળે તો તે

નિષ્ફળતા સહન કરવી વધારે પસંદ કરવા જોગ છે. કારણ કે આવી નિષ્ફળતા તો ફતેહનાં પગથિયાં છે. ત્યારે તમે વધારાના કામથી કે વધારે જોખમદારી લેતાં અચકાઓ છો? એવું શું છે કે જે તમારા સંશયોને વધારે છે અને તમને અટકાવી રાખે છે? તમારી પાસે બીજું વધારાનું બીનજરૂરી કાર્ય અથવા બીજો કાંઈ વધારાનો બોજો છે?

આવી રીતે વધારાના બોજાથી તો એક બીચારા ખલાસીએ પોતાની જીંદગી ગુમાવી છે.

તે એક વહાણમાં ખલાસી હતો જેમાં ઘણું સોનાનાણું દૂરના બંદરે લઈ જવા ભરેલું હતું આ વહાણ એક ખડક સાથે અથડાયું અને જયારે અંદરનું સોના નાણું બચાવવાની સઘળી આશા વ્યર્થ ગઇ ત્યારે તેના કપ્તાને તે ડુબતું વહાણ છોડી દેવાનો હુકમ કર્યો. છેવટમાં છેલ્લી હોડી પાણીમાં ઉતરવાને તૈયાર થઇ છતાં પણ આ ખલાસીએ પૂરતું સોના નાણું પોતે લઈ રહે નહિ ત્યાં સુધી હોડીમાં બેસવા ના પાડી. તેણે કહ્યું કે આખી જીંદગી તે ગરીબ માણસ તરીકે રહ્યો હતો અને હવે છેવટે તે પૈસાદાર થવા માગતો હતો આ ડુબતા વહાણમાંથી જેટલું લઇ શકાય એટલું વધારે દ્રવ્ય પોતાની સાથે લેવા તેની ઈચ્છા હતી. કપ્તાન અને તેના સાથીઓએ તેને ચેતાવ્યો કે તેઓ તેને માટે હવે વધારેવાર થોભી શકે એમ નહોતા છતાં

પણ તેતો ખુબ સોના નાણું એકઠું કરવા મંડયો હવે હોડીઓ મોજાંના સપાટાથી આગળ વધી ગયેલી હોવાથી તેણે દરિયામાં ભુસ્કો માર્યો અને કોઇ ભાંગેલા પાટીયાને વળગી પોતાની જાતને બચાવવા ફાંફાં માર્યાં; પણ જે સોનાનાણું તેની પાસે હતું તેનાજ વજનને લીધે તે પાણીમાં પાટીઆં ઉપર રહી શકતો નહોતો તેમ તરી પણ શકતો નહોતો અને જે દ્રવ્યને તે છોડી દેવા માગતો નહોતો તે દ્રવ્યજ તેને મૃત્યુના ઉંડા ગારમાં, સમુદ્રમાં ખેંચી ગયું. આવું કાંઈ બંધન હોય તો તે તમારા જીવન માટે, ફત્તેહ મેળવવા માટે છોડી દો.

ઉમ્મર વધે પણ શ્રદ્ધા વધતી નથી.

ઇતિહાસ આપણને બતાવે છે કે અનુભવ વધે તોપણ ડહાપણ અને શ્રદ્ધા તેવી રીતે વધ્યા કરતાં નથી. અનુભવ વગરનો એક યુવાન માણસ ઘણી વખત એવાં કામો માથે લે છે કે જે વધારે અનુભવી અને ઉમ્મરે પહોંચેલાને તે હેબતાવી નાખે. વિશ્વાસ એ જુવાનીનો મહત્વનો ગુણ છે. પણ તેમાં થોડીએક અડચણ અને નિરાશા મળતાં તથા પાછા પડતાં ઘણાં માણસો વિચાર કરે છે કે આનું કારણ શું. તેમની શ્રદ્ધા અનુભવ વગરની હતી કે શું એમ વિચાર કરી તેઓ સંશય અને ભયને સ્થાન આપે છે, અને મહત્વાકાંક્ષાનો અવાજ, જે તેઓને હમેશાં આગળ ધસવાને માટે બોલાવ્યા કરે છે તે ભરોસાલાયક નથી એમ માને છે. તેઓ વિચાર

કરે છે, કે આ મૃગજળ માફક મને નુકશાન કરવાને માટે તો નથી તેડતું; અને આમ તેઓને ખબર પડે તે પહેલાં તેઓ સંશય, બેહદ સાવધતા, બીક, વગેરે વિચારોને ગુંથી ટેવ રૂપ બનાવે છે. આ ટેવ, જેણે અસંખ્ય મનુષ્યોની જીંદગી બરબાદ કરી છે તથા જેનાથી તેમની બુદ્ધિ અને શકિતનો મોટો ભાગ વપરાયા વગર નાશ પામ્યો છે તે તેઓની પણ તેવીજ વલે કરે છે.

તમે જે કરી શકવા શકિતમાન હો તેમાંનું વધારેમાં વધારે તમે કાંઈ કર્યું છે? તમે જુવાન હતા ત્યારે જે આદર્શો રાખતા હતાં તેને જો વળગી રહ્યા હોત તો તમે તમારી શકિતઓને વધારે ઉપયોગમાં લઈ ખીલવી ન શકયા હોત? શા માટે વર્ષોના વર્ષ થયાં એકની એક ઘરડમાં પડી રહી એકજ જુની પદ્ધતિ પ્રમાણે રોજનો કાર્યક્રમ ચલાવો છો? નવા વિચાર કે નવા રસ્તા વાપરી જોવા એ ઉદ્ધતાઈ ભરેલું છે એમ સંશય તમારા કાનમાં કહે છે તેથી? કયાં સુધી તમે હવે આવા સાધારણ નોકર થઈ પડી રહેશો? તમને ખબર છે કે ટેવ તમારી ગરદન ઘણીજ મજબૂતાઈથી પકડે છે અને તમને આની ખબર પડે તે પહેલાં તો તમે હમેશાં કારકુની કરનારા રહી જશો?

એકજ સ્થિતિમાં તમે એકજ કામ કર્યા કરી બઢતી (પ્રમોશન) સિવાય પડી રહો તો તમારા ઉપર 'ઘરડમાં

પડી રહેવાની ટેવ' વધારે મજબૂતીથી હુમલો કરશે, અને અને ફેરફાર કરવામાં સમાયલા ડહાપણ વિરૂદ્ધ તમારા સંશયો વધશે. અને ઘરડમાં પડવું એ બહુજ ભયાનક છે. શું તે તમે જાણતા નથી? ઘણું મોડું ન થાય તે પહેલાં જાગૃત થાઓ અને જે જે યોજનાઓ તથા સ્વપ્નાઓ તમે અત્યાર સુધી જોઇ રહ્યા છો અને જેને સંશય, વ્યવહારૂ નથી એમ કહે છે તેને અમલમાં મુકવાનું શરૂ કરો.

અરે સંશયોને શરણ થયા સિવાય જો દરેક માણસ પોતાના સ્વપ્ન અને આદર્શ પ્રમાણે ચાલવાનું નક્કી કરે તો માનવ જીવનનો વિકાસ અને સુધારાની સ્થિતિ આજે છે તે કરતાં કેટલી અજાયબ જેવી ઝડપથી દશગણી વધે ! બાળપણમાં ઘણાં મૂર્ખ માબાપો અને અન્ય મનુષ્યો નાના બાળકોને ભૂત પ્રેત અને રાક્ષસ વગેરેની વાતો મનાવે છે. આ અસત્ય છે અને ઘાતકી ભરેલું છે, એટલુંજ નહિપણ અધર્મી અને દેશનું નુકશાન કરનાર છે. છતાં પણ અમે જો કોઈ ભૂત રાક્ષસને માનતા હોઇએ તો તે આં સંશય રૂપી રાક્ષસને માનીએ છીએ કે જેનાથી દરેક આગળ વધનાર માણસે સાવધ રહેવું જોઇએ.

શું તમારી યુક્તિઓ આ રાક્ષસે ભાંગી નથી ? જ્યારે તમને ઉત્તમોત્તમ મળી શકે એમ છે ત્યારે કુસ્કા અને છાલાં ઉપર ગુજરાન કરવાની ફરજ પાડી તમને તેણે શું હજુ ઓછા

દબાવી રાખ્યા છે? ઇશ્વરે જે શુભ ચીજો તમને આપવા નિર્માણ કર્યું છે તેમાંથી આ ચોટ્ટાએ તમને સમજાવી અત્યાર સુધી દુર નથી રાખ્યા? ત્યારે શા માટે તમે તેને તમારા મનોરાજ્યમાથી દૂર કરતા નથી? બળવાળા અને ઉચ્ચ પંક્તિના મનુષ્યોને આવા સંશયો અસર કરતા નથી. તેઓતો પોતાની શ્રધ્ધા વડે તેનો નાશ કરે છે.

આને માટે ઉત્તમ રસ્તો એજ છે કે તમારે તમારી પોતાની સાથે એકાંતમાં નીચે મુજબ ખરા દીલથી બોલવું જોઇએ. "સંશય મારે માટેની ઇશ્વરની ધારણાઓ બગાડે તે હું ચાલવા નહિ. દઉં. મારામાં કાંઈ એવું તત્વ છે કે જે મને આગ્રહથી કહે છે કે હું હાર નહિ પણ, વિજય પામવાને માટે, દુઃખ નહિ પણ સુખ મેળવવા, તથા બીક, ચિંતા અને અકળામણથી દબાવા નહિ પણ મનની શાંતિ મેળવવા માટેસરજાયો છું. સંજોગોનુ રમકડું બની અહીંઆં હું કાંઇ પવનની ગતિ અનુસાર નાચવા આવ્યો નથી. મારા મદદગારો શ્રદ્ધા, આશા, અને વિશ્વાસ છે. સંશય બીકનુ બાળક છે અનેઆ બીકે મનુષ્યના મોટા ભાગ ઉપર પોતાનું રાજ્ય ચલાવ્યું છે; તેથી, તેઓ જોકે કાર્યો કરવા સમર્થ છે છતાં પણ તે શરૂ કરવાને આગળ ધસવાની હિંમત કરી શકતા નથી. હવેથી મારા ઉપર તેનું કાંઇ ચાલશે નહિ."

જો તમારે ફતેહ પામવું હોય તો ઉદ્ધતાઇ માફક બેહદ સાવધતાનો પણ તદન ત્યાગ કરવો પડશે. જયારે તમે બહુજ

ડહાપણભરી રીતે એક કાર્ય કરવાનો હરેક બાજુએથી ધ્યાન કરી નિશ્ચય કરો ત્યારે પાછળથી કોઇ પણ બીક કે સંશયને તમારા મનમાં સ્થાન આપશો નહિ. એક વખત તમારા કાર્યની શરૂઆત કરો અને પછી બીજું વધારે સારૂં કેઈ કામ કરત એવો વિચાર કરવા અથવા તો બીજી રીતે તે કાર્ય વધારે સહેલાઈથી બનતે એવું જોવા ઉભા રહેતા નહિ. કામ પર મંડો અને જુસ્સાથી આગળ વધો. બીશો નહિ.

એક વખત એક નવા કાર્યમાં કે સાહસિક ધંધામાં ઝંપલાવ્યા પછી અને દુનિયાને તેની ખબર પડયા પછી એક જાતનો મગરૂબીનો જુસ્સો આવે છે અને તે વખતે નામોશી અટકાવવા માટે ગમે તેવી મુશ્કેલીઓમાંથી તે વડે આગળ વધાય છે. "લાગ્યો તો તીર નહી તો તુક્કો" "આ નહી તો તે તો છેજ" એવા વિચારથી જોડાનાર મનુષ્યો ઘણી વખત પાછળ પડી જાય છે. જયારે આપણે સાહસ કરી ઝંપલાવીએ છીએ ત્યારે વ્યવહારૂરીતે દુનિયાને જાહેર કરીએ છીએ કે "હવે મને કલ્યાણ કરતા જુઓ. આ બાબત પૂરેપૂરી રીતે આગળ વધારવાનો મેં નિશ્ચય કર્યો છે, અને હું પાછો ફરવા માગતો નથી" જેમ જેમ આપણે આગળ વધીએ છીએ તેમ તેમ પૂરજોશમાં આગળ વધવાનું કાર્ય અડચણોમાંથી પણ પ્રમાણની સરખામણીમાં સરળ થતું જાય છે

હરેક બાળકને, હરેક જુવાન માણસને ભૂતપ્રેત કે પરીએથી નહિ પણ આ માનવ જાતના નાશકારક દુશ્મન સંશય

થી બીતાં શીખવવું જોઇએ. તેઓને નિષ્ફળતા કરતાં ફતેહની આશા રાખવાની ફીલસુફીનુ સંપૂર્ણ જ્ઞાન આપવું જોઇએ કે જેથી સંશયનો ઓળો પણ તેમના ઉપર પડી શકે નહિ. દરેક બાળક સુખ માટે સરજાયું છે, તેની જે કાંઈ અભિલાષાઓ હોય તે તૃપ્ત થઈ શકે એમ છે એમ નાનપણથી તેને નિશ્ચય થાય એવી રીતે ઉછેરવામાં આવે તો તેઓ જરૂર ફતેહમંદ બને. પણ અસંખ્ય મનુષ્યોની જીંદગી સંશય બીક તથા ભવિષ્ય સંબંધીની અસ્થિરતાના વિચારોથી વારંવાર ઉભરાતી હોવાથી આ કુમળાં મગજો હજુ તો પારણામાંથી બહાર પડે તે પહેલાં નિષ્ફળતાના સૂચનથી રંગાય છે. આપણામાંના ઘણા સંશયના બીજકો જન્મથીજ સાથે લઈને આવે છે.

વ્યવહારિક જીવનની શરૂઆતમાંજ તમે તમારા મનમાં નિશ્ચય કરો કે તમે જીંદગીમાં એક વિજેતા થવાના છો, તથા તમારા માનસિક રાજ્યના રાજા, અને નહિ કે દોસ્તના લેબાશમાં ફરતા કોઈ દુશ્મનના ગુલામ થવાના છો, તથા ગમે તેવાં વિકટ પ્રસંગોમાં તથા માર્ગમાં નડતી અડચણો-માં તમે હમેશાં વધારેમાં વધારે ડહાપણ ભરેલો માર્ગ પસંદ કરવાના છો. તમારી શરૂઆતમાંજ ઉન્નતીની ખીલતી કળીને સંશયરૂપી કીડાને ખાવા દઈ બગાડો નહિ. જ્યારે અનહદ બળ વપરાયા વગર પડી રહેલું છે ત્યારે વહેમી બની હલકી સ્થિતિ પસંદ ન કરો. પોતાની ખાત્રી, આત્મશ્રદ્ધા આ મહાન મિત્રરૂપ છે જે સંશય રૂપી દુશ્મનનો નાશ કરશે.

પ્રકરણ ૫ મું.

સ્વપ્નાં સાચાં કેમ પાડશો!

A profound Conviction raises a man above the feeling of ridicule—J. Stuart Mill.

તોપ કરતાં વધારે બળવાન અવાજથી આદર્શો દુનિયામાં ફેલાય છે. વિચારો લશ્કરો કરતાં પણ વધારે જોરાવર છે ઘોડેસ્વારો કે મહારથી યોદ્ધાઓ જે જીત મળવે તે કરતાં વધારે ભારે જીત સિદ્ધાંતો મેળવે છે ડબલ્યુ. પેક્ષટન.

Yet nerve thy spirit to the proof, and blench not at thy chosen lot;

The timid good may stand aloof, the sage may frown,—Yet faint thou not;

Nor heed the shaft too surely cast, the foul and hissing bolt of Scorn;

For with thy side shall dwell, at last, the victory of endurance born—Bryant.

દુનિયાના ઇતિહાસમાંથી સ્વપ્નાં જોનારા પુરૂષો કાઢી લો અને તેને વાંચવામાં શી મઝા પડશે! વર્તમાનમાં જે જે સુખ સગવડો આપણને મલે છે તે આપણી પૂર્વના સ્વપ્ના જોનારા પુરૂષોને આભારી છે. આપણી સ્કુલો, આપણી હોસ્પીટલો, નહેરો, મોટા પુલો, વગેરે કોઈ ને કોઇ પૂરૂષના સ્વપ્નાંઓનુંજ પરિણામ છે.

આપણે આ સ્વપ્ના જોનારાઓના અવ્યવહારૂપણા માટે ઘણી વાતો સાંભળીએ છીએ, છતાં પણ જો તેઓ નહોત તો આ બધા વીસમી સદીના સુધારા કેમ થાત? તેઓ નહોતતો હજુ પણ આપણે રેલ્વેને બદલે બળદના રેંકડામાં મુસાફરી કરતા હોત.

કલ્પના શકિત વગરનો મનુષ્ય કહે છે કે "એ થઇ શકે એમ નથી" સ્વપ્ન જોનાર બૂમ મારી કહે છે "તે બની શકે એમ છે, તે બનશેજ." તે પોતાના સ્વપ્ન પ્રમાણે ખંતથી ભૂખ તરસ વેઠી મંડયો રહે છે, અને મનુષ્ય જાતને આગળ વધવા માટે નવી શોધખોળ વગેરે વ્યવહારમાં મૂકી શકાય એમ સત્ય કરી બતાવે છે.

આઠ વર્ષની ગૌરી, નવ વર્ષની કન્યા એનું કન્યાદાન દેવુંજ જોઈએ એવું શાસ્ત્રનું વચન છે એમ પ્રચલિત હતું. એની સામે થવાની ત્રીસ વર્ષ ઉપર કોઈ હિંમત કરી શકતું નહોતું, ગુજરાતમાં એક બહાદૂર નરેશ એના બૂરાં પરિણામો જુએ છે. ગુજરાતની પાયમાલી કરનાર આ રીવાજ કાઢી નાખવાનાં સ્વપ્નાં તેને આવે છે.તે એક કાયદો ઘડે છે. "અશકય છે, અધર્મ છે; પાપ છે, કળિયુગ આવ્યો, એ બનવાનું નથી' એમ કલ્પના વગરના મનુંષ્યો બૂમ મારે છે. "બાર વર્ષ પહેલાં તમારાથી છોકરી પરણાવાશેજ નહિ, મારા કાયદા મુજબ તમારે કરવુંજ પડશે, એમા અધર્મ નથી, તે

તમારૂં હિત કરે છે" એમ તે મહાન રાજા સામો પ્રતિકાર છે. અરે ! આ સ્વપ્નમાં જો મહાન સયાજીરાવ મહારાજની દૃઢ શ્રદ્ધા નહોત અને તેને વળગી રહેવાની ચીવટાઇ નહોત, તો ગુજરાત તારી શી દશા થાત ! તારા બાળકોના કાઠાં તૂટી જાત, તેઓ વધારે ને વધારે નબળા થાત. બીજા અનેક ઉપકારોમાં ફક્ત ગુજરાતને આ એકજ સ્વપ્ન સાચું પાડી આપવાનું બતાવવા માટે આખું ગુજરાત જમાનાઓ સુધી **સયાજીરાવનું** ઋણી રહેશે.

વ્યવહારૂ લોકો કહે છે કે કલ્પના શક્તિની કવિઓ, ગાયન કરનારાઓ અને કલાભિજ્ઞોનેજ જરૂર છે પણ દુનિયાના રોજના વ્યવહારમાં તેની કશી જરૂર જણાતી નથી. પણ જરી તપાસ કરશો તો તમને જણાશે કે દુનિયાના બધા મહાન લોકનેતાઓ, મોટા વ્યાપારીઓ, ઉદ્યોગના સ્તંભો બધા ભવિષ્યવાણી જેવાં સ્વપનાં જોનારાઓ હતા.

મેઝીની અને ગેરીબાલ્ડીના સ્વપ્નાએ ઇટલીને સ્વતંત્ર કર્યું. ગરીબ ગેરીસનના સ્વપ્નાંએ ગુલામગીરીનો નાશ કર્યો. એડીસન, બેલ, માર્કોનીના સ્વપ્નાંએ દિશા અને કાળનું અંતર ઓછું કરી નાખ્યું. એવા કેટલા વ્યવહારૂ માણસો-માંથી એકાદ એડીસન પેદા કરશો? જે કાઇ અશકય દેખાતું હોય તે આ સ્વપ્ન જોનારાઓજ સત્ય છે, શકય છે એમ બતાવે છે.

વીલીયમ સ્ટેડ અને એન્ડ્રુ કાર્નેગીના જગતમાં શાંતી ફેલાવનારા સ્વપ્નાએ તે વખતે લડાઈઓ બંધ કરાવી હતી. આજે લોઈડ જયોર્જ અને પ્રે વીલ્સનના જગતને કાયમને માટે સુલેહમાં રાખવાનાં સ્વપ્નાં જે થોડાક વર્ષ ઉપર અસંભવિત અને હસી કાઢવા જેવાં ગણાય તે સત્ય થવા માંડયાં છે.

જ્યારે પ્રથમ ડા.ગાલે મસ્તક શાસ્ત્રમાં જન સમાજને સુખી કરવાનાં સ્વપ્નાં જોયાં અને પછી તે સ્વપ્નાં સત્ય કરવા અથાગ પરિશ્રમ કરી સાબીતીઓ અને સિદ્ધાંતો તૈયાર કરી શકયો ત્યારે પુરાણી વસ્તુઓ ઉપરના પ્રેમ-વાળાઓએ તેને હસી કાઢયો. પણ છેવટે આ કલ્પના શકિતવાળા મહાન ડાકટરનો વિજય થયો અને તેની પ્રબળ સાબીતીઓ આગળ તેના વિરોધીઓ ઝાંખા પડી ગયા.

કલ્પનાનો ઉપયોગ કરો નહિ તો મૂઢ બનશો.

દરેક સુંદર બનાવટ, દરેક નવિન વિદ્યા, દરેક મોટો મહેલ એ તેના કારીગરના સ્વપ્નાંનુંજ પરિણામ છે. વડોદરાનું ઉત્તમ મ્યુઝીયમ, તેનું લાયબ્રેરીખાતુ, તેની ફરજીયાત કેળવણી એ કલ્પના વગરના બીજા કેટલા રાજાઓ પેદા કરી શકે એમ છે? માનવજાતને સુધારવાની લાગણી વગર, પોતાના સ્વપ્નાનો ચાલુ જમાનો લાભ લે કે ન લે તોપણ જે ઇશ્વરે તેને તક આપી છે તેનો ઉત્તમોત્તમ ઉપયોગ કરવાની પ્રેરણા વગર, પોતાનું અમુલ્ય જીવન

સાર્થક કરવાની તક બીજા કેટલાએ સત્તાધારી મનુષ્યો દરેક સાંધનો છતાં ગુમાવે છે! શુ આ ગયેલી તક ફરી તેમને મળશે ?

કલ્પના શક્તિ નકામી નથી. તેને ઉપયોગમાં ન લઈએ, તેનેવાપરીયે ન તો તે આ ભવમાં અને પરભવમાં હમેશને માટે નિરૂપયોગી થાય છે. સ્વપ્ના વગરનું જીવન નીરસ થાય છે. વૃદ્ધાવસ્થામાં જ્યારે આપણે શારીરિક ઈન્દ્રિયોની શક્તિ ગુમાવીએ છીએ ત્યારે આપણને કોણ આશ્વાસન આપે છે? આપણી સત્તાના મદમાં, લક્ષ્મી અને જુવાનીના તોરમાં જેને જેને કચડયા હોય તે બધા આપણા માનસ સ્વપ્નમાં આવી આપણને દરેક રીતે સંપતિ અને સુખમાં હોવા છતાં હેરાન કરે છે. જો આપણે જનસમાજનું કલ્યાણ કીધું હોય, બીજાના સુખને માટે અને કાંઈ કીધું હોય તો તે બધું આપણા માનસ સ્વપ્નમાં રહી આપણું જીવન શાંતિમય, પ્રેમમય, આંનંદમય બનાવે છે

દુનિયામાંથી સ્વપ્ન કાઢી લો અને મીઠાશ જતી રહેશે. સ્વપ્નાં જોનાર મનુષ્યને વર્તમાન અડચણો નડતી નથી. તે તો પોતાના સ્વપ્નમાં રહેલો વિષય પોતાને તથા જન સમાજને કેવો ફાયદો કરશે તેના વિચારના આનંદમાં રહી પોતાની જાત પાસે સખત કામ કરાવે છે.

અમે એક માણસને ઓળખીએ છીએ કે જેને દુનિયામાં ઘણા કડવા અનુભવ મળ્યા છે, જેને ઘણા શોકના

પ્રસંગો પ્રાપ્ત થયા છે છતાં પણ તેને ગમે ત્યારે મળીએ કે તેના મુખ ઉપર એક મીઠું આનંદનું હસવું રહેલું હોયજ. આનું કારણ પુછતાં તેણે કહ્યું કે હું હમેશાં ગમે તેવા, હરેકે હરેક પ્રસંગોમાં મારી વધારે સારી ચઢિયાતી સ્થિતિ થતી જોઉં છું. આ અવળા સવળા પ્રસંગોમાં પણ મારી ઈચ્છાનુસાર હું મારી ચઢતી સ્થિતિના ભવ્ય સ્વપ્નાંઓ જોઇ શકવાની શક્તિ ધરાવું છું; અને જો મને મારી આજુ-બાજુ આમ ઉત્તમ સ્થિતિ જણાતી હોય તો અંદરથી સ્મિત કેમ ન સ્ફૂરે!

વોશિંગ્ટન અને ગ્રાંટની ભવિષ્યવાણી.

ફક્ત બાર વર્ષની ઉમરે વોશિંગ્ટને એક કાગલ લખ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે "હું એક સુંદર સ્ત્રી પરણીશ, આખા દેશમાં સઉથી વધારે પૈસાદાર મનુષ્ય થઈશ; મારા સંસ્થાનના લશ્કરનો હું નેતા થઇશ, અને હું એક પ્રજા તૈયાર કરવામાં મદદગાર થઇશ અને તે પ્રજા ઉપર રાજ્ય કરીશ"

જ્યારે જનરલ સ્કોટ લશ્કરની કવાયત ઘોડા ઉપર બેસી જોતો હતો ત્યારે જનરલ ગ્રાંટ, જે તે વખતે નવ-વર્ષનો બાળક હતો અને નજીક ઉભો હતો તે કહેતો હતો કે તે વખતે તેના હૃદયમાં કોઈ નીચે મુજબ કહેતું હોય એમ તેને લાગ્યું "યુલાઇસીસ તું પણ એકાદ દિવસે તેને બદલે ઘોડેસ્વાર થઇ લશકરનો જનરલ થશે."

હરેક જણ જાણે છે કે આ બાળવયના સ્વપ્નાં પુખ્ત વયે પહોંચેલા મનુષ્યે સાચાં પાડયાં છે. પ્રાચીનગ્રીક લોકોએ કળા અને સૌંદર્ય ઉપર પોતાની વૃત્તિઓ એકાગ્ર કરી હતી અને તેઓ દુનિયાના મોટા સૌંદર્યજ્ઞ તથા કળાના શિક્ષક બન્યા; રોમન લોકો સત્તાના પૂજક બન્યા અને દુનિયા ઉપર રાજ્ય કર્યું; ઈગ્લાંડે સમુદ્રો અને વેપાર ઉપર કાબુ રાખવામાં ધ્યાન રોકયું અને તેથી સમુદ્ર ઉપર રાજય કરે છે તથા દુનીયામાં સૌથી મોટી વ્યાપારી પ્રજા બની છે. અમેરીકન પ્રજાએ પૈસા ઉપર ધ્યાન આપ્યું અને તે આજે મોટી પૈસા પેદા કરનારી પ્રજા બની છે. તેઓને પૈસાના સ્વપ્નાં આવે છે તેઓ ગરીબાઇને ધિક્કારે છે અને પૈસાદાર બને છે. હિંદુસ્થાને 'દાન, દયા, અને દીનતાં 'નેજ ધર્મના અંગ ગણી તે ઉપરજ બધું ધ્યાન આપ્યું, અને પરિણામમાં આ મોટી પ્રજાને 'દાન દયા, અને દીનતા ઉપરજ જીવવું પડયું હતું. આદર્શ ફરતાં બધું ફરે છે.

એકાદ વ્યક્તિ અથવાતો પ્રજા જે મેળવવા માટે પોતાનું સમગ્ર મન એકાગ્ર કરે તે તે મેળવે છે; કારણકે એકાગ્રતા વીજળીના જેવુંજ બળ છે. એક યુવક કાયદા ઉપર પોતાનું મન એકાગ્ર કરે છે ત્યારે તે કાયદાનો વિચાર કરે છે, તેને કાયદાનાં સ્વપ્નાં આવે છે, કાયદા સંબંધી જે જે કાંઈ તે મેળવી શકે તે સઘળું વાંચે છે અને કાયદાની

કોર્ટોમાં જઈ કેસો ચાલતા જોવાની હરેક તક તે લે છે. આવી રીતે જયારે તે કરે છે ત્યારે તે જરૂર એક ફતેહમંદ વકીલ થશે.

દાકતરી, ઇજનેરી, સાહિત્ય, સંગીત વગેરે કોઇ પણ વિદ્યા કે કળામાં પ્રાવિણ્ય મેળવવા આમજ કરવું પડે છે. જેઓ એક વિચાર ઉપર એકાગ્ર થાય છે, પોતાનાં સ્વપ્નાં હમેશાં ધ્યાનમાં રાખે છે અને માર્ગ ગમે તેવો અંધકારમય કે કમનસીબી સૂચવતો હોય તો પણ પોતાના લક્ષ્યબિંદુને જેઓ કદી પણ નજર બહાર જવા દેતા નથી તો જે ચીજ ઉપર તેઓ આમ એકાગ્ર બને છે તેને તેઓ જરૂર મેળવે છે. તેઓ પોતાના મનને બળવાન લોહચુંબક માફક બનાવે છે અને જે બાબત ઉપર તેઓ એકાગ્ર થાય છે. તે તેમની તરફ ખેંચાઇ આવે છે.

સ્વપ્નાં-આદર્શો નકામાં નથી.

જો તમે તમારા વિચારોને એકાગ્ર કરી તેને ચીવટાઇથી વળગી રહી તમારી સર્વોપરિ મહત્વાકાંક્ષાની દિશામાં કાર્ય કરો તો તે પાર પડવામાં કોઇપણ વ્યક્તિ અંતરાય નાખી શકશે નહિ. કોઇ કોઇ વખત અથવા વખત બેવખત થઇ આવતી એકાગ્રતા અને ઉત્સાહ, પછી તે ગમે તેટલો તીક્ષ્ણ હોય તો પણ કાંઇ મહત્વનું પરિણામ નીપજાવી શકશે નહિ. પ્રયત્ન વગરના સ્વપ્નાં નકામાં છે. તે તમારી શકિતઓનો

ક્ષય કરે છે. માનસિક સ્વપ્નાં મનમાં કાયમ રાખી એકાગ્રચિત્તે આ દશ્ય અને જડ દુનિયામાં કામ કરવાથીજ ફતેહ મળે છે.

દરેક જગ્યાએ આપણે એવાં સ્ત્રી પુરૂષો જોઇએ છીએ કે જેમની જીંદગી પોતે ઇચ્છેલું ન મેળવી શકવાથી ખારી બનેલી હોય છે. એકાદ કળા કે ગાયનની કેળવણી, ગ્રંથકાર થવા માટે જોઇતો અભ્યાસ, વકીલની તથા ઇજનેરની પરીક્ષા માટે, અથવા બીજો કોઇ પણ ધંધો કે જેને માટેજ તેઓ નિર્માણ થયેલા છે એમ પોતાને જણાતું હોય તે ચલાવવા માટે જોઇતું જ્ઞાન તેઓ મેળવી ન શકે એવા સંજોગોમાં તેઓ હતા એમ તેમને લાગતું હતું અને હજુ પણ તેઓ તેમજ માની બેઠેલા હોય છે. તેઓ પોતાના મભાગ્યને રડે છે. તેઓને લાગે છે કે નસીબે તેમને ઠગ્યા છે અને ચારી આવી નથી. જયારે એક બાજુએ આવી બાબતો આપણે જોઇએ છીએ ત્યારે સત્ય બાબત તો કાંઇ જૂદીજ હોય છે. ખરૂં પુછાવો તો તેઓએ પોતાની જાતનેજ ઠગ્યા છે.

ત્રણ અવશ્યની બાબતો.

આપણા સ્વપ્નાં સાચાં પાડવા માટે આપણને ત્રણ ચીજ કરવાની છે. (૧) આપણી ઇચ્છાઓને સતત નજર સમીપ રાખવી (૨) આપણા સ્વપ્ના ઉપર એકાગ્ર થવું

(૩) સ્વપ્નને આ જડ દુનિયા ઉપર લાવવા માટે કામ કરવું. આને માટે જોઈતાં સાધનો આપણી બહાર નહિ પણ આપણી અંદર રહેલાં છે. પૈસો, કુળ, લાગવગ, કેળવણી વગેરે માટે ગમે તેમ બોલાતું હોય, તેને ગમે તેટલી મહત્તા અપાતી હોય તો પણ દુનિયામાં જીવનના સાધનો ઘડી શકે એવું ફક્ત એકજ બળ રહેલું છે અને તે બળ હરેક મનુષ્યની અંદર રહેલું હોય છે ફક્ત એકજ જમીનમાંથી એક આંબાનું અને એક લીમડાનું વૃક્ષ પોષક દ્રવ્ય ખેંચે છે. છતાં પણ એક મીઠાં ફળ નીપજાવે છે અને બીજું કડવાં. એકજ ઝાડમાંથી સાપ અને મધમાખ રસ ચુસે છે. તેમાંથી એક ભયંકર ઝેર બનાવે છે. અને અન્ય અમૃતતુલ્ય મધ બનાવે છે. નવો પદાર્થ બનાવવો, અને તે કેવી જાતનો બનાવવો તે નિર્માણ કરવાની શકિત મધમાખ તથા સાપના અંદરના ભાગમાં રહેલી હોય છે.

વળી એકજ સરખી કંગાળ સ્થિતિમાં બે છોકરા કે છોકરીઓ રહે છે. એક ક, ખ, ગ, શીખી જે મળ્યું તેવડે વાંચતાં લખતાં શીખી કેળવણી લે છે અને સત્તા અને ઉચ્ચ જગ્યાને માટે ઘણી મહેનત કરી પોતાની જાતને લાયક બનાવેછે, જયારે અન્ય સાધારણ જીવનજ વ્યતીત કરે છે. હરેકને સરખા સંજોગ હતા છતાં પણ તેને ઉપયો-

ગમાં લઈ પોતાનું જીવન ઘડવાનું બળ તે છોકરી કે છોકરાની પોતાની અંદર રહેલું છે. એક બધા વિરૂદ્ધ સંજોગોને મદદગારના રૂપમાં ફેરવી નાખે છે, બીજો તેમાંથી કાંઇ પેદા કરી શકતો નથી.

એ ખલાસીઓની હોડીઓને એકજ પવનનું બળ સામસામી દિશામાં ગતિ કરાવે છે. ધારેલા બંદરે સારી રીતે પહોંચવા માટે પવન કરતાં હોડીનો સઢ કેવો છે તથા ખલાસી તે બરાબર ગોઠવી શકે છે કે નહિ તે ઉપર વધારે આધાર રહે છે.

અદ્રશ્ય જગત્.

આપણી ઇચ્છાઓ અને આપણા સ્વપ્નાંને સાચા પાડનાર શકિત આપણા આસપાસના સંજોગોમાં અથવા આપણી બહાર નથી પણ આપણી અંદર રહેલી છે.

એક ધારેલી ઇચ્છા ઉપર લાંબા વખત સુધી મન એકાગ્ર કરીએ તો એક જાતનું અદીઠ અને અમાપ વીજળીક બળ પેદા થાય છે જે આપણી ઇચ્છાને અનુસરતાં સાધનો આપણી તરફ ખેંચી આણે છે. ઇથરના મોજાઓમાંથી આપણી ઇચ્છાનુસાર સાધનો આપણી નજીક ખેંચી આણનાર આ કયું બળ છે તે આપણે કહી શકતા નથી, પણ આપણે એટલું તો નકકી જાણીએ છીએ કે આવી સત્તા કે બળ રહેલું છે. આપણી આસપાસ સ્વપ્નમાં પણ

ન આવે એવા સમૃદ્ધિવાન્ ભંડારવાળું બલિષ્ટ ઇથર સર્વત્ર વ્યાપી રહેલું છે અને એકાગ્ર થયેલું બળવાન મન તેમાં પ્રવેશ કરી શકે છે, અને પોતાને જોઇતી વસ્તુઓ આ જ્ઞાનના, ડહાપણના અને સાધનના અનંત દરિયામાંથી મેળવી પોતાની ઇચ્છાને ફળવતી કરે છે.

દરેક માનવ કાર્યો આવી રીતે આ અદીઠ જગત્માંથી મનવડે રચાય છે. જો કે સાધન સામગ્રી બેહદ છે છતાં પણ કાર્ય કરનારની ઇચ્છા, માનસ સ્વપ્નાંઓ મુજબજ તેનાં કાર્યોનો હલકો અથવા અમુલ્ય આકાર ઘડે છે.

ઇચ્છા કેવી રીતે સાધનો લાવે છે?

ડાર્વિન કહે છે કે સમડીને પાંખો આવતાં પહેલાં આકાશમાં ઉડવાની ઇચ્છા પ્રથમ થાય છે. મસ્તકશાસ્ત્રીઓ કહે છે કે આપણા જુદા જુદા માનસિક અને શારીરિક અવયવો પણ જેમ જેમ આપણી એકાગ્ર થયેલી ઇચ્છાઓના કાર્યને જરૂર હોય છે તેમ તેમ ખીલે છે અને વધે છે. જયાં ઇચ્છા નથી ત્યાં વધવાનું હોતું નથી. આપણી સર્વોપરિ મહત્વાકાંક્ષાની દિશામાં—જે બાજુએ માનસિક પ્રવૃત્તિઓ ઘણા મોટા પ્રમાણમાં થતી હોય તે ભાગમાં મગજ વધવા માંડે છે. દાખલા તરીકે ચિત્રકળામાં પ્રવિણ થવાની ઇચ્છા, ચિત્રકળાના મગજના અણુંઓને વધારે છે. ગાયનમાં કે બીજા કોઇ પણ ધંધામાં આગળ

વધવાની ઇચ્છા તે તે ભાગના મગજના અણુઓને વધારે છે. જે મગજના અણુઓ ગાયનના સ્વરો યાદ રાખે છે, જેઓ કાર્યસાધક બળ અથવા તો પૈસા પેદા કરવાની કે ખેંચવાની શકિત આપે છે તેને આપણી બળવાન ઇચ્છાઓ, લોહીમાં રહેલા જીવન પ્રવાહથી પોષી વધારે છે અને બળવાન બનાવે છે.

મગજની શકિતઓ આમ વધે છે.

જ્યારે જ્યારે આપણી ઇચ્છાઓવડે મગજ ઉપર માગણીઓ કરવી ચાલુ રાખીએ છીએ ત્યારે ત્યારે તે માંગણીઓના જવાબમાં મગજના તે તે ભાગો ઉન્નત થાય છે.

વર્ષોના વર્ષો સુધી એક ગામડાનો ગરીબ છોકરો હવામાં કિલ્લા બાંધે છે. એક મોટી વેપારી પેઢીનો તે ઉપરી થશે એવું તે હંમેશાં જોયા કરે છે. દૂરના ભવિષ્યમાં જે ઝળકતો દેખાવ તેને જણાયા કરે છે તે દેખાવ, માબાપની ધમકી કે પોતાના સોબતીઓની ઠઠ્ઠા મશ્કરી ભૂલાવી નાખવા શક્તિમાન થતાં નથી. તેનાં આ સ્વપ્નો અનેક અડચણોમાંથી પણ ઝાંખાં થયા વિના અખંડ રહે છે. તે પોતાના સ્વપ્નને પોષ્યાજ કરે છે. અને હવે આ અદૃષ્ટ, અચિંત્ય સાધનોના ભંડારમાંથી સાધન આવે છે. આ છોકરો પોતાના સ્વપ્નમાં રાખેલા શહેરમાંની એક મોટામાં મોટી વેપારી પેઢીમાં સંદેશા લઇજનાર છોકરા તરીકે દાખલ થાય છે.

તે હરેક ચીજને સમડી જેવી તીક્ષ્ણ દૃષ્ટિથી જુએ છે; હરેક વિચારોને અને અનુભવોને તે પોતાના કરે છે, અને આજુબાજુના થતાં કામોમાંથી પોતાને લાયકનું જ્ઞાન મેળવે છે. તે ચપળ, ઉત્સાહી અને તકને માટે તૈયાર રહે છે અને થોડા માસમાં તેને આગળ ચઢાવવામાં આવે છે. ત્યાં પણ તે ઉત્સાહથી અને ચતુરાઈથી કામ કરે છે તેથી તે આગળ વધે છે. પેઢીના પ્રમુખનું તેની તરફ ધ્યાન ખેંચાય છે. તે તેને પોતાના ઓફીસમાં બોલાવે છે, અને કહે છે કે ઘણા માસથી તે તેની ઉપર તપાસ રાખતો હતો અને તેના ધંધાની વ્યવસ્થા રાખવા માટે તે લાયક યુવક છે એમ તેને જણાયું છે. તે તેને થોડા માલ જૂદો વેચવા માટે આપે છે. તેની કુશળ દેખરેખ નીચે ધંધો વધારે સારો ચાલે છે અને થોડાંક બીજાં વર્ષોમાં તે વ્યાપારી પેઢી કે જ્યાં તે એક હલકા નોકર તરીકે આવ્યો હતો તેનો ભાગીદાર અને શેઠ બને છે.

આમ સ્વપ્નાંમાંથી પુલ અને ફળ આવે છે. પોતાના સ્વપ્ન અનુસાર કામો થાય છે તથા સ્વપ્નાં સાચાં પાડી શકાય છે, કારણ કે જે જે આદર્શો અને સ્વપ્નાં તેણે જોયાં હતાં તે તરફ તેનું મગજ હમેશાં વળ્યા કરતું હતું, અને તે આદર્શોને ખરાં પાડવા માટે તેને જે જે યોગ્ય સાધન સામગ્રીની જરૂર હોય તે તેની તરફ આકર્ષાયા કરતી હતી.

એક જાહેર ગાનારી થવું એ અક્ષમ્ય અને ભયંકર પાપ છે એવું માનનાર માબાપને ઘેર ગાયન તરફ પ્રબળ ઇચ્છા રાખનાર પુત્રી જન્મી. તે છોકરીનાં સ્વપ્નાં સાચાં પડશે એવા સંજોગનાં સહજ પણ ચિન્હ હતાં નહિ. છતાં પણ તેણે પોતાની ઇચ્છાઓને પોષ્યાજ કરી. તેની બળવાન આજીજીને આધિન થઇ તેના માબાપે તેને ફક્ત પ્રાર્થના વખતે દેવળમાં ગાવાની રજા આપી. આ રીતે એક નાનો રસ્તો ખુલ્યો. તેના પ્રભાવશાળી અને મીઠા રાગની છાયા જામવા લાગી. તેના ગાવાથી લોકોના હૃદય ડોલવા લાગ્યાં અને હવે આગળ વધવાનું તેને માટે પ્રમાણમાં ઘણું સહેલું હતું. એક પગલું બીજા આગલા પગલા તરફ દોરી ગયું અને એમ કરતાં આગળ વધી તે નાની છોકરી દુનિયાની સૌથી પ્રખ્યાત ગાનારીઓમાંની એક થઈ. આજે તે મેડમ નોર્ડિકા તરીકે ઓાળખાય છે.

તમે ગરીબ હો, તમારી અભિલાષાઓને અનુસરતી કેળવણી લેવાના સ્થાનથી ઘણે દૂરને સ્થળે એક નાના ગામડામાં તમે રહેતા હો, તમારા ગરીબ માબાપને છોડી તમારી અભિલાષા તૃપ્ત કરવા દૂર જવા કાંઇ રસ્તો માલૂમ પડતો ન હોય તોપણ તમારી અભિલાષાઓને ત્યજતા નહિ. સાહિત્યમાં, ગાયનમાં, કળામાં, કે ધંધામાં નામ કાઢવાની કે બીજી કોઇ પણ જાતની મહત્વાકાંક્ષા હોય તો તેને મજબૂત પકડી રાખો.

આજુબાજુના સંજોગ તદ્દન વિરૂદ્ધ જણાતા હોય તો પણ તે અભિલાષાઓને પોષ્યા કરો. અને તેમ થતાં તક તથા પ્રકાશ તમને આવી મલશે, તમારાં જોયેલાં સ્વપ્નાં સાચા પડશે, ઈશ્વરે જે જે કાર્યો માટે તમને નિર્માણ કર્યા છે તે પૂર્ણ કરાવવા માટે જે સંજોગો જોઇએ તે તમે તમારા સ્વપ્નને વળગી રહો અને તે તે મેળવવા સર્વોત્તમ રીતે પ્રયત્ન કર્યા કરો તો જરૂર તે સંજોગો આવ્યા વગર રહેતાજ નથી.

આગળ જણાવેલી મેડમ નોરડિકા, દાદાભાઇ નવરોજી, લોઇડજયોર્જ વગેરે હજારો સ્ત્રી પુરૂષોએ તમારી માફક ગરીબાઇ, અને દરેક જાતની વિટંબણારૂપ કાંટાની વાડોમાંથી પોતાની ઇચ્છાને વળગી રહી રસ્તો કાઢયો છે. હિંમત રાખો અને ખાત્રીથી માનો કે જ્યારે તમારા હૃદયમાં ઇશ્વરે ઈચ્છા પેદા કરી છે ત્યારે તે ઈચ્છાઓને પૂર્ણ કરવાના સાધનો પણ તેણે તૈયાર કરી રાખ્યાંજ હોય છે.

તમે એક ખેતરમાં કામ કરનાર ગરીબ મજુર હો, છતાં તમને લાગે કે તમે એક ડાકતર કે ઇજનેર થવા જન્મ્યા છો, તથા તમને તેને લગતી કેળવણી લેવાનો કોઇ રસ્તો જણાતો ન હોય તોપણ આશા કે હિંમત હારશો નહિ. તમારી ઈચ્છાવાળા વિષય ઉપર જે કાંઇ પુસ્તકો મળી આવે તે મેળવી વાંચો, તમારા સ્વપ્નને વળગી રહો. જે જે દિશાઓમાં તમને સગવડ મળે ત્યાં ત્યાં ધસી

તમારૂં કાર્ય તમારી ઈચ્છાની દિશામાં આગળ લંબાવો. કદાચ વર્ષોના વર્ષો તેમ કરતાં વહી જાય, પણ જો તમે તમારા સ્વપ્ન ઉપર એકાગ્ર થશો, તમારી ઈચ્છાઓને વફાદાર નીવડશો, અને તે દિશામાં આગળ ધસ્યા કરશો તો પ્રકાશના કિરણની એક નાની બારી ઉઘડશે અને તમે તમારા લક્ષ સ્થાનના રાજમાર્ગ ઉપર આવી પડશો અને તેની તમને ખબર પણ નહિ પડે.

હાલ ભય શેનો છે ?

વોશીંગ્ટન, લીન્કન, એડીસન, રાનાડે, દાદાભાઇ વગેરે જે જે મહાપુરૂષોએ પોતાના દેશ અને માનવ જાત માટે વધારેમાં વધારે કર્યું છે તેઓને પોતાની ઇચ્છાઓ તૃપ્ત કરતાં તમારા જેટલીજ મુશ્કેલીઓ પડી છે.

આજના વખતમાં સંજોગોનો દુકાળ નથી પહેલાં કરતાં આજે દશઘણાં સાધનો મોજુદ છે. અર્વાચીનકાળમાં જે મુખ્ય ભય રહેલો છે તે ફકત આપણાં સ્વપ્ન ઝાંખાં થવાનો તથા આપણી મહત્વાકાંક્ષા કરમાઈ જવાનોજ છે.

દાદાભાઇએ જે નામ કહાડયું છે તે માટે તેને બીજાઓને પૂર્ણ ન થાય એવા જણાતા મનોરથોને કેમ વળગી રહેવું પડયું હતું તે સ્વ. ગોખલે નીચે મુજબ બતાવે છે.

"ભાગ્યેજ કોઇ એવા હશે કે જેમનામાં રાષ્ટ્રીયતાના ભાનનો ઉદય એમના ઉપદેશ અને એમના દૃષ્ટાન્તથીજ ન થયો હોય. ગૃહસ્થો

૮૦ વર્ષ ઉપર દાદાભાઇના જન્મ વખતે કોઇએ જો એવું ભવિષ્ય ભાખ્યું હોત કે એઓ એક દિવસ અગાઉ કદી ન થયેલા ભારતના અતિ અધ્ધારપદ પ્રમુખ તરીકે આગળ આવશે તો તેને સહુએ ઉન્મત તરંગ તરીકે કાઢી નાંખ્યો હોત. સને ૧૮૨૫માં મરાઠાઓની સત્તા તાજીજ ઝાંખી થયેલી હતી. અને જો કે બ્રિટિશ રાજકર્તાઓની પ્રથમ પેઢી, જેમનાંમાં અગ્રગણ્ય તરીકે એલ્ફિનસ્ટનનું નામ સદા સ્થાયી રહેશે–તેમણે થાળે પાડવાનું કામ શાણી અને ઉદાર રાજ્યનીતિથી હાથ ધર્યું હતું, છતાં આ તરફના લોકો સ્વાભાવિક રીતે ખિન્ન અને અસંતુષ્ટ રહેતા, અને કોઇક દિવસ આપણું રાજ્ય પાછું થશે એવી ઝંખના કર્યા કરતા. પશ્ચાત્ય શિક્ષણ તો ત્યારે શરૂએ ભાગ્યેજ થયું'તું—સને ૧૮૩૩ નો ચાર્ટર એકટ તો હજી થવાનો હતો—અને આ વિશાળ દેશના જુદા ભાગો એક મતના અને એક મનોરથના થઇ એકત્ર થશે એવો ખ્યાલ, આજે એકત્ર એશિયાનો ખ્યાલ આપણને નથી આવી શકતો તેમ, મનમાં એ ભાગ્યેજ આવી શકયો હશે દેશના વહીવટમાં, ખાસ કરીને શિક્ષણની બાબતમાં, બ્રિટિશ રાજ્યની જે શાણી અને ઉદાર રાજ્યનીતિ ચાલે છે તેને ધન્ય છે કે જે વસ્તુ જે વેળા કલ્પનામાં આવવી એ કઠણ હતી, તે આજ નજરે જોવામાં આવતી થઇ છે. નવીન વસ્તુસ્થિતિ અને તેથી ઉદય પામેલી આશાઓનો ખરો મર્મ સમજીને તે આશાઓ બર લાવવા માટે જીવતોડ મથન કરવાનું માન દાદાભાઇ અને તેમની સાથે કામ કરનારા આદ્ય હિંદ હીતેષીઓને ઘટે છે. ત્યાર પછી, દેશ સેવકોની

એક પેઢી તો કાર્યક્ષેત્રમાંથી ખસીએ ગઇ છે, અને તે પછીની પેઢીના પણ હવે ગણ્યા ગાંઠયા જણ આપણા માર્ગદ્રષ્ટા તરીકે રહ્યા છે, ચિરંજીવો તેઓ! પણ દાદાભાઇ તો પ્રથમથી તે અદ્યાપિ પર્યંત સહુ પ્રવૃત્તિના ધુરંધરજ રહ્યા છે, અને વૃદ્ધાવસ્થા કે નિરાશા તેમનો ઉત્સાહ મોળો પાડી શકી નથી, તેમ એમના બહાર રહેવાને કારણે એમના દેશબંધુઓની ઉપરનો એમનો પ્રેમ લવલેશ ઓછો થયો નથી. નાના પાયા ઉપરથી આજની સ્થીતીએ ચડેલી હાલની રાજકીય ચળવળને એમણે પોતાના બાળકવત્ ગણીને કુમળી કાળજીથી ઉછેરી છે. તેના વિજય પરાજયને એમણે પોતાના જીવનના વિજય પરાજય માન્યા છે, અને તેની સર્વે દશાઓના તેઓ સાક્ષી છે. એટલે આજે દાદાભાઇના જન્મની પુણ્યતીથી ઉજવીને, તેનું ભવિષ્ય ઉજવળ હતું ત્યારની અને આકાશ મેઘાચ્છન્ન હતું ત્યારની દશાઓના આજ પચાશથી વધારે વર્ષ થયાં જેઓ આપણાં મથનો અને મનોરથોની પ્રત્યક્ષ મૂર્તિ સમા રહ્યા છે તેમને આપણે માન આપીએ છીએ." (ગો. ખરેનું ભાષણ ૧૯૦૫)

ઓ યુવકો! તમારી આગળ આવા અસાધ્ય ગણાતા સ્વપ્નાં સાચા પાડનાર મનુષ્ય થઈ ગયો છે, તેનું જીવન જુઓ અને પછી તમને ગમે તેવો સંજોગ હશે તો પણ નિરાશા નહિ આવે.

પ્રકરણ ૬ઠ્ઠું.

ઇચ્છાનું ગૌરવ.

ઘણામાંના ઘણાં આપણી ઇચ્છાઓની ગંભીરતા અને તેનું ગૌરવ સમજતાજ નથી; તેઓ તેમને નજીવી સમજી અથવા તો તેઓ ખરી પડે એમ નથી એમ માની તેમને રમતમાં કાઢી નાખે છે. તેના દૈવી પ્રાદુર્ભાવમાં આપણે માનતા નથી. આપણા અંતરના પ્રબળવેગને આપણે કલ્પનાઓ તથા નવલકથામાં વાંચીએ છીએ તેવી અસંભવિત ઘટનાઓ માફક સમજીએ છીએ. એમ છતાં આપણે જાણીએ છીએ કે દરેક મહાન્ શોધખોળો કે મહત્વનાં કાર્યો અમુક કાર્ય કરવાની ઇચ્છા ઉપરથી, તથા તે એકજ ઇચ્છા ઉપર ચીવટપણે વળગી રહી વિચાર કરી પોતાના માનસિક ચિત્રો અનુસાર કાર્ય કરવામાં પ્રયાસ કરતાં ઉદ્ભવ્યાં છે. મહત્વાકાંક્ષાની સાથે જો પ્રયત્નો જોડાય તો તે એક એવું ભારે સર્જનારૂં બળ બને છે કે જે ગમે તેવા અસાધ્ય કાર્યો પણ પૂર્ણ કરે છે. આ કેટલાકના ધ્યાનમાં ઉતરવું ખરેખર મુશ્કેલ છે. આપણે જેટલું નજરે જોઈએ

તેટલુંજ ખરૂં છે એ માનવું બરાબર નથી. ખરી વાત તો એમ છે કે ખાસ સત્ય ચીજો હમેશાં અદ્રષ્ટની દુનિયામાં રહેલી હોય છે.

જે સત્તા કળીમાંથી ફુલ અને પાંખડીઓ પેદા કરે છે, ફુલમાંથી બીયાં અને ફળ પેદા કરે છે તે અદ્રષ્ટ છે છતાં પણ આપણે તેને માનીએ છીએ. તેને આપણે ઇન્દ્રિયોવડે જાણી કે સમજી શકતા નથી, છતાં પણ, આપણે જાણીએ છીએ કે આપણે જે જોઇ શકીએ છીએ તે કરતાં તે વધારે બળવાન છે. ગુરૂત્વાકર્ષણનું બળ, જે આખી વિશ્વને નિયમમાં રાખે છે તથા અનંત કાળ સુધી એકજ પદ્ધતિએ ફેરફાર સિવાય ખગોળના બધા ગૃહોને ચલાવ્યા કરે છે અને બ્રહ્માંડને ગતિમાં રાખે છે તેમાં કોઇને સંશય રહે છે ? વિજળીનું બળવાન બળ જે આપણે નજરે દેખી કે સાંભળી કે સુંઘી શકતા નથી છતાં પણ તેની સત્તા સંબંધી આપણને હવે અવિશ્વાસ પેદા થાય છે ? આવીજ રીતે આપણી ઇચ્છાઓનું બળ જયારે આ દ્રષ્ટ દુનિયામાં તેમને પ્રતીત કરવાના પ્રયત્નો સાથે જોડાય ત્યારે તે ઉપર જણાવેલી પ્રબળ શકિઓ જેટલી બળવાળી અથવા તો કુદરતની રસાયણશાળામાંની બીજી કોઇ પણ અદ્રષ્ટ બળવાન શકિત એની જેટલીજ બળવાન શકિત બને છે.

મહાન્ ઈશ્વરના સમુદ્રમાં સાધનો સભર ભરેલાં છે. તેમાંથી જે જે ચીજો તમારી તરફ આવે છે તે તમારી માગણી અનુસાર આવે છે. તમારા જીવનમાં તમે જે જે કર્યું હોય તે તમે જાણે કે અજાણ્યે આ આધ્યાત્મિક નિયમ અનુસાર કરેલું હોય છે. તિવ્રચ્છા એક સાધન પ્રકટાવનાર બળવાન હથિયાર છે.

તિવ્રેછા રૂપી બીજને જો યોગ્ય પ્રયત્નરૂપ પોષણથી પોષીયે તો જરૂર તે મૂળ ઘાલે છે. પણ તમે બીજ વાવો અને પ્રયત્ન ન કરો તો તેનું પરિણામ એક ખેડુત જેમ હળ ફેરવી તૈયાર કર્યા વગરની જમીનમાં બી વાવે તથા નિંદામણ કાઢી ન નાંખે તેના જેવું આવે. વિચારના બીજમાંથી ઉત્તમ ફળ લાવવા માટે, અને ઉચ્ચ આદર્શો દૃશ્ય બનાવવા માટે હમેશાં પ્રયત્નો કરવાજ જોઇએ. આગળનો રસ્તો ગમે તેટલો અંધારો અને વિકટ જણાય તો પણ પરવા રાખ્યા વગર તમારે ચાલ્યાજ કરવું જોઇએ. તમારો આખો રસ્તો દેખાય એવા પ્રકાશની તમને શા માટે જરૂર પડે છે? તમારા પોતાનાં હાથમાં, તમારા અંતરમાં એક ફાનસ છે જે તમને ફકત એક પગલું આગળ મૂકવા જેટલુંજ અજવાળું આપે છે. જેમ જેમ તમે આગળ વધતા જશો તેમ તેમ તમે એક પગલું વધારે મુકો એટલા દૂરના રસ્તામાં પ્રકાશ આપ્યા કરશે. શું એ પ્રકાશ આગળ

વધવા માટે પૂરતો નથી ? રસ્તાનો છેક છેડો જોવાની શું જરૂર છે ? આટલું એક પગલું આગળ ભરવા માટેનો પ્રકાશ, આપણે સહિસલામત છીએ કે નહિ તે જાણવા માટે બસ છે. બાકીનું બધું આપણા માનસિક સ્વપ્નાં અને ખંતથી કરેલા પ્રયત્નો પૂર્ણ કરશે. આ તો નક્કીજ છે કે જો આપણે આપણા ભાગનું કાર્ય પૂર્ણ કરીએ તો ઇશ્વર, જેણે આપણને બનાવ્યા છે તથા જેણે આપણે માટે કાર્યનું ક્ષેત્ર નિર્માણ કર્યું છે તથા આપણને આ મહાન વિશ્વના અમુકજ ભાગમાં આપણી ઉન્નતિને માટે ખાસ ગોઠવ્યા છે તે કરેલા કામોનું ફળ આપણે ધારીએ કે યોજીએ તે કરતાં વધારે સારી રીતે આપ્યા સિવાય રહેતો નથી.

મહત્વાકાંક્ષાનું પોષણ કરો તો ?—તમારી ઈચ્છાઓને બહાર મોકલો, તમારી અભિલાષાઓને બહાર પ્રકટવા દો. તમારા શરીરમાં, મનમાં અને હૃદયમાં જે કાંઇ બળ હોય તે સઘળા વડે તમારી મહત્વાકાક્ષાંઓનું પોષણ કરો, અને તમે જોઇને અજાયબ થશો કે થોડા વખતમાં તેની આજુબાજુ સાધનો અને સંજોગો આકર્ષાયાં હોય છે, અને તેનો આકાર બંધાઇ તે દેખાય એવું રૂપ પકડવા લાગી છે. બહાદુરીથી ઈશ્વરના મહાન્ સમુદ્રમાં તમારી ઇચ્છારૂપી જાળને સંપૂર્ણ શ્રધ્ધાથી ફેંકો, અને તેમાં તમે એવા

સાધનો ભેગા કરશો કે જેની વડે તમે તમારા સ્વપ્નમાંના કિલ્લાઓને સત્ય તરીકે પ્રતીત કરાવી શકશો.

જે વાધો નડે છે તે એ છે કે આમ કરવાને આપણે બીક રાખીએ છીએ. "નસીબ આપણી મશ્કરી તો કરતું નથી અથવા તો આ ઇચ્છા પૂર્ણ થયા વગર પાછી ઠાલી તો નહિ ફરે!" એવી આપણને બીક રહે છે. વિશ્વને જે કાયદા નિયમમાં રાખે છે તે જેમ આપણે જાણતા નથી તેમ મનુષ્યના વિચારના બળને નિયમન કરનાર કાયદાઓનું આપણને જ્ઞાન નથી. જો તેમની શક્તિમાં આપણને બરાબર વિશ્વાસ હોત તો જેમ જમીનમાં એક નાનું બીજ વાવીએ અને તે ઉગીને પાછી ફૂળફુલ આપે છે તેમ આપણા વિચારો અને પ્રયત્નો પણ અવશ્ય ફળવાન બનેજ.

જમીનની અંદર વાવેલા બીમાંથી થયેલા એક નાના છોડવા માફક તમારી આજુબાજુ અસંખ્ય અડચણો આગળ વધવામાં પડતી જણાય, જેમ જમીનના ઢેફાંથી ઢંકાયલા નાજુક છોડવાને પ્રકાશનું કિરણ પણ મલતું નથી છતાં પણ તે સખત ઢેફાંમાંથી પ્રકાશ મેળવવા ફાંફાં મારી આખરે બહાર નીકળવા શકિતમાન થાય છે, તેમ સખત સંજોગો-રૂપી જમીનના અંધકારવાળા પેટામાંથી તમે પણ મહેનત કરશો અને તમારા આદર્શોને છોડી ન દેશો તો પ્રકાશમાં આવશોજ. તમે જે જે પ્રયત્નો કરશો તેનાથી

તમારૂં બળ ઘણુંજ વધશે અને તમને જે જે જોઇએ તે મળ્યાજ જશે. તમે કદાચ અયોગ્ય નોકરી કે ધંધામાં પડયા હશો અને તમે હિંમત હારી તમારા આદર્શોને છોડી દેવા લલચાતા હશો? કારણકે તમને તમારૂં ભલું કરવાના રસ્તા માલૂમ પડતા નથી. જો એમ હોય તો આટલું તમારે યાદ રાખવું જોઈએ કે આ તેજ વખત છે કે જયારે તમારા સ્વપ્નને ચીવટાઇથી વળગી રહેવુંજ જોઈએ અને ખાત્રીથી માનવું જોઇએ અને ઇચ્છવું જોઇએ કે આ સત્ય પ્રતીત થવુંજ જોઇએ. તમને કદાચ ખબર પણ નહિ હોય કે તમારી ઇચ્છાએ રૂપી છોડ કઠણ જમીન ભેદી સપાટીની નજીક આવી લાગ્યો છે; અને તેથી જો તમે તમારા આદર્શોને પકડી રહેશો તો અને પ્રયત્ન જારી રાખશોતો જરૂર તમે તમારા મનની મુરાદ પાર પાડશો.

હરેકે હરેક મનુષ્યને તક આપવામાં આવે છે.

એક પણ મનુષ્ય એવો નથી કે જેને એકાદ તક પણ ન મળે. જો તમારી હાલની નોકરી કે સ્થિતિ તમારી શક્તિઓને અટકાવતી હોય, જો ત્યાં તમારા પૂર્ણ બળનો વિકાસ કરવા જગ્યા ન હોય તો તે જગ્યા અથવા સ્થિતિમાં સર્વોત્તમ કામ કરી તથા તે સ્થિતિનું સર્વથી ઉંચું ટોચનું બિંદુ લક્ષ્યમાં રાખી પૂરતી જગ્યા તૈયાર કરો. ખાસ યાદ રાખો કે તમે પોતે તમારા મનમાંજ ચઢવાના અથવા

તો ઉતરવાના પગથિયાં રચો છો. દુનિયામાં બીજું કોઇ તમને આવી ચઢાવી શકે એમ નથી. ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવાની વચ્ચે જે બંધ દરવાજો હોય છે તેની કુંચી નસીબના હાથમાં હોતી નથી; એતો તમારે પોતાનેજ તમારા વિચારોવડે ઘડી તૈયાર કરવાની હોય છે.

તમે જ્યાં છો ત્યાંજ તમારે બીજું પગલું ભરવાનું છે. જે કામ તમારે આજે કરવાનું છે, જે આજની ક્ષણે તમારી ફરજ બજાવવાની છે તે ઉત્તમોત્તમ કરવામાંજ તમને તે કરતાં વધારે સારા સંજોગો મળવાની તક રહેલી છે. જો તમે તમારા સ્વપ્નને પકડી રહો, પ્રામાણિક હોઇ ઉત્સાહથી ભરેલા અને સત્યવકતા હો તો તમારાં સ્વપ્ન સાચાં થવામાં કોઇ પણ ચીજ તમારી આડે આવી શકશે નહિ. આવી રીતે પ્રયત્ન કરનાર કોઈ પણ મનુષ્ય ખાલી હાથે પાછો ફરેલો કદી અમે જોયો નથી તેમ સાંભળ્યો પણ નથી.

ઇચ્છા આપણા દરેક પૂર્ણ થયેલાં કાર્યોના મૂળમાં રહેલી હોય છે. એની ઉપરજ બધી ઇમારત ચણાય છે. ખુદ આપણે પોતે આપણી ઇચ્છાઓના બનેલા છીએ. જેની આપણે ઇચ્છા કરીએ છીએ, જેને માટે આપણે પ્રયત્ન કરીએ છીએ તથા જે સ્વપ્નને હમેશાં આપણે પોષીએ છીએ તે બધાં ઘણે ભાગે આપણા જીવનને ઘાટ આપે છે તથા આપણું ચારિત્ર ઘડે છે.

ઉત્સાહ મંદ કેમ પડે છે?

પોતાના આદર્શો,—માનસિક ચિત્રો, અને જીવનમાં ખરેખર કરી શકાતાં કાર્યો વચ્ચે જે ગાઢો સંબંધ રહેલો છે તે ઘણાંજ થોડાં મનુષ્યો સમજે છે. જો નિષ્ફળતાનું કોઇ પણ એક મુખ્ય કારણ હોય તો તે આ વિચાર અને કાર્યોની પૂર્ણ કરવાની શક્તિ એ બે વચ્ચે જે સંબંધ છે તે સમજમાં ન આવે એજ છે. એજ કારણથી ધીરે ધીરે મનુષ્યોનાં સ્વપ્નાંઓ ઝાંખાં થતાં જાય છે તથા તેને અનુસરતી ઇચ્છાઓ ક્ષીણ થતી જઇ કાર્યો, અને પછીથી આતુરતા બંધ પડે છે.

જ્યારે આપણે પ્રથમ જીવનની શરૂઆત કરીએ છીએ ત્યારે ઘણા ઉત્સાહપૂર્ણ હોઇએ છીએ. આપણાં સ્વપ્નાં ઝળકતાં અને લોભાયમાન હોય છે. આપણને ખાત્રીથી લાગે છે કે આપણે જીતવા માટેજ જઇએ છીએ અને આપણે કાંઇક અવનવું અને બીજા કોઇએ કદી ન કર્યું હોય એવું ખાસ કામ કરીશું. પણ પાછળથી થોડીક નિષ્ફળતા મળતાં થોડીક ઠોકરો ખાતાં, આપણે હિંમત હારીએ છીએ, અને તેની સાથેજ આપણાં સ્વપ્ન ઉપરની શ્રદ્ધા મૃત્યુ પામે છે, અને ધીરે ધીરે આપણને પછીથી માલુમ પડે છે કે આપણી મહત્વાકાંક્ષા નરમ થતી જાય છે. પહેલાં આપણા આદર્શોની જેમ ચોક્કસ રૂપરેખા હતી તેવી હવે

નથી રહી. તેઓ હવે સહેજ ઝાંખાં પડયાં છે, આપણી આતુર ઇચ્છાઓ થોડીક નરમ થઇ છે. નરમ પડતા ઉત્સાહને માટે અને ઢીલા પ્રયત્નો માટે આપણે કારણો અને બહાનાં ખોળવા પ્રયત્ન કરીએ છીએ. આપણે ધારીએ છીએ કે આ બેહદ કામના બોજાને લીધે બન્યું હશે, અથવા તો આપણે થાકી ગયા છીએ અને આરામની જરૂર છે તેથી અથવા તો શરીરનું આરોગ્ય બરાબર નથી તેને લીધે આમ બન્યું હોય. શરીરનું આરોગ્ય સુધરતાં અથવાતો આરામ મળતાં આપણે પાછા ઉત્સાહિત થઈશું અને પ્રથમના જેવીજ તિવ્રેચ્છાથી કાર્ય કરીશું એમ આપણને લાગે છે. પણ આ બધો ઘટનાઓ એટલી બધી ઝડપથી બને છે કે આપણને તે સમજાય તે પહેલાં તો બળતણ વગર અંદરનો અગ્નિ બળી જઇ ઠંડો પડે છે. આપણે આપણાં સ્વપ્ન (આદર્શ) ઉપરનો કાબુ બરાબર મજબૂત રાખ્યો નહોતો. જ્યારે ચીવટાઇથી, દઢતાથી આ સ્વપ્નને મનમાં રાખી શકીએ ત્યારે તે સ્થિતિ આપણા લક્ષ્યસ્થાને આપણને પહોંચાડવા મદદ કરવામાં જે બળવાન સત્તા રૂપ થઈ પડે છે તેનો અડધો પણ ખ્યાલ આપણી સમજમાં આવ્યો નહતો.

સ્વપ્નને વળગી રહેતાં તમેજ ફત્તેહ મેળવશો.

જીવનમાં જે આપણે મેળવીએ છીએ તેનો મોટો આધાર આ સ્વપ્ન અથવા મનોરથોને જે નિમકહલાલીથી

વળગી રહી શકીએ તે ઉપર રહેછે. જો આપણે તેમાં ચોક્કસ માનીએ તો તેઓને પોષ્યા વિના રાખી, મરવા દઇએ નહિ. જો આપણામાં તે મનોરથોને અનુસરતી શક્તિ ખરેખર હોય અને અહંપણું અથવા તો હલકી તુમાખી કે મૂર્ખાઈ ભર્યું ગુમાન ન હોય તો કોઇ પણ જાતની મુશીબતો, યોજેલી યુક્તિઓની નિષ્ફળતા કે કોઈ પણ જાતની ખ્યાલી કે ખરી અડચણો આપણને તે મનોરથોથી છુટા પાડી શકશે નહિ. આપણા મૃત્યુસુધી પણ આ મનોરથોને આપણે વળગી રહયા સિવાય રહીશું નહિ.

એક મનુષ્ય જે પોતાના જીવનના મનોરથોમાં વિશ્વાસ રાખે છે, જે આળસુ શેખસલ્લી અથવા તો અંહમાનથી ભરેલો હોતો નથી, જે પોતાની ઇચ્છાઓમાં પોતે જે કાર્ય કરવાનો છે તેની તે ભવિષ્યવાણી છે એમ ખાત્રીથી જાણે છે, તેજ મનુષ્ય ફક્ત દુનિયામાં કાંઇક મહત્વનું કરી શકે છે. તે પોતાના મનોરથોને સત્ય કરવા માટે અગાધ બળથી તેને લાયકના પ્રયત્નો કરવામાં પોતાનું જીવન અર્પે છે.

જે મનુષ્યો પોતાના મનોરથોમાં વિશ્વાસ રાખે છે તથા તેમને પૂર્ણ કરવા કોઇપણ જાતની બાકી રાખ્યા વગર એકાગ્રચિત્તે પ્રયત્ન કરવા તૈયાર થાય છે તેમનાથી

દુનિયા એક બાજુએ ઉભી રહે છે. લોકો જાણે છે કે આ સ્વપ્ન જોનારની પાછળ મદદ કરનાર કંઈક અવનવી અને શુભ સત્તા રહેલી છે કે જેથી તે પોતાના જીવનના મનોરથો પૂર્ણ કરવા સારૂ તેને એટલી બધી શ્રદ્ધા ઉત્પન્ન થઇ છે કે પોતાની બીજી બધી ચીજોનો ભોગ આપવા પણ તે તૈયાર થઈ રહેલો છે. તમારા મનમાં એવો કોઇ વિચાર હોય કે તમે જે ઇચ્છો છો તે લક્ષ્યસ્થાને પહોંચવામાં કદાચ તમે પાછા પણ પડો તો તે વિચાર હમેશને માટે તમારા મનમાંથી દૂર કરો. તમારી મહત્વાકાંક્ષા પછી તે ગમે તે હોય તોપણ તેનીજ દિશામાં તમારૂં મુખ રાખો; તમે હાર્યા છો, એવું કદી ન કબુલ કરવાનો નિશ્ચય કરો; તેટલાથીજ તમે એટલી બધી બળવાન શકિત જમાવશો કે જેથી તમારૂં પોતાનું તમારા આદર્શો વડે જે બન્યું છે તે તમારી તરફ ખેંચાઇ આવશે.

જો તમારામાં આખર સુધી તમારા મનોરથોને રક્ષણ કરવાની અને તેમને વળગી રહેવાની શકિત અને ચીવટાઈ હશે, જો તમે ખંતથી તમારા આદર્શ વચ્ચે આવતા મનુષ્યો કે ચીજો તરફ વિજયની છટા ધારણ કરી શકશો, તો તમારા પ્રયત્નો ફતેહ રૂપી ફળ વડે ફલિત થઇ તમે જીવન સફળ કરશો.

પ્રકરણ ૭ મું.

કુદરતનો મુદ્રાલેખ કામ કરો અથવા ભૂખે મરો એ છે. આ મુદ્રાલેખ ફૂગ્ના તારા ઉપર તેમ એક યુગના ઢેફાં ઉપર પણ આલેખાયલો છે Starve mentally, Starve morally, Starve physically ઇશ્વર સર્વકાંઈ વેચાતું આપે છે અને તેની બધા પાસેથી વાજબી કિંમત લે છે.—રાલ્ફ વાલ્ડો એમર્સન

ગરીબાઇ એ એક માનસિક રોગ છે.

જે મનુષ્યો ગરીબ અને કંગાળ માલૂમ પડે છે તે બધાએ તેવા જીવનની આગળથીજ આશા રાખેલી હોય છે. આ વિષયનો જેઓએ અભ્યાસ કર્યો છે તેમને ખાત્રી થઇ ચુકી છે કે ગરીબોની નિર્માલ્ય માનસિક વલણો તેમના તરફ ગરીબાઇ અને કંગાલપણું આકર્ષી આણે છે. તેઓને હમેશાં ગરીબાઈની બીક હોય છે, તથા વૃદ્ધા-વસ્થામાં શું ખાઈશું તેની ચિંતામાં રહે છે, અથવા તો મંદવાડમાં કે ઘડપણમાં ભૂખે ન મરવું પડે તે માટે પઇ પૈસો બચાવવો જોઇએજ એવા વિચાર મનમાં રાખી પોતાનું જીવન વ્યતીત કરેછે, અથવા કરેલું હોય છે. આ

તંગ અવસ્થા આવવાની બીક તેમને જે દ્વારથી સર્વે સાધનો મળી આવવાનો સંભવ છે તે દ્વારજ બંધ કરે છે. તેઓએ પોતાના મનને એટલાં સાંકડાં કરેલાં હોય છે કે તેથી જે કીમતી વિચારનું બળ સુખ અને આબાદીની રચવામાં વાપરી શકાય એમ હતું તે તેઓએ ગરીબાઈની અને તંગીની બીક રાખી ગુમાવ્યું હોય છે, અને કુદરતી નિયમ પ્રમાણે જેની બીક કે ભય રાખ્યો હોય તે તેમને સામેથીજ અડધે રસ્તે આવીને મળે છે.

આ પરવડતું નથી.

ઘણાં મનુષ્યો હમેશાં કહે છે કે આમ કરવું અમને પરવડે એમ નથી, એટલું અમારૂં ગજું નથી. તેઓને પોતાના છોકરા કે છોકરીને નિશાળમાં કે કોલેજમાં મૂકવાનું ચાલુ વર્ષમાં પરવડતું નથી જરૂરનાં કપડાં અને વર્ષે કે બે વર્ષે એક બે માસ વિશ્રાંતિ લેવાનું તેમને પાલવતું નથી; કારણ કે તેમ કરે તો તેઓ ઘડપણને માટે પૂરતું બચાવી મૂકી શકેજ નહિ. આ ભવિષ્યમાં આવનારી અડચણને માટે તૈયારી કરવાનો 'બાહુ' તેમના વર્તમાન આનંદમાં અને મોજશોખમાં આડો આવેછે, અને દરેક વખતે ચાલુ જીવનની એકે એક મઝામાંથી આનંદ લુંટી લે છે. તેઓ દરેક વર્તમાન સુખના કાર્યોને આવતા વર્ષ ઉપર મુલતવી રાખે છે. પણ આ આવતું વર્ષ કદી પણ આવતું નથી અને તેમના છોકરાં કેળવણી લઈ શકતાં નથી. તેમને જરૂરની

વિશ્રાંતિ પણ મળતી નથી. તેઓ આરામને માટે ગામડામાં કે દેશના બીજા ભાગોમાં ફરવા જઇ શકતા નથી. તેઓ હમેશાં સુખ સગવડ અને જીવનની આનંદદાયક ચીજોનો ઉપયોગ કરવાનું પોતાની તદ્દન સારી સ્થિતિ થાય ત્યાં સુધી મુલતવી રાખે છે; કારણકે હાલ તેમ કરવું તેમને પાલવે નહિ; અને જે મનુષ્યોના મનને આવી ભવિષ્યની બીક રાખવાની ટેવ પડી છે અને પઇ પૈસો ગમેતેમ બચાવી ઘડપણ માટેજ રાખી મેલવાનો જેમનો સ્વભાવ થઈ ગયો છે તેમને કદી એવો આનંદનો વખત આવતોજ નથી.

Melancholy, the Parent of Error.

O hateful error, melancholy's child
Why dost thou show to the apt thoughts of men
The things that are not? O error soon conceived,
Thou never comest unto a happy birth,
But kill'st the mother that engenered thee.

SHAKESPERE.

અમે સંખ્યાબંધ મનુષ્યોને જોયાં છે કે જેઓ ઘણી વૃદ્ધ વયે પહોંચ્યા છતાં પોતાના સુખ સગવડમાં નહિ પણ જીંદગીને જરૂરની વસ્તુઓમાં પણ કરકસર કરી આગામી અડચણના દિવસને માટે કાંઈ પણ બચાવે છે. તેઓ આવી રીતે પોતાના આખા જીવનને હમેશને માટે એક મોટો તંગીનો દિવસ બનાવે છે. તેઓને સહેજ ખ્યાલ પણ નથી આવતો

કે જે તંગીના દિવસોને માટે તે હમેશાં વિચાર કરીને કંજુસાઇ કરી વેતરણો કર્યા કરે છે તે તેના જીવનમાં સખ્ત રૂપમાં આવ્યા વગર રહેશેજ નહિ.

અમે ઘણાએ મનુષ્યોને છતે પૈસે બહુ દુઃખદાયક રીતે ભૂખતરસથી પીડાઇ મરી ગયેલા જાણીએ છીએ. આ તંગીના દિવસોને માટે તૈયાર થઈ રહેવાનું પરિણામ હતું. તેઓ કોઈને મદદ કરતા નહિ, તેઓ એકલા રહેતા, કારણ કે વધુ સંસર્ગથી કોઇ કાંઈ માગે તો કદાચ આપવું પડે. જયારે તેઓ માંદા પડે છે ત્યારે કોઇ તેમની ચ કરી કરવા હાજર હોતું નથી. અને ભૂખ તરસથી પીડાઈ મૃત્યુવશ થાય છે. ઘણીં વખતતો તેમના મરણની ખબર બીજાઓને બે ત્રણ દિવસ પછીજ પડે છે. આ તંગીના દિવસનો 'બાહુ' છેવટની ઘડીએ પણ પૈસા ખરચી નોકર કે ચાકરી કરનાર માણુસ તેમને રાખવા દેતો નથી.

પોતાના રોગિષ્ટ મનથી ગરીબ મવાલી બનેલા આ કંગાળ પ્રાણી અન્ય ગરીબાઇના ડંખથી ડંખાયલા મનુષ્યો માફક પૂરતો પૈસો છતાં પણ ભૂખથી મરી જાય છે. કોઇ માણુસ આવીને રખેને પોતાના પૈસા જોઈ જશે એ બીકથી તેઓ કોઈને પોતાના ઘરમાં ફરકવા દેવાનું પણ બંધ કરે છે; અને આમ જે પૈસા વડે પોતાની જાતને સુખી, આનંદી અને ગૌરવવાળી કરી શકે એમ હતું તે

પૈસા પાસે હાજર હોવા છતાં પણ ભૂખે ટળવળીને, ચાકરી કે દરકાર રખાયા વગર તેઓ રીબીરીબીને મોતને શરણ થાય છે.

દરરોજ લાખો સ્ત્રી પુરૂષો સવારથી સાંજ સુધી પોતાને નીચે મુજબના સવાલો પુછી પોતાનું જીવન કિલષ્ટ કરે છે. "ત્યારે આપણો નિભાવ કેમ થશે ? આ મકાનનું ભાડું, ખેતરનું મહેસુલ કે દુકાનનું ભાડું કેમ કરી આપીશું ? પૈસા કયાંથી આવશે ? આ પૈસા જો ન મલ્યા તો આપણી કેવી કમબખ્તી થાય ? છોકરાંઓને સારૂં કપડાં જોઇએ તથા ફકત પેટ પૂરતું ખાવાને માટે પણ પૈસા જોઇએ તે કયાંથી લાવીશું ? સારી રીતે રહી શકાય એવો ધંધો કે નોકરી અમનેજ કેમ નથી મલતા !" આવી રીતના અસંખ્ય પ્રશ્નો દરેક સુધરેલા દેશોમાં ગરીબાઇનો રોગથી પીડાતા મનુષ્યોના મગજમાં તરી રહેલા હોય છે.

મનુષ્યને જો મોટામાં મોટી ચિંતા અને અકળામણ કરાવનાર કોઇ ચીજ હોય તો તે 'ભવિષ્યમાં આપણી શી વલે થશે' એ બીકજ છે. ઘડપણમાં ગરીબાઇ તો નહિ આવે! આપણાં બૈરી છોકરાનું પોષણ કરી શકીશું કે નહિ ! આવા આવા વહેમો હમેશાં તેમને હાયવરાળ કરાવે છે. આવી રીતના ભવિષ્ય સંબંધીના વિચારો તેમના મનમાં રહેલું આકર્ષક બળ ઓછું કરે છે અને જે ચીજની તેમને

ઘણીજ જરૂર છે તેજ અપ્રાપ્ત બને છે, અને જેની બીક અને ફીકર રાખવામાં આવે છે તે તો વધારે નજીક આવે છે.

'જે જેનું ચિંતન કરે તે તેમય થઇ જાય' આ માનસ સિદ્ધાંત અનુસાર આપણા માનસિક વલણો આપણને જેની બીક રહે છે તેજ આપણી પસે લાવી આપે છે

જે જે બાબતનો તમારા મનને તમે વિચાર કરવા દો છો તે તમે અજાણપણે પેદા કરો છો. જો તમે મુશીબતો અને ગરીબાઇનો હમેશાં વિચાર કરો. જો તમને એવી બીક રહે કે તમારા કામમાં તમે નિષ્ફળ થશો અથવા તો તંગીના દિવસો કદાચ આવશે, તમારો ધંધો રોજગાર ઘટી જાય તો શું થાય એવા વિચારો હમેશાં મનમાં આવ્યા કરે તો ચોક્કસ જાણજો કે તેથી તો તમારો રોગ ઉલટો વધે છે; તમે વધારે ખરાબ સ્થિતિમાં ફસતા જાઓ છો.

દુનિયામાં અસખ્ય સ્રી પુરૂષો એવાં છે કે જે સુખ સગવડની કદી આશા રાખતાં નથી. પેટ પૂરતું અનાજ અને થોડાં કપડાંજ ઇશ્વર આપ્યા કરે તો બસ છે, એવું તેઓ ધારે છે. એવા વિચાર કરનારાઓ તેનાથી આગળ કેમ જઈ શકે ? તેઓ તંગીના વખતની, ગરીબાઇના દિવસોની આશા રાખે છે અને પછી તેમને તે મલ્યા શિવાય કેમ રહે ?

દુનિયામાં ઘણાં મનુષ્યો એવા છે કે જેઓ સુખ આબાદાની અને ફતેહની ઇચ્છા રાખે છે પણ તેમને તે મળશે એમ

ખાત્રી હોતી નથી. તેમના અંતરમાં તો તેમની ઇચ્છાથી વિરૂદ્ધની સ્થિતિની ખાત્રી રાખે છે. જયાં સુધી એક માણુસના મનમાં અપૂર્ણતાના, તંગીના અને ગરીબાઇના ચિત્રો ભરેલાં હોય છે ત્યાં સુધી તે કદી આબાદ થતો નથી. 'આ દુનિયામાં તે આપણુને મળશેજ' એમ ખાત્રીથી મનાતું નથી તો તેવી ચીજો આપણુને કદી પણુ મળતીજ નથી. એકાદ કાર્ય આપણુથી બનશે કે કેમ એ સંબંધી સંશય હોય તો તે કરવાની આપણી શક્તિ હશે તોપણુ આપણે કદી કરી શકીશુંજ નહિ.

એક છોકરો કોલેજમાં ભણુતો હતો; તેને ખાત્રીથી લાગતું કે તે પરીક્ષામાં પાસ થાય એમ નથી. અને તે નાપાસજ થતો. તે ઘણો અભ્યાસ કરતો પણુ આ નાપાસ થવાની બીક તેને નડતી. તેણુ બિચારાએ નિષ્ફળતાની આશા રાખવાની ટેવ પાડી હતી અને જો એવી ટેવ નહિ છૂટે તો નિષ્ફળતા તેના જીવનની છેલ્લી ઘડી સુધી તેની સાથે, તેના કર્મમાં ચોંટેલી રહેશે.

દરેક નાતમાં દરેક ધંધામાં ઘણાં સશક્ત અને પ્રામાણિક મનુષ્યો દુનિયામાં આગળ વધવા માટે સખત મજુરી કર્યા કરે છે. જો કે તેઓ દરરોજ તન તોડી મહે-નત કર્યા કરે છે તોપણુ તેમના વિચારો તો જૂદીજ દિશામાં કાર્ય કરતા હોય છે

તત્વજ્ઞાનનો નિયમ.

તત્વજ્ઞાનનો એવો એકે નિયમ નથી કે જેથી તમારા મનમાં જે હોય, જે ચીજ ઉપર તમે એકાગ્રચિત્તે ધ્યાન કરતા હો તેનાથી વિરૂદ્ધની ચીજ કદી પણ પેદા કરી શકાય. જો તમે અકળાતા હો, જો તમને ચિંતા અને શંકા હોય, અને તમે કઠણ વખતની તથા બૂરા જમાનાની વાતો કર્યાં કરતા હો તો તેવીજ રીતે તમારો ધંધો, તમારો વ્યવહાર સંકુચિત થયા વગર રહેવાનોજ નથી. એને બદલે જો તમને દૃઢ શ્રદ્ધા હોય કે હવે સ્થિતિ સુધરતી ચાલી છે તો તમે એવો વિચાર પ્રવાહ ચાલુ કરો છો કે જે તમારા પ્રયત્નોને અસીમ બળ આપે છે; એથી ઉલટું સંશય, નિરાશા અને નિષ્ફળતાના ભયથી લચીપચી રહેલો વિચાર-પ્રવાહ તમારા બળવાનમાં બળવાન શારીરિક પ્રયત્નોને ઢીલા કરી નાંખશે.

તમારા ગ્રહ કેવા છે? વાંકા કે સીધા?

વ્યાવહારિક જીંદગીની શરૂઆત કરતી વખતેજ પોતાની જીંદગી ફત્તેહની બાજીરૂપ થવાની છે એવી વિજયી છટાથી જીવનની બાજી શરૂ કરવાને બદલે ઘણા યુવકો એવી ભ્રાંતિ સાથે જીવન શરૂ કરે છે કે તેઓને ફતેહ મળે એવું તેમનું બંધારણ નથી, તેમનો રાહુ કે મંગળ, શુક્ર કે ચંદ્ર બારમે કે ચૌદમે ઘેર બેઠેલો છે. આવા વિચારો આવવાનું કારણ એ હોય છે કે તેઓ નિષ્ફળતાના વાતાવરણમાં ઉછરેલા હોય છે,

અને ગરીબાઇના આદર્શો તેમના મગજમાં રચીપચી રહેલા હોય છે. ફરી ગરીબાઈ ન આવે તેની સાવચેતી રાખવાનું, તંગીને માટે બચાવવાનું અને સાધારણ સ્થિતિમાં રહેવાનું તેમને શિક્ષણ મળેલું હોય છે.

તમારા હૃદયમાં કોતરી રાખો, વહાલા વાચક અંતરમાં લખી રાખો કે દયાસાગર પ્રભુએ વિશ્વના ભંડારણમાં સઘળું શુભ ભરી રાખ્યું છે. શુભ વસ્તુઓ આપણા સુખને અને ઉપયોગને માટે રાખેલી છે. આપણે દુઃખી થઇએ અને ભૂખે મરીએ એવું તો તેણે બીલકુલ રાખ્યુંજ નથી આપણે ઈશ્વર અને જીંદગી તરફ જે માનસિક વલણ રાખીએ છીએ તેને લીધેજ આપણે નિષ્ફળ અને દુઃખી થઇએ છીએ. સશક્ત બાપના છોકરાંઓ જે ગૌરવ ભરેલી સ્થિતિમાં રહે તેવી સ્થિતિને બદલે આપણામાંના ઘણા ભીખારી જેવાં રહે છે અને ભીખારી જીવન છેવટ સુધી ગાળે છે.

ખરાબમાં ખરાબ ચીજ એ છે કે ઘણાંઓ ગરીબ સ્થિતિ જોડે અનુકુળ થઇ જાય છે. તેઓ માને છે કે તેઓ ગરીબજ રહેવાનાં, અને એમાં બીજો ઉપાયજ થઈ શકે એમ નથી એવી તેમની ખાત્રી થાય છે. આજે ગરીબ છીએ માટે હમેશાં ગરીબ રહેવાનાજ એવો વિચાર કરવાની ટેવ એ એક ભારે પક્ષઘાત કરનારી ટેવ છે.

કેટલાક લાંબા કાળ સુધી કોઈ પણ સ્થિતિમા રહેવાની આપણે ટેવ પાડીએ છીએ ત્યારે તે જીંદગીનું બંધારણ રૂપ થઈ જાય છે. અસંખ્ય મનુષ્યો ગરીબાઇના વાતાવરણ માં એટલાં બધા ટેવાઇ જાય છે અને પોતે હમેશાં ગરીબ રહેવાના એવું એટલી બધી ખાત્રીથી માની લે છે કે તેઓ ગરીબાઈથી દૂર જવાને માટે જરૂરનાં સાધારણ પગલાં પણ ભરતા નથી. તેઓને એટલી પણ ખબર નથી કે જે પ્રથમ પગલું તેઓને ભરવાનું છે તે ફકત માનસિકજ છે. આમ કરવાને બદલે તેઓ પોતાની ગરીબાઇનો વિચાર કરી ગરીબાઇની સ્થિતિમાં વધારેને વધારે ઉંડા દબાતા જાય છે.

અસંખ્ય બાળકોનું મન શરૂઆતના વર્ષોમાંથીજ ગરીબાઈનાં સૂચનથી પચી રહેલાં હોય છે. તેઓ ગરીબાઇના વાતાવરણનો શ્વાસ લે છે, તેમના કોષમાં ગરીબાઈને લગતા શબ્દોનો સંગ્રહ વધારે ભરેલો હોય છે. તેમના મા બાપ તેમની આગળ પોતાની કઠણ સ્થિતિનાં રોદણાં રડે છે, અને વાતો કરે છે. ગરીબીમાં જન્મી હવે ગરીબ રહી મરીશું આવા વિચારોના માનસિક વાતાવરણમાં ઉછરેલા છોકરાંઓને જે ગરીબાઇની ટેવ પડે છે તે છૂટવી કે છોડાવવી ઘણીજ મુશ્કેલ થઇ પડે છે.

ઘણાજ ગરીબ મનુંષ્યોને નિષ્ફળતાનો અને નિરાશાનો જે ચેપ લાગે છે તથા દરેક ચીજની નિરાશાવાળી બાજુ

જોવાની જે ટેવ તેમને પડે છે તે બહુજ ભયંકર છે. એક ગરીબ છોકરો, જે પોતે કોલેજમાં જઈ કેળવણી લઈ મોટું નામ કાઢશે એવા દિવસોનાં સ્વપ્નાં આશા ભરી રીતે અને ખાત્રીથી જોતો હોય તો તેની માનસિક વલણુ અને જેવો ચહેરાનો દેખાવ હોય છે તેમાં અને એવીજ સ્થિતિમાં મૂકાયલો બીજો ગરીબ છોકરો જેણે કેળવણી મેળવવાની બધી આશાઓ મૂકી દીધી છે તથા પોતે ગરીબાઇમાંથી કદી આગળ વધે એમ નથી એવી જેને ખાત્રી થઈ છે તો તેના માનસિક વલણુ અને ચહેરાના દેખાવમાં બેહદ તફાવત રહેલો નથી જણાતો?

એક વખત લંડનના ટાઈમ્સ વગેરે પત્રનો માલીક લોર્ડ નોર્થકલીફ 'ડેલીમેલ' પત્રની ઓફીસમા ગયો જયાં તેના સબ એડીટર જોડે તેને નીચે મુજબની વાત થઇ,

"તમે અહીં આ જગ્યા ઉપર કયારથી કામ કરો છો?" નોર્થકલીફે પુછ્યું,

"છ માસથી હું અત્રે કામ કરૂં છું." જવાબ મળ્યો.

"તમને શુ પગાર મળે છે અને તમને તેથી સંતોષ થાય છે કે?" લોર્ડ નોર્થકલીફે ફરીથી પુછ્યું.

"મને અઠવાડીયે ૧૦૫ રૂપીઆ પગાર મલે છે અને સાહેબ, તે પૂરતો છે, એટલુંજ નહીં પણુ મને થોડી પુરસદ પણુ મળે છે." સબ એડીટરે જવાબ આપ્યો. લોર્ડ નોર્થકલીફ આથી અજાયબ થયો અને બોલ્યો.

"શું આટલાથી તમને સંતોષ થાય છે ! ત્યારે તમે મારી નોકરીમાં રહેવા લાયક નથી. મહેરબાની કરી તમારો પગાર ચુકતે લઇ ચાલતા થાવ હું થોડામાં સંતોષ માનનાર તથા આગળ વધવાની ઇચ્છા ન રાખનાર મનુષ્યોને મારી ઓફીસમાં રાખવા માગતોજ નથી"

આ લોર્ડ નોર્થક્લીફ ગરીબ મટી મોટો સત્તાધારી બન્યો છે. તે જીવનના સૂત્રો સારી રીતે સમજે છે. લોડ નોર્થક્લીફે દાદાના વખતની ચાલતી આવતી રીતમાં ઘણો ફેરફાર કર્યો છે. પૂર્વે આમ થતું હતું,' 'જુની રીત આ છે,' 'આ પ્રમાણે સદા કરતા આવ્યા છીએ' આ બધી બીના સાથે તેને લેશ પણ લેવા દેવા નથી. અમુક સડકેજ જવું એ એને માન્ય નથી. ઇંગ્લાંડ જેવા દેશમાં જયાં અમુક ચાલતી આવેલી પ્રણાલીને માનની નજરથી જોવામાં આવે છે ત્યાં આવી પ્રણાલીને બાજુએ રાખી કામ કરનારને બંડખોર લેખવામાં આવે એમાં કંઇ નવાઈ નથી; પણ ખરી રીતે જોઇએ તો નવિન ઢબે કામ કરવામાં, એ નિર્જીવ, નકામી પ્રણાલીને બહિષ્કાર કરવામાંજ તેની કાર્યક્ષમતા છે એમાં જરા પણ સંશય નથી. જયાં દારૂગોળાનો દુકાળ હતો ત્યાં દારૂગોળાનો સુકાળ કરાવ્યો, જે રાજનીતિજ્ઞ ત્રણ વર્ષ સુધી લડાઇના સમયમાં મંત્રીપદે વિરાજતો તેને પળમાં પાણીચું અપાવ્યું. જે પ્રધાન મંડળ દુર્ભેદ્ય મનાતું હતું તેને જમીન દોસ્ત કરાવ્યું. અને આ સર્વ એકજ માણસે કર્યું !

એવો મનુષ્ય થોડાથી સંતોષ માનનારા માણુસોને પોતાની પાસે કેમ રાખે? આપણી સ્થિતિ બદલી શકીએ તે પહેલા આપણે આપણા વિચારોને બદલવા પડે છે. દરેક કામમાં વિચાર આગળ જાય છે. જ્યાં સુધી તેઓ વિચાર કરે છે કે બીજા ભાગ્યશાળી છે અને આપણે કમનસીબ છીએ, જ્યાં સુધી તેઓ પોતાના કઠણ કરમની વાતો કરવાનું જારી રાખે તથા વિચાર કરે કે ફકત પૈસાદાર લોકો દુનિયામાં જે કાંઇ ઉત્તમ છે તે મેળવ્યા કરે છે જયારે તેમને તો તેમનું વધેલું કે કુચરા જેવુંજ હોય તે મળે છે ત્યાં સુધી તેઓને તેથી વધારે સારૂં કદિ પણ મલશે નહિ.

જે માણુસો હમેશાં દુઃખવાળા હોય છે તેમની જેમ આરોગ્ય તરફ માનસિક વલણ રહે છે, તેમ ઘણાં ગરીબ માણુસોની ગરીબાઇ તરફ માનસિક વલણ રહે છે. જેઓને માંદલા રહેવાની ટેવ પડી છે તેઓ તદન સારા થવાની કદી પણ આશા રાખતા નથી. કોઇ એકાદ રોગ તેમના શરીરમાં વધે છે એવું તેમને લાગે છે. દરેક રોગોના લક્ષણોની તેમને ખબર હોય છે. આ નહિ, તો પેલો એમ કોઇને કોઈ એકાદ રોગ કે શરીરની અશક્તિ તેમને લાગુ થઇ છે એવી તેઓ કલ્પના કરે છે. આરોગ્ય મેળવવાનો તેમને માટે રસ્તો એ છે કે આરોગ્યનો વિચાર કરવો, આરોગ્ય તેમને મળે છે એવી આશા રાખવી, તેને હંમેશાં મનની

સમીપ રાખવું તથા ખાત્રીથી માનવું કે આરોગ્યજ નાશ ન પામે એવી ચીજ છે. આરોગ્યનો અભાવ તે રોગ, એ ઘણે ભાગે અયોગ્ય માનસિક વલણો, પોતાના વીચારોના ઝેરથી અને કુદરતી કાયદાઓનુ પાલન ન કરવાથી ઉદ્‌ભવેલ હોય છે. જો આપણે સારા થવું હોય તો તનદુસ્તીના નિયમો પાળવા જોઈએ. જે મુજબ આપણે માનસિક તનદુરસ્તીના નમુનાને (મોડેલ) જેટલું આરોગ્ય આપીશું તેટલુંજ આરોગ્ય આપણા શરીરને મળશે. આપણે જેવી તનદુરસ્તીના વિચારો સતત જોયા કરીએ છીએ તેવી તનદુરસ્તી આપણા શરીરમાં અચુક દેખાશે. ગરીબાઇને માટે પણ આવોજ નિયમ છે. જે મનુષ્યો સારો ખોરાક અને સારાં લુગડાં તથા સુખ માટે પુરતું કમાઈ શકે એમ માનતા નથી તેઓ કેમ આગળ વધી શકે! જેઓ જેમ તેમ કરી પેટ ભરી શકે એટલું મેળવવાની આશા રાખી સખત મહેનત કર્યા કરે છે તેમને તેટલુંજ મળે એમાં નવાઈ શી?

ગરીબાઇનો રોગ વધારે મજબૂત બને છે.

ઘણાં ગરીબ મનુષ્યો નોકરી મેળવવા કે ધંધો મેળવવા નીકળે છે ત્યારે જુઓ તેઓ કેવું દયામણું મોં રાખે છે! તેમના કપડાં કેવાં હાલહવાલ અને મેલાં હોય છે. તેમનાં કપડાં પહેરવાની રીત, તેમની આંખો, વગેરે તેમના મનમાં રહેલા વીચારોનું પ્રદર્શન કરાવી સાક્ષી પૂરે છે.

જો આ મનુષ્યો ધંધો કે નોકરી મેળવવા જતા પહેલાં સારા કપડાં ન મળે તો જે છે તેજ કપડાં ધોઇ સાફ કરી પહેરે, પોતાના શરીરને સફાઈદાર શુદ્ધ બનાવે ચહેરો આશાથી પૂર્ણ કરે શરીરમાં તેટલા વખત માટે પણ સ્ફુર્તી અને જુસ્સો લાવે અને ઉંચુ જુએ તો તેમને માટે થોડી ઘણી પણ આશા રહે છે. જો તેઓ આવી રીતે માનસિક જુસ્સો રાખે અને સુઘડતાઇથી જઇ નોકરી કે ધંધો મેળવવા પ્રયત્ન કરે તો જરૂર તેમને પહેલા કરતાં કામ પાર પાડવાના દશગણા વધારે સંજોગો રહેશે.

મવાલી જેવા ગરીબ દેખાવથી ગમે તેટલી આજીજી કરશો તોપણ તમારી પાસે કાયમ રહે એવું કાંઇ તમે મેળવી શકશો નહિ. દુનિયાને બતાવો કે તમારી પાસે પણ કાંઇક જુસ્સો છે, તમે પણ કાંઇક કરી શકો એમ છો. બીજાં મનુષ્યો સ્વતંત્ર રહી શકે એમ છે તેમ તમે પણ સ્વતંત્ર રહી શકો એમ છો, અને તે માટે સખત મહેનત કરવા તૈયાર છો, તો તમને કાર્યનું ક્ષેત્ર જરૂર મળ્યા વગર રહેવાનું નથી.

એક માણુસ ધંધો કે નોકરી મેળવે તે પહેલાં તેણે પ્રથમ પોતાનામાંજ શ્રદ્ધા પ્રકટાવવાની છે, તથા ફત્તેહ મળશેજ એમ આશા રાખાવાની છે. તેને બતાવવું પડશે કે તેની પાસે પણ ઘણી ગુપ્ત શક્તિ રહેલી છે તથા તેમાં

ફ-તેહ મેળવવા માટે જે લોહી અને જુસ્સો જોઇએ તે પૂરતો છે કારણકે તે સિવાય કોઈ તેને રાખશે નહિ-નિર્માલ્ય મવાલી મનુષ્યોની કોને જરૂર પડે?

જો તમે ગરીબાઇની ચુંગાલમાં એટલા તો સખત ફસી પડયા હો કે જેથી તેનાથી દૂર ખસી જવાની તમારી ઇચ્છા પણ તે લૂટી લે તો નક્કી માનજો કે તમે તમારા પોતાના વિચારોના ઝેરથી સખત રીતે પીડાઓ છો. અરે અસંખ્ય જીંદગીઓ આથી કડવી થઈ ગઇ છે. તેમનાં સુખ તનદુરસ્તી અને આબાદાની જતી રહી છે.

ગરીબાઇ હમેશાં એક રોગજ છે.

જેમ ક્ષય કે શીતળાનો રોગ છે તેમ ગરીબાઇ પણ એક રોગ છે. માનવ શરીરમાં જેમ આ રોગોને માટે કુદરતી રીતે સ્થાન નથી તેમ ગરીબાઇને માટે પણ નથી. એવુંજ નિષ્ફળતાનું પણ સમજવું. બીક, ગભરાટ, ચિંતા આ બધા માનસિક રોગો છે જેમાંથી ઘણાજ ઓછાં મનુષ્યો બચી જતા જણાય છે. પણ હવે જેમ ક્ષય વગેરે ભયંકર રોગો માટે તેની વિરૂદ્ધની રસીઓ શોધી કાઢી છે તેમ આપણે ધીમે ધીમે આ તનરસ્તી, સુખ અને કાર્ય સાધકતાનો નાશ કરનારા રોગોનું ઝેર નાશ કરવા માટે નવી જાતની તેમની વિરૂદ્ધની રસીઓ શોધી કાઢવા ફ-તેહમંદ થઇએ છીએ.

અસહ્ય ગરીબાઈ પોતાના શિકારને ધીરે ધીરે નાશના ઉંડા ખાડામાં લેઇ જાય છે. આથી મનુષ્ય જીવવા માટે ટુકડાઓ મેળવવા સખત મથન કરે છે. જયારે તે પણ મલતા નથી, ત્યારે તં પોતાને ભૂખે મરતો અટકાવવા ગુન્હા કરવા ઉશ્કેરાય છે; અને જો તે એટલેઃ મગરૂર હોય કે ભીખ માગે નહિ અને ચોરી કરે નહિ તો તે આવા ધીમા ઘાતકી મોતને શરણ થવાને બદલે આપઘાત કરી જીંદગીનો છેડો લાવે છે. હિંદુસ્થાનમાં બાલ મરણનું ભયભીત પ્રમાણ છે તે શું બતાવે છે? જયાં સૂર્યનો પ્રકાશ નથી અને ધુમાડાથી ઘેરાયલાં ગંદા ઘરમાં રહેલાં છોકરાં જેમની સારી બરદાશ થતી નથી તે મોતને વશ થઇ મૃત્યુ પામે છે. આ ઈશ્વરની પેદાશના દુરૂપયોગનું કેવું ભયંકર દૃશ્ય બતાવે છે. જો આવા વિકટ સંજોગોમાં થી તે જીવે છે તો નાના છોકરા અને છોકરીઓ પોતાનો બાળક તરીકેનો આનંદ ભોગવવાના હકો ખોઇ મીલો અને કારખાનાઓમાં પોતાનું ગુજરાન કરવા ભરાય છે, અને મોટી ઉમરે પહોંચતાં તેમને પોતાની જીંદગી રોગ અને દુઃખથી ખારી થયેલી માલૂમ પડે છે. આવું જીવન ઘણા મનુષ્યોને ગુન્હા આપઘાત અને ગાંડપણ તરફ આકર્ષે છે. દુનિયામાં જે જે અજ્ઞાન છે, જે જે ગુન્હા બને છે, જે જે અસંતોષ અને દુઃખ માલૂમ પડે છે અને આપઘાત થાય

છે તેનો મોટો ભાગ ગરીબાઇથી બને છે. અને તેથી ગરીઓનો નાશ કરવા માટે પ્રથમ ગરીબાઈનો નાશ કરવો જોઇએ.

જો આપણે એક પ્રજા તરીકે આગળ વધવું હોય, જો સુધારામાં આગળ વધવું હોય તો પ્રથમ ખાસ આ ગરીબાઈને આપણી વચ્ચેથી નાબુદ કરવી જોઇએ. આ ગરીબાઇનો રોગ, આ શ્રાપ કાંઇ ઇશ્વરે મોકલેલો નથી એ તો ઘણે ખરે અંશે અજ્ઞાનનું પરિણામ છે. જો દરેક મનુષ્ય પોતાની શકિતઓ સમજતો હોય, અને કામ કરવા રાજી હોય અને તે શક્તિઓનો ઉત્તમોત્તમ ઉપયોગ કરી શકતો હોય તો આ દુનિયા ઉપરના દરેકે દરેક મનુષ્ય સુખમાં રહી શકે. જેમ જૂદી જૂદી જાતના ઝેરના મારણ (અનુપાનો) બધા જાણે છે તેમ ગરીબાઇનું મારણ અને અનુપાનનું જ્ઞાન સર્વત્ર ફેલાય તો અહીં કોઇ ગરીબ રહી શકેજ નહિ.

કેટલાક ભયંકર રોગોની મારણ રસીઓ ખોળી કાઢવામાં આવી છે, પણ હજુ વ્યવહારૂ ઉપયોગમાં સહિસલામત અને ઉત્તમ રીતે કેમ મૂકવી તે બાબતમાં દાકતરોમાં ઘણો મતભેદ છે. જ્યાં સુધી તેમનો વ્યવહારમાં ઉપયોગ થઇ ચોકસાઈથી તેના ફાયદા નક્કી કરી ન શકાય ત્યાં સુધી તેનો ઉપયોગ સંકુચિત પ્રમાણમાંજ રહેશે. તેવીજ રીતે આ ગરીબાઇના મારણના ઉપાયનું જ્ઞાન સર્વત્ર ફેલાશે અને તેનો વ્યહારમાં ઉપયોગ થશે ત્યારેજ આપણે આ રોગ ઉપર વિજય મેળવી શકીશું.

માનવજાતિ જેમ જેમ વધારે કેળવાતી જાય છે અને જ્ઞાન વધે છે તેમ તેમ અસાધ્ય ગણાતી એવી ઘણી સ્થિતિઓ અને સંજોગોને વધારે પ્રમાણમાં નિર્મૂળ કરવા લાગી છે. અત્યાર સુધીનાં વિજ્ઞાન અને કેળવણીએ જે જે દુઃખો ઉપર વિજય મેળવ્યોછે તેમાંના ઘણાંને માટે લોકો પહેલાં માનતા હતા કે એ તો ઇશ્વરે આપણા પાપની અને અધર્મની સજા કરવા માટે મોકલ્યાં હતાં. આજથી સો વર્ષ ઉપર જે રોગો મનુષ્ય હૃદયમાં ભયંકર ધાસ્તી ફેલાવતા હતા તથા જેનાથી ડરીને લોકો નાસી જતા હતા તેની આજે કોઇ બીક રાખતું નથી. વચલા જમાનામાં હજારો લોકોનો જે મરકી ઘાણ કાઢી નાખતી હતી તેની ઉપર આજે જ્ઞાન અને વિજ્ઞાને કાબુ મેળવ્યો છે, આજે આપણને તેવી મરકીની બીક હવે લાગતી નથી કારણ કે આપણે તેનાં કારણોનો નાશ કર્યો છે. આપણે જાણીએ છીએ કે આ રોગોનું કારણ ઈશ્વરનો ફટકો નહિ પણ આપણી અજ્ઞાનતા હતી. એનો અટકાવ હોમ હવન કે માતાનો પાઠ કે દેવનો વરઘોડો નહિ પણ આરોગ્યના નિયમની જાળવણી તથા વિજ્ઞાનના જ્ઞાનની અને તનદુરસ્ત બનાવે એવી રહેણીથી થાય છે.

જયારે માનવ જાતના આટલા બધા દુશ્મનોને આપણે જ્ઞાનથી, વિજ્ઞાનની રીતોથી અને વિચારના બળવડે

જીત્યા છે તો તેજ ઉપાયો વડે બધાજ શત્રુને જીતવું શું બની શકે એમ નથી? ગરીબાઈ એક મરકી છે, એ એક માનસિક રોગ છે, જેને વિજ્ઞાનની રીતોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવાથી મટાડી શકાય છે. આપણે તેના કારણો ને દૂર કરી શકીએ એમ છે.

ગરીબાઇના રોગને મટાડવા માટે એકાદ ડાકતરને બોલાવવાની જરૂર નથી. આમાંતો રોગી પોતેજ પોતાનો ડાકતર થઇ શકે છે. તે પોતેજ પોતાને સારો કરી શકે એમ છે. જો તમે આ રોગથી પીડાતા હો અને તમારે સારા થવાની ઇચ્છા હોય તો હવે પછીનું પ્રકરણ ખુબ ધ્યાનથી વાંચો.



પ્રકરણ ૮મું.

જાહોજલાલીનું લોહચુંબક અથવા આબાદાનીનું કેન્દ્ર.

ગરીબને ગરીબાઇમાં સુખી બનાવવા કરતાં તેમને તે સ્થિતિમાંથી બહાર આણવામાં સહાય કરવી એજ તેમનું કલ્યાણ કરવાનો વધારે સારો રસ્તો છે, બેન્જામિન ફ્રાન્કલિન.

તારૂં પોતાનું પૂરૂં થાય એટલું કમાવાથી સંતોષ માનીશ નહિ. પરંતુ અન્યનું પણ પોષણ થાય તેટલું પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરજે. વળી એવું તો કદી નજ બનવા દઇશ કે તારાથી આપી શકાય તેવો આધાર ન મળવાથી કોઇ મનુષ્ય મરણ પામ્યો સમટ

એક ફુલમાં ઝાકળનું બિંદુ છે અને બીજામાં નથી તેનું કારણ એ છે કે એક પોતાની પાંખડીઓ ઉઘાડી રાખી ઝાકળ અંદર લે છે, અને બીજું પાંખડીઓ બંધ રાખે છે અને ઝાકળના બિંદુઓ નીચે સરી પડે છે. હેન્રી વોર્ડ બીચર.

તમે આજની તમારી સ્થિતિથી અસંતોષી છો? એ તો તમારી ગઇ કાલની વાવણીનું પરિણામ છે. નર્મદ

ઇશ્વરે આપણું બંધારણજ એવું રચ્યું છે કે જેથી આપણે જે પ્રવાહ પ્રથમ બહાર મોકલીએ છીએ તેના પ્રતિબિંબરૂપ પદાર્થો આપણા જીવનમાં આવી મળે છે. જે જે વિચારો તમે બહાર મોકલો છો તેને અનુસરતા સંજોગો આ દ્દશ્ય દુનિયામાં તમારા તરફ આકર્ષાઈ આવે છે.

હરેક મનુષ્ય એક બળવાન લોહચુંબક જેવો છે, જેની આકર્ષક શક્તિ કોઇ પણ ઇચ્છિત દિશા તરફ યોજી શકાય. હરેક મનુષ્ય એવી રીતે તેની શક્તિઓને યોજી શકે કે જેથી તે જેની ઇચ્છા કરે તે તેના તરફ ખેંચાઇને આવે.

તમે તમારા જીવનને અસરકારક બનાવો તે પહેલાં તેને અસરકારક બનાવનારી ચીજો ખેંચવા સારૂ તમારી જાતને લોહચુંબક જેવી બનાવવી પડશે. તમારી મહત્વાકાંક્ષાઓ સંતોષવા માટે, તમે તમારા કાર્યો ફ-તેહમંદ રીતે પાર પાડો તે માટે જે કાંઇ મદદરૂપ થાય તે સઘળું તમારા તરફ આકર્ષવાને માટે તમારે આકર્ષણ કેમ કરવું તે પ્રથમ શીખવું પડશે.

જો ગરીબાઈ તમને દબાવી રાખતી હોય તો તમારી જાતને જાહોજલાલીનું લોહચુંબક બનાવી તેની ઉપર વિજય મેળવવો પડશે. અખુટ સાધનોના એક મોટા પ્રવાહની વચ્ચે આપણે રહેલા છીએ, અને આવા પ્રવાહમાંથી પોતાને જરૂરની ચીજો ન લઈએ તો તેમાં બીજા કોઇનો નહિ, પણ આપણો પોતાનોજ વાંક છે. આપણે જીવનમાં જે જે મેળવીએ છીએ તે સઘળું આકર્ષણના કાયદાને અનુસરી મેળવીએ છીએ. જે જે અત્યાર સુધી તમે ભેગું કર્યું છે

તે સઘળું તમારા માનસિક વલણને અનુસાર થયું છે. તમે કદાચ કહેશો કે એ તમારી મહેનતથી કમાઇ પૈસા પેદા કરી મેળવ્યું છે જો કે એ ખરૂં છે પણ તમારા પ્રયત્ન અને તમારી મહેનત પહેલાં હમેશા વિચાર અને હેતુ આગળ ઉભો રહેલો હોય છે અને કાર્યો પાછળથી બને છે.

માનસ તત્વજ્ઞાનનો એક મુખ્ય નિયમ એ છે કે તમારી માનસિક આંખે જે ચિત્રો જુઓ છે:, જે વિચારોને તમારા મગજમાં સ્થાન આપો છો તે બધા તમારી બહારના સંજોગો દરરોજ રચ્યા કરેછે. આ અદ્દષ્ટમાં અવિશ્રાંત કાર્ય કરનારાં ખરેખરાં બળ છે. જેમ જેમ તમે સારી સ્થિતિના ચિત્રો જોયા કરશો અને તેનો વિચાર કરશો તેમ તેમ તે ચિત્રો દૃશ્ય જગતમાં દર્શાવવાની તમારી શક્તિઓ વધતી જશે. આથી જે ચીજની તમે ઈચ્છા રાખો છો તે ચીજો આકર્ષવા માટે તમે લોહચુંબકરૂપ બનશો.

જો તમારે જાહોજલાલીનું લોહચુંબક થવું હોય તો તમારે તમારી જાહોજલાલીનોજ વિચાર કરવો પડશે; એટલુંજ નહિ પણ તમારે દ્દઢતાથી ગરીબાઈ તરફ પીઠ ફેરવવી પડશે. આજેજ તે શરૂ કરો. એ માટે કાલ ઉપર કે કોઈ બીજા દિવસ ઉપર થોભશો નહિ. જો તમે આબાદ દેખાતા ન હો તો ગમે તેમ કરી તેવો દેખાવ

ધારણ કરો. એક આબાદ સ્ત્રી પુરૂષ માફક પોશાક પહેરો, તેના જેવુ ચાલો, તેના જેવો વિચાર કરો અને વર્તન કરો. માનસિક રીતે રોગ મટાડનાર (એવા સેંકડો માણસો હાલ રોગ મટાડે છે) માનસશાસ્ત્રી જે રોગ મટાડવાનો હોય તો તે થતાં ભયંકર પરિણામો અને તેના દેખાવોનાં ચિત્રો પોતાના મગજમાં રાખે અને જુએ તો કદી તે બીજાના રોગ મટાડી શકે એમ નથી પણ ઉલટું તેને પોતાનેજ તેવો રોગ થવાનો સંભવ રહેછે. તેણે જેમ પોતાના દરદીને તનદુરસ્ત સ્વચ્છ ઇશ્વરના બાળક રૂપ અને રોગ મુક્ત માનસિક રીતે જોવો જોઇએ અને તેનું દૈવી સ્વરૂપ સિવાય બીજી સ્થિતિ જોવા ના પાડવી જોઇએ તેમ ગરીબાઈના રોગમાંથી મુક્ત થવા તમારે પણ તેવુંજ કરવાનું છે. જો તમારે આબાદ થવું હોય તો તમારે આબાદાનીના વિચારો તથા જાહોજલાલીના ચિત્રો મન સમીપ રાખવાં જોઇએ ગરીબાઇને જોવાનું અથવાતો તેની સત્તાને માન્ય કરવાનું તમારે ના પાડવું પડશે. સૌથી પ્રથમતો તેને તમારી રીતભાતમાંથીજ નાબુદ કરવી પડશે. તેનું નામ નિશાન પણ તમારા માનસિક વલણોમાંથી છેકી નાંખવું પડશે, એટલુંજ નહિ પણ તેને તમારા ચહેરાના દેખાવમાંથી બને તેટલું કાઢી નાંખવું પડશે. જો તમે શરૂઆતમાં સારાં કપડાં પહેરી શકવા શક્તિવાન ન હો અથવા સારા

ઘરમાં રહીશકો એમ ન હોય તો પણ તમે આશાના અને ઉત્સાહના કિરણો ફેલાવી શકો એમ છોજ. આટલું કરવું એ તો તમારો જન્મસિદ્ધ હક્ક છે અને જ્યાં આટલું પણ થયું કે તમારી આજુબાજુ બધે આ પ્રકાશનાં પ્રતિબિંબો દેખાવા માંડશે.

આબાદાની પ્રથમ તો મનમાંજ શરૂ થાય છે. પ્રથમ તો તમારા વિચારોમાંજ તેનો પાયો નાંખવો જોઈએ. તમે બહુ સારી રીતે યાદ રાખો કે જે જે તમારા મનમાં વસે છે તેના વડેજ ફક્ત તમે તમારા સંજોગો પેદા કરી શકશો.

કેટલાંક મનુષ્યોને માટે આપણે સાંભળીએ છીએ કે "તેઓ હમેશાં નસીબદાર હોય છે. દરેક ચીજ જે તેમને જોઈએ છે તે તેમના રસ્તામાંજ આવીને પડે છે." તેમને જોઈતી ચીજો તેમના રસ્તામાં આવી પડે છે તેનું કારણ ફક્ત એજ છે કે તેમના મનમાંથી અદૃષ્ટ વિચારના બળો પોતે નિશ્ચય કરેલા સ્થાન તરફ સતત પ્રયાણ કર્યા કરતાં હોય છે. **જેટલા બળમાં અને ઝડપથી આ વિચારના બળો આપણે મોકલીએ છીએ તેટલા પ્રમાણમાં સંજોગો અને ચીજો આપણા રસ્તામાં આવી પડે છે.**

ગરીબોને પ્રથમ મદદ કેવી રીતે આપી શકાય? તેમને સારી ચીજોના વિચાર કરવાનું શીખવવું એજ

પ્રથમ અને તાત્કાળિક મદદ છે. પોતે સારા સગવડવાળા ઘરમાં રહે છે, સારા કપડાં પહેરવા મળે છે, માનવ જાતની સેવા કરવા માટે, ઉત્તમોત્તમ કાર્ય કરવા માટેની સ્થિતિ પ્રાપ્ત થઇ છે એવાં માનસિક ચિત્રો પોતાને માટે જોવાનો અભ્યાસ પાડવો એ ફત્તેહ તરફ આપણને દોરી જનાર મોટું બળ છે.

એ અજાયબ જેવું છે કે પૈસા સિવાયની બીજી બધી બાબતોમાં ઇશ્વર આપણને મદદ કરે છે એમ આપણામાંથી ઘણા જણ માને છે. કેટલાક એમ ધારે છે કે આપણી જરૂરીઆતો માટે પૈસા માગવા એ અધર્મ છે. આપણે આપણું દુઃખ મટાડવા, આપણને શોક અને સંકટોમાંથી ઉગારવા ઇશ્વરની ભક્તિ કરીએ છીએ પણ પૈસા માટે માગણી કરવી એ અધર્મ છે એમ માનીએ છીએ.

આ ખોટું છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે એકે એક અનાજનો કોળીઓ જે આપણે મ્હોમાં મૂકીએ છીએ, જે કપડાં પહેરીએ છીએ તથા જે શ્વાસ લઇએ છીએ તે સઘળું પરમાત્મા તરફથીજ હંમેશાં આવે છે. જો આ સૂર્ય બંધ પડી જાય તો આ પૃથ્વી ઉપર એકપણ પ્રાણી રહે નહિ. સૂર્યના ઉત્સાહ પ્રકટાવનાર બળવગર, કાંઇપણ લીલી કે પ્રકાશિત ચીજ તમે જોઇ શકોજ નહિ. ચંદ્ર પણ કાળો ઠીકરા જેવો થઇ જાય. જ્યારે ઇશ્વરની

સત્તા આવા અનેક સૂર્યોને ઉપજાવે છે પોષણ કરે છે તથા આખા વિશ્વને નિયમમાં રાખે છે, અને જે સંકેલી લેવામાં આવે તો ઉલ્કાપાત થાય એમ છે તો પછી આ મહાન વિશ્વના એક ભાગ રૂપ આપણને જે કાંઇ મળે છે તે તેના તરફથી આવે છે અને તેના તરફથી વહેતા આબાદાનીના પ્રવાહ સિવાય આપણે એક ક્ષણ પણ જીવી શકીએ એમ નથી એ શું સમજી શકાય એમ નથી? જ્યારે એમ તમારી ખાત્રી થાય તો પછી આવું મહાન સાધન મૂકી પૈસા માટે શા માટે બીજાની ભણી નજર કરવી જોઇએ? સત્ય તો એ છે કે આપણે બધા સુખ રૂપ રહી શકીએ એવી આ વિશ્વની રચના ઘડવામાં આવી છે. પોતાનાં છોકરાં ભૂખે ટળવળે અને અચોકસ રીતે બેહદ વૈતરૂં કરે અને બીજાઓના તાબામાં ગુલામ જેવા રહે એવું કદી પણ ઈશ્વરે રાખ્યું નથી. દરેક માનવ પ્રાણીને સ્વતંત્રતા અને સુખમાં રહેવાનો હક છે. પોતાના હકો માટે તેમને બીજા કોઈની પાસે ભીખ માગવા જવાનું નથી, જો આપણે તેમ ભીખ માગીએ તો તેમાં આપણો પોતાનોજ વાંક છે. જાહોજલાલીનું દ્વાર દરેક મનુષ્ય માટે ખુલ્લું છે અને તે દ્વાર પોતાના સિવાય બીજું કોઇ પણ માણસ બંધ કરી શકે એમ નથી. જે ખરેખરી ગરીબાઈ છે તે ફક્ત મનમાંજ રહેલી છે અને પોતાના મનઉપર પોતાના સિવાય બીજો કોઇ

કાબુ રાખી શકે એમ નથી. આમ છે તો પછી આપણને બીજો કોણ મદદ કરશે ?

જાહોજલાલી સિવાય બીજું કાંઇ તમને આવી મળે એવો વિચાર એક ક્ષણને માટે પણ કરતા નહિ; કારણકે આબાદાની મેળવવી એ તમારો જન્મ સિદ્ધ હક છે. અને એ તમારે માગવોજ જોઇએ.

ગરીબાઇ તરફ પીઠ ફેરવી ઉભા રહો. તમારા મનમાં નિશ્ચય કરો કે તમારે હવેથી એની સાથે કાંઇ પણ લેવા દેવા નથી તથા તમે એને તમારા મગજમાં રહેવા દઇ અથવા ગરીબાઈના ચિત્રોને જોઇ કદી પણ તેને ઉત્તેજન આપવાના નથી.

આબાદ સ્થિતિ તરફ તમારી દૃષ્ટિ રાખો, તેનો વિચાર કરો અને તે માટેની રચના ર ા, તમારા સઘળા બળ વડે જાહોજલાલી મેળવવા પ્રયત્ન કરો; અને તમે તેને તમારી તરફ ખેંચશો. ધારો કે તમે ગરીબ છો અને નાના કંગાલ ઘરમાં રહો છો. છતાં પણ તે વખતે ઉપર દર્શાવ્યું તેટલું તો તમે ખસુસ કરી શકો એમ છો. ધારો તમે હવે તમારી સ્થિતિ ફેરવવાનો નિશ્ચય કર્યો છે. ત્યારે શું પ્રથમ નીચે જણાવ્યું તેટલું તમારાથી બની શકે એમ નથી ? કેમ નહિ તમે તમારી સ્રી અને છોકરાંઓ જોડે તમારી સ્થિતિ હવે દિવસે દિવસે સુધરતી જાય છે એવી

પોતે કરી શકો ? આપણી સ્થિતિ સુધારવાની બાબદ ઉપર હવે આપણું બધું ધ્યાન રોકાયું છે અને તેથી હવે ટુંક વખતમાં આપણે સારી સ્થિતિએ ચડીશું એવું એવું તમે તમારી સ્ત્રી અને છોકરાંઓ જોડે બોલી તેમને તે ચઢતી સ્થિતિ માટે તૈયાર કરી શકો એમ છો. તમે તમારા મનમાં કહો કે "ઇશ્વરના બાળકો માટે આવો કંગાળ અને ચહેરાનો દયામણો દેખાવ રાખવો અતિશય શરમ ભરેલું છે. એમ કરીને મારા માતાપિતા રૂપ ઇશ્વરને હુ નામોશી લગાડું છું, કારણકે તેનો પુત્ર થઇ હું આવો કંગાલ ચહેરો રાખું અને નિરાશ બનું એ વ્યાજબી નથી. એ તો કૃતઘ્નીપણું છે. બીજું કાંઇ નહિ તો મને જે તનદુરસ્તી આપી છે તેને માટે ઇશ્વરનો આભાર મારે માનવો જોઇએ. હું શુદ્ધ હવાનો શ્વાસ લઇ શકું છું અને તડકામાં તથા પ્રકાશમાં ટટાર શરીર રાખી ઉંચું માથું કરી આનંદમાં પ્રભુના બાળક તરીકે ફરી શકું છું એ શું ઓછો ઉપકાર છે ? અત્યાર સુધી ઇશ્વર કે જેની હું ભક્તિ કરૂં છું તેનું ખરેખરી રીતે જોતાં મારા માનસિક વલણોમાં નિરાશા અને નીચ ગરીબાઇને રાખી મેં અપમાનજ કર્યું છે.

મારા ચહેરા ઉપર છાપ મારી તેણે પ્રકટાવેલી દૈવી પ્રકાશવાળી મૂર્તિની છાયા મેં નષ્ટ કરી છે. પણ હવે હું તેમ થવા દઇશ નહિ. મારી પાસે ગમે તેટલું

દ્રવ્ય હશે તોપણ હું મોભાદાર અને આબરૂદાર રહી શકું એમ છું. હું હવે એટલું તો બતાવી શકું એમ છું કે ગરીબાઇની અસરોને તથા નિરાશાજનક દેખાવને બને તેટલો દૂર કરી હું મારી જાતને માન આપુ છું"

તમારૂં નાનું ઘર સાફ સ્વચ્છ બનાવો. તેને જેટલું બને એટલું આનંદિત કરો. તમારા પોશાક અને દેખાવને પણ તેવો બનાવો. પ્રથમના કરતાં વધારે સારી રીતે નાહીધોઇ સ્વચ્છ થાઓ. ઉંચુ જોઇ હિંમત પકડો અને ટટાર થાઓ. પોશાક સાફસુફ કરી સફાઈ બંધ કરો. ડગલો ફાટેલો હોય તો દોરા ભરી તૈયાર કરો અને બ્રશ મારો કે ધોઇધાઇ સાફ કરો. આટલું જે સહેલાઇથી કોઈપણ માણસ ગમે તેવી સ્થિતિમાં હોય તે પણ કરી શકે એમ છે તે કરી નવિન તરેહનો પ્રયત્ન કરવા તૈયાર થાઓ. તમારી આજુબાજુ આશા અને ઉત્સાહનું વાતાવરણ જમાવો અને તમારી આંખોમાં જે નવો આશાનો પ્રકાશ —વધારે સારી સ્થિતિ થતી જાય છે તેની ખાત્રીનો અને તમારામાં કાંઇ અવનવા ફેરફારો થયા છે એવો પ્રકાશ—દરેકને બતાવો. બીજું કોઇ નહિ તો તમારા આડોશીપાડોશી તો તે જરૂર જોશેજ. તેઓ તમારા ઘરમાં, તમારી સ્રીમાં અને તમારા છોકરાંઓમાં આ થયેલો ફેરફાર જોશે. અંધા-રાને બદલે પ્રકાશ, નિરાશાને બદલે આશા જોવાની માન-

સિક વલણથી તમારામાં અને તમારા કુટુંબમાં જે બળવાન ફેરફારો થશે તેથી તમારા જીવનની આખી દિશાજ બદલાઇ જશે. આવી રીતે તમે શ્રીમંતાઈના પ્રવાહો તમારા તરફ આકર્ષશો. આટલું થયા પછી તમે જ્યાં જશો ત્યાં આશા મહત્વાકાંક્ષા અને દૃઢ નિશ્ચયોના વિચાર પ્રવાહને ફેલાવશો. તમારી નવી માનસિક વલણથી તમારા શરીરમાં ચપળતા, મોભાદાર ચાલવાની છટા તથા સ્વચ્છ ચોખ્ખો દેખાવ આવશે. કપડાં જીર્ણ અને ફાટેલાં હોય તો પણ તમારા ચહેરામાં આથી ઉત્સાહ અને આકર્ષક કરે એવું તથા જુસ્સાદાર તેજ પ્રકટશે. આમ કરીને મારા વહાલા વાંચક, તમે ફત્તેહ મેળવવાને જરૂરની સ્થિતિ પેદા કરશો. આવા વિચારના પ્રવાહો, તારના દોરડાં વગરના વિજળીના સંદેશા માફક તમને તેવીજ જાતના પ્રવાહો જોડે સંબંધ કરાવે છે. આબાદાનીની શ્રદ્ધા કાયમ રાખો, તમારા લક્ષ્યસ્થાનની દિશા તરફ દૃઢતાથી કામ કરો. 'મારે તો એક મહાન્ વ્યક્તિ થવુંજ છે' એવો દૃઢ નિશ્ચય કરો. દરેક પ્રસંગમાં ફત્તેહ અને તકને જુઓ. આ તમારા નિશ્ચયને દૃઢતાથી વળગી રહો, અને ખાત્રી રાખો કે તમારૂં મન જે જે તમારી ઉન્નતિને માટે જરૂરનું હશે તે અદૃષ્ટ રીતે ખેંચી લાવશે, તથા તમારા કાર્યને મદદ કરે એવા મનુષ્યો જોડે સંબંધ કરાવી આપશે અને આવી રીતે તમે આગળ ને આગળ વધશો.

તમારે વધારે સારી જગ્યા કે વધારે પગાર જોઇતો હોય, તથા દેવું વાળવા પૈસા કે બીજું ગમે તે જોઇતું હોય તો તમારા તનમનના સઘળા બળવડે જે મેળવવા માગતા હોય તેને માનસિક રીતે વળગી રહો, અને તે મળશે કે નહિ એવી શંકાને એક ક્ષણ પણ સ્થાન આપશો નહિ. તમને કાંઈ ગરીબાઇ વારસામાં મળી નથી. ઈશ્વરના બાળકોને તંગી કે દુઃખ હોઇ શકેજ નહિ. તમે દૈવી, ગૌરવશાળી અને ભવ્ય ચીજોના વારસદાર છો. ગરીબાઇ તો એક માનસિક રોગ છે, અને તેને મારી હઠાવવાની દવા તમારા મનમાં રહેલી છે. જે પરમાત્માએ તમને જીવન અને મગજ આપ્યું છે તે તમને સારા સંજોગો અને આરોગ્ય આપી શકે એમ છે તથા તમારી યોગ્યતાને વધારી શકે એમ છે.

જ્યાં સુધી તમે પોતાને ગરીબાઈના નિશ્ચયોથી ભરેલા રાખશો ત્યાં સુધી ગરીબાઈથી આગળ તમે વધી શકશોજ નહિ. તમારે તેની પેલી પાર વિચાર કરવોજ પડશે. એક લક્ષાધિપતિ શેઠનો વાણોતર ગજવામાં પાઇ વગર પણ કેટલી હિંમતથી વગર પૈસે વેપાર કરે છે અને મોટી બાથો ભીડે છે?

તમારે માથે તો સર્વ શક્તિમાન મુરબ્બી છે તો શા માટે દબાઈને ચાલવું જોઇએ? જેમ પેલા વાણોતરને

પોતાના શેઠના પૈસામાં ખાત્રી છે, અને શેઠને માટે કરેલાં કામોનો જુમ્મો શેઠ માથે લઈ શકે એમ છે એવો નિશ્ચય છે તેમ તમે સર્વ શક્તિમાન મુરબ્બી પરમાત્મામાં વિશ્વાસ રાખો, અને દૃઢતાથી આગળ વધો; અને તમારા માનસિક વલણોનો ફેરફાર ચહેરામાં પ્રદર્શિત થતાં, તમે વહાલા વાચક, બધું ફેરવાયલું જોશો.

અમારૂં કહ્યું તમે માનો અને તે મુજબ રહેવાનું શરૂ કરો.

હિંદીઓ તરફ ખરાબ વર્તણુંકનું કારણ.

આફ્રિકામાં હિંદીઓ તરફ જે અયોગ્ય વર્તન ચલાવવામાં આવે છે તેનું એક કારણ એમ કહેવાય છે કે અજ્ઞાન, ગરીબ લોકો જે અહીંથી ત્યાં જાય છે તે ત્યાં સારી કમાઈ કરવા છતાં પણ પોતાનું કંગાળપણું છોડતા નથી. તેઓ ઘણીજ ખરાબ અને હલકી રીતે રહે છે. તેઓ સ્વમાન ચારિત્રબળ કે જુસ્સો રાખતા નથી. એવા મનુષ્યોને તેઓ કુદરતી રીતે અનેક ઉચ્ચ આશા આપનારા દેશમાં વસવા દેવા માગતા નથી. કારણ કે તેઓ કહે છે કે તેથી અમારી રહેણી હલકી બને છે.

જો આ હિંદીઓ સ્વમાન ચારિત્રબળ ખીલવે તથા ગમે તે ઉપાયો કરી પૈસો મેળવવાને બદલે પોતાના હાથના બળથી પૈસો મેળવી ત્યાંના રીવાજ અને ઢબ પ્રમાણે

મોભાથી રહે અને ખર્ચ કરે તથા સ્વમાન ગુમાવવાનો પ્રસંગ આવે તો બધા હિંદી ભેગા થઇ છેલ્લી પાઇ અને બળ વાપરી શકે એમ છે એવી છાપ પાડી શકે તો તેમનું અપમાન કરવાની કોઇ પણ હિંમત કરી શકે એમ નથી.

જેમ ગંધાતા કચરાવાળા નળોમાંથી નીતરૂં કાચ જેવું પાણી છુટથી મળી શકે નહિ, તેમ સંશયી, ગરીબડા અને ચીમળાયલા વિચારોમાંથી આબાદાની, શ્રીમંતાઈ અને સુખ મેળવી શકાતું નથી. એકજ જાતના વિચારો અને એકજ જાતની ચીજો એક બીજા તરફ કુદરતી રીતે આકર્ષાય છે. ગરીબાઇના વિચારો વધારે ગરીબી આકર્ષે છે, બીકના વિચારો વધારે બીક, અકળામણ અને ચિંતાના વિચારો વધારે અકળામણ અને ચિંતા આકર્ષે છે. આથી ઉલટું શ્રદ્ધાના વિચારો, આશાના વિચારો અને ખાત્રીના વિચારો તેવીજ ચીજોને તમારા તરફ આકર્ષે છે.

ગરીબાઇ એ રોગ છે એના જંતુઓને મારી નાખવા માટે ફક્ત એકજ દવા શોધાયલી છે, અને તે આબાદાનીના વિચારો છે. આ દવા જો નહિ હોય તો તમારી પાસે લાખો રૂપિયા હશે, હજારો વીઘાં જમીન અને મિલકત હશે તો પણ તમે જાતે તો ભીખારીજ અથવા ભીખારી જેવા રહેવાના. તેથી આબાદાનીના વિચારો એ મુખ્ય છે.

તે ગરીબાઈના જંતુઓને મારી નાંખે છે. આબાદાનીના વિચારોની સાથે મનમાં એકી વખતે ગરીબાઈના વિચારો રહી શકેજ નહિ, એમાંથી એક જરૂર બીજાને હાંકી કહાડશે. કયા વિચારને સ્થાન આપવું અને ઉ-તેજન આપવું એ તમારી મુનસફી ઉપર આધાર રાખે છે.

તમારા સઘળા સાધનોનો મુખ્ય મોટો નળ પરમાત્મા છે તેની જોડની તમારી એકતાને ગમે તેમ કરી વળગી રહો. આ મુખ્ય નળ જોડેના સંબંધને સંશય અને બીક કે અકળામણના વિચારોથી તોડી નાખશો નહિ. તમારા માતા પિતારૂપ પરમાત્મા એ સાધનોનું મુખ્ય દ્વાર છે. તેની જોડેનો સંબંધ તેમાં અનન્ય શ્રદ્ધા રાખી વધારો. ઈશ્વર તરફ વહેતા પ્રવાહમાં જો તમે જશો તો તમારૂં જીવન કદી પણ સુકાઈ ઉજજડ વેરાન જેવું બનશે નહિ, અને તેને ગરીબાઈનો ડંખ લાગશે નહિ.

આપણને મુખ્ય અડચણ એ નડે છે કે પ્રથમ સાધન માનસિક હોવું જોઈએ તેને બદલે આપણે જડ સાધનોમાં વિશ્વાસ રાખી તેમને ખોળવા ફાંફાં મારીએ છીએ. આપણે આપણા સંશયના વિચારોથી તથા તેની બીકથી ગરીબાઈને સ્થુલરૂપ આપીએ છીએ. જે તમને મળવાની આશા નથી તે તમને કદી મળતુંજ નથી. કુદરતમાં એવો નિયમ પ્રવર્તે છે કે જો તમે આખો વખત

તમારા ગરીબાઈના વિચારથી જાહોજલાલીને દૂર કાઢી મૂકતા હો તો પછી તમે ગમે તે કરો તોપણ તે કદી તમારી પાસે આવી શકે નહિ.

જાહોજલાલીનું લોહચુંબક થઈ, તમારે જે જોઈએ તે તમારી તરફ ખેંચવા માટેનો પહેલો નિયમ એ છે કે તમે જેની ઇચ્છા રાખો છો–પછી તે પૈસાની હોય, કે તનદુરસ્તી કે સારી જગ્યાની કે ગમે તે હોય–તે મેળવવામાં તમે ફતેહમંદ થવાના છો એવું દૃઢતાથી અને નિડરતાથી વિચાર કરવો જોઈએ. સાધારણ, નરમ, કદાચ હું મેળવી શકું, જોઈએ છીએ મળે છે કે નહિ, આમ બને તો કદાચ મળે, એવો ઢીલો પોચો વિચાર આ દુનિયામાં કે પેલી દુનિયામાં તમને કાંઇ પણ ચીજ આપી શકશે નહિ.

જયારે જુવાન વાનામેકરે ઠેલણગાડી લઇ કાપડનું વેચાણ કરવાનું શરૂ કર્યું ત્યારે મોટામાં મોટો વેપારી થવાનો બળવાન વિચાર પ્રવાહ તેણે ચાલુ કર્યો હતો. જયારે જયારે તે પોતાની ઠેલણગાડી સાથે કાપડની મોટી દુકાનો આગળથી પસાર થતો ત્યારે પોતાને તે દુકાનોથી પણ વધારે મોટી દુકાનનો માલીક તરીકે જોતો. તે વખતે તે તદ્દન ગરીબ હતો છતાં પણ પોતાના મનોરથો પૂરા થશે કે નહિ એવી શંકા કે બીક રાખી પોતાના વિચારના બળને નબળા કે નિર્માલ્ય કરતો નહોતો.

ઘણાં મનુષ્યો આંખો મીચીનેજ અતિશય આગળ ધસે છે. તેઓ સમજતા નથી કે વિચારના બળથી પોતાની જાતને તેઓ ફક્ત લોહચુંબક રૂપ બનાવે છે જે તેમની તરફ એવી ચીજો આકર્ષી આણે છે કે જે તેમને પગથિયે પગથિયે આગળ ચઢાવવામાં મદદ રૂપ બને. વાનામેકરે પોતાના તરફ એવું બળ આકર્ષ્યું કે જેથી તે શાહુવેપારી બન્યો. પોતાના સ્વપ્નને ખરૂં પાડવા માટે તેણે જે એકેલુ પગલું ભર્યું ત તેને તે દિશામાં આગળને આગળ વધારતું હતું.

માર્શલ ફીલ્ડે એક ગામડાની નાની દુકાનમાંથી ચીકાગોની મોટી દુકાનમાં કારકુન તરીકે પોતાને માનસિક રીતે કલ્પ્યો અને પાછળથી ત્યાં એક મોટી દુકાનમાં કારકુન થયો, અને કલાર્કમાંથી ધીરે ધીરે ભાગીદાર તરીકે આગળ વધવા નિશ્ચય કરી ભાગીદાર થયો. ત્યાંથી આગળ વધીને અમેરિકાની મોટામાં મોટી પેઢીનો પ્રેસીડન્ટ થવા મનથી તેણે નિશ્ચય કર્યો. તેનું મન પોતાની હાલની સ્થિતિથી ઘણું આગળ રહેતું. તે હમેશાં પોતાની હાલની સ્થિતિ કરતાં થોડુંક વધારે મોટું ધંધાનું ક્ષેત્ર પોતાની માનસિક આંખ આગળ રાખતો અને આવી રીતે જેની ઇચ્છા રાખતો હતો તે આકર્ષવા માટે તે એક લોહચુંબક જેવો બન્યો.

જો વાનામેકર શરૂઆતમાંજ પોતાની સ્થિતિથી સંતોષ પામ્યો હોત તો તે ફીલાડેલ્ફીયાની નાની દુકાનમાં આજે પણ પડી રહયો હોત, અને તે હાલ જેવો બન્યો છે તેવો બનવાનો તેને માટે કદી સંભવ રહેત નહિ. જો માર્શલ ફીલ્ડે પીટરસ્ફીલ્ડની દુકાનમાં કામ કરતા નાના છોકરા કરતાં પોતાની મનની લાયકાત વધારે ધારી નહોત તો અથવા આગળથી ભવિષ્ય બાંધ્યું હોત કે વેપારી તરીકે તે કદી ફત્તેહમંદ થશે નહીં તો આજે જે નામ તેણે કાઢયું છે તે કદી કાઢત નહિ.

આવી રીતે આવા આવા મનુષ્યોની વાતો કાંઇ ફત્તેહ મેળવવાના નિયમ તરીકે અપવાદ રૂપ નથી પણ તે પોતે એક નિયમ રૂપજ છે. જે આ લોકોએ કર્યું તે બીજો કોઇ પણ કરી શકે આ નિયમની તેમને ખબર નહિ હોય તો પણ એ પ્રમાણે તેઓએ ફત્તેહ મેળવવા કર્યું છે અને તેઓએ અને બીજા ઘણાઓએ ફત્તેહ મેળવી છે.

આવીજ વાત કાર્નેગીની બાબતમાં પણ બની છે. એ મુજબ જે જે ગરીબ છોકરાંઓમાંથી મોટા શ્રીમંત બન્યા છે ને નામના મેળવી છે તેઓના સંબંધમાં પણ બન્યું છે. જે કોઇ માણસ પૈસા ભેગા કરવા એજ પોતાનું મુખ્ય લક્ષ્યસ્થાન રાખે અને તેનામાં દ્રઢ નિશ્ચયને વળગી રહેવાની પૂરતી શ્રદ્ધા હોય તો તે તેઓ અચુક મેળવશે.

પણ આવી રીતે કોઇ યુવક જો એકજ ચીજ પસંદ કરશે અને તે પસંદગી ફક્ત સ્વાર્થીજ હશે તો તે લક્ષ્યસ્થાન મેળવતાં પહેલાં તે પોતાના મનુષ્યત્વનો મોટો ભાગ ગુમાવશે અને તેનો આત્મા સંકડાઈ જશે.

ગરીબાઇથી દૂર જવું એ જૂદીજ વાત છે. પૈસો ભેગો કરવા સારૂંજ પોતાનું આખું બળ અને અમુલ્ય આયુષ્ય રોકવું એ બેમાં ઘણોજ તફાવત રહેલો છે. પૈસાનો, અને તેને કેમ મેળવવો તે ઉપર પોતાની આખી મગજ શક્તિને રોકવી કે જેથી તે સિવાય બીજી કોઈ મહત્વાકાંક્ષાને માટે જગ્યા રહે નહિ, તથા હમેશાં ગરીબાઇનો અને દુઃખનો ચિતાર મનસમીપ રાખવો કે જેથી તેને દૂર કરવાની શક્તિનોજ નાશ થાય એવી બે સ્થિતિઓ વચ્ચે આકાશ પાતાળ જેટલો અંતર છે.

હજુ આ વધારે ખુલાસાથી સમજાવીશું. જે લોકો પૈસાની બાબતમાં ખુવાર થયલા છે, તેઓ મનથી પણ ખુવાર થયલા હોય છે. તેઓ નિરાશા અને અને નિરૂત્સાહના માનસિક રોગથી પીડાય છે. જેમ સરકાર દવાખાનાં કાઢી રોગીઓને સારા કરે છે તેમ આ ગરીબાઈના દરદથી પીડાતા લોકોને સારૂં પણ કુશળ વિજ્ઞાન શાસ્ત્રીઓ રાખી તેમની સારવાર કરવી જોઇએ. કારણ કે દવાખાનાના દરદીને જેટલી સારવારની જરૂર હોય છે તેવી તેમને પણ જરૂર છે. જીંદગીના સરળ રસ્તા :ઉપરથી તેઓ

ભુલા પડયા છે, અને તેમને ફરી રસ્તો બતાડવા માનસવિજ્ઞાનશાસ્ત્રીની મદદની જરૂર છે. તેઓને માનસિક રીતે એકદમ પાછા ફેરવવાના છે, જેથી તેઓ અંધકારને બદલે પ્રકાશ જુએ. તેઓને બતાવવું જોઈએ કે તેઓ જયાં ઉભા છે ત્યાં આગળજ જાહોજલાલીના પ્રવાહનો મોટો નળ રહેલો છે. તેમના ચીમળાચલા અને નિરાશાના વિચારોએ આ નળની સાથે જોડાયલી તેમની નળીઓનાં મુખ બંધ કર્યાં છે. તેમનું આખું માનસિક વલણ નિષ્ફળતા અને ગરીબાઇ તરફ ઢળે છે, તે ફેરવવાની ખાસ જરૂર છે.

યોગ્ય માનસિક સારવારથી આ ગરીબાઇનો રોગ ટાળી શકાય એમ છે. જો આ ગરીબ લોકોના મોટા ભાગને એમ બતાવવામાં આવે કે જે નિર્માલ્ય વિચારોથી તેઓ પોતાનું મગજ ભરે છે તથા પોતાના ચહેરા ઉપર જે દિલગીરી ભરેલો અને નિરાશાસુચક દેખાવ ધારણ કરે છે તે જો કાયમ રાખશે તો તેઓ ગરીબ રહેવાનાજ. જો કોઇ ઉપાયથી દુનિયાની બધી દોલત સરખે ભાગે વહેંચી આપવામાં આવે તો પણ તેઓ પાછા ગરીબ રહેવાનાજ. જો તેઓ સહેજ આનંદિત ચહેરો રાખે, ઉંચું જુએ અને પોતાનો પડછાયો પાછળ રાખે તો તેઓની સ્થિતિ તરતજ સુધરતી જશે, તેઓ નવું જીવન અને હિંમત મેળવશે.

આ માનસિક જાહોજલાલીની સારવાર લાખો મનુષ્યોને નવી આશા, નવું બળ અને નવી જુવાની આપશે.

ફકત એકજ વર્ષ માટે!

અહા! ફકત એકજ વર્ષ સુધી આ ગરીબ લોકો ગમે તેમ કરી પોતાના મનમાંથી ગરીબાઇના વિચારો હાંકી કાઢે તો કેવું સુખ તેઓ મેળવે! નાહિંમત અને દિલગીર કરનારા આગામી તંગીનાં દ્યાતનો અને ગરીબાઇના વિચારો તેમના મગજમાંથી તેઓ ભુસી નાખે અને ગરીબાઇની રાહ જોવાને બદલે જો તેઓ ફકત એકજ વર્ષ, અરે! પ્રયોગ ને ખાતર ફકત એકજ વર્ષ તેઓ સુખના, આબાદાનીના વિચારો કરે, તેનીજ વાત કરે અને તેઓ આબાદ છે એવી રીતનું વર્તન ચલાવે તો એક વર્ષમાં તેમનું આખુ માનસિક બંધારણ ફરી જશે. એટલુંજ નહિ પણ આ સ્થુલ સ્થિતિઓમાં અજાયબ જેવો ફેરફાર થશે.

આમ જો થાયતો તેઓ શું કરે એમ પુછો છો? અરે નીચે મુજબના ફેરફારો તેમાં બને તેમની પાસે જે જે ચીજો હોય તેને સાફસુફ રાખી બ્રશ ફેરવી ચોકખી કરે, તેઓની મહત્વાકાંક્ષા વધે; પોતાની આસપાસની ચીજોને જે નવા લક્ષ્યબિંદુની દૃષ્ટિથી જુએ, જેથી તેઓ સર્વમાં શુભ જોતાં શીખે. ગમે તેટલા ગરીબ હોય તો પણ તેમનો દબાયલો, બેબાકળો ચહેરાનો દેખાવ જતો રહેશે. દરેક ચીજનો દેખાવજ જૂદો થઇ જાય. આ લોકોના

ચહેરા ઉપર નવું તેજ આવે, નિરાશાને બદલે વધારે સારી ચીજો મેળવવાની ઉમેદ અને આશાના કિરણોથી તેમનો ચહેરો આનંદથી ઝગઝગતો થાય. પહેલા કદી ન માલૂમ પડેલો એવો ચળકાટ તેઓની આંખમાં જણાય. પહેલાં જે ગરીબાઇની બીક અને નિરૂત્સાહ સાથે કામ કરતા હતા તેને બદલે આશા અને ઉત્સાહના જુસ્સાથી કામ કરતાં તેઓ પોતાને રસ્તે એટલી તો ઉત્તમ રીતે અને ઝડપથી આગળ વધશે કે તે જોઈ પોતે જાતેજ અજાયબ થશે.

એવો વખત ઘણો નજીક આવે છે કે જયારે ડાકતરના ધંધા માફક ગરીબાઇને સ્થાને જાહોજલાલીના વિચારો પેદા કરી શકવાનું શીખવનાર કુશળ ધંધાદારીઓ પેદા થશે. આ વિજ્ઞાનશાસ્ત્રીઓ મનુષ્યને પોતે જાહોજલાલીનુ લોહચુંબક કેમ થવું તે બરાબર બતાવશે અને આજે નિર્માલ્ય માલૂમ પડતા ઘણાં મનુષ્યો આબાદ અને સુખી થશે.

વિજ્ઞાન શાસ્ત્રીઓનું કાર્ય.

આ કુશળ માનસ વિજ્ઞાનશાસ્ત્રીઓ મનુષ્યોને યોગ્ય વિચારમાં કેટલું બધુ સર્જનાર બળ રહેલું છે અને અયોગ્ય વિચારથી હાલ ઘણાઓ જેમ પોતાની ઇચ્છાઓનો નાશ કરે છે તેમ ન કરતાં પોતાની ઈચ્છાઓને અનુસરતું કેમ આકર્ષવું તે શીખવશે. ભવિષ્યના ધર્મગુરૂઓ લોકોમાંથી ગરીબાઇનો નાશ કરવા માટે આ બધું જ્ઞાન મેળવી પ્રયત્ન

કરશે, અને આબાદાનીનો પ્રકાશ કેમ મેળવવો તે બતાવશે.

શરીરના કોઈ રોગને મટાડવા માટે, દરદીની અંદર રહેલ વ્યાધિ હરનાર અને નવિન સર્જનાર બળને જાગૃત કરી મટાડી શકાય છે. આ શકિતઓ મોટે ભાગે દાકતરમાં, તેની દવામાં અને રોગ મટાડનાર મનુષ્યમાં રહેલી શ્રદ્ધાથી જાગૃત થાય છે. તેથી દરદીમાં આરોગ્યની માનસિક વલણુ પેદા થાય છે જે રોગને મારી હઠાવે છે.

આમજ ગરીબાઇ, જે પણુ એક માનસિક રોગ છે તેનો ઉપાય થઇ શકે. આ માટે વિશ્વનો મહાન્ ડાકટર પોતાનો રોગ મટાડી શકે એમ છે એવી સંપૂર્ણ તેને શ્રદ્ધા હોવી જોઇએ. જયારે આ શ્રદ્ધા પૂરેપૂરી અને દઢતાથી બેસે છે ત્યારે પોતાના મનને આબાદાનીના વિચારોથી રેલાવી મૂકતાં કશી અડચણુ રહેતી નથી.

"કૃપણુ પિતા સમ છે નહિ મુજ પ્રભુ પિતા બખિલ,
આપે છે પ્રેમે મને નિજ ઐશ્વર્ય અખિલ,"

ઉપલો વિચાર પછીથી સતત કાયમ ચાલ્યા કરે છે.

દુનિયામાં સાધનોના અસંખ્ય ભંડાર હજુ ભરેલાજ છે. આપણા દેશમાં અસંખ્ય ધાતુઓની ખાણો હજુ શોધાયા વગર પડેલી છે. હજુ પણુ કુદરતના નિયમોનું જ્ઞાન અપૂર્ણુ રહેલું છે જે ખોળી કાઢતાં જેમ સ્ટીવન્સે વરાળ પાસે કામ કરાવી નકામું વૈતરૂં ઓછું કરાવ્યું તેમ મનુષ્યોનું

હજુ ઘણું વૈતરૂં ઓછું થઇ શકે એમ છે, અને બધાં મનુષ્યો સુખમાં રહી શકે એમ છે. અત્યાર સુધી મનુષ્યનો મોટો ભાગ છાલાં અને કુસ્કા ઉપર જીવે છે, અને હજુ હવેજ આપણે ખરા પૌષ્ટિક તત્વનો સ્વાદ લેવાનું શરૂ કરીએ છીએ. માનવજાતની સમાનતાનું રણશિંગડું લોઈડ જ્યોર્જ અને વિલ્સને ફુંક્યું છે. પ્રભુને પોતાના ચાલક અને નિયામક માનનાર આ બે મનુષ્યો દુષ્ટતા અને અધમતાનો પોતાના આદર્શના બળ વડે નાશ કરે છે.

સોનેરી યુગ.

આવા સોનેરી યુગના ઉગતાં કિરણો જયાં પસરે છે ત્યાં ધર્મને માટે જીવન ધારણ કરે છે એવું જયાં મનાય છે એવા ગુજરાતને પડી રહેવું કેમ પાલવે? વિચારોનું બળ શું શું સિદ્ધ કરે છે તે હમણાંજ આપણે જોયું છે. છુટા છવાયા કેટલાક મનુષ્યોએ માનસશાસ્ત્રના નિયમોનો ઉપયોગ કરી સુખ સગવડ અને શ્રીમંતાઈ મેળવી છે. તેજ બતાવે છે કે સઘળા મનુષ્યો પણ ગરીબાઇ ઉપર જીત યોગ્ય વિચાર કરી તથા વિચાર બળના નિયમ અનુસાર કાર્ય કરી મેળવી શકે.

શહેનશાહના શહેનશાહ એવા પરમાત્માના બાળકો ભૂખે મરે એવું કદી ધોરણજ રચાયું નથી. ઇશ્વરના બાળકો ગરીબ રહે એ અજાયબ જેવુંજ છે. અરે, જો ઉચ્ચ અભિલાષાઓ કાયમ રાખવાથી નીપજતાં પરિણામો કેટલી

અસી ભારે અસરો ઉપજાવી શકે એમ છે તે આપણે બધા જાણતા હોત તો ગરીબાઇ, શોક અને ભયના કાળાં વાદળાં મનુષ્યના મગજમાં પ્રવેશી તેને મનથી અને પૈસાથી ખુવાર કરત નહિ. આગળ જણાવ્યું છે એમ જો દરેક જણ જાહોજલાલીનું લોહચુંબક, આબાદાનીનું કેન્દ્ર થવા પ્રયત્ન કરશે તો આ દેશમાંથી પરતંત્રતા અવશ્ય જતી રહેશે.

જ્યારે આપણે આપણો દૈવી હક છે એમ ખાત્રીથી માનીએ છીએ અને આપણા હકની માગણી કરીએ છીએ, જ્યારે આપણા પરતંત્રતાના બંધનોથી વિરકત રહેવાના જન્મ સિદ્ધ હકને માગીએ છીએ અને જાણીએ છીએ કે આપણે ઇશ્વરના બાળકો ભુખ્યાં અને પરાયે આધારે રહેવાં સર્જાયા નથી ત્યારે આપણે આબાદાનીનાં મુળમાજ પ્રવેશ કરીએ છીએ

વીજયી છટા ધારણ કરો અને બધી અકલ્યાણકારી સ્થિતિઓ તમે ઓળંગી જશો અને એક પ્રભુ પ્રેમની શકિત બતાવનાર કવિતામાં બતાવ્યા પ્રમાણે તમે પણ તમારૂં જીવન સુખ અને આનંદથી રેલછેલ બનવાશો અને વદશો કેઃ—

"અરે હું તારો પડછાયો સુખી થાવાને સરજાયો,
મને ભય ચિંતા નવ સ્પર્શે, ફુલું હું નિશદિન હર્ષે;
ફુલું હું નિશદિન હર્ષે....ફુલું હું નિશદિન હર્ષે.
—અરે હું તારો.

પ્રકરણ ૯ મું.

હલકાપણાની સુચનાઓ.
અથવા નાલાયકાતની છાપ.

કબીર વડની એક ડાળી ઉપર ચપ્પુથી કોતરેલા ઝીણા અક્ષરો તે મોટું ઝાડ થાય ત્યારે મોટા મોટા કદરૂપા કાપા પડયા હોય એવો દેખાવ ધારણ કરે છે તેમ કુમળા બાળકના મગજ ઉપર તેની નિર્બળતાના કે હલકાપણાના પાડેલાં સાધારણ સૂચનો પણ તે મોટું થતાં ખરાબમાં ખરાબ રૂપ ધારણ કરે છે.

જુના વખતમાં ગુન્હેગારો અને ગુલામોને તેમના શરીરના એકાદ ભાગમાં લાલચોળ તપાવેલા લોઢાવતી 'હું ગુલામ છુ' 'હું ચોર છુ' એવી છાપ તેમનો હલકો અને નીચો દરજ્જો બતાવવા માટે મારવામાં આવતી હતી.

રોમમાં લૂટારાઓને એવા કોઇ હલકા શબ્દોનો કપાળમાં ડામ દેવામાં આવતો હતો. ખાણમાં કામ કરનારા મજુરો, શિક્ષા પામેલા વગેરેને પણ આમજ ડામ દેવામાં આવતો. ગ્રીસમાં તો ગુલામોના ધણીનો જે કોઈ ખાસ મુદ્રાલેખ હોય તે તેમના ગુલામોના ઉપર આખો ડામ દઈ પાડવામાં આવતો. ઇગ્લાંડ અને ફ્રાન્સમાં પણ એમજ હતુ. હિંદુસ્થાનમાં કેટલાક સંપ્રદાયવાળાઓ હજુ પણ રાજીખુશીથી ડામ દેવડાવે છે અને પૈસા આપી છાપ મરાવે છે.

માનવ બન્ધુઓને નીચતાની છાપ મારવાની હેવાનિયત ભરેલી રૂઢી જે યુરોપમાં પ્રાચીન કાળમાં ચાલતી હતી તે

અમેરિકામાં ગુલામગીરી નાબુદ થઈ ત્યાં સુધી કાયમ રહી હતી. ત્યાં ગુલામોને પોતાના માલીકના નામના આદ્ય અક્ષરોની છાપ મારવામાં આવી હતી.

હાલના જમાનામાં આ હલકો દરજ્જો બતાવનાર, કદી ન ભુસાય એવી છાપ મારવાની રૂઢીનો વિચારજ આવતાં આપણને કમકમાટ છુટે છે. તો પણ આજે આપણે તેની તેજ પ્રદ્ધુતિ જારી રાખીએ છીએ. ગુન્હેગારોને આપણે અમુક ખાસ પોશાક તેનો હલકો દરજ્જો બતાવવા પહેરાવીએ છીએ તથા તેના ગળામાં એક ધાતુનો કટકો લટકાવી તેની ઓળખ બતાવી આપીએ છીએ. આવી રીતે તેમના મન ઉપર તેઓ ગુન્હેગાર છે, કાયદાનો ભંગ કરનાર છે, બીજા તેમના માનવ બંધુઓ કરતાં તેઓ જૂદીજ જાતના છે એવું સતત સૂચન કરીએ છીએ.

આ છાપ મારવાનું આટલેથીજ અટકતું નથી. તેને આપણા ઘરમાં પણ લઈ જઇએ છીએ. આપણી મિથ્યા મગરૂરીને પોષવા માટે આપણે આપણા ઘરમાં કામ કરનારાઓને તેમનો હલકો દરજ્જો બતાવવા એકાદ ખાસ નિશાની આપીએ છીએ અને તેઓ આપણા કરતાં હલકાં માણસો છે અને હલકી પંક્તિના નોકરો છે એવું તેમને વારે ઘડીએ યાદ આપવા આપણે તેમને અમુક જાતનો તફાવત બતાવનારો ડગલો અને પાઘડી પહેરવાની ફરજ પાડીએ છીએ. ખરૂં જો જોઇએ તો આ તફાવત બતાવનારી

છાપ ન હોત તો ઘણી વખતે દાસી શેઠાણી કરતાં અને હજુરીઓ શેઠના કરતાં ચારિત્રમાં અને દેખાવમાં ઘણે અંશે ચઢીયાતો માલૂમ પડત.

પોતાના પેદા કરનાર તરફથી હરેક માનવીને કેટલાક ન છુટા પાડી શકાય એવા હક વારસામાં મળે છે, જે કોઇ પણ મનુષ્ય, મનુષ્યકૃત કાયદો કે સત્તા છીનવી લેવામાં વાજબી કરતી નથી. સમાજની વિરૂદ્ધ એક મનુષ્ય ગમે તેવો ભારે ગુન્હો કરે, તો પણ મનુષ્યના દરજાથી હલકા દરજામાં તેને ઉતારવાનો આપણને બીલકુલ હક નથી. આપણને તેને તે હલકો છે આપણા કરતા તેનામાં કાંઇક ઓછું છે, એવું સૂચન કરનારૂં કંઈપણ ચિન્હ તેની નજર સામે ધરી રાખવાનો કંઈ પણ હક નથી. આથી તેને પોતાને ભ્રમ થાય છે કે ‘હું હલકો છુ” અને તેથી તે એટલો નિર્બળ થઈ જાય છે કે સમાજમાં પોતાનુ સ્વમાન પાછું મેળવવાનો પ્રયત્ન કરવાની તેની શકિત નાશ પામે છે. આપણે માટે જેઓ કામ કરે છે તેમને એકાદ પટો ને ખાસ પાઘડી પહેરવાની ફરજ પાડવાનો આપણને બીલકુલ હક નથી. કોઇ પણ મનુષ્ય પ્રાણીને ‘તે લાયક નથી, તેનો દરજ્જો હલકો છે’ એવું સૂચન તેના મગજ ઉપર ઠસાવવાનો આપણને બીલકુલ હક નથી.

એકાદ માણસને ભારેમાં ભારે નુકશાન કરવું હોય તો તે માણસ કંઈ કામનો નથી, તથા તે કંઇ કરી શકે એમ

નથી અને તે આગળ વધી શકે એમ નથી, એવી રીતની તેની ખાત્રી કરીને ઘણી સહેલાઇથી કરી શકાય. દુનિયામાં જે જે દુઃખો જોઇએ છીએ તથા નિષ્ફળતા અને નિરાશા તથા સંકડાયલાં જીવન જણાય છે તે બીજા કોઈ પણ કારણ કરતાં આ નિર્બળતાના સૂચનોને વધારે આભારી છે. જેમ કઠણ પથરા પણ પાણીના વહેવાથી ઘસાઈ જાય છે તેમ સાધારણ પંકિતના મનુષ્યો વારે ઘડીએ ઉચ્ચારાયલું એકનું એક સૂચન સત્ય તરીકે ગ્રહણ કરી લે છે. સત્ય વાત તદ્દન તે સૂચનથી વિરૂદ્ધ હોય તો પણ, માનસશાસ્ત્રના નિયમની એક વિચિત્રતા એ છે કે જે જે સૂચન કે વિચાર મનની પાસે વારે ઘડીએ ધરવામાં આવે તો તે આપણી મરજી ન હોય તો પણ આપણાં ઉપર અસર કરે છે અને પછી તે ખરો છે એમ સ્વિકારવા આપણને તે ફરજ પાડે છે.

ત્રણ ચોર અને બકરૂં લઇ જનાર બ્રાહ્મણની વાત ઘણાઓએ સાંભળી હશે. બકરૂં હોવા છતાં તે ત્રણે જણાએ ઉપલાં નિયમોનો ઉપયોગ કરી બ્રાહ્મણ પાસે પોતાના માથા ઉપર કુતરૂં છે એમ મનાવ્યું અને બકરાને ફેંકાવી દીધું.

ખુદ પ્રેસિડન્ટ લીન્કન જેવા બળવાન અને ઇશ્વરના પરમ ભકત મનુષ્યને પણ અમેરિકાની સીવીલ વોર વખતે જ્યારે ન્યુસપેપરો તેને માટે તરેહવાર લખતાં અને ટીકા

કરતાં હતાં ત્યારે લાગતું અને ઘણી વખતે વિચારમાં પડતો કે તે ખરેખર માણુસ જાતનું ભલું કરવાની ઇચ્છા રાખનાર મનુષ્ય હતો કે ન્યુસપેપર અને લોકો ટીકા કરે છે તેમ એક દુષ્ટ રાક્ષસ અને લોહીનો તરસ્યો કુતરો હતો!

નાલાયકાતના સૂચનનો શ્રાપ આપણી પોતાની શકિતઓમાં આપણી શ્રદ્ધા નાશ કરે છે એટલુંજ નહિ પણ નિષ્કલંકિત જીવનના મનુષ્યોને પણ ખરા ગુન્હેગાર હોય એવો દેખાવ તે ધારણ કરાવે છે.

જો કે આપણા બધા ઉપર આ સૂચનો સારી કે માઠી અસર ઉપજાવ્યા સિવાય રહેતાંજ નથી; તો પણ તેની વધારે ભારે અસર છોકરાંઓ અને યુવકો ઉપરજ થાય છે. માબાપ કે શિક્ષક જો છોકરાને 'તે મુર્ખ છે, તે ટાઢો પથરા જેવો છે તે કાંઇ ધોળી શકે એમ નથી' 'તે ઘણોજ ખરાબ છે' 'હંમેશાં કાંઇને કાંઈ ભૂલો કરે છે' આવાં આવાં વાકયોનું સૂચન હમેશાં કરે તો તેના કુમળા મગજ ઉપર તેની કદી ભુસાય નહિ એવી છાપ પડે છે.

એક બાળક કુદરતી રીતે પોતાના માબાપ કે શિક્ષક તરફ પોતાના આદર્શને માટે જુએ છે, અને તેઓ જે જે કહે તે સત્ય તરીકે સ્વિકારે છે. તેમના ભારે જ્ઞાન માટે અને અનુભવ માટે તે બાળકને પૂર્ણ વિશ્વાસ રહેલો હોય

છે, કારણ કે તે ઉગતા મનુષ્યને તેઓનું જ્ઞાન અને અનુભવ અજાયબભરેલાં લાગે છે અને જ્યારે તેઓજ કહે કે 'તે (બાળક) મુર્ખ, ઠોઠ કે ધીરો છે' તો તે વાકયોને તેઓ બ્રહ્માનુ વાકય માની લે છે. તે પોતાના મનમાં નક્કી કરે છે કે જ્યારે તેઓજ આવું કહે છે ત્યારે તે પોતે ઠોઠ હોવોજ જોઇએ અને તેથી પોતે ઝાઝું નામ કાઢી શકે એમ નથી. જો આવી રીતે એક શિક્ષક કે માબાપ બાળક ઉપર મુર્ખ ઠોઠ કે ખરાબ એવી છાપ ઠોકે તો તે ભારેમાં ભારે ગુન્હા ભરેલું કાર્ય છે. તેને એવું કહેવું કે જીંદગીમાં તે કાંઇ કામનો નથી તે કાંઇ કરી જાય એવું તેનામાં પાણી જણાતું નથી એ ભારે પાપ છે. એક લાગણીવાળા બાળક ઉપર આ કૃત્યની જે અસર થાય છે તે મહા ભયંકર હોય છે. હજારો છોકરા અને છોકરીઓનાં જીવનો આવાં નાલાયકી બતાવનારાં ઘાતકી સૂચનોથી કરમાઈ ગયાં છે, તેમની મનશકિત અને કાર્યશકિત હમેશાંને માટે નબળી પડી ગઇ છે.

હિંદુ સાંસારિક જીવનનાં અમે આવાં અસંખ્ય ભયંકર દૃશ્યો જોયાં છે. જ્યાં માબાપો પોતાનાજ છોકરાઓને મ્હેંણાં મારે છે કે 'બીજાના દીકરાઓ કેવા હોશીયાર છે જ્યારે તુંજ અમારા કુળમાં નામ બોળું પાકયો છે, તારૂ શું કરવું તેજ અમને સમજ પડતી નથી, પત્થર પડયો

હોત તો લુગડાં ધોવાએ કામમાં આવત, અમારા તો દહાડા સારા હતા કે અમે અમારૂં જેમ તેમ નભાવી શકયા પણ તારો વખત કેમ જશે તેની ચિંતા થાય છે'તો તે બાળક કેમ આગળ વધે ! આ અતિશયોક્તિ નથી. આવા ઘણા બનાવો દરરોજ બન્યાજ કરે છે, જે કોઇ પણ સમાજ સુધારક ધ્યાનમાં રાખશે તો નિરીક્ષણ કરી શકશે. આનું પરિણામ એ આવે છે કે હમેશાં આ નિર્બળતાના થતા સૂચનથી તે ગરીબ બાળક મોટું થતાં મુર્ખજ રહે છે અને જેમ તેમ કરીનેજ પોતાનું જીવન વ્યતીત કરે છે.

દયા ઉપજાવે એવો દાખલો.

એક ઘણોજ દયા ઉપજાવે એવો દાખલો મને માલૂમ છે. એક ઘણી લાગણીવાળા છોકરાનો બાપ જો તેની કાંઇ નજીવી ભૂલ થતી કે તરતજ તેની ઉપર ગાળોનો વર્ષાદ વરસાવતો. તે તેને કહેતો કે તું તો હમેશનો 'મુર્ખ રહ્યો' તારૂં મગજજ એવું બળ્યું છે કે આવી નજીવી ભૂલો પણ તને દેખાતી નથી, 'તું આવો અકર્મી ક્યાંથી પાકયો,' તારી શી વલે થશે !' આથી આ ગરીબ નાના છોકરાએ પોતાની આત્મશ્રદ્ધા એટલી તો ગુમાવી દીધી અને એટલો તો દબાઈ ગયો કે તે લોકોના મ્હોં સામુ જોવાની પણ ભાગ્યેજ હિંમત કરી શકતો. જો કોઇ પારકા માણસો ઘરમાં આવ્યા હોય ત્યારે તે ઘરમાં આવવા પણ હિંમત કરી શકતો નહિ. તે તેમનાથી દૂર જઈ સંતાઈ જતો ખરૂં

જોતાં આ છોકરાનું મન બહુ ઉત્તમ પંકિતનું હતું અને જ્યારે તેનો બાપ મરી ગયો અને તેને પોતાના બળ ઉપરજ ઉભું રહેવું પડયું ત્યારે તેણે ફકત પોતાની ઈચ્છાશકિતવડેજ જીવનમાં માનપ્રદ જગ્યા પ્રાપ્ત કરી. આમ છતાં પણ નાની ઉમરમાં નિર્બળતા કરતાં પોતે નિર્બળ છે એવી જે છાપો પાડવામાં આવી હતી તે તદન જતી રહી નહિ. આ નાશકારક સૂચનાઓ તેની પાછલી જીંદગીમાં જ્યારે ત્યારે અડચણ કર્તા થઈ છે. જો કોઇ સભામાં તેને બોલવાનું કહેવામાં આવે અથવા પ્રમુખસ્થાન આપવામાં આવે તો તેના ચહેરા ઉપર શેરડા પડે છે તથા પોતે ખરેખર તે માટે લાયક છે કે નહિ તે પ્રશ્ન તેના મન આગળ તરી આવે છે. તેને લાગે છે કે તેના મનમાં કંઇક ભારે ખોડ રહી છે.

સ્વતંત્રતા વગર આનંદ અને ઉત્સાહ ન હોય.

આ બીજુ કાંઇજ નથી પણ જે પોતાની નબળી તુચ્છ માનસિક મૂર્તિની તેના બાપે તેની પાસે કલ્પના ઠસાવી હતી તે આજે પણ તેને છોડતી નથી તેણે તેનાં જીવનમાંથી મઝા, ચપળતા, આનંદ, અને મીઠાશ લઈ લીધાં છે કારણ કે ચપળતા, આનંદ અને ઉત્સાહ સ્વતંત્રતા અને બંધન વગરના રહ્યા સિવાય આવતાંજ નથી.

સરતના ઘોડા કેળવનારા કહે છે કે જો આવા એકાદ ઘોડાને થોડાક વખત મારવામાં કે ધમકી આપવામાં આવે તો

તેની આત્મશ્રદ્ધા ઓછી થાય છે અને તેનું પાણી ઉતરી જાય છે, જ્યારે તે ઘોડો શરતમાં બીજા ઘોડાની સાથે સાથે દોડતો હોય અથવા તો કોઈ બીજો ઘોડો સહેજ આગળ વધી જાય તો તે વખતે તે મોળો પડી જાય છે, અને હરિફાઈ કરી આગળ વધવાનું જોશ અને સ્વમાન ખોઈ બેસે છે.

કેળવણી અને માનસિક શકિતઓ.

માનસિક શકિતઓની ખીલવણી એ કોઈ પણ યુવકની મોટામાં મોટી શરૂઆતની દોલત છે. પોતાના મનને નિયમમાં રાખવું, પોતે વધારેમાં વધારે સારી રીતે કયું કામ કરી શકે એમ છે એ શરૂઆતમાંજ ખોળી કાઢવું અને જીંદગીમાં ફત્તેહ મેળવનારી માનસિક ટેવો દઢ કરવી એ કોઈપણ યુવકની સૌથી મોટી સંપત્તિ છે.

સંસ્કૃત ફ્રેન્ચ કે લેટીન શિખ્યા, કોલેજમા જઈ રોમના અને ગ્રીસના રાજાઓએ પશુ જેવા બની એક બીજાના ગળાં કેમ રહેસ્યાં અથવા તો ટ્રિગ્નોમેટ્રી અને અક્ષરગણિતના દાખલાઓ છોડવાની હોશીયરી આવી એ કાંઈ કેળવણી નથી. યુવકોના મગજમાં હજારો બાબતો ઠેંસી ઠેંસી ભરવી અને એકલી યાદશક્તિવાળો મગજનો લોચો વધે એ કાંઈ કેળવણી નથી.

જે કેળવણીથી નવિન વિચાર કરવાની શક્તિ વધે,

જે કેળવણીથી શીખેલી અસંખ્ય બાબતોનો સમય-સૂચકતાથી હમેશાં વ્યવહારમાં ઉપયોગ કરી શકાય, મનુષ્ય મનુષ્ય બને, હાજી હા કરનાર ન થાયએજ ખરી કેળવણી છે. કેળવણી કાંઇ ફોનોગ્રાફ નથી કે જે કાંઈ તેમાં ઉતાર્યું હોય તે યાંત્રિક રીતે શબ્દશ: બોલી જવાય પણ તે તો શક્તિ પેદા કરનાર વિજળીનું યંત્ર છે જે મનુષ્ય જાતના સુખને માટે પ્રકાશ પાડે છે અને અસંખ્ય કાર્ય કરે છે. આવો પ્રેસીડેન્ટ એરોઝનો મત છે.

તદ્દન સાધારણ છોકરામાંથી અજાયબ શક્તિવાળા પુરૂષો પેદા થયા છે; પણ આ સાધારણ રીતે પેદા કરવા માટે તેની નાની ઉમરથી તેની સાથે શરૂઆત કરવી જોઇએ. જો સ્કુલ કે કોલેજના અભ્યાસકાળમાં આદર્શો ઉચાં કરનાર અભ્યાસ ન હોય તો તેમાંથી શિખેલા મનુષ્યો મનુષ્ય કેમ બને! જો ટુકડા જમીન સારૂ કે ચાર વર્ષની રાજ્યગાદી સારૂ અમુક બાદશાહે અમુક ભાઇને ઝેર દીધું એ દરવર્ષે દરરોજ મનસમીપ અભ્યાસમાં રાખ્યા કરવું પડતું હોય, જો માનવ ધર્મની ઘણીજ હલકી અવસ્થાઓ આપણને શીખ્યા કરવી પડતી હોય એટલુંજ નહિ પણ ઘણી ચોકસાઈથી તેની તારીખો પણ યાદ રાખ્યા કરવી પડતી હોય તો શું પરિણામ આવે?

શક્તિ પેદા કરનાર કેળવણી કેવી હોવી જોઈએ તેની એકજ વ્યાખ્યા છે. જે કેળવણી હિંમત, ચારિત્ર્યની દૃઢતા, નિયમિતપણું, ઉદ્યોગીપણાની ટેવ, ખંત, ધીરજ અને ઉત્સાહ આપે તથા યોગ્ય કાયદાને માન આપતા શીખવે દેશજન તરીકે પોતાના તથા બીજાના હકોને માન આપે અને આત્મભોગ તથા સ્વમાનની લાગણી વધારે તેજ ખરી કેળવણી છે. અને આવી કેળવણીવાળો કોઈ પણ મનુષ્ય એકજ બાજુએ કેળવણી લીધેલા કોલેજના પ્રોફેસર કરતાં પણ વધારે કેળવાયલો છે એમ કોણ નહિ કહી શકે?

કેળવણીની પદ્ધતિ સંબંધી જેઓએ બરાબર વિચાર કર્યો છે, તેમને માલૂમ પડયું છે કે જે કેળવણી માત્ર શરીરના એકજ ભાગ ને અથવા તો મગજની થોડીએક મનોવૃત્તિઓને સ્પર્શ કરે છે, તે યથાર્થ કેળવણી નથી આવી કેળવણીને અનુસરવાથી પ્રજાની ઉન્નતિ થતી નથી. જેઓ આખો દિવસ શરીરના વ્યાયામને સેવે છે અને વિચારથી તથા નીતિથી રહિત જીવન ગાળે છે તેમનું શરીર વધે છે; દેખીતા તેઓ મલ્લ જેવા હોય છે પણ તેમને ખરો લાભ થયલો હોતો નથી. આનું કારણ શું ?શું તેઓ કસરત કરતા નથી? તેઓતો આખો દિવસ વ્યાયામ કરે છે એટલુંજ નહિ પણ બીજાથી ન બની શકે એવા અદ્ભૂત શારીરીક પ્રયોગો અને મલ્લકુસ્તી કરી શકે છે. ત્યારે

તેમનું આયુષ ટુંકુ શા માટે હોય છે? શા માટે તેમને સાચું સુખ દેખાતું નથી? શા માટે તેઓ જડ જેવા હોય છે? શા માટે દુનિયાને જીતનાર અસીમ બળવાળો અલેક્ઝાંડર ભર જુવાન વયે રીબાઈ રીબાઇ મરી ગયો? આનું કારણ સાધારણ રીતે સમજ પડતું નથી પણ જ્યારે આપણે માનવ શરીરનો એક અગત્યનો નિયમ તપાસીએ ત્યારે આ કારણ ઘણી સહેલાઇથી મળી આવે છે. "એમ છતા પણ (અમુક હદમાં કોઈપણ ભાગ અથવા અવયવને કસરતથી કસવામાં આવે તો તે ભાગ તરફ લોહીમાં રહેલો જીવન પ્રવાહ ખેંચાઇને તે મજબૂત અને મોટો બને છે"*

જે ભાગને વધારે કામ આપવામાં આવે છે તે ભાગ પ્રતિ લોહીનો ધસારો વધારે હોય છે અને તે ભાગના સૂક્ષ્મ પુટ (Cells) રૂધિરમાં રહેલાં પોષક તત્ત્વોને ચુસી લે છે. આથી જે ભાગને મહેનત આપવામાં આવતી નથી, જે ભાગને આળસુ થઇ પડી રહેવા દેવામાં આવે છે, તે ભાગના પુટ પ્રતિ લોહીનો ધસારો જોરથી થતો નથી અને જે થાય છે તેમાં પણ બીજા કામ કરનાર પુટવડે નિઃસત્વ કરાયેલા લોહીનોજ ધસારો થાય છે. આમ થવાથી આ આળસુ બેસાડી રાખેલ પૂટ સામર્થ્ય હીન થઇ જાય છે, અને જીવન સ્થિતિમાં રાખનાર કાર્ય એ પુટમાં થતા નથી; સાદી ભાષામાં કહીએ તો એ પુટ મરી ગયેલા થઇ જાય છે. આ નિયમ પ્રમાણે મલ્લ લોક શારીર વ્યાયામ કરે છે તેથી તેમનું મસ્તિષ્ક તથા મજજા રજજુના પુટ અપુષ્ટ રહે છે.

---

* જુઓ મુખલક્ષણ શાસ્ત્ર પૃષ્ટ ૨૯

આનું પરિણામ એ આવે છે કે મસ્તિષ્કપુટદ્વારા થતા વિચારોનું સામર્થ્ય જતું રહે છે અને તેથી એ જડ જેવા રહે છે, અને સાદા વિષયને પણ ગ્રહણ કરી શકતા થી. મેરૂદંડમાં રહેલી મજ્જારજ્જુના પુટની દુર્બલતા થવાથી એ પુટ જે શારીર અવયવો-રક્તાશય, ફેફસાં, યકૃત્ આદિને નિયમિત વ્યાપારમાં સ્થાપે છે, તે અવયવોનો વ્યાપાર અનિયમિત અને શિથિલ થઇ જાય છે, તેથી એ દુર્બળ થઇ વિવિધ વ્યાધિ અને મરણને આણે છે. તેથી કેવલ શારીર વ્યાયામ સુખના સાધનરૂપે વિવેકી પસંદ કરતા નથી આ જ નિયમથી જેઓ કેવલ વાંચવા લખવાનું કરે છે, વિચારમાંજ પડી રહે છે, બુદ્ધિને જ સદા વેગવતી રાખે છે. તેમના મસ્તિષ્કના પુટ બલવાન્ થાય છે, તેમના મસ્તિષ્કના વળ વધે છે, મસ્તિષ્ક મોટું થાય છે, પણ તે સાથે શારીરવ્યાયામ ન હોવાથી શરીરના સ્નાયુઓ દુર્બળ પડે છે, શરીર સુકાય છે, બલહીન થઇ રહે છે, નિરંતર શિરોવેદના, અરૂચિ રક્તાશયની ફડક આદિ વિવિધ અવ્યવસ્થા થાય છે. આ હેતુને લીધે જે શિક્ષણ-પદ્ધતિ કેવલ શરીરને પોષનાર છે તે જેમ પ્રશસ્ત ગણાતી નથી તે જ પ્રમાણે જે શિક્ષણપદ્ધતિમાં કેવલ બુદ્ધિનો જ વિકાસ સાધ-વામાં આવે છે તે પણ તેટલી જ હલકી ગણાય છે જે શિક્ષણ-પદ્ધતિનું અવલંબન કરવાથી શરીર, બુદ્ધિ, નીતિ, ધર્મ મતિઆદિ આખા મનુષ્યનો વિકાસ થાય છે, તે જ શિક્ષણપદ્ધતિ પ્રશંસાને પાત્ર છે. કેમકે તે મનુષ્યની એકદેશીય ઉન્નતિ નહિ સાધતા, તેને એકેન્દ્રિય ગાંડપણ નહિ આપતાં, તેની સર્વદેશીય ઉન્નતિ સાધે છે, અને સાચા સુખમાં સ્થાપે છે. જે પ્રજામાં આવી સર્વ અંશે

ઉન્નતિ થાય છે તે જ પ્રજા બીજી પ્રજાપર સામ્રાજ્ય ભોગવે છે અને એકદેશીય ઉન્નતિવાળી પ્રજા તેમ કરવા અસમર્થ રહે છે.'

એકજ જાતની કેળવણી બહુજ હાનિકારક છે. જો કેવલ ક્રિયાશકિતનો વિકાસ થાય તો લૌકિક કર્મમાં મલ્લ ઉત્પન્ન થઇ સેતાનો પેદા થાય છે. જો શાસ્ત્રીયકર્મની શકિતનો વિકાસ થાય તો જડકર્મઠની સ્થિતિ પેદા થાય છે. જો ફકત લાગણીઓનું જોર વધે છે તો તીક્ષ્ણ લાગણીવાળા અને સહજમાં ઉશ્કેરાઇ જતા રીસાળ, ચીડીયા મનુષ્યો થાય છે, અને નીતિને બાજૂએ મૂકી ઉચ્છૃંખલપણે વર્તનાર **શેલી, બાયરન** વગેરે અને યુવાવસ્થામાં દયારામ હતા તેવા કવિઓ થાય છે અથવા તો બગલાભગતો પેદા થાય છે જે બીજું કાંઇપણ કરવા સમર્થ ન હોવાથી દયાપાત્ર હોય છે. જો લાગણીઓ અને ક્રિયાશકિતનો વિકાસ દબાવી ફકત વિચારશકિતનેજ ખીલવવામાં આવે તો બુદ્ધિબળવાળા રાક્ષસો પેદા થાય અથવા ગાડાંનાં દવાખાનાં ભરાય કે વ્યવહારમાં કુશળતા બતાવવામાં હોંશિયાર, શુષ્ક વેદાંતિઓ, અને તરંગી તત્વવિચારકો પેદા થાય છે.

કઈ કેળવણીની જરૂર છે ?

દરવર્ષે આપણા વિશ્વવિદ્યાલયો, જેનો હેતુ સ્વતંત્ર, મજબૂત, અને સ્વાવલંબી માણસો પેદા કરવાનો હોઈ શકે

તેમાંથી નીકળતા હજારો વિદ્યાર્થીઓને વડના જેવા અડગ નહિ પણ એક વડવાઈ જેવા ઢીલા, મજબૂત ચોખા મગજવાળા જોવાને બદલે ફક્ત યાદશક્તિનાજ અવયવવાળા, મજબૂત શરીરને બદલે માંદા શરીરવાળા, ટટાર નહિ પણ નમેલા જોવા એ ઘણી દીલગીરીભરેલો દેખાવ છે.

એવા કેળવાયલા માણસની જરૂર છે કે જેમાં જીવન અને જુસ્સાઓ છલકાઈ રહેલા હોય, છતાં પણ, જેના જુસ્સાઓ મજબૂત ઇચ્છાશક્તિના કાબુ નીચે રહેવાને તથા કોમળ ન્યાયાન્યાય શક્તિની ઇચ્છા પ્રમાણે વર્તવાને ટેવાયલા હોય, અને જે પોતાના જેટલુંજ બીજાને માન આપી શકતો હોય.

આ જગતને એવો માણસ જોઇએ છે કે જે સઘળી બાજુએથી કેળવણી પામેલો હોય. જેના જ્ઞાનતંતુઓ ઘણાજ તીક્ષ્ણ થયેલાં હોય, જેનુ મગજ વિશાળ, સંસ્કારી અને ચપળ હોય, જેના હાથ ચાલાક અને કારીગીરીવાળા હોય, જેની આંખો તીવ્ર, સુક્ષ્મદર્શી અને દયાથી ભરેલી હોય તથા જેનું હૃદય કોમળ, ઉદાર અને વફાદાર હોય.

આવા મનુષ્યને આખી દુનિયા શોધે છે.

ગુજરાત જે આખા હિંદુસ્તાનનું નાક છે તેને કોઈ પણ જાતની એકદેશિય કેળવણી ન પાલવે. તેણે તો આખી દુનિયાને માટે કામ આવે એવા ખરા 'મનુષ્ય' પેદા કરવાના છે. ખરો મનુષ્ય કેવો હોય અને તે કોણ થઇ શકે તે જાણવા માટે હવે પછીનું પ્રકરણ વાંચો.

પ્રકરણ ૧૦ મું.

જોઇએ છે-એક મનુષ્ય

આખી દુનિયા બુમ મારે છે કે અમને બચાવે એવો માણસ ક્યાં છે. અમને એક મનુષ્ય જોઇએ છે. પોતે જાતે એક મનુષ્ય કેવીરીતે થવું? જો એક માણસ નિશ્ચય કરે તો તેના જેવું બીજું કશું સહેલું નથી; અને જો એક માણસ તેવો નિશ્ચય કરવાનું જાણતો નથી તો તેના જેવું બીજું કાંઇ અઘરૂં નથી.-ડુમાસ

તમે જ્યાં જશો ત્યાં માલૂમ પડશે કે એક મનુષ્યની ખોટ દરેક જગ્યાએ રહેલી છે.

એવા માણસની જરૂર છે કે જે ગમે એટલા મોટા મેળાવડામાં હોય તોપણ તે પોતાનું મનુષ્યત્વ ભુલતો નથી. એવા મનુષ્યની જરૂર છે કે જેને પોતાના વિચારો અને નિશ્ચયોના બળ ઉપર હિંમત છે, અને આખી દુનિયા એક ચીજ માટે હા કહેતી હોય તોપણ તે ના કહેવાને ડરતો નથી.

એવા મનુષ્યની જરૂર છે કે જે એક મહાન ઉદ્દેશથી વ્યાપ્ત રહેલો હોવા છતાં તે પોતાની એકાદ મોટી શક્તિને પોતાના મનુષ્યત્વને વિચ્છિન્ન કરવા દેતો નથી. એવા

મનુષ્યની જરૂર છે કે જે પોતાના ધંધા કરતાં ઉંચો હોય. પોતાના ધંધામાં આત્મોન્નતિ, ચારિત્ર, કેળવણી, આત્મનિયમન, અને મનુષ્યત્વ જુએ. એવામાણુસ ની આ દુનિયામાં ઘણીજ ખોટ છે. એવા હિંમતવાન માણુસની ખોટ છે કે જેના સ્વભાવમાં **બીકનો છાંટો પણ ન હોય.**

જેનો ચહેરો કદીપણ ફરીયાદીના અવાજથી ફીક્કો પડતો નથી, જેનું હૃદય પોતાના ગુનાહો ખુલી જશે એવી બીકથી કદી ધડકતું નથી, જેનું અંતઃકરણ અકલંક્તિ અને ડાઘ વગરનું છે તેવા મનુષ્યના સુખની સરખામણીમાં સમુદ્ર ઉપરનો વેપાર, મોટા વિસ્તારની જમીન તથા મહેલો અને નોકરોની માલિકીવાળા મનુષ્યનું સુખ શું હીસાબમાં છે? જેણે કોઇ મનુષ્યને નુકશાન કર્યું નથી, જે પોતાનું નથી તેનાથી હમેશાં દૂર રહેછે, જે સ્વતંત્રતાથી સરળ ચહેરે અને ટટાર છાતીએ ઉભો રહી શકે છે અને ફરી શકે છે એજ મનુષ્ય છે.

આખા બ્રહ્માંડમાં મનુષ્યજ ફક્ત મોટામાં મોટી વસ્તુ છે. સંપૂર્ણત્વવાળો મનુષ્ય પેદા કરવાની દરેક જમાનો કોશિશ કરે છે. આવી રીતે કોઇપણ માણુસ ધારેતો એક મનુષ્ય થઇ શકે.

શું તમારી પાસે પૈસા નથી તેથી બની શકતું નથી એમ માનો છે? ના, ના. આતો એક ભુલ છે. સાંભળો, પ્રખ્યાત કરોડાધિપતિ એન્ડ્રુ કાર્નેગી એ સંબંધી શું કહે છે. તે કહે છે કે

જે મનુષ્યોને પૈસાદારના પુત્રો થવાનું કમનસીબ પ્રાપ્ત થયું છે તેઓને સમાજમાં બીજા કરતાં ઉન્નતિ કરવા માટે ઘણી અડચણો નડેછે. પૈસાદારના છોકરાઓનો મોટો ભાગ, પૈસાથી તેમની પાસે જે જે લાલચો ઉત્પન્ન થાય છે તે લાલચોથી દૂર રહેવા અશક્ત હોયછે અને અધમ જીવનમાં પડે છે. જે કોઇ માણસ જીવનની શરૂઆત કરે છે તેણે જાણવું જોઇએ કે તેણે એવા પૈસાદારના છોકરાંઓથી બીવાનું નથી પણ એવા હરીફથી બીવાનું છે કે જેઓ તમારા કરતાં વધારે ગરીબ હોય, જેમના માબાપ કેળવણી આપવા પણ અશક્ત હોય, તેઓ જો તમારી સામે હરીફ થઇ આવીજાય તો તેનાથીજ બીવાનું છે. જે છોકરાઓ ઓફીસમાં કે કોલેજમાં ઝાડુવાળીને પણ આગળ વધવાની શરૂઆત કરે છે તેઓજ ખરેખર કીર્તિ અને પૈસા મેળવશે.

ગરીબાઇથી દૂર રહેવામાં જે મથન કરવામાં આવે છે તેજ બળ પેદા કરનાર જુસ્સો છે. જો દરેક માણસ પૈસાદાર જન્મ્યો હોત તો કામ કરવાની, બળવાન વિચાર કરવાની જરૂર રહેતજ નહિ અને માનવ જાત બાળકજ રહેત, તથા દેશના અસંખ્ય સાધનો ઉપયોગ થયા વગરજ પડી રહેત. સોનુ ખાણમાંજ રહેત, મોટાં ભવ્ય શહેરોને બદલે ફક્ત જંગલ અને ન્હાનાં ઝુપડાંજ હોત. જે જે સુધારાઓ થયાછે તે આ ગરીબાઇથી દૂર જવાના પ્રયત્નોને લીધેજ થયા છે. ગરીબાઈનું દુઃખ ફક્ત જે મનુષ્યો નિવૃતિ વાળી સંતોષ રાખી પડી રહેછે તેમનેજ છે. આપણા

પોતાના દેશનો ઈતિહાસ તથા પરદેશોનો ઈતિહાસ જુઓ. બેરામજી મલબારી કોણ હતો ? એક ગરીબમાં ગરીબ વિધવાનો પુત્ર. લોઈડ જોર્જ કોણ ? મામાને આશરે ઉછરેલો યુવક. બેન્જામિન ફ્રાન્કલિન, વેબ્સ્ટર, લીંકન, ગારફીલ્ડ, નારાયણ હેમચંદ્ર, દયાનંદ સરસ્વતિ, શંકરાચાર્ય વગેરે કોણ હતા ? ગરીબના છોકરાઓજ. સીનેટર ડોલીવર જે પોતે એક વખત ગરીબ હતો તે નીચે પ્રમાણે કહે છે "હું ગરીબના છોકરાંઓ ઉપર દયા રાખી દયાનો દુરૂપયોગ કરવા માગતો નથી. જો સહેજ દયા મારામાં હશે તો તે પૈસાદારના છોકરાંઓ ઉપર બતાવીશ. જો તમારી પાસે ત્રણ લાખ રૂપીઆ હોય અને તમારા છોકરાને જીવનની શરૂઆત કરવા આપો તો તે કદી આગળ વધવાનો નથી. મારીતો સુચના એવી છે કે એ ત્રણ લાખ રૂપીઆ અને તે છોકરાને જૂદા જૂદાજ રાખજો. એથીજ તમારા છોકરાનું વધારે સારૂં થશે." લીંન્કન જે ઝુંપડામાં જન્મ્યો ત્યાં એક રાજા થનાર બાળક રહેતો નથી, પણ આ રાજા કરતાં પણ વધારે સરસ (વધારે ભવ્ય) એક મનુષ્ય (તેવા ઝુંપડાંમાંથી) પેદાથાય છે. વધારે આગળ શું કામ જાઓ છો ? કયસરની દુર્દશા કોણે કરી ? શરૂઆતમાંજ તેને સત્તા પૈસો અને બળ મળ્યું અને તેણે પોતાની, પોતાના રાજ્યની અને એક ઉત્તમોત્તમ પ્રજાની પાયમાલી કરી. એક જુવાન માણસને નિયમ વગરનું રાજ્ય પ્રાપ્ત થવું એ તેને માટે બુરામાં બુરી કમનસીબી છે. જે છોકરાને ખાત્રી છે કે

મને મોટો વારસો મળવાનો છે અથવા રાજ્યગાદી મળવાની છે તે નીચે મુજબ ઘણી વખતે ધારે છે "મારકામાંથી ઉઠીને આણો વખત કામ કરવાની મારે શી જરૂર છે, હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી મનેતો પુરતો પૈસો મળ્યાજ કરવાનો છે" અને તેથી તે સવારમાં એક વધારે મીઠી ઉંઘ લઈ લે છે. જ્યારે એક છોકરાને પોતાની જાત ઉપર આધાર રાખવો પડે છે તે સવાર પડતાં તરતજ ઉઠે છે અને કોઈની મદદ ઉપર આધાર રાખ્યા વગર તે સખત મહેનત કરી પોતાનું અને પોતાનાં માબાપનું પોષણ કરે છે. તેનું શરીર અને મન કસાય છે અને એવામાંથીજ એક મોટામાં મોટા રાજા કરતાં પણ વધારે મહાન ભવ્ય મનુષ્ય—એકાદ લિન્કન, એકાદ ગારફીલ્ડ એકાદ સયાજીરાવ પેદા થાય છે જેના પ્રતાપી તેજ આગળ મગરૂરમાં મગરૂર શ્રીમંતો અને સત્તાધિશો નિસ્તેજ દેખાય છે.

એક સાધારણ ગ્રેજ્યુએટ કરવા માટે જ્યારે દશ બાર કડક પરીક્ષાઓ યુનીવરસીટી લે છે તો કુદરત એક ખરે-ખરો મનુષ્ય પેદા કરવા માટે સાધારણ પરીક્ષાઓ લઈ ચલાવતી નથી. કુદરતને પૈસાદાર કે કીર્તિવાળા માણસોની જરૂર નથી તેને તો એક મનુષ્ય જોઈએ છે અને તે મનુષ્ય મેળવવા પરીક્ષાઓ રાખી છે. બંધુઓ તમે ધારોતો આ પરીક્ષાઓ સહેલાઈથી પસાર કરી શકો એમ છો.

પ્રકરણ ૧૧ મું.

આપણા ધર્મો.

મનુષ્યમાં એવું કાંઇ ઇશ્વરી તત્વ છે કે જે કદી માંદું પડતું નથી અને પડી શકે પણ નહિ. આ પ્રભુની મૂર્તિ રૂપ ઇશ્વરતત્વ અજર, અમર, પરિપૂર્ણ છે જે એક દિવસ મનુષ્યજાતમાંથી પાપ રોગ અને મૃત્યુનો પડછાયો પણ હાંકી કહાડશે. હફ્‌લાંડ

મનુષ્યને અનીતિમાન કરનાર કોઇ ખરાબમાં ખરાબ ટેવ હોય તો તે પોતાની જાતને ક્ષુદ્ર ગણવાની ટેવ છે. ઘણા મનુષ્યો આવું હમેશાં કરે છે. તેઓ જાણે કે પોતે ક્ષુદ્ર છે, પત્થર ઉપરની જડ છે એવું કહેવામાં આનંદ માનતા હોય એમ દેખાય છે.

આપણા ચાલતા ધર્મો આ ટેવને માટે જોખમદાર છે. આપણે મંદિરોમાં અને ધર્મની સભામાં કે પ્રાર્થના-સભામાં મનુષ્ય પોતાની જાતને ઘણી વખત હલકો પાડે છે. તેઓ મંદિરમાં જઇ દેવની મૂર્તિ આગળ ગાલ ઉપર

તમાચા મારે છે અને "હે ઈશ્વર હું પાપી છું, પામર છું, અઘોર અઘોર પાપ મેં કર્યાં છે, વગેરે વગેરે જેટલાં હલકા વિશેષણો હોય તેટલા બધાં પોતાને માટે બોલી મૂર્તિમાં રહેલા દેવને ખુશ કરવા પ્રયત્ન કરે છે. ધર્મ-ગુરૂઓ કહે છે કે "તમારી મુક્તિ થાય એમજ નથી. અમે કહીએ તેમ કરો નહિ તો તમારો મોક્ષ નહિ થાય. હે પાપીઓ તમારી મુક્તિ માટે ગુરૂને તમારે સ્વાર્પણ કરવું જોઇએ અને તમારે તેમના આગળ નીચા નમવું જોઇએ. અને લાયકાત હોય કે ન હોય તો પણ અમે અમુક મહાન્ પુરૂષના વંશના બાળકો હોવાથી તમારે અમારાથી દબાયલા રહેવુંજ જોઇશે; નહિ તો, તમારી ઉપર ઇશ્વર નારાજ થશે.'

આ બધું શા માટે? દરેક મનુષ્ય ઈશ્વરનો પુત્ર હોવાથી એમ ગરીબડા માફક બીજાને ઓથે દેવ આગળ શા માટે ઉભો રહે છે? આજે તે દેવની મૂર્તિ આગળ ગરીબડો થઈ ઉભો રહી માફી માગે છે, મંદિરમાંથી નીકળી પાછો ગમે તેવા પાપકર્મ કરવા તૈયાર થાય છે. શું તે એમ સમજે છે કે બે ઘડી પોતાને 'પાપી' કહી માફી માગીશું એટલે આખા દિવસમાં કરેલાં પાપ માફ થશે?

લખી રાખો, વ્હાલા વાંચકો, લખી રાખો કે ઈશ્વર આમ કદી છેતરાતો નથી, તે તમારૂં હૃદય વાંચી શકે છે. તમે ઈશ્વર

આગળ ઉભા થશો કે આડા થશો, લાંબા થઈ પગે લાગશો કે ગાલપર તમાચા મારી તોબાહુ કરશો તોપણ તમને કાંઈ વધારે ફાયદો થવાનો નથીજ.

એક બાપ આગળ એક છોકરો ભીકણ, રાંકડો અને કંગાળ જેવો થઇ કંઇ વસ્તુ માગવા આવે તો તેને કેવું દુઃખ થશે! એક બાપ પોતાના છોકરાને ગૌરવવાળો, મોભા-વાળો અને શકિતવાળો જોઈ જેટલો ખુશી થશે તેટલો શું તેનું નામ રાખનાર છોકરો રાંકડો નિર્માલ્ય દેખાય તે જોઇ થશે ? આવીજ રીતે તમારા પ્રભુ, જેણે તમને માનવ સમાજનું ભલુ કરવા દરેક શક્તિઓ આપી પેદા કર્યા છે તેની નજીક દયામણે મોઢે કે હમેશાં માફ માગતા કે ભીકથી ધુજતા જાઓ તો શું તે રાજી થશે ? તમારી આ રોજની નાલાયકી જોઈ ઇશ્વરને દુઃખ ઉપજયા સિવાય રહેતુંજ નથી.

તમારૂં આગલું જીવન જો અપરાધોથી ભરપૂર હોય, અથવા તો પાપોના ઢગલા તમે કર્યા હોય; ત્યારે તો એ ખાસ અગત્યનું છે કે હવેથી તમારે બાકીના જીવનમાં વધારે ઉંચા કામો કરવાં જોઇશે. પાપનો ખ્યાલ પણ મનમાંથી કાઢી નાંખવો પડશે. તમારા માતા પિતારૂપ ઇશ્વરને ખુશી કરવા માટે અને તમારા પાછલા પાપ માફ કરાવવા માટે તમારે ઇશ્વર આગળ ગરીબડા

થવાનું નથી કે ગાલમાં તમાચા મારી પાપની માફી માગવાની નથી પણ તેને બદલે તમારે વધારે બહાદૂરીથી ઇશ્વર ખુશી થાય એવાં ન્યાયી કામ કરવા નિશ્ચય કરવો પડશે. હમેશાં મનુષ્યત્વનું બળ તમારે કાયમ રાખવું પડશે. અને સ્વમાન ગુમાવનારૂં હલકું કામ કદી પણ તમારે હાથે નહિ થાય એવી તમારી પોતાની ખાત્રી કરવી પડશે જે મનુષ્ય પોતાને માટે ઉંચા વિચાર રાખે છે તે કદી પણ પોતાના મોભાથી હલકું કામ કરશે નહિ અથવા હલકી યુક્તિકે પ્રપંચમાં સામીલ થશે નહિ. જે હમેશાં પોતાને ક્ષુદ્ર અને પાપી માને છે, જે એમ કહેછે કે મનુષ્યનું મનજ એવું છે કે પાપ તરફ વળે છે તેજ મનુષ્ય હલકાં કામ કરવા તૈયાર થશે.

સત્ય હિંદુધર્મ આજ વાત શીખવે છે. આ વિરૂદ્ધ જે જે મતો કે ધર્મો શીખવતા હોય તે ધર્મ નથી પણ તેનાં ખોટાં ઓથાં છે, તે મનુષ્યોને મોક્ષ આપવા નહિ પણ તેને બાંધવા માટેના દોરડાં છે. ઉન્નતિને ઇચ્છનાર યુવન! એવા ખોટા મત અને ધર્મના ઓથથી હમેશાં દૂર રહો.

'ધર્મ તો તેને કહીએ રે જે જીવને સ્વતંત્ર કરે,
આધિવ્યાધિને ઉપાધિરે દુઃખો સઘળાં હણે' નર્મદ

ખરો ધર્મ બુદ્ધિની કસોટીમાંથી પસાર થવો જોઇએ.તેવો ધર્મ

આપણા ધર્મો.

ફેલાવવા માટે લોકોને અંધ શ્રદ્ધા રાખવાનું કહેવું પડતું નથી કે નર્ક અને પાપની બીક બતાવવી પડતી નથી. મત મતાંતરોથી વેગળો અને આપણા ઋષિ મુનીઓ પ્રણિત સત્યધર્મ કેવો હોઇ શકે તથા તે કેવા અદ્‌ભૂત કાર્યો કરી શકે એમ છે તથા એવા ધર્મ થી ગમે તેવા ભયંકર રોગો તથા હાનિકારક સંજોગોનો કેમ નાશ કરી શકાય છે તે સંબંધી હવે પછીથી અમે લખીશું જે ઘણું રસ ભરેલું તથા લાભ કારક જણાશે. હાલતો અત્રે અન્ય દેશોમાં તમારાજ મૂળ ધર્મને આચારમાં મૂકી ધર્મ પરાયણ મનુષ્યો શું કરે છે તે કંઈક બતાવીશું.

સુધરેલા દેશોમાં માનસવિજ્ઞાનશાસ્ત્રીઓનો એવો વર્ગ છે જે માનસિક ઔપચારોથી રોગો સારા કરે છે. તેઓ શું કરે છે? તેઓ અસીમ બળથી રોગના સત્યને નકારે છે તેમને મન સઘળું એક ચૈતન્ય અને તેના અસંખ્ય સ્વરૂપો સિવાય બીજું કશું જણાતું નથી, અને જ્યારે સર્વત્ર પ્રભુ વાસ પુરી રહ્યો છે અને તે પરમકૃપાળું છે તો રોગ, ભય, ચિંતાને રહેવાને સ્થાનજ નથી અને તેથી તેઓ અસત્ય છે; કારણ કે ઈશ્વરે જે કાંઇ સારૂં છે તેજ બનાવ્યું છે. અમેરિકામાં એક ક્રીશ્ચીઅન સાયન્સ નામનો પંથ છે. તેનો મુખ્ય સિદ્ધાંત, એ છે કે જે કોઇ ચીજ સર્જનહારે બનાવી નથી તે આ દુનિયામાં રહી શકે એ બને એમ નથી તથા પરમકૃપાળુ પરમાત્મા પોતાનાથી

ભિન્ન સ્વભાવની કોઈ પણ ચીજ પેદા કરી શકેજ નહિ. એ સિદ્ધાંત તે પંથના લોકો દ્રઢતાથી અને ખંતથી સતત માને છે.

આ બીજું કાંઈજ નથી પણ આપણા આર્ય શાસ્ત્રોનો सर्वं खल्विदं ब्रह्मम् । ब्रह्म सत्य जगन्‌ः मिथ्या એ સિદ્ધાંતનો એક પડઘોજ છે. હિંદુસ્થાનમાં એવો વખત પણ હતો કે જ્યારે આપણા પૂર્વજો આ સિદ્ધાંત વડે દુઃખ દરદો મટાડી શકતા હતા, અપુત્રોનો સપુત્ર કરી શકતા હતા તે આર્ય ભુમિમાં હવે શું રહ્યું છે? પ્રભુ સર્વત્ર વ્યાપી રહ્યો છે, તેની શક્તિઓ દ્દઢ ચિંતન વડે પોતાનામાં દર્શિત કરી શકાય તેમ છે તે માલૂમ પડવાને બદલે મતમતાંતરો અને જૂદા જૂદા પંથ અને વાડાઓના મિથ્યા ઝઘડાઓ જોઈએ છીએ. શૈવધર્મ કરતાં વૈષ્ણવધર્મ ચઢે અને તે કરતાં રામાનુજ સંપ્રદાય વધારે સારો એવા અસંખ્ય પ્રતિપાદનો માટે દાખલાઓના ઢગલા માલૂમ પડે છે. ધર્મના મતભેદને લીધે એક બીજાને મદદ કરવાને બદલે દુશ્મનાવટ જામેલી હોય છે. બહારથી જોનારને એમ લાગે કે આપણે ફક્ત ધમને માટેજ જીવીએ છીએ પણ સત્ય ધર્મ ઘણોજ ઓછો જણાય છે. જે ધર્મવડે તથા પ્રભુ પ્રેમ અને શ્રદ્ધાથી અકળિત કાર્યો કરી શકાય છે તેની ખામી હોવાથી નથી સધાતો વ્યવહાર કે નથી સધાતો પરમાર્થ.

વ્યવહાર અને પરમાર્થ બેઉ ખોવાય છે.

'ગીતાનો અદ્‌ભૂત ઉપદેશ આપનાર કૃષ્ણ અને જે જ્ઞાનને વ્યવહારમાં મૂકવાથી આખો હિંદુસ્થાન સમગ્ર દુનિયામાં પ્રથમ પંક્તિએ આવે એમ છે તે કૃષ્ણને અમે એક બાજુએ મૂકીએ છીએ અને તેને બદલે ઈશ્વરના ખોટા ઓથાઓની અને વહેમોની પુજા થાય છે અને પરિણામમાં જે ગંભીરતા, જે બળ, જે મહત્વ દરેક ભારત વાસીઓમાં ઈશ્વરના અંશ રૂપે પ્રતીત હોવું જોઈએ તે ન હોઇ આપણે હજુ ધર્મમાં અને વ્યવહારમાં બાલક રહીએ છીએ. ઓ પ્રભુ ! ધર્મના માની લીધેલા સહજ મતભેદને લીધે અમે કાયમનું એક બીજા સાથે વેર રાખીએ છીએ.'

કેટલાક ધર્મના જૂદા જૂદા સિદ્ધાંતોનો એકડો પણ જાણતા ન હોય તેઓ, પહેલો આત્મા કે પહેલી સૃષ્ટી, પહેલું ઝાડ કે પહેલું બી, ઇશ્વરનો બનાવનાર કોણ હશે એના વિચાર અને વાદવિવાદમાં પોતાનો કીમતી વખત ગુમાવેછે. જે કીમતી વખતમાં તેઓ પોતાના જીવનનું સાર્થક કરી શકે એમ છે, ઘણાને ઉપયોગી થઈ પડી મનુષ્યત્વની ઉચ્ચ પંક્તિએ ચઢી શકે એમ છે તે તેઓ ગુમાવે છે.

આપણા ધર્મના સ્તંભરૂપ ગણાતા આચાર્યો. તેઓ કાંઇ કરી શકે છે એમ છે. કારણ કે તેમને દરેક જાતની સગવડ અને સંપત્ત મળેલી છે, તેમને 'પેટ કેમ ભરીશું' એની ચિંતા હોતી નથી, અને તેઓ સ્વતંત્ર છે; પણ અમને બતાવો કે તેઓએ મહાન પ્રભુ વિષે કેટલાઓના મનમાં પ્રેમ અને શ્રદ્ધા ઉપજાવી છે? સહેલાઇથી અને સત્યની કસોટીમાંથી પસાર થાય એવું અને મત મતાંતરોથી વેગળું ધર્મનું જ્ઞાન આપી કેટલાં બુદ્ધિમાન મનુષ્યોને આકર્ષ્યાં છે અથવાતો કેટલાં દુઃખી, પાપી અને મન: તનથી જળેલાંઓને ઠારેલાં છે?

ઋષિમુનીઓની આર્ય ભુમિમાં આજ કેટલું અસત્ય અને અજ્ઞાન ફેલાયલું છે! વેદાંતના સત્ય વડે વ્યવહાર અને પરમાર્થ સરળ અને બંધન વગરનો કરી શકાય છે તો આજે આપણો વ્યવહાર સુખી કેમ નથી? નકામી રૂઢીઓનાં બંધનો કેમ દુખ દે છે? મનુષ્ય સ્વતંત્ર કેમ નથી?

કોઈપણ કામ કરતી વખતે મારા 'પ્રભુને ગમશે કે નહિ' અથવાતો વ્યાજબી છે કે નહિ એ વિચાર આપણને નથી આવતો, પણ 'લોકો શું ધારશે, ખોટું તો નહિ દેખાય' વગેરે વિચારોને અનુસરી આપણે કેમ વર્તન રાખીએ છીએ!

આપણા શાસ્ત્રીઓ, ગોર અને પંડિતો! તેઓમાંના ઘણા ફટાકશ અને પટાકશના પોપટીયા શુષ્ક જ્ઞાનમાં રમે છે

ઇશ્વરનું અગાધ બળ તેમણે પોતાનામાં પ્રકટાવેલું હોતું નથી. તેઓ પ્રભુના પ્રેમની ઝાંખી વેદવાદમાં રત રહી કરી શકતા નથી. ઘણી વખતે કેટલાક તકરારી બની તરત ગુસ્સે થઈ જાય છે અને કેટલાક બેહદ લોભી હોય છે. તેઓ નથી પોતાના કુટુંબનું સારી રીતે પોષણ કરી શકતા કે નથી ધર્મની જવલંત ભાવના પેદા કરી શકતા કે જેથી કોઈને પણ અનાયાસે તેમનામાં માન અને પૂજ્યભાવ પેદા થાય.

આવી સ્થિતિમાં પુણ્યભૂમિ આર્યાવર્ત દબાઈ રહેલી છે, ત્યારે એજ વેદાંતના જ્ઞાનનો સહજ રૂપાંતર કરી દુનિયાના બીજા ભાગમાં વ્યવહારને સુખરૂપ કરી દુઃખ દરદો મટાડવા તથા પરમાર્થ સાધવા કેવી રીતે ઉપયોગ કરાય છે તે હવે પછી આપણે જોઈશું. ધર્મ ભાવનાનું જે સ્વરૂપ અમને હાલ જણાયું છે તે અમે બતાવ્યું છે. તેથી એમ નથી ઠરતું કે સત્ય ધર્મનો આર્યાવર્તમાં તદન લોપ થયો છે, પણ વર્તમાન સ્થિતિ સાધારણ રીતે બહુ ભયંકર છે અને આપણા બધાના સુખને માટે તેમાં ફેરફાર કરવાની અત્યંત જરૂર છે.

કેટલાં માણસો પૈસાની તંગીમાં રહે છે? કેટલાઓને ફી મળી શકતી નથી, જ્યારે કેટલાક ગમે તેવી પોતાના જાતની ફી અથવા બાળકી પરણવા માટે અખી જીંદગી

સુધી આત કૃપણપણે રહી ધન સંચય કરે છે. આ બધું આપણને શું સૂચવે છે? કોઇ જાતની મોટા પ્રમાણની ભયંકર ખામી બતાવે છે. પ્રથમ જ્યારે એજ ભારત દેશની દરેકે દરેક વ્યક્તિ ધર્મના વાસ્તવ જ્ઞાનવડે વેદાંતનો વ્યવહારમાં અનુભવ કરી સ્વતંત્ર અને મુક્ત હતી, ત્યારે તેના તેજ સિદ્ધાંતોના શુષ્ક જ્ઞાનથી અને ઘણી વખતે તેનો અનર્થ કરી આપણે ઘણી બાબતોમાં તન અને મનથી પરતંત્ર રહીએ છીએ.

આપણા લોકોને અમેરિકાના ક્રીશ્ચીઅન સાયન્સ પંથ-વાળા પાસેથી આ બાબતમાં ઘણુંજ શીખવાનું છે. આપણા વેદના અને બ્રહ્મના સિદ્ધાંતોને તેઓએ ઘણી દ્રઢતાથી સહેજ ફેરફાર સાથે આચારમા મૂકયા છે. તેઓ પોતાનું અજાયબ ભરેલું કામ કેવી રીતે કરે છે તે બતાવવા હવે પાછીના પ્રકરણોમાં પ્રયત્ન કરીશું.

જેઓ તેમના સિદ્ધાંતો જોડે પૂરેપૂરા મલતા થતા નથી તેઓને પણ તે લોકોની અજબ કરનારી ધર્મ શ્રદ્ધા અને તેથી ઉપજતા અદ્ભૂત ચમત્કારો અસર કર્યા વગર રહેતા તો નથી જ. તેઓની પ્રેરણાવાળી માનસિક વલણ, જે આશાભરી રીતે તેઓ જીવનના બનાવો હાથમાં ધરે છે તે તથા ફત્તેહ તંદુરસ્તી અને આબાદાની તરફ તથા પ્રકાશ તરફ હમેશાં જે બળથી પોતાની દ્રષ્ટિ રાખે છે, તથા અંધકાર અને જે જે ચીજો તેઓની તનદુરસ્તી, બળ, અને સુખમાં અડચણ

કર્તા હોય તે તરફ ઝાંખો ખ્યાલ પણ કરતા નથી એ બધું હજારો નીરાશ થયેલા જીવાત્માઓ માટે નવી દુનિયા પેદા કરે છે. શું આપણે આવી રીતે આપણો ધર્મ સતેજ કરી ફરીથી સત્ય હિંદુ ધર્મ આચારમાં મૂકી આખા જગત્ ઉપર જીવન, સુખ અને શાંતિ ફેલાવી ન શકીએ ? ગુજરાતીઓ,–બ્રાહ્મણો, ધર્મગુરૂઓ બધા જાગૃત થાઓ, અને તક અને જીવન છે ત્યાં સુધીમાં જેટલું બને તેટલું કરો, નહિ તો તક અને વખત જશે અને પાછળથી આ અમુલ્ય જીવન ફક્ત કુસ્કા ખાંડી ગાળેલું માલૂમ પડશે. ના, ના, એવું એળે જીવન જવા દેવા આપણે સર્જાયા નથી. અમને ખાત્રી છે કે ટુંક વખતમાં ગુજરાતની જાહોજલાલી વશિષ્ઠ અને વિશ્વામિત્રના વખતમાં હતી તેવી થશે અને બુદ્ધિ કબુલ કરે તેવો સત્ય હિંદુ ધર્મ જગતપર ફેલાવી શકાશે.

પ્રકરણ ૧૨ મું.

તમારી મહત્વાકાંક્ષા તો જાળવો.

સૂર્ય સઘળે પ્રકાશ સરખોજ આપ્યા કરે છે, અને એક પ્રદેશમાં દીવસની લંબાઇ સરખીજ હોય છે, છતાં પણ જે મનુષ્યો પર્વત ઉપર રહેછે તેમને ખીણમાં વસનારા લોકો કરતાં લાંબો દીવસ, વધારે પ્રકાશ અને તડકો મળે છે; આવીજ રીતે એકજ જાતના સંજોગોમાં વસનારા લોકોમાં જેઓ પોતાના ઉચ્ચ આદર્શરૂપ સ્થાનમાં વસેછે તેમને નીચ આદર્શરૂપ ખીણમાં વસનારા કરતાં ઓછો આનંદ અને ઓછો પ્રકાશ મળે છે.

હમેશાં સંશય અદેખાઇ વગેરેના વિચારોમાં વસી મનુષ્યો પોતાની આજુબાજુ કેદખાનાની અંધારી કોટડી બનાવે છે.

મને એક સંતોષી ગુલામ બતાવો, અને હું તમને એક અધમ થએલો મનુષ્ય બતાવીશ. બર્ક—

અડચણોથી અકળાઇ ગભરાઇ જાય એવું ચારિત્ર એક જરા દૂર અને દૃઢ નિશ્ચયી પુરૂષનું હોતું નથી. સીસેરો

ઘણાં મનુષ્યો માને છે કે મહત્વાકાંક્ષા તો કેટલાકને જન્મથીજ મળે છે. પણ તે તેમ નથી મહાત્વાકાંક્ષા એક એવો ગુણ છે કે જેને ખીલવીએ અને કેળવીએ તો તે ઘણી ઝડપથી વધી શકે. તેની ઘણીજ સંભાળ રાખવાની જરૂર છે.

જો તેને આપણે સમજીએ નહી તો તેની રૂપરેખા ચોક્કસ હોય તે ધીમેધીમે ઝાંખી થાય છે. આપણી મનની બીજી શકિતઓ જો વાપરીએ નહી તો મંદ થાય છે તો મહાત્વાકાંક્ષાને જો એમને એમ પડી રહેવા દઈએ, તેનો બેદરકારીથી વર્ષો સુધી ઉપયોગ ન કરીએ તો તે કેમ તાજી અને બળવાન રહે? જો આપણે હંમેશાં ઉત્તમ તકોને, હાથમાંથી જવા દઈએ તો આપણી ઇચ્છાઓ ધીરે ધીરે મંદ થ.ય છે.

અમને શાની જરૂર છે?

રામકૃષ્ણ પરમહંસ કે વલ્લભાચાર્ય કે ડો. વિલ્સન આટલું આટલું કરી શકયા છે કે કરી શકે છે એ બધું વિચારવાની અમને શું અગત્ય છે? અમને તો અમે શું કરી શકીએ એમ છે તે બતાવો અને તેટલું અમારી પાસે કરાવો.

જો હું મારી શકિતનો દસ, બાર, વીસ કે નેવું ટકામાંથી જેટલા બને તેટલા વધુ ટકા ઉપયોગ કરી શકું, જો એ શકિતઓનો કયસર માફક ઉંધે રસ્તે નહી પણ ઉત્તમ રીતે ઉપયોગ કરી શકું તો તેજ મારે તો મારૂં સર્વસ્વ છે. એ સિવાયનું બીજું મારે શું કામનું છે? રામ અને કૃષ્ણે, ઈસુખ્રિસ્તે કે દુનિયાના ગમે તેણે આગલા અને

હાલના જમાનાના કોઈએ પણ ગમે તેવાં પરાક્રમ કર્યાં હોય તેનું મને શું? હું પોતે થોડું પણ કાંઈ કરી શકું એમ હોયતો કોઇ બતાવો. એટલું મારે બસ છે. મને બીજાઓના અતિ ઝળહળતા દાખલાઓના તેજમાં અંજાવાની શું જરૂર છે? મને તો કોઈ બતાવો કે આ ઝળહળતાં દાખલાઓ પેદાકરનાર પુરૂષો મારાજેવાજ આગળ વધવાની મહેનત કરનાર પુરૂષો હતા. તેઓએ પણ અમુક નિયમ પ્રમાણે મહેનત કરી આવી ઉંચી દશાપ્રાપ્ત કરી હતી. "તેઓ દેવાંશી હતા, તેઓને તો બધું સાધ્ય હતુ" એવું બતાવનાર ભ્રમનાં દષ્ટાંતો મારી આગળથી ઓ પ્રભુ! દૂર રાખ. મારે એવા મિથ્યા તેજમાં અંજાવાની જરૂર નથી. મહાન ઇમરસન પણ આમજ કહેછેઃ "જે મને અતીશય જરૂરનું છે તે એ છે કે જે હું કરી શકું એમ છું તે કોઈ મારી પાસે કરાવે."

એકાદ ભાષણ, એકાદ ઉત્તમ પુસ્તક, એક ઉત્તમ મિત્ર તમારૂં સમગ્ર જીવન ફેરવી શકે. આ એકજ પુસ્તકના વાંચન મનનથી તમારૂં સમગ્ર જીવન ઉત્તમ કેમ ન બને?

કેલીસ્ટેટસનું વકતૃત્વશાળી ભાષણ સાંભળીને ડેમોસ્થેનીસને એટલું તો લાગી આવ્યું કે ભાષણકર્તાના થોડાએ ગુણો ન હોવા છતાં ત્યાંને ત્યાંજ તેણે મહાન ભાષણકર્તા થવાનું નકકી કર્યું. તેનો અવાજ નબળો, થરથરાયલો અને

અસ્પષ્ટ હતા, તથા તેના શરીરનો બાંધો ઘણો નબળો અને નાજુક હતો, તોપણ સખત મહેનત કરી મોટો વકતા થયો.

કેળવણી ઉપરનું એકજ ભાષણ સાંભળી એક અજ્ઞાન લુહારને એટલું તો લાગી આવ્યું કે તેણે સખત મહેનત કરી જ્ઞાનસંપાદન કર્યું, મોટી લાયબ્રેરીનો માલીક થયો, ઉત્તમમાં ઉત્તમ જ્ઞાનવાળો થયો અને પોતાના શહેરના ન્યાયાધીશ બન્યો અને લોકોનું સુખ વધારનાર થયો. આ એકજ ભાષણે તેનામાં સુતેલી શકિતઓને જાગ્રત કરી ઉન્નતિના પંથ ઉપર દોડવા તેની પાસે પ્રયત્ન કરાવ્યો. આવા ભાષણકારો અને બળશાળી ગ્રંથકારો ગુજરાતને જોઇયેછે. બીજાના તેજમાં અંજાવી મારનાર ગ્રંથો અને બોલનારાઓ અને દ્રષ્ટાંતો અમને આ દુનિયામાં અને તે દુનિયામાં પણ શું કામના થઈ પડે એમ છે. ઈમર્સન કહે છે કે દુનિયાના ઈતિહાસમાં જે મહત્વના બનાવ બને છે તે સઘળા કોઇ એક પ્રકારના ઉત્સાહપૂર્ણ આદર્શને લીધેજ બને છે. મહુમદ પછી આરબોએ નજીવા સાધનોવડે રોમ કરતાં મોટું રાજ્ય અનેક વિજયો મેળવી પેદા કર્યું તે આનું દૃષ્ટાંત છે. નગ્ન ડેરારે એક વિચારના બળ ઉપર સવાર થઇ મોટા લશ્કરને હરાવ્યું. રોમના માણસોને સ્ત્રીઓએ મરદો માફક લડી હરાવ્યા. તેમને પહેરવાને કે ખાવાને પુરતું સાધન નહોતું. તેમને બ્રાંડી

કે માંસ ખાવા માટે જોઇતું નહોતું. તેઓએ એશીયા આફ્રિકા અને સ્પેન બાલીંને લોટ ખાઇને જીત્યું. બીજાઓની તલવાર કરતાં ખલીફ ઉમરના હાથમાંની સોટી જેઓ જોતા તેમને તે વધારે ભય પેદા કરતી.

ઢીલે ઉત્સાહ જીતે એવા લશ્કરની સરદારી ન લઇ શકે.

"હું પ્યારમાં પડેલો છું અને મારી વહાલી તે બીજી કોઇ નહી પણ સ્વતંત્રતાજ છે અને તેમાં હું ખરેખર સુખી છું. આનાથી દૂર રહેવા કરતાં કંદમૂળ ખાઈ આના પ્યારને માટે લડવું હું વધારે પસંદ કરૂં છું. કારણ કે સાહેબ, હું મારી જન્મભૂમિ ઉપર ચાલું છું અને તે માટે હું કાંઇ નાલાયક નથી. ભવિષ્યની ઓલાદનાં બચ્ચાંઓ કદાચ મારૂં નામ પણ નહિ સાંભળે છતાં પણ, તેઓની સ્વતંત્રતા અને તેનાથી મલતાં અસંખ્ય સુખો મેળવવા આજે હું લડુ છું એ વિચારથી મારૂં હૃદય આનંદ પામે છે."

અમેરિકન જનરલ મેરીઅનના ઉપલા શબ્દો સાંભળી આવેલા બ્રીટીશ ઓફીસરે પોતાના કર્નલને કહ્યું "સાહેબ, મેં એક અમેરીકન જનરલ અને તેના અમલદારોને ફકત સ્વતંત્રતાને માટે કંદમૂળ અને પાણી ઉપર નિર્વાહ ચલાવતા તથા

ઘણુંજ થોડા કપડાં અને બીલકુલ પગાર વગર રહેતા જોયા છે. આવા મનુષ્યો સામે લડવામાં આપણે કેવી રીતે ફાવીશું?" પ્રથમ તક મળતાં તે બ્રીટીશ અમલદારે નોકરીનું રાજીનામું આપ્યું. કારણ કે તેને લાગ્યું કે જે ઉત્સાહવાળા મનુષ્યો આવી મુશ્કેલીઓ સહન કરી શકે તે કદી પણ જીતી શકાય નહી.

બેન્જામીન ડીઝરાયલી, જેને એક ધિક્કારાયલો યાહુદી ગણવામાં આવતો હતો તેને પોતાની શકિતમાં અનહદ શ્રદ્ધા હતી. તેણે તેને ઇંગ્લાંડમા સર્વોપરી સત્તાધારી બનાવ્યો. જયારે બ્રીટીશ પાર્લામેંટે તેના પ્રથમ ભાષણ વખતે સીસોટીઓ વગાડી અને મશ્કરીના અવાજો કરી તેને નિષ્ફળ બનાવી બેસાડી દીધો હતો ત્યારે તે ગભરાયો નહિ કે હિંમત હારી ગયો નહિ. તમારે મારૂં કહેવું સાંભળવુંજ પડશે એવું બોલતો બોલતો તે પારલામેન્ટના મેમ્બરોના મશ્કરીના અવાજો અને તાલીઓ વચ્ચે બેઠો. આવા સંજોગથી બીજો કોઇ ફરી બોલવા ઉઠતજ નહિ પણ ડીઝરાયલી પોતાની આત્મશ્રદ્ધાથી ફરી પ્રયત્ન કરતાં ઈંગ્લાંડનો વડો પ્રધાન થયો અને પારલામેંટની મશ્કરી ઠઠ્ઠાના અને સીસોટીના અવાજો તેણે વખાણ અને હર્ષનાદમાં ફેરવી નાંખ્યા, તથા તેના મશ્કરી કરનારાઓ ઉપર પચીસ વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું.

અમેરીકાનો પ્રસિદ્ધ વેપારી મારશલ ફીલ્ડ જો ડીક્ષનના હલકા સ્ટોરમાં કારકુન તરીકે પડી રહ્યો હોત તો આજે દુનિયાનો તે એક મોટો વેપારી થયોજ નહોત જ્યારે ચીકાગો જેવા મોટા શહેરમાં આવી તેણે જોયું કે તેના જેવાજ ગરીબ માણુસો કેવી રીતે ફતેહમંદ થયા તથા તેના અજાયબી ભરેલા દાખલા જોયા ત્યારે તેણે પોતે પણ મોટો વ્યાપારી થવાનો નીશ્ચય કર્યો. તેણે પોતાની જાતને સવાલ પુછયો કે જો બીજાઓ આવી અજાયબ ભરેલી ચીજો કરી શકેછે તો હું પણ કેમ ન કરી શકું? અને હું પણ તમને સવાલ પુછુંછું કે જો બીજાઓ કરી શકે છે તો તમે પણ કેમ ન કરી શકો? મુંબઈના પૈસાદાર મનુષ્યોનો મોટો ભાગ કાઠીયાવાડના તથા મારવાડના વતનીઓનો બનેલો છે. જો તમે તપાસ કરશો તો જણાશે કે જયારે તેઓ પ્રથમ મુંબઈ આવ્યા ત્યારે મોટે ભાગે તેઓ તદન ગરીબ સ્થિતિમાં આવ્યા હતા. અરે કેટલાક તો દેવાદાર હતા! આજે જુઓ! તેઓ પોતાની શકિતથી અવનવા કામો કરી શકે છે.

ગુજરાતનું રાજય સ્થાપવા વનરાજ પાસે અને મરાઠા વંશ સ્થાપવા શિવાજી પાસે શું હતું?

મહત્વાકાંક્ષા સિવાય બીજું કયું સાધન શરૂઆતમાં તેમની પાસે હતું તે બતાવશો?

પ્રેસિડેન્ટ એડબોર્ડનું એક ફેફસુંજ ખવાઇ ગયું હતુ અને તેનાં મરણુ લાકડાં તૈયાર કરવામાં આવ્યા હતા, પણ પોતાની દઢ ઈચ્છાના બળથી બીજા પાંત્રીસ વર્ષ જીવી કામ કર્યું. વિજય મેળવનાર આત્માનો જુસ્સો કેટલો બધો બળવાન હોયછે! આને લીધે હાથમાં ચોપડી લઈ બેન્જામીન ફ્રેન્કલીને રોટલીનો ટુકડો ખાઈ ચલાવી લીધું હતું, લીન્કન અને ગારફીલ્ડ પોતાના ઝુંપડાથી તે અમેરિકાના પ્રેસિડેન્ટ થતાં સુધીનો કઠણુ રસ્તો કાપ્યો. બર્ક કહે છે કે "કદી નિરાશ ન થશો અને અડચણુથી ગભરાશો નહિ; નિરાશ થાઓ તો નિરાશામાં પણુ કામ કરો.

વડાપ્રધાન લોઇડ જયોર્જનું શિક્ષણુનું સાધન ગામડાની શાળા અને તેના મામાનું ઘર તથા તેના જોડા સીવવાની દુકાન હતી. તેને માટે નહોતી ઇટન કે હેરોની કોલેજ કે નહોતી બારીસ્ટરની અભ્યાસ કરાવનારી 'ઈન, કે એક્ષ્ફર્ડ યુનિવર્સિટી. "મારા ગામના લુહારની દુકાન એજ મારી પાર્લામેન્ટ" આમ તે કહે છે. ગરીબમાં ગરીબ મનુષ્યને પણુ નિરાશ થવાનો આ જમાનો નથી

આશા આપણુને અજાયબ ભરેલા દાદરના એક પછી એક પગથીયા ઉપર ઉંચેને ઉંચે દોરવે છે. જોકે આપણે તેનો છેડો જાણુતા નથી તોપણુ જેમ જેમ આપણે એક પગથીયું ચડતાં જઈએ છીએ તેમ તેમ

આપણા જીવનની દ્રષ્ટિ મર્યાદા વધારે વિશાળ થતી જાય છે.

મહેનતનો બદલો આપવા શું આ પુરતું નથી? જો આપણે આશાના અવાજને સાંભળતા નથી અને તે પ્રમાણે કરતા નથી તો નિરાશાની સરણીએ ધીરે ધીરે આપણે નીચે સરીએ છીએ. આગળ વધવા માટે એક ઉંચું લક્ષ્યબિંદુ ખાસ જરૂરનું છે.

ઉન્નતિનો નિયમ.

અમને ખબર છે કે જે કાળમાં અને જે પ્રદેશમાં જે બને છે તે તે વખત માટે યોગ્યજ હોયછે, છતાં પણ અમને લાગે છેકે મનુષ્યને ઉત્પન્ન થતી ઇચ્છાઓને ધિકકારવાનું તથા દબાવવાનું જમાનાઓથી જે શિક્ષણ અપાયું છે તે માનવ જાતને ઘણું નુકશાન કર્યા વગર રહ્યું નથી आशायाम् परमं दुःखम् निराशायाम् परमम् सुखम् એટલે આશામાં ભારે દુઃખ છે નીરાશા પરમ સુખરૂપ છે એવું આપણને જણાવવામાં આવ્યું છે. આશા દરેક જાતના દુઃખો તરફ દોરી જાયછે અને છેવટે જો આશાને છોડતો નથી તો તે તેને ન છોડનારનો નાશ કરે છે. ગૌતમબુદ્ધ જેને મહા જ્ઞાની કહેવામાં આવેછે અને જેણે પોતાના વખતમાં પોતાના વિચારો આખી દુનિયામાં ફેલાવા પ્રયત્ન કર્યો તેણે પોતેજ શું કર્યું તેનો વિચાર કરીએ. તેની પાસે પૈસો, રાજ્ય, સ્ત્રી અને પુત્ર હતાં; છતાં પણ લંગડાં અને ઘરડાં દુઃખી માણસને

જોઈ તેનું ધ્યાન તેના કારણ તરફ દોરાયું, અને થોડોક વખત વિચાર કરતાં તેણે નિશ્ચય કર્યો કે તેનો સુખ અને પૈસા ઉપર હક નથી અને તેસઘળું છોડી છ વર્ષ સુધી શરીરને ભુખ વગેરેથી કષ્ટ આપી મોતની અણી સુધી લાવ્યો. પણ પાછળથી એણે શરીરને કષ્ટ આપવાનું છોડી દીધું અને શિષ્યોને આશાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપવા માંડયો. એના ઉપદેશ પ્રમાણે એના શરીરની ઇચ્છા ખોરાક મેળવવાની હતી તેને દબાવી શરીરને ખાવાનું ન આપી ભુખે મારી નાંખવું જોઇયે તેને બદલે તેણે હવે શરીરને ખોરાક આપવા માંડયો, અને એવું શિક્ષણ ફેલાવવા માંડયું કે દરેક દુઃખો આશા કરવાથી થાય છે, અને તેથી દરેક દુઃખને ટાળવાનો સહેલો ઉપાય આશાનો નાશ કરવો જો છે. તેના આ વિચારો તેની પાછળથી થયેલા દરેકધર્મમાં દાખલ થયા.

પણ હાલનું માનસશાસ્ત્ર તો એ ધર્મ બતાવે છે કે દુનિયામાં ઉત્પન્ન થતા દરેક પ્રાણીની ઉન્નતિ પોતાની આશાઓ અથવા ઈચ્છાઓને જાણી અને તે મુજબ મેળવી-નેજ કરી શકે છે. આ બુદ્ધ ધર્મના સિદ્ધાંતથી દરેક રીતે વિરૂદ્ધ જાય છે.

મળ્યા વિણ કોણ શું મૂકે, શું ન ગો નાહે શું સૂકે
ન દીઠું તે જરૂર ચૂકે, અરે મારૂં ન મેં જાણ્યું.

ઉપલી મણીભાઇની કવિતા આશાઓને પોષ્યા સિવાય શાંતી થતી નથી એવું સૂચવે છે,

એટલા બુધ્ધેજ આ કાંઇ આશાનું પાપ શીખવ્યું નથી પણ ત્યાર પછીના થયેલા દરેક ધર્મોમાં આ અસત્ય અને નાશકારક વિચાર દાખલ થયો છે. હિંદુ ધર્મ ઉપર આ વિચારે ઘણુંજ ભયંકર પરિણામ આણ્યું છે. હિંદુસ્તાનની બુદ્ધ ધર્મ પહેલાંની જાહોજલાલી સાથે ત્યાર પછીની સ્થિતિની સરખામણી કરતાં આ તમને સહજ સમજાશે. ઇચ્છાઓનો જો નાશ કરવામાં આવે અને તેનું જો પરિણામ તારવવમાં આવે તો એટલુંજ નીકળે છે કે તે જાતિનો નશ થવા બેઠોછે. અને ઉન્નતિનો અર્થ કાંઈ એવો થતો નથી.

આશા એ તો જીવનનું મૂળ છે. આશા અથવા ઇચ્છા શકિત વડે આપણે જે કાંઇ પ્રાપ્ત કરવું હોય તે પ્રાપ્ત કરી શકીએ છીએ અને એને જેટલું આપણે વધારે માન આપીશું તો તેટલી વધારે ઝડપથી આપણી ઉન્નતિ થશે.

આપણે જેમ જેમ આગળ વધીશું તેમ તેમ આપણી આશાઓ વધારે ઉંચી બનશે તથા ન્યાયની સત્ય લાગણીવાળી અને પ્રભાવશાળી બનશે. આથી જણાશે કે આશા ઇ પાપરૂપ નથી પણ ન્યાયની અજ્ઞાનતા એ પાપરૂપ છે.

મને જે જે સુખો જોઇએ તેની ઈચ્છા કરવી એ ન્યાય પુરઃ સરજ છે. ફક્ત તેથી બીજાઓને ઇજા થવી જોઇયે નહિ. વળી તે આશા તૃપ્ત કરવા બુદ્ધિ જેટલી વધારે અનુમતિ આપતી હોય તેટલી વધારે શક્તિથી જે આપણને જોઇએ છીએ તે આપણા તરફ ખેંચાઇને આવે છે.

આશા વડે એક માણુસ લોહચુંબક જેવો બને છે. ફક્ત તેણે જે મેળવવાનું છે તેના ઊપર બુદ્ધિપૂર્વક એકાગ્ર થવું જોઇએ. એકાગ્ર થવું એટલે તે વિષય ઊપર માનસિક રીતે વારે ઘડીએ ધ્યાન આપવું એ છે અને તેમ થતાં તમારી આશાઓ પાર પડયા વગર રહેતી નથી. આશાઓ પૂર્ણ થતાં તે વધુને વધુ ઉન્નત બની તમને સુખી કરી શકે એમ છે.

એટલું તો નક્કી છે કે અણુમાંથી મનુષ્ય ધીરે ધીરે હાલની ઉન્નતિએ આવ્યો છે. અણુમાંથી પત્થર ઝાડ પશુ વગેરે વગેરે ક્રમે ક્રમે થાય છે.

પશુ સુધીની સ્થિતિમાં અંદર રહેલી જીવન શક્તિ દરેકને ઉન્નતિએ ચડાવે છે. તેને ઉન્નતિ કેવી રીતે પ્રાપ્ત થઈ તેની ખબર પડતી નથી. એવીજ રીતે માણુસનો મોટો ભાગ પણ કેમ આગળ વધે છે, તે જાણતો નથી. ફક્ત જે વધારે આગળ વધેલી ભાગ છે, તેજ જાણે છે કે ઉન્નતિ

કેવી રીતે થાય છે. સાધારણ રીતે અજ્ઞાનથી હ ર મનુષ્યો પ્રસંગ અનુસાર સંયોગોથી તથા રોગથી દુઃખી થાય છે; એક બીજાની સાથે તકરાર કરી જીતવા માટે બીજાનું ખુંચવી લેવા પ્રયત્ન કરે છે. પણ આવું બધું હોવાની કાંઈ જરૂર નથી.

ઈચ્છા શકિતના જ્ઞાનથી દરેક મનુષ્ય બીજાને અડચણ કર્યા વગર દરેક જાતનું સુખ મેળવી બીજાઓને સુખી કરે એમ છે.

ન્યુયોર્ક બાળકોની કોર્ટનો મુખ્ય પ્રોબેશન અમલદારે ૧૯૦૫ માં કરેલા રીપોર્ટમાં નીચેના અર્થસૂચક શબ્દો માલુમ પડે છે. "એક છોકરા કે છોકરીને સુધારવાનું પ્રથમ પગથીયું એ છે કે તેઓને અયોગ્ય સંજોગોના વાતાવરણમાંથી દૂર ખસેડવાં."

તમારે ઉત્સાહ પ્રેરક અને ઉશ્કેરનારા વાતાવરણમાં રહેવું જોઇએ. તમારી મહત્વાકાંક્ષા ઉશ્કેરવા જે જે મનુષ્યોએ અથાગ શ્રમ કર્યો છે તેમની નજીકમાં ગમે તેમ કરી રહેવા પ્રયત્ન કરવો જોઇએ; જેઓ તમારી અભિલાષાઓ સમજે છે, જેઓ તમારા તરફ સહાનુભૂતિ બતાવે છે તેવા મનુષ્યોની નજીક બને ત્યાં સુધી રહો. જે મનુષ્યો કંઇ પણ મહત્વનું કરી જવા માગે છે, જેમના વિચારો અને આદર્શો ઉંચા છે તેમની નજીક વળગી રહો. તેમની મહત્વાકાંક્ષાનો, તેમના વિચારોનો, તેમના આદર્શો ને તેમના

કામ કરવાના બગાવાન ઉત્સાહની તમને પણ અસર થશે. મહત્વાકાંક્ષા અને કાર્ય કરવાનો ઉત્સાહ ચેપી રોગના જેવાં છે. તેમનો જુસ્સો તરતજ તમારામાં પણ આવશે. ઉંચે ચઢવા માગનાર માણસને મળતી ફત્તેહ તમારો પણ ઉત્સાહ વધારશે અને તમને મહત્વનાં કાર્ય કરવા ઉશ્કેરશે.

એક નાના ગામડામાં સાધારણ ઉત્સાહ અને મહત્વાકાંક્ષા વગરના લોકોમાં લેખક ઘણા લાંબા સમય સુધી રહેલો હતો તેના ઉત્સાહને હમેશાં ટકાવી રાખનાર, તેના આદર્શોને સતેજ રાખનાર ફક્ત તેના પુસ્તકો અને થોડાક ઉત્તમ ફોટોગ્રાફ હતા. આ ફોટોગ્રાફો ડો- માર્ડન, શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ડો.— અને જડજ બેન લીંડસે વગેરેના હતા. લેખકને મન તે તેની દુનિયા હતી. તે તેનું જીવન હતું તે તેનું સર્વસ્વ હતું. પૈસા અને કીર્તી તેનો ગૌણ વિષય હતો. આ ફોટોગ્રાફોમાંના મહા પુરૂષો લેખકના સખત અનુભવના વર્ષોમાં તેની સામા જોયા કરતા હતા, એટલુંજ નહિ પણ તેને આશ્વાસન દેતા હતા. તેમનું જીવન લેખકનુ પોતાનું બનાવવા ઉશ્કેરતા હતા, બળદેતા હતા અનેક વખતે અગત્યના પ્રસંગોમાં, નિરાશામાં, નિષ્ફળતામાં, જગતની નિંદામાં અને ઠપકામાં આ મહા પુરૂષના ફોટોગ્રાફો તેના તરવાનાં તુમડાં હતાં. વ્હાલા વાંચકો આમાં ઘણો બોધ રહ્યો છે. વિચાર

કરી તમે શીખી લો. જીવન સુફળિત કરવા માટે ઉંચામાં ઉંચા આદર્શો લાંબામાં લાંબા કાળ સુધી ગમે તે ઉપાયે ટકાવી રાખ્યા સિવાય બીજો કોઈ ઉપાયજ નથી.

વારે ઘડીએ નિરશાઓ મળે ત્યારે પોતાના જીવનના મનોરથોને ત્યજી દેવા ઘણી લાલચ થાય છે. પણ તેવીજ વખતે તેમને પકડી રાખવાની જરૂર છે. આ સાધારણ તથા મજબુત ચારિત્ર બળવાળા મનુષ્યોની કસોટીછે. આવી કસોટીમાં વિરલ મનુષ્યોની શ્રદ્ધા ટકે છે. અડચણોથી તેમના ઉદ્દેશમાં અંતરાય પડતો નથી. વિજય મેળવે એવા બંધારણવાળા મનુષ્યો પોતાના મનોરથોના તાંતણા ઉપર ભૂખે મરે તોપણ લટકી રહે છે, કારણ કે તેઓ જાણે છે કે તોફાનમાં કે અંધકારમાં અડચણો અને નિરાશા હોય છતાં પણ તેમનેજ વળગી રહેવાથી તેઓ (તેમના આદર્શો) આ સ્થૂલ દુનિયા ઉપર ઉતરશે. એ વગર બીજો કે ઉપાય નથી.

તમે જે કાંઈ કરવા સરજાયા છો તે માટેના જે આદર્શો હોય, જે મનોરથો, જે સ્વપ્નાં હોય તેને તમે ગમે તેવી અડચણોમાં પણ વળગી રહો. કોઈ પણ માણસને કે ખરાબ સંજોગોને તમારી તેમાં જે શ્રદ્ધા છે તે ઓછી કરવા દેશો નહિ. તમારી વિરૂદ્ધમાં ગમે તેવો મોટો માણસ આવે અથવા તો બીજાઓ તમારી નિંદા કરે તમને ઘણા ખરાબ વચન કહે તોપણ તમારા મનોરથને વળગી રહો.

પ્રકરણ ૧૩ મું.

તમે પ્રેમના પંથે વિચરશો કે ?

આ પરિશ્રાન્ત જીર્ણ દુનિયા, જેમાં આપણે ઘણો વખત નાસ્તિક અને શત્રુ તરીકે રહીએ છીએ, તેનું સ્વરૂપ પ્રેમથી નવીન થશે. રાજદ્વારીઓનું નિષ્ફળ એલચીપણું, નબળું લશ્કર અને દરીઆઇ કાફલો, તથા અસમર્થ રક્ષકના બાંધકામ એ સર્વે જતું રહી તેને બદલે શસ્ત્ર રહિત પણ સબળ પ્રેમબળ રાજ ચલાવશે. જ્યાં પ્રેમબળથી ચાલી શકાશે નહિ ત્યાં એ પેટ ઘસડીને જશે. જે કાર્ય પ્રેમથી પ્રત્યક્ષ રીતે સિદ્ધ નહિ થાય તે એ મનુષ્યના હૃદયમાં પ્રવેશ કરી તેને સમજાવી પરોક્ષ રીતે સાધશે. જે કાર્ય બલાત્કાર કદી પણ સિદ્ધ કરી શક્યો નથી તે અદૃશ્ય રીતે પ્રેમભાવ સફળ કરશે કારણકે આ અદૃશ્ય રીતે કાર્ય સફળ કરવામાંજ તેનો અપારગતિ અને બળ રહેલાં છે.

ઈમર્સન.

સ્નેહને સૂર્યની માફક કોઇપણ વસ્તુની કાળી બાજુ માલૂમ પડતી નથી.

મીઠાશથી માગતાં આવડે તો માથું પણ મળી શકે.

પોતાની સત્તામાં હોય તે વખતે થઇ શકે એવું કોઇનું ભલું કરવાને તૈયાર રહેનારને કદીપણ નુકસાન થયું હોતું નથી.

એક ઘણા મોટા શહેરમાં ટ્રામ અને ગાડીઓની ધમાલવાળા ધોરી રસ્તા ઉપરથી એક નાની છોકરી અપંગ છોકરાને લઇને રસ્તાની બીજી બાજુએ જતી હતી. આ જોઇ એક મનુષ્યે બુમ મારી કહ્યું "લાવ, હું તને મદદ, કરૂં, એ છોકરામાં વધારે ભાર છે તારાથી ઉચકાશે નહિ." તરતજ તે છોકરીએ જવાબ દીધો "ના, ના, તે ભારે ક્યાં છે? અરે **એ તો મારો ભાઈ છે.**"

સઘળાં ભારે વજનને હલકાં કરનાર વિકટ રસ્તાઓને સરળ બનવનાર પ્રેમ! તારૂં બળ કેવું અજબ કરનારૂં છે? સખતમાં સખત મહેનતમાં મીઠાશનું અમૃત રેડનાર આત્મભોગને સુખ ગણાવનાર સ્નેહ! તું ન હોત તો આ માનવ જાતનું શું થાત?

વિશ્વમાં પ્યાર એ મોટામાં મોટું બળ છે.

એના ફેરવી નાખનારા બળ વગર આપણે હજુ પણ જંગલીજ રહ્યાં હોત. નજીકના મોટા વિગ્રહમાં આ સ્નેહને લીધે અહા, કેટલાં બધાં સ્ત્રી પુરૂષોએ નાતજાતનો તફાવત રાખ્યા વગર. વૈરની લાગણીઓએ કરેલા ઘા રૂઝાવવા સારૂ જીવના જોખમે ઘવાએલાની સારવાર કરી છે! અહા! કેટલી સંપત્તિવાળી, સ્વરૂપવાન્ અને ઉમરાવ કુંટુંબની સ્ત્રીઓએ

સ્નેહને ખાતર (નર્સ) સેવિકા તરીકે દુઃખી બંધુઓની સારવાર કરી તેમને જીવન અને સુખ આપ્યું છે !

ગરીબોનાં દુઃખ ઓછાં કરવામાં, બેરોજગારને રોજીએ લગાડવામાં, સખત મહેનત કરાવી કંગાળ પગાર અપાતો હતો ત્યાં સારો પગાર અપાવવામાં, ગરીબોને સારાં રહેઠાણો અને કેળવણી અપાવવામાં પ્યાર કેટલો બધો અગત્યનો ભાગ ભજવે છે ! એટલુંજ નહિ પણ તે હવે કેદખાનાં અને અનાથાશ્રમો અને ગાંડાની હોસ્પિટલોમાં પણ અગત્યના સુધારા કરાવવા સખત મહેનત કરી રહ્યા છે.

અમેરિકામાં આ કેદખાનાની સુધારણાએ પ્રથમ ભાગ ભજવ્યો છે. આ સુધારા ઘણાજ નજીકના ભવિષ્યમાં હિંદમાં પણ દાખલ થયા સિવાય રહે એમ નથી. કેદખાનામાં માયાળુ ભ્રાતૃભાવની લાગણીવાળુ વર્તન જયાં જયાં શરૂ કરવામાં આવ્યું છે ત્યાં ત્યાં કેદીઓની સુધારણા થતી ચાલી છે.

જુની શિક્ષા કરવાની પદ્ધતિથી શું થતું ?

તેનાથી કાંતો ગુનેગારનુ મૃત્યુ થતું કે તેમનો જુસ્સોજ મરી જતો અથવાતો તેઓ વધારે ખરાબ ગુનેગાર બનતા આ પ્યારના પંથને લીધે જુની ઘાતકી કેદખાનાની રીતો નાબુદ થશે, અને તેની સાથેજ ગુનેગાર જાત પણ નાબુદ થઈ જશે.

જયારે દુનિયા પ્યારને પંથે વિચરશે, જયારે સોનેરી નિયમ મુજબ દરેક જણ વર્તશે ત્યારે ગુનાઓ કુદરતી રીતે મૃત્યુ પામશે.

ખરા માર્ગેથી ભૂલા પડેલા દરેક મનુષ્યને,–તેણે ગમે તેવું કામ કર્યું હોય તોપણ તેને એક બીજી તક મળવીજ જોઇએ. તેને ભલાં કામ કરવાનો, પોતાનું ચારિત્ર નવેસરથી રચવાનો એક બીજો પ્રસંગ મળવોજ જોઇએ. સમાજની વિરૂદ્ધ એક ગુન્હો કે પાપ કરવા માટે તે મનુષ્યને સમાજની માયા, સ્નેહ અને લાગણીઓથી હમેશને માટે દૂર કરી દેવો એ વ્યાજબી નથી.

ગુનેગાર જોડેનું વર્તન કેવું હોવું જોઇએ ?

જીવનના ખરા રસ્તેથી ગબડી પડેલા પોતાના કમનસીબ ભાઇ અને બેનો જોડે જેવું વર્તન રખાય તેવું વર્તન ગુનેગારો જોડે રખાવું જોઇએ. એમને ખરે રસ્તે ઈશ્વર તરફ દોરી જનાર રસ્તે ચઢાવવામાં પ્યાર સિવાય બીજું કોઈ મદદ કરી શકે એમ નથી.

જે મનુષ્યો, તેમને સમજી શકે છે, ખરાબ સોબતની અસરોથી ખાખાખીખી થઈ ગયેલા મનુષ્યમાં પણ જેઓ એક ઈશ્વરનો અંશ જોઇ શકે છે તેઓજ આપણા કેદીઓના મોટા ભાગમાંથી સત્પુરૂષો અને સુશીલ સ્ત્રીઓ ઉત્પન્ન કરી શકશે. આ અજાયબી ભરેલું કામ કરવામાં સમાજ માટે

ઉભરાતો પ્યાર, દરેક માનવ બંધુઓને ઈશ્વર તુલ્ય જોવાની શક્તિ મુખ્ય ભાગ ભજવે છે.

ગુનો અને પાપ કરનારાં કંગાળ મનુષ્યોના મોટા ભાગને કદી સારી તકજ મળી ન હશે. તેમને પ્યારની જાદુઈ અસર નીચે આવવાનો પ્રસંગજ મળ્યો ન હશે. ઘણાંને પ્રામાણિક, સ્નેહાળ માબાપ કે સારૂં ઘરજ ન હશે. તેમાંનાં કેટલાક જીવનની શરૂઆત વખતે યોગ્ય દિશામાં દોરવાયાં નહોતાં. કેટલાક તો જન્મથીજ અજ્ઞાનતાથી જકડાઈ ગયેલાં હશે, અને કેટલાં બધાંને ખરાબ રોગ કે દુર્ગુણ વારસામાં મળ્યો હશે! જેમને કદી સારાં થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ન હોય તેમને આ પ્યારનો પંથ આપી શકે એમ છે. પણ આપણે શું કરીએ છીએ ? તેમને હવા અજવાળા વગ ની ભીનાશવાળી ગંદી મચ્છરવાળી એક ઓરડીમાં પૂરીએ છીએ. જે વર્તન, આપણે આપણા પાળેલા કુતરા કે ઘોડા જોડે ચલાવવાની સ્વપ્ને પણ ખ્યાલ ન રાખીએ તે કરતાં વધારે ખરાબ રીતે તેમની જોડે વર્તીએ છીએ, અને પછી પરિણામે આવા વર્તનથી તેઓ વધારે ખરાબ બને છે. માનવ જાત પ્રત્યે તેમને ધિક્કાર અને વેરની લાગણી પેદા થાય છે જે કદી ભૂસાતી નથી. તમે ગ્યાસતેલ છાંટી આગ બુજાવવાની આશા કેમ કરી રાખી શકો ?

સમાજ હવે આ નિષ્ફળ વ્યાપારમાંથી કાંઇ પેદા થતું નથી એમ સમજવા લાગી છે. તે ગુનેગાર અને દરેક જાતે જોડે-પ્રેમનો પંથ અજમાવવા લાગી છે.

પ્રેમનો ઢંઢેરો.

થોડાક વખત ઉપર કેટલાંક 'પેપરો' માં આવતી એક વૈદની જાહેર ખબર ઉપર અમારૂં લક્ષ દોરાયું હતું. તેમાં લખ્યું હતું કે "જ્યારે તમે બધા વૈદ દાકતરોની દવા કરી કંટાળી ગયા હો; દરેક જગ્યાએથી તમારા હાથ પાછા પડયા હોય અને સારા થવાની આશા તમે છોડી દીધી હોય તો પછી અમારી પાસે આવશો. એવા મનુષ્યોને હું સાજા કરી શકું છું."

આવી જાહેર ખબર આપનાર કદાચ ઉંટવૈદ પણ હોય, તોપણ આવી જાહેર ખબર દાકતરો અને વૈદોએ ત્યજી દીધેલા રોગીઓને ખાસ કરીને અસર કર્યા વગર રહેતી નથી. આજ મુજબની જાહેર ખબર કે ઢંઢેરો પ્યારનો છે. તે શું કહે છે "જેજે મનુષ્યો અતિશય ભાર અને બોજાથી ચંપાઈ ગયેલાં છે તેઓ સઘળાં મારી પાસે આવો, હું તમને આરામ આપીશ. જ્યારે તમને બીજે કશે પણ આનંદ સંતોષ અને આરામ મલી શકે એમ ન હોય, જ્યારે તમને તમારા મિત્રોએ, સગાં વ્હાલાંઓએ છોડી દીધા હોય, જ્યારે તમે કાંઈ ગંભીર ભૂલો કરી હોય

અને સમાજે તમને તરછોડી દૂર કહાડયા હોય, જ્યારે બધી બાજુના તમારા રસ્તા બંધ થઇ ગયા હોય ત્યારે ત્યારે તમે ઓ થાકેલાં, ભૂલેલાં માનવીઓ! મારી પાસે આવો હું તમને શાંતિ અને આરામ આપીશ અને મારી શીતળ પાંખની નીચે રાખીશ."

પ્રેમ એક બાદશાહી ઉપાય છે. નિરાશાની અણીએ પહોંચેલા મનુષ્યો માટે આ છેવટમાં છેવટનો ઉપાય છે. જ્યારે જીંદગીનો પ્યાલો દુઃખ અને કડવાશથી છલોછલ ભરાઇ જાય છે ત્યારે ચોર, ખુની, હીણાયલાઓ, નિષ્ફળ ગયલાઓ પ્રેમનો આશારો શોધે છે અને ત્યાં તે સઘળાંઓને શાંતિ અને જીવન મળે છે. અહા! બધાં તરછોડી જાય પણ પ્રેમ તરછોડતો નથી.

માનો પ્યાર કદી દગો દેતો નથી. કેદખાનાના દરવાજામાં બંધ થયેલા પુત્રને કે અનીતિના ખાડામાં પડેલી પુત્રીને મા છોડી દેતી નથી. જેમ માનો પ્યાર દરેક જગ્યાએ અને દરેક વખતે નિર્મળ વહે છે તેમ આપણા માતા પિતારૂપ ઇશ્વરનો પ્યાર હમેશાં સંપૂર્ણ અને નિર્મળ હોય છે. તે કદી દગો દેતો નથી.

પ્રભુ પવિત્ર પરમધામ, પ્રભુ પવિત્ર પરમ ધામ
"સગાં સંબંધી સંબંધ છોડી, જાય જીવ પાસેથી દોડી,
તે સમયે સાચો સંગાથ પ્રેમ તણું પુણ્ય વિરામ.
પ્રભુ પવિત્ર પરમ ધામ.

બાઇબલ કે બીજા કોઈપણ ધર્મના શાસ્ત્રોથી હજારો વર્ષના જુના વેદાંત શાસ્ત્રમાં આજ ઉપદેશ ભરેલો છે. " પ્રભુ સર્વત્ર વ્યાપી રહ્યો છે. તે પરમ પવિત્ર અને જ્ઞાનથી ભરપૂર છે તો અસત્ય, દુઃખ, લુચ્ચાઇ, બદમાસી તેના રાજ્યમાં રહીજ કેમ શકે ? આ પરમ તત્વ જે સર્વ સ્થળે વિલસી રહ્યું છે તેમાં આપણે અભિન્નતા ન અનુભવીએ, જયાં સુધી દુનિયા આ સરળ વાત નિશ્ચિત રીતે ન સમજી શકે ત્યાં સુધી આ બધા ખાનગી ઝઘડાઓ, લોભ, મનુષ્યોમાં એક બીજાને દુઃખ દેવાની વૃત્તિ દુઃખ, ગુનાઓ અને બીજી દરેક જાતની કંગાળીઅતો રહેવાનીજ. ફકત પ્રેમજ આ બધાંને ઉખેડી કહાડી શકે એમ છે વેદાંતના પરમ જ્ઞાનથી પાવન થયેલ હિંદના પુત્રો ! તમે જાણો છો કે આપણે આ વેદાંતને વ્યવહારમાં મૂકવાનું કેમ ભુલ્યા છો ! શા માટે આપણે આપણા ભાઇઓને સુધારવાનો પ્રયત્ન કરતા નથી.

મુકિતફોજમાં આગેવાન અને ખાસ ઉત્સાહથી કામ કરનારા મનુષ્યો કોણ હોય છે તે હું તમને કહીશ જેઓ પહેલાં ખરાબમાં ખરાબ ગુનેગાર હતા, પહેલાં વિષયલંપટ અને બીલકુલ સુધરે ન એવાં જણાતાં સ્ત્રી અને પુરૂષો મુક્તિફોજમાં દાખલ થતાં ફરી જાય છે, કારણ કે ગુના અને પાપના ભારથી દબાયલા મનુષ્યો પોતાના ગુના

અને પાપથી છુટવા માટે, ઇશ્વરનો પ્યાર મેળવવા માટે, તેને રીઝવવા માટે બેવડા બળથી અને ઉત્સાહથી કાર્ય કરે છે તેની એકજ વૃત્તિ હોય છે, તેને બીજું કાંઇ સુઝતું નથી.

"મારા નયન સલુણા શ્યામ તમને શું કરીને રીઝાવું"

આ સિવાય બીજું ધ્યાન નહોઇ તે અનેક ગુનેગાર અને પાપીને બચાવનાર અને ઉત્સાહી કામ કરનાર થાય છે. જો આમ મુક્તિફોજવાળા કરી શકે છે તો પછી આપણે વેદાંતવાદી હિંદુઓ આમ તેના કરતાં વધારે સારી રીતે ન કરી શકીએ?

ગુનેગાર અને પાપી કહેવાતા મનુષ્યોમાં ઘણું ભારે બળ રહ્યું હોય છે જે બળ, ગુનો અને પાપ કરવા તરફ હાલ વપરાય છે તે બીજી બાજુએ ફેરવી શકાય એમ છે.

હાલના માનવ શાસ્ત્રીઓને માથે આ એક મહત્વનું કાર્ય રહેલું છે. ગુનેગાર વૃત્તિને કેમ ફેરવવી એ તેઓએ શાસ્ત્રીય રીતે નક્કી કરવાનું છે અને સમાજે અને રાજ્યે તેમનો ઉપયોગ કરવો જોઇએ કે જેથી આજે અસંખ્ય માનવબળ સમાજની જોડે દ્વેષભાવથી કામ કરે છે તે માનવબળ સમાજના હિતને માટે કાર્ય કરે અને ગુન્હા, ચોરી, ખુન કરનાર નાબુદ થાય. અમેરિકામાં આ બાબતના ખાસ અભ્યાસીઓને ન્યાયાધીશો (જજો) નીમવામાં આવે છે તેમનું કામ ફક્ત

ગુનેગારોને શીક્ષા કરવાનું નહિ પણ તેની વૃત્તિ કેવી રીતે ઝડપથી ફેરવાય તે હોય છે. ડેન્વર જુવેનાઈલ કોર્ટના વડા જજ બેન બી. લીંડસી જે રાતે ગુનેગારોને ફેરવે છે તે અજાયબ પમાડે એવું છે. તે કાંઈ ખુનને બદલે ખુન, આંખને બદલે આંખ લેનાર કડક ન્યાયાધીશ નથી. તે ગુનેગારને મારી નખાવતો નથી પણ ગુનો કરવાની વૃત્તિને મારી નાંખે છે. ન્યાયાધીશ બેન લીંડસીની સ્નેહ ભરેલી દૃષ્ટિની મર્યાદામાં આવેલો, તેના માતાના જેવા સ્નેહ પાસમાં સપડાયેલો કોઈ પણ ગુનેગાર ફરી ગુન્હો કરી શકતો નથી

જેમ બળવાન વીજળીને લાગતાં લોઢું ફરી લોઢું રહેતું નથી પણ લોહચુંબક બને છે તેમ બેન. બી. લીંડસીની સ્નેહવાળી, દયાભાવ વાળી અને આજીજી કરતી આંખો ગુનેગારને તેનું સર્વોત્તમ હીત શામાં રહેલું છે તે બતાવે છે, તે ગુનાને બદલે કયું ઉત્તમ કામ કરી શકે એમ છે તે જયારે બતાવે છે ત્યારે, આ પ્રબળ સત્તાધારી મનુષ્યની દયા, માયા, સ્નેહ અને તે કમનસીબ-જેને સગાંઓએ છોડી દીધો છે, જેને પોલીસ ધક્કા મારે છે તેને માટેની કાળજી જોઈ તે ગુનેગાર પીગળે છે. તે ટકી શકતો નથી તે ઢીલો થાય છે, તે મનુષ્યમાં રહેલા દેવ પુરૂષને ઓળખે છે અને તેની ગુનાની વૃત્તિ મરી જાય છે. તેની સમાજમાં

ઉપયોગી થવાની વૃત્તિ જાગૃત થાય છે અને તે વૃત્તિને પોષવાના રસ્તાઓ તૈયાર હોય છે અને આમ ગુનેગારોનો નાશ ડેન્વર શહેરમાં થાય છે. ગુજરાતમાં આવા માનવ શાસ્ત્રના જાણનાર, ગમે તેવા માનવ બંધુઓમાં પ્રભુને જોનાર, માતા જેવા પ્યારવાળા, દૃઢ નિશ્ચયી કેટલા બધા ન્યાયાધીશોની જરૂર છે? તેમનું કાર્ય કાયદાથી ગુનેગારોને સજા કરવાનું નહિ પણ માનસ શાસ્ત્રની નવામાં નવી રીતો પ્રમાણે ગુનેગારોમાંથી ગુનાની વૃત્તિનો જડમૂળમાંથી નાશ કરવાનું હોય. અમે ઇચ્છીએ છીએ કે ગુજરાતના રાજ્યોમાં આ અગત્યના વિષય ઉપર તાકીદે ધ્યાન ખેંચાય અને આ રીતે માનવ બંધુઓને ઉંચે રસ્તે ચઢાવવા મળેલા પ્રસંગનું સાર્થક કરી શકાય.

ગુનેગારો જોડેનું વર્તન હવે એવું હોવું જોઇએ તો પછી **આપણા બાળકો પ્રત્યે કેવું હોવું જોઇએ ?**

બળવાન અને ઉદાર ચારિત્ર ઘડાવા માટે જે ચીજની ખાસ જરૂર પડે છે તે સ્વતંત્રતા છે. એક છોકરાને લાગવું જોઇએ કે તેના ચારિત્ર ઉપર બધા વિશ્વાસ મૂકે છે તેના ઉપર કોઇ વહેમ લાવતું નથી, તેના મનુષ્યત્વમાં અને તેના શુદ્ધ હેતુમાં તેના માબાપ અને શિક્ષક માને છે. આમ જો થાય તોજ તે મનુષ્યત્વ ખરા રૂપમાં પ્રકટાવી શકશે,

બાળકો કેમ ઉત્તમ થાય એ અમારો અતિપ્રિય વિષય છે. અમેરિકામાં ગુન્હેગારોને પણ તેમનામાં સ્વમાન ઉપજાવી સુધારવામાં આવે છે. અમે, જુવેનાઈલ જજ બેન. બી લીન્ડસી, જે આ બાબતમાં મહાભારત કામો ઉઠાવી રહ્યા છે તેના કાર્યો, પદ્ધતિ અને પરિણામોનો ઘણી બારીકાઈથી અભ્યાસ કર્યો છે. અને જે પદ્ધતિથી તે ખરાબ થયેલાં બાળકોને સુધારી શકે છે તેનાથી તદ્દન વિરૂદ્ધની પદ્ધતિ ગુજરાતમાં પ્રચલિત જોઇ અમને અતિશય દુઃખ થાય છે. ઘણી જગ્યાએ સારાં બાળકોને ખરાબ કરવાના રસ્તા માંડેલા હોય છે. ગુજરાતના બંધુઓ, બાળકો એ તમારી કીમતીમાં કીમતી મિલકત છે તેને માટે તમે ખાસ ધ્યાન આપો એવી અમારી ખાસ વિનંતિ છે. બાળકો અમને અતિશય વ્હાલાં છે કારણ કે તેમને જેવાં કરવાં હોય તેવાં કરી શકાય છે.

તમારા છોકરાને સલાહ આપો. શિખામણ દો, પ્યાર કરો તેની આશા અને યુક્તિઓ જોડે સહાનુભૂતિ ધરાવો. તેને કહો કે તમે તેનામાં વિશ્વાસ રાખો છો, અને તમે જાણો છો કે તમારો વ્હાલો છોકરો આવું હલકું કે અમુક ન કરવા લાયક કામ કદી કરશેજ નહિ. અને તમે ખાત્રી રાખજો કે તે છોકરો કદી તેમ કરશેજ નહિ. જ્યાં સુધી તમે તેને ઠપકો આપ્યા કરો છો, દબાવ્યા કરોછો ત્યાં

સુધી તેનામાં બળવાળું ચારિત્ર ખીલવું અશક્ય છે. જેમ દબાયલી ચંપાયલી પ્રજા આગળ વધી શકે નહિ તેમ કોઈ પણ વ્યક્તિ જે હીણાયલી અને દબાયલી હોય તે આગળ વધી શકેજ નહિ.

અમેરિકામાં પહેલાં સ્કુલો અને કોલેજોમાં બાળકો ઉપર ખૂબ તકેદારી રાખવામાં આવતી. તેમને માટે નવા નવા નિયમો ઘડવામાં આવતા અને તેનો સખતાઇથી અમલ કરવામાં આવતો. પ્રાર્થના વિગેરે બીજી ઘણીજ ચીજો ફરજીઆત કરવી પડતી. છોકરાઓ ઉપર દેખરેખ રાખવા ડીટેક્ટીવો રાખવામાં આવતા. પરિણામ એ આવ્યું કે ગેરહાજરી માટે છોકરાઓને જુઠું બોલવું પડતું. ખોટાં બ્હાનાં બતાવવા તથા હડહડતાં જુઠાં કારણો કહેવા લાલચ થતી, અને જરીપણ છૂટ મળતાં તેઓ સ્વતંત્રતા ન હોવાથી ગમે તેમ સ્વચ્છંદ વર્તન કરતા.

પ્રેસિડેન્ટ ઇલીયેટે પોતાની કોલેજમાંથી આવો જેર વાજબી દબ એકદમ બંધ કીધો. છોકરાના માબાપો અને બીજા અમલદારો ટીકા કરવા લાગ્યા કે આથી છોકરાઓ વંઠી જશે, ધર્મની ભાવના મરી જશે અને પ્રાર્થના કરવા કોઇ આવશે નહિ. પણ ઇલીયટે છોકરાંઓના સ્વમાનમાં વિશ્વાસ રાખી તેમનું મનુષ્યત્વ કેળવવા માંડ્યું, અને

પરિણામે આખા અમેરિકામાંથી આ છોકરાંઓ ઉપરનો ઘાતકી અને નુકશાન કરનારો દાબ નીકળી ગયો. આજે ત્યાંની કોલેજો વિચારો અને કાર્યોની સ્વતંત્રતા કેળવનારી સંસ્થાઓ થઈ છે ત્યાં તેમના મનુષ્યત્વમાં શ્રદ્ધા રખાય છે અને તેથી તેઓ વધારે સ્વતંત્ર વધારે માન પ્રદ વધારે બળવાન ચારિત્રવાળા અને આત્મનિયમનવાળા બન્યા છે.

એક છોકરાને કોઈ હમેશાં દોરવ્યા કરે અને તે ફત્તેહ મેળવે તે કરતાં પોતાની મરજી પ્રમાણે ચાલી ભુલો કરે અથવાનો નિષ્ફળ થાય તે હજાર દરજ્જે વધારે સારૂં છે. તમારાં બાળકોને જોખમદારી લેતાં શીખવો એમાં તમારૂં અને તેમનું અને આખા દેશનું ભલું છે. આટલું ચોક્કસ માનો

ઘણાં ઘરમાં આપણે કલેશ કંકશ જોઇએ છીએ સાસુ અને વહુ, પિતા અને પુત્ર નાનો અને મોટોભાઈ નણંદ અને ભોજાઇ આમાંથી કોઈને કોઇ વચ્ચે કજીઓ હોયને હોયજ. જ્યારે આના કારણોની તપાસ કરીએ તો તે કારણો બહુજ નજીવાં હોય છે. એમ છતાં આવી નામોશી ભરેલી તકરારોનું ફક્ત એકજ મુખ્ય કારણ છે. અને આ બધી તકરારો ઘણી સહેલાઈથી અટ-કાવી શકાય અથવા નાબુદ કરી શકાય. આ તકરારો અને તેથી નીપજતી ખુવારી અને ગરીબાઇ આપણે જાતે બોલાવી

આવેલાં હોય છે. ગરીબાઇ, નિષ્ફળતા અને દુઃખનું એક અગત્યનું કારણ અયોગ્ય લગ્ન હોય છે. ઘણી વખત ઘણી નાની ઉમરમાં લગ્ન થાય છે, અથવા બીજાની પસંદગીથી 'પતિ પત્નિનાં' જોડાં બંધાય છે. આ એકજ બાબત વ્યભિચાર અને તેથી ઊપજતા કજીયા કંકાસ અને સત્યાનાશનું મુખ્ય કારણ છે. જ્યારે પ્યારનું રાજ્ય બરાબર જામશે ત્યારે વડીલો, પોતાના બાળકોનો સૌથી મુખ્ય હક્ક, પોતાની જાતે પસંદ કરીને લગ્ન કરવું એમાં આડખીલી નહિ કરે. ત્યારે હરેક માબાપ પોતાનાં બાળકમાં ઈશ્વરનો અંશ જોશે અને તેની શરૂઆતની સ્વતંત્રતા—સ્વરાજ્ય નહિ લુંટે. કાચી વયનાં લગ્નો, અને બીજાએ પસંદ કરેલાં લગ્નો આજે હિંદને દબાવી રહ્યાં છે. તે થોડા વખતમાં નાબુદ થઈ જશે. માબાપ લગ્ન કરવામાં સલાહ આપશે, ક્યાં કરવાં અને ક્યાં ન કરવાં તેનાં દાખલા દલીલો સાથે કારણ બતાવશે અને સમજ પાડશે, પણ જુલમગાર તરીકેની સત્તા તો નહિ વાપરે. અને પછી શું થશે? હરેક જગ્યાએ સંતોષી જોડાંઓ જણાશે. તેઓ એક બીજાના કામમાં મદદ કરશે. એકની મહત્વાકાંક્ષા બીજો પોષશે. સુખ સંતોષ જણાશે. આજે વૃદ્ધ માબાપોને ઘણી જગ્યાએ તિરસ્કાર કરવામાં આવે છે તે ત્યારે નહિ બને. પતિ અને પત્નિ સારી રીતે કમાઇ શકતાં હોવાથી તેઓ પોતાનાં માબાપ

જેમણે તેમને આવું સુંદર જોડું રચી આપવામાં મદદ કરી છે તેમનો ઉપકાર તેઓ નહિ ભુલે, અને આજે જે વૃદ્ધાવસ્થામાં દુઃખ અને અસંતોષ જોઈએ છીએ તે, તે વખતે પોતાના પુત્રની વહુની મીઠી સારવારમાં નાશ પામશે. જેમ્સ એલન કહે છે કે આજે જેઓ જુલમ ગુજારે છે તેઓ ઉપર આવતી કાલે જરૂર જુલમ ગુજરશે.*દુનિયાનો ઇતિહાસ પણ આં વાતની શાખ પૂરે છે. સ્પેનિઆરડોની સત્તા અને લક્ષ્મી કયાં ગયાં? તેમના તાબાના દેશોમાં ગુજારેલા જુલમે તેમનો પોતાનોજ નાશ કર્યો અને આજે એ સ્પેનના લોકો સાધારણ પંકિતમાજ રહ્યા છે. બેલજીઅમના કેટલાક લોકોએ રબર માટે કોંગો મુલકમાં જે કેર વર્તાવ્યો હતો તેનું પ્રાયાશ્ચત કેટલું ભયંકર?

---

*સિતમ જેઃને સિતમ ઇજાદ હો કર
બને હય સયદ હમ સૈયાદ હો કર
ઝુકાઇ ગરદને, જલ્લાદ હો કર
કટે ખુદ ખંજરે ફૂલાદ હો કર

(પોતે સંકટ આપનારા હોઇ પોતાનેજ સંકટ ઝિલવા પડયાં, કેદ કરનારા હોઇ કેદ થવું પડયું. જલ્લાદ થનારને પોતાની ગરદન ઝુકાવવી પડી. પોલાદની સખ્ત કટાર પોતે હોવા છતાં પણ પોતાનેજ કપાવું પડયું.)

જુલમ કરનાર મનુષ્ય કે પ્રજાને કુદરતી કાર્યદક્ષતા ક્ષીણ કરે છે.:

સ્પેનના લોકોએ લોભ અને સ્વાર્થી મહત્વાકાંક્ષાને વશ થઇ દક્ષિણ અમેરિકા જીત્યો, અને ૩૦૦ વર્ષ સુધી તે ભાગના લોકો ઉપર તેમણે ધર્મના અને નીતિના બધા નિયમોને કોરે મૂકી બેહદ જુલમ કર્યો. તેઓએ પોતાના ઉદ્યોગવડે નહિ પણ જૂદા જૂદા પ્રકારની લૂટ અને લડાઇઓ કરી ધન ભેગું કર્યું. (દાખલા તરીકે સ્પેનનો માણસ એટલીજ લાયકાત માટે ઘણાજ ભારે પગારની જગ્યાઓ તેને મળતી અને ભાગ્યે કુટુંબનું પૂરું કરી શકાય એવા પગારની નોકરીઓ તે દેશના લોકોને માટે રખાતી) જુલમ પગારના નોકરોને ત્રાસમાં, સખ્તમાં સખત કામ રજા આપ્યા સિવાય કરાવતા અને પોતે મોજ મજાહ અને આનંદ કરતા.) આવી જાતની વર્તણુકથી સત્તાધીશોના મનમાં લોભ અને મગરૂરી વધવા માંડી, ઉમરાવો નીચ, એદી, અને અજ્ઞાન બન્યા, અને લોકોમાં માનસિક નિર્બળતા આવવા માંડી (કારણકે સ્પેનના લોકને તે વખતે ખાતરી હતી કે તે દેશનો ગમે તેવો મૂર્ખ અને ઠોઠ છોકરો હશે, થોડું ભણ્યો હશે, લાયકાત ન હશે તોપણ વસાહતમાં જશે તો પૈસો અને રોપ બન્ને મેળવશે. એમ હતું પછી વધારે મહેનત કરવાની જરૂર શી?) આવી

સ્થિતિને લીધે તેઓને લાગતું કે સુખ, નીતિની અને બુદ્ધિની શકિતઓનો ઉપયોગ કરવામાં નહિ પણ હલકી પંક્તિના વિષયોને અને વૃત્તિઓને સંતોષવામાં છે. (સારા વાહનમાં બેસવું, દારૂ પીવો, ખુબ ખાવું, રોપ મારવો, બીજાને હલકાં ગણવાં, બીજાઓ ઉપર જુલમ અને વ્યભિચાર કરવો.) બુદ્ધિની કેલવણીની બેદરકારી થવા માંડી અને લાગણીઓએ ધર્માંધતા અને વ્હેમનું રૂપ પકડવા માંડયું અને નીચ હવસો બહુ મોટા પ્રમાણમાં વધી ગયા. આવા કારણથી તેઓ અંદર અંદરના કજીઆઓના અને પરદેશી ચડાઇઓના ભોગ થઇ પડયા અને આજે પણ સ્પેન પોતાના પાછલા પાપોનાં ભયંકર પ્રાયશ્ચિત ભોગવે છે. ઇતિહાસથી જે શીખાવું જોઇએ તેનું અડધું પણ શીખાયું નથી. ડાહ્યા માણસો અને પ્રજા આગલા જમાનાની ભૂલો જોઇ ચેતે છે. અને એમ છતાં નીતિના અને બુદ્ધિના નિયમો એક વ્યક્તિ કે પ્રજા બાજુએ મૂકે તો તેને ચેતાવવાની તથા અટકાવવાની બીજી પ્રજાની ફરજ છે. જો તે ફરજ તે બજાવે નહિં તો એવી નિરંકુશ રીતોથી ઉપજતાં મહા ભયંકર વિપ્લવ થાય છે અને તેના દુઃખનાં છાંટા બધાંને ઉડે છે. *

વાંચકો, પ્યારના પંથ વડે તમે તમારા સર્વસ્વને નવું અને ભવ્યરૂપ આપી શકો એમ છે. જેઓ પ્યારથી

*વિદ્વાન ડો. જ્યોર્જ કોમ્બના Constitution of man ઉપરથી.

ભરપૂર છે તેઓ પોતાના ફક્ત કુટુંબમાંજ સુખ આપવાની હદ બાંધતા નથી, પણ માનવ સમાજની પ્રત્યેક વ્યક્તિ ઉપર તેમનો સ્નેહ, મમતા અને દયા લંબાય છે. સ્વાર્થી અને નિરાશા ભરેલા મનુષ્યોને જે દુઃખો પડે છે તેમાંનાં ઘણાં-જ થોડાં તેમને પડે છે. તેઓ જ્યાં જાય ત્યાં પ્રકાશ, આ-નંદ અને મીઠાસ ફેલાવે છે; અને આ દુનિયાને સ્વર્ગ તુલ્ય બનાવે છે.

જેનું હૃદય હરેક માટે પ્યારથી ભરપુર હોય તેનો કોઈ લાંબી મુદ્દત સુધી દુશ્મન રહી શકે નહિ. તેના બ-હારથી દેખાતા વિરોધીઓ પણ તેની ખાનગીમાં પ્રસંશા કરશે. જ્યારે આપણે પ્યારના વિચારો હૃદયમાં ધારણ કરીએ છીએ ત્યારે આપણા ચહેરા અને શરીર ઉપર મીઠી સુરખી અથવા લાલી પથરાયા સિવાય રહેતી નથી. આપણા આખા સરીરમાં દ્વેષ અને ક્રોધે પેદા કરેલા ઝેરનો પ્યારના વિ-ચારો નાશ કરી નાંખે છે. એથી ઉલટું દ્વેષ, વેર, અદેખાઈના અને બીજા હલકા વિચારો મનમાં ઉત્પન્ન કરીએ તો આપણા ઉપર એક જાતની નિરાશી, હલકાપણું આવ્યા વગર રહેતું નથી અને તે આપણી શક્તિ અને સ્વમાનનો નાશ કરે છે. આવું કરવાથી આપણે વિચારનાં એવાં બળ ઉત્પન્ન કરીએ છીએ કે જે આપણી કાય સાધકપણાનો અને આપણા શરીરના રચાતાં નવાં અણુંઓનો નાશ કરેછે.

પ્રાર્થના, પ્રભુનું સ્તવન અને પરમ તત્વનું ચિંતન કરવાથી જે મોટો લાભ થાય છે તે એ છે કે એ રીતની માનસિક વલણુથી આપણે એવાં વિચારબળ પ્રકટાવીએ છે કે જે શરીર અને મનને ઉન્નત કરે છે. આવી રીતે પ્રાર્થના અને પ્યાર કરવાની ટેવ પડતાં શરીરમાં એક જાતનું બળ અને મીઠાસ આવે છે તથા ચારિત્રની ગંભીરતા અને દ્રઢતા સ્પષ્ટ દેખાય એવી રીતે પ્રકાશે છે કે તે જ્યાં જાય ત્યાં થોડા વખતમાં પોતાને માટેના વિરોધી વિચારો શમાવી દઈ માન અને પ્રતિષ્ઠા પેદા કરે છે. હમેશના કલેશ કંકાસના વાતાવરણમાં અને ઘરમાં રહેતાં મનુષ્યોનું ઉત્તમમાં ઉત્તમ જીવન પણ બગડી જાય છે. એવા શેઠના હાથ નીચે કામ કરનાર જુવાન માણસોની જીંદગી પણ બરબાદ થાય છે. જેને ફ-તેહ મેળવવી છે તેણે એવી નોકરીમાં ભારે પગાર મળતો હોય તો પણ છોડી દેવી અને કલેશ, કંકાશ, જ્યાં હંમેશાં ઠપકો મળ્યા કરે છે, જ્યાં ગુણની પ્રસંશા થતી નથી પણ હમેશાં દોષ અને ભુલો કાઢવામાં આવે છે તેવા વાતાવરણમાંથી પ્રથમ તકે નીકળી જવું.

દુનિયામાં એક પણ એટલો બધો ખરાબ માણસ નહિ હશે કે જેને એકાદ માણસનો બળવાન પ્યાર ન સુધારી શકે. ભીજ પ્યારથી, રાજાઓની સત્તા જે ન કરી

શકી તે સહજાનંદ સ્વામિએ કર્યું અને કાઠીઆવાડના ખુની લૂટારાઓને સારા ભક્તિમાન ગૃહસ્થો બનાવ્યા. એક માણુસ તેને ચાહે છે, તેનામા વિશ્વાસ રાખે છે એટલા વિચાર વડે ઘણાંએ મનુષ્યો ખરાબ કૃત્ય કરતાં અટક્યાં છે. સખત કાયદાના બંધનોથી નહિ પણ અમુક કૃત્ય કરતાં પોતાના વખાણુનારા અને ચાહનારાઓને કેટલું ખરાબ લાગશે એ વિચારે ઘણુાં મનુષ્યો અનીતિમાન અને ગુન્હા ભરેલાં કામ કરતાં અટકેલાં છે. ફકત પ્યારજ વિશ્વમાં મહાન બળ છે.

ગમે તેટલાં પાપ કરનાર મનુષ્યો, ગુન્હા કરનાર મનુષ્યો! તમારાં પાપ અને ગુન્હા ગમે તેટલાં ભયંકર હશે તો પણ અમારા વચનમાં વિશ્વાસ રાખો. પ્રભુનો પ્યાર એ બધું બહુ ઝડપથી ધોઇ નાંખશે, અને તમને નવિન જીવન આપશે. આ મેળવવા શું કરવું તે હવે પછીથી બીજા પુસ્તકમાં કહેવાશે. હાલતો એક માનસશાસ્ત્રી કેવી રીતે ખરાબમાં ખરાબ મનુષ્યોને ફેરવી શકે છે તે અમે બતાવીશું.

લંડનમાં એક ઉત્તમ નાટકશાળામાં એક ખેંચાણુકારક નાટક * ભજવી બતાવવામાં આવ્યું હતું. એ નાટકની મહત્તા તેના આદર્શમાં છે. એક પ્યારવાળો બળવાન મસ્તકશાસ્ત્રી શું કરી શકે એમ છે તે તેમાં સચોટ રીતે

* આ નાટકનું નામ The Passing of the Third Floor Back છે.

અને ચોકસાઇથી બતાવવામાં આવ્યું છે. હું અત્રે તેનું ટુંકામાં રસ ભરેલું વર્ણન આપીશ.

લંડનના ન્યુસપેપરમાં 'ત્રીજે માળનો પાછલો ભાગ ભાડે આપવો છે.' એવી જાહેર ખબર વાંચી એક, છાપ પાડી શકે એવો ભવ્ય મનુષ્ય જેને 'અજાણ્યો' એવું નામ આપવામાં આવ્યું છે તે જાહેર ખબરમાં આપેલે ઠેકાણે ભાડે રહેવા આવે છે. તે 'ત્રીજે માળે પાછલા ભાગમાં' રહે છે, જ્યાં વસતાં તેને જણાય છે કે તે એવા વસતી ગૃહમાં આવેલો છે કે જે હલકા ચારિત્રના લોકોથી, નાની નાની ચોરી કરનારાઓ અને જુગારીઓથી ભરપૂર છે. તે વસતીગૃહમાં રહેનાર લોકો દરેક જાતનું હલકટપણું કરવા તૈયાર હોય છે. એક બૈરી મીણબત્તીની ચોરી કરે છે. દરેક એક બીજાની અદેખાઈ કરે છે અને દોષો કાઢે છે. દરેક માણસ પોતાના સિવાય બીજાં બધાંને છેતરવા પ્રયત્ન કરે છે, અને પરિણામે પોતે જાતે પણ બદલા તરીકે છેતરાય છે. વસતિગૃહની માલીક પણ તેના ભાડુતો જેવીજ બદમાશ છે. તે તેમના ઉપર હાથ ચાલાકી કરે છે અને તેઓ તેના ઉપર દાવ ખેલે છે. તે દુધમાં પાણી રેડે છે અને ખોરાકમાં ભેળસેળ કરે છે. અને પછી પોતાને કોઇ લુંટે નહિ માટે દરેક ચીજને તાળાકુંચીમાં રાખે છે.

આ અજાણ્યાની હાજરી વસતિગૃહના માલીક અને વસનારાઓના હલકા આદર્શો અને કુત્યોને વિરોધ કરતી

દેખાય છે. તેઓ બધાં તેથી તેની દરેક રીતે મશ્કરી કરવા માંડે છે. પણ તે જાણે પોતે જાણતોજ નથી એમ રહે છે, એટલુંજ નહિ પણ નિર્દયતાને બદલે દયા, તિરસ્કારને બદલે પ્યાર આપે છે અને કડવી ટીકાઓ અને દુઃખ ઉપજાવે એવી મજાક મશ્કરીઓનો જવાબ તે ફક્ત મીઠાસથી સહેજ હસીને વાળે છે. ધીરે ધીરે જ્યારે તેઓ અજાણ્યા સાથે વધારે પરિચયમાં આવે છે ત્યારે તે તેમની સાથે તેમના પોતાના ભલાને માટે વાતો કરવાનું શરૂં કરે છે. તે તેમનામાં ક્યા ક્યા સારા ગુણો છે તે તથા અમુક અમુક ધંધાઓમાં તેમને નામાંકિત કરે એવી એવી કઇ કઇ શકિતઓ તેમનામાં છે તે તથા તેમાંનાં દરેક મનુષ્યથી કઈ કઇ જાતના અજાયબ ભરેલાં કામ થઇ શકે એમ છે તથા પોતાના જીવનનું સાર્થક કેવી રીતે સહેલાઇથી કરી શકે એમ છે તે બધુ તેણે બતાવવા માંડયું.

એક જુવાન માણસ જે તેની હમેશાં ઠઠ્ઠા મશ્કરી કરી આનંદ પામતો હતો તેને તેણે કહ્યું કે તેનામાં ચિત્રકળાનું અંધારણ ઉત્તમ છે અને તે નામાંકિત ચિત્રકાર થઇ શકે એમ છે. બીજાને તેણે બતાવ્યું કે તે જાતે એક ઉત્તમ ગાયનશાસ્ત્રી થઇ શકે એમ છે અને તે રીતે ઘણોજ પૈસો મેળવી નામ કાઢી શકે. એવી રીતે એક બીજા ઉપર દાવ સાધનાર આખા વસતિગૃહના રહેનારાઓને તેમની જીવનની

દિશા બતાવી અને તે બાજુએ કામ કરવા લલચાવ્યા અને ધીરે ધીરે બધા ઉપર તેનો કાબુ જામવા માંડયો.

તે વસતિગૃહમાં કામ કરનાર ચાકરડી, જે એક જુવાન બૈરી હતી તેને દરેક જણુ ગાળ દેતું અને સખતાઈ વાપરતા તથા અગાઉ કેદમાં જઈ આવી હતી તેની યાદ આપી તેને ચીડવવામાં આવતી આ સ્ત્રી આ અજાણ્યાની ઉન્નત કરનારી અસરોથી ઉમદા ખવાસની અને સ્વમાનવાળી સ્ત્રી બની. વસતિગૃહની માલીક, જેણે અત્યાર સુધી આ નોકર જોડે ગુલામ તરીકે વર્તન ચલાવ્યું હતું તેણે હવે તેના ઉપર મહેરબાની દર્શાવવા માંડી અને પ્રસંગોપાત પોતે કામ કરી લઇ થોડા થોડા વખત રજા આપવા માંડી. એક પતિ અને પત્નિનું જોડું જે અત્યાર સુધી કુતરા બિલાડી જેવા સંબંધથી રહ્યું હતું તે હવે સલાહશાંતિથી સાથે રહેવાં લાગ્યું. તે વતસિગૃહનો દરેક ઘાતકીમાં ઘાતકી અને સ્વાર્થી રહેનાર પણ હવે ધીરે ધીરે ફેરવાવા લાગ્યો અને વિચારશીલ બન્યો તથા એક બીજાની તરફ દયાળુ અને મદદ કરનાર થયો. હવે બધા એકબીજાના દોસ્તો બન્યા. આખા ઘરનું વાતાવરણજ બદલાઈ ગયું, આ અજાણ્યાએ તેમાંના દરેક મનુષ્ય અને સ્રીને તેનું ઉત્તમ તત્વ અથવા તેની મહત્તા કયાં રહેલી છે તે બતાવી અને એમ કરીને અક્ષરશઃ તે બધાંને નવો જન્મ આપ્યો.

આવીજ રીતે પ્રેમમય જીવન ગુજારનાર માનસશાસ્ત્રી ઘણુાંનાં જીવન ઉન્નત કરી શકે. નવા રસ્તા બતાવી, શક્તિ-ઓને અનુસરતા ધંધા બતાવી અસંતોષ અને નિષ્ફળતાને દૂર કરી શકે. ગુજરાતના જીવન ફળવાળાં મીઠાસવાળાં કરી શકે. બદમાશી અને ગુનાઓને નાબુદ કરી શકે અને તેને બદલે પ્રભુને રીઝવવા અતિશય બળથી કામ કરનાર મનુષ્યો પેદા કરી શકે.

જ્યારે પ્યાર, ઝાડ. અને પશુઓ ઉપર પણ અસર કરે છે ત્યારે હાલના વિજ્ઞાનના જમાનામાં મનુષ્યો ઉપર અસર ન કરે એ કેમ બને ? ઝાડ ઉપર પ્યાર કેમ અસર કરે છે તે ડો. જગદીશચંદ્ર બોઝ દેખાય એવા પ્રયોગથી બતાવે છે; અને લ્યુથર બુર્બેંક તેમને પોતાની અગાધ પ્રયોગશક્તિથી ફેરવી બતાવે છે. પશુઓ ઉપર પ્યાર અ-સર કરે છે એ આપણે વાઘની સાથે રહેતા રામતીર્થ વગેરે મહાપુરૂષોથી જાણીએ છીએ. સરકસમાં સિંહ વાઘ વગેરેને આમ વશ કરાય છે. એક બનુની 'બુલડોગ' કુતરો પણ પોતાના પાળનારને નુકશાન નહી કરે. મનુષ્યમાં કેવી રીતે ફેરફાર થાય છે તે નીચે મુજબ બતાવીશું. એક કોરા કાગળ ઉપર પડેલા ડાઘા અને ચેકા જેમ રબર ભૂસી નાખે છે તેમ દુર્ગુણ અને ગુનાઓએ પાડેલી શ્યામતા અને કરચલીઓ સ્નેહ ચહેરા ઉપરથી ભૂસી નાખે છે, અને તેને

બદલે દૈવી મનુષ્યત્વની છાપ પાડે છે. આપણે જાણીએ છીએ એક જંગલી પાપી મનુષ્ય પ્યારથી કેટલી બધી ઝડપમાં ફરે છે. તેના ફીક્કા ગાલને કેટલી ઝડપમાં તે લાલ બનાવે છે, સંતાપમય અને નિસ્તેજ આંખમાં તે તેજ લાવે છે, નાહિંમત થએલાને તે હિંમતવાન બનાવે છે, નિરાશ અને દુઃખી થએલાને તે આશા આપે છે. આપણે એ પણ જાણીએ છીએ કે તેના ચહેરામાં પહેલા કદી નહતું એવું અપાર્થિવ તેજ કેટલી ઝડપથી પ્રકાશે છે. પ્યાર, સૌથી છેવટની સત્તા પ્યાર! તને અમારાં પ્રણામ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાધવાનું હથિયાર પ્યાર છે. બંધુઓ પ્રાર્થના અને પ્યારથી ગુજરાતને નવિન કરો અને કુટુંબ કલહ નાબુદ કરો, અને પરિણામે પોલીસ અને કોરટોમાં ખરચાતો પૈસો મનુષ્ય સુખ માટે ખરચાશે અને ગુજરાતમાં ભવ્યતા પ્રસરશે.

પ્રકરણ ૧૫ મું.

વિજયના સાધનો કયા છે?

' જે આત્માને હિંમતથી ધરી ધસતો
। ધૈર્યથી થોભે સહી,
કાં જે ચપળતાથી ફરતું નસીબ,
માગ્યું દે છે એમાં સંશય નહિ.

તમારે પોતાને માટે અથવાતો સુખ કે ધંધાને માટે તમે જે ન બને એવું ખરેખર ઇચ્છતા હો તેવું કદી (મશ્કરીમાં પણ) વિચારશો કે બોલશો નહિ.

આપણે આપણામાંથી જેટલી આશા રાખીએ તેનાથી વધારે આપણે કદી પણ મેળવી શકીએ એમ નથી. જો આપણે મહત્વની ચીજોની આશા રાખીએ તો આપણે તેટલાજ બળથી માગણી કરીએ છીએ. જો આપણે આપણી જાતને કે આપણી પ્રજાને નમાલી ગણીએ અને ફકત ઝીણાં ટુંક પુંજીયા બાબતો; ઉપરજ ધ્યાન આપ્યા કરીએ તો જે ફળ મળે તેના કરતાં, જો આપણો તથા આપણાં કાર્યોનો વધારે ઉંચો ખ્યાલ રાખીએ તો વધારે ભવ્ય પરિણામ નીપજાવી શકીએ.

પોતાના દૈવીપણાનું જેને ભાન છે તેના જેટલાજ બળ અને મક્કમપણાની ખાત્રી સાથે જે મનુષ્ય પોતાના અહંપણાને—પોતાના આત્મતત્વને નીડરતાથી અને કદી નમ્યું ન આપે એવી રીતે આગળ ધરવાની હિંમત કરી શકતો નથી તો તેવો મનુષ્ય કદી પણ મહાન કાર્યો કરી શકશે નહિ; કારણ કે તે સાધનોને ખાત્રીથી પોતાના તરફ આકર્ષી શકે એવી બળવાન માગણી કરી શકશે નહિ,

કોઇ પણ કાર્યમાં એક માણુસ ફ-તેહ મેળવવાની આશા રાખી શકે તે પહેલાં હું એ કરી શકીશજ એવું નિશ્ચયના બળથી કહેવાની તેનામાં શકિત હોવી જોઇએ. તેણે સૌથી પ્રથમ પોતાના મનના વલણને નિશ્ચયાત્મક બનાવવું પડશે, કારણ કે એવીજ મનની વલણ નવી ચીજો સરજે છે, અને આ જડસૃષ્ટિમાં અથવા તો આધ્યાત્મિક સામ્રાજ્યમાં ફળને પ્રકટાવે છે.

કાર્યસાધક માણસ બળવાળો હોય છે, કારણ કે તેને પોતાની અંદર વિશ્વાસ છે. તે બીજાઓની મદદ વગર પોતાના અભિપ્રાયો બાંધે છે અને પોતે જે વિચાર કરે છે તેને વળગી રહેવામાં તથા તેને આગળ ધરવામાં તે કદી ડરતો નથી. તે બીજાઓના મતથી જૂદા પડવાને કદી આ-

ચકો ખાતો નથી. તે હાજીહા કરનાર નિર્બળ મનુષ્ય જેવો નથી કે જે જરૂર પડે હાજી હા કરી શકે અને પ્રસંગ આવે પાઘડી ફેરવી શકે.

ભગવદ્ગીતાએ કરોડો મનુષ્યોના હૃદયો ઉપર કેટલાંએ જમાના થયા જે સામ્રાજ્ય મેળવ્યું છે તે જો તેણે પોતાના સિદ્ધાંતોના સમર્થનમાં બીજાઓના આધારો આપ્યા હોત તો ભાગ્યેજ તેટલું કરી શકત. તેનું મહત્વ મોટે ભાગે તેના વાક્યોમાં સમાયલા અગાધ નિશ્ચયબળ અને ખોટી ન પડે એવી સૂચનાઓમાં રહેલું છે.

આ મહાન્ ગ્રંથમાં તમને કોઇ પણ ઢીલ વચન જડશે નહિ. તેનાં વાક્યો જાણે હુકમ કરતાં હોય તેવાં શકિતવાળાં અને એક ભાવનામય છે. સત્ય ઘટનાઓને તથા મહાન્ સત્યોને આપણા મગજ ઉપર નિશ્ચિત રીતે ઠસાવવા તેમાંનો એકેકો શ્લોક હથોડાના ઘા માફક આપણા ઉપર અસર કરે છે. ગીતાનો રચનાર ખાત્રી અને અધિકાર સાથે બોલે છે કારણ કે જે સત્યોનો તે ઉપદેશ કરે છે તેની તેને પોતાનેજ સંપૂર્ણ ખાત્રી થયલી હતી. તેમાં વાદવિવાદ કે દલીલો રજુ કરવામાં નથી આવતી, ત્યાં તો ફકત નિશ્ચયોનો સૂચનો થાય છે. ત્યાં અરજ ગુજારવામાં નથી આવતી પણ 'પાંડવ માનજે નીરધાર' એવું સૂચન દ્રઢતાથી કરવામાં આવે છે.

તેના શ્લોકોની હરેકે હરેક લીટીમાં શ્રદ્ધા, મહત્વ ગૌરવ અને અધિકારનો જુસ્સો માલૂમ પડે છે.

આવીજ રીતના અધિકાર અને જાજવલ્યમાન ગૌરવના ગુણો અને નિશ્ચિતતાનું બળ મનુષ્યોને દોરનાર મહાન લોકનાયકોમાં મળી આવે છે. તેઓ પોતાનું કાર્ય દૃઢ સુચનો વડેજ કરે છે. તેઓ જે કાંઇ કાર્ય કરવાનું માથે લે તેમાં તેઓ પોતેજ પ્રથમ અતિશય ખાત્રી સાથે પડે છે. તેઓ સતત તે કાર્ય પાર ઉતારવાની પોતાની શકિતનું સુચન કર્યા કરે છે અને પરિણામ કુદરતી રીતે એ આવે છે કે તેઓ જે કાર્ય હાથમાં લે તેમાં તેઓ અચુક ફ-તેહ મેળવે છે.

એક બળવાન અને નિર્બળ મનશક્તિવાળા મનુષ્યમાં જે ફેર રહેલો છે તે ફકત એટલોજ છે કે એક પોતાના આત્માને હિંમતથી ધરી અસીમ બળથી ધસી શકે છે; જ્યારે બીજો માણુસ તેમ કરી શકતો નથી. એજ તફાવતથી એક માણુસને ફત્તેહ મળે છે અને બીજો નિષ્ફળ થાય છે.

કાર્યસાધક સાણુસ પોનાના જીવનની ચાવી ‘ હું કરી શકીશ ’ એ મુદ્રાલેખ ઉપર રાખે છે જ્યારે નમાલો માણુસ ‘ હું કરી શકીશ નહી ’ અથવાતો ‘ મને સંશય છે કે હું કરી શકીશ ’ એ મુદ્રાલેખ ઉપર રાખે છે.

કાર્યસાધક માણસ તક, સંજોગ અને સાધનોના દેખીતા અભાવે દોરાયલી મર્યાદા કે હદને પૂર્ણ બળથી નકારે છે અને ગણકારતો નથી. જે ચીજ તે કરવા માગે છે તેનાથી વિરૂદ્ધના સંજોગોના અસ્તિત્વનેજ તે નકારે છે. તે નિશ્ચયથી માને છે એટલુંજ નહિ પણ જાણે છે કે અસંખ્ય સાધનોનો ભંડાર તેની આજુબાજુ રહેલો છે અને તેને તે પોતાનો કરી શકે એમ છે.

નિષેધાત્મક, નિર્બળ મનુષ્ય સંજોગો ગમે તેટલા સહન ન થાય એવા અને કઠણ હોય તોપણ તેની સામે થવાની હિંમત કરશે નહિ, અને લડાઈ લડયા સિવાય ઝટ એવા સંજોગોને તાબે થઈ જશે. તેને દરેક જગ્યાએ મર્યાદા, અંતરાય અને અડચણો માલુમ પડે છે, અને એને મન બધી અડચણો ઓળંગી શકાય નહિ એવી લાગે છે.

જો મનુષ્યમાં કાર્યસાધક અને અધિકાર મેળવનાર ગુણો રહ્યા ન હોત તો હજુએ આપણે પર્વતોની ગુફામાં રહેતા હોત અને કાચું અનાજ ખાતા હોત. એતો એક બળવાન નિશ્ચયાત્મક માણસજ સંજોગો ઉપર વિજય મેળવે છે. અડચણો તેને બીવરાવી શકતી નથી અથવા તો તેણે જે નિશ્ચય કર્યો હોય તેમાંથી તેને ફેરવી શકતી નથી.

અડચણો અને વિરોધો તેને મન કસરતશાળાનાં સાધનો જેવાં છે, જે તેને વધારાનું બળ આપે છે અને

કાર્ય સાધવાના દૃઢ નિશ્ચયમાં તેને વધારે મજબૂત કરે છે. તે જાણે છે કે અખુટ ભંડાર ઉપર તે અધિકાર યુકત માગણી કરી શકે એમ છે તથા વિશ્વની મહાન શકિતઓ તેને માટેજ કાર્ય કરી રહી છે અને તેનું કાર્ય તો ફકત તેમને દોરવવાનુંજ છે. તે જાણે છે કે વિજય મેળવવો એ તો તેનો જન્મસિદ્ધ હકજ છે. અડચણોને તાબે કરવી, વિશાળ થવું, ઉન્નત થવું, પ્રભુતુલ્ય થવું એ મુખ્ય હેતુ સિદ્ધ કરવા માટેજ પરમાત્માએ તેને અહીં મોકલ્યો છે એ પણ તે નિશ્ચિત રીતે જાણે છે.

પોતાના એકલાના જીવનને દોરવી ઉન્નત કરી શકે તેટલા પૂરતી કાર્યસાધક શક્તિ તો દરેક મનુષ્યને ઈશ્વરે આપેલીજ છે, ફક્ત તેણે તે શક્તિનો ઉપયોગ કરવો જોઇએ અને તેને વધારવી જોઈએ. જો તે વાપરતો નથી તો તે ગુમાવે છે.

જો તમે તમારે માટે કરવાના કાર્યો અને વિચારો બીજાઓને કરવા દો અને તમે જાતે કરો નહિ, જો તમે તમારી પોતાની કિંમતનું જગતને ભાન ન કરાવી શકો અને તમારો રસ્તો તમારી પોતાની મેળે હિંમતથી ઘસી તૈયાર ન કરી શકો તો તમારી આસપાસ રહેલી બીજી શક્તિઓ તમારા ઉપર સત્તા જમાવશે અને તમને ધક્કો મારશે.

અને આટલું યાદ રાખજો:—જ્યારે તમને બહારથી ધક્કો મારવામાં આવે છે ત્યારે તમે ઉંચે ચઢતા નથી પણ નીચે સરો છો, પણ જ્યારે તમે પોતાની જાતે ધસો છો અથવા પોતાને ધક્કો મારો છો ત્યારે તમે ઉપર ચઢો છો.

આ દુનિયામાં દરેક માણસ ધક્કો મારનાર અથવા તો ધક્કો ખમનાર એ બેમાંથી એક હોય છેજ. સામાજીક કે રાજકિય બાબતો બાજુએ મૂકીએ તોપણ ખુદ સ્વર્ગનું રાજ્ય પણ સખ્તાઇ સિવાય મેળવી શકાતું નથી. જેને તે મેળવવું હોય તેણે સત્યને માટે દઢ આગ્રહી થવું પડે છે.

કોઈ ઢીલો, રેંજી પેંજી નિર્બળ માણસ, જે પોતાના પગ ઉપર ટટાર ઉભા રહેતાં બીહે છે અને જે સત્યને ખાતર લડતાં ડરે છે, તે કદી પણ સ્વર્ગનું રાજ્ય મેળવી શકશેજ નહિ.

જો તમે તમારા જીવનનું સાર્થક કરે એવું કોઇ પણ કાર્ય કરી જવાની આશા રાખતા હોય તો બહારની કોઈ પણ મદદ તમારી જીવનની આગગાડી ચલાવશે એવી આશા રાખવાનું માંડી વાળજો. તમારો જીવન રથ ચલાવનાર શકિત તો તમારા પોતાના અંદર પડી રહેલી છે.

આ જીવનરથ ચલાવનાર અંજીનનું નામ 'હું' છે.

તમારા તાબામાં રહેલા મોટા બળનો ઉપયોગ કરો. બળવાન જુસ્સારૂપ વરાળ તૈયાર કરો, અને આગળ

ઘસો. આ સિવાયના બીજા કોઈ પણ ઉપાયે તમે વધારે આગળ જઇ શકો એમ નથી,

તમને આગળ વધારવા માટે તમારા પોતાના સિવાય બહારની કોઈ પણ મદદ, વસીલો, કે લાગવગ મેળવવાનો પ્રયત્ન કરવામાં તમે બીજું કાંઈજ કરતા નથી પણ તમારા કીમતી વખતનો ફોકટ નાશ કરો છો, અને એમ કરતાં લાગવગથી તમને કદાચ ફતેહ મળેલી દેખાય તો તે તમને બીજાના આધાર ઉપર રહેતાં શીખવે છે અને તમારા આત્માને હમેશને માટે નબળો બનાવી મૂકે છે.

જયારે પરમાત્માએ તમને પોતાને તેના કાર્યોમાં એક ભાગીદાર તરીકે પેદા કર્યા ત્યારે તમે તમારા જીવનનો જે ભાગ ભજવવા માટે નિર્માણ થયા છો તેને માટે જોઈતા સઘળા સંચાઓ અગાઉથી તમારા અંદર મુકી રાખેલાજ હોય છે. જે કાર્ય માટે તેણે તમને નિર્માણ કર્યા હોય તેની નીડરતાથી માગણી કરો. તમને જે સંચાઓ—જે શકિતઓ તે કાર્ય પૂર્ણ કરવા માટે આપેલી છે તેનો ઉપયોગ કરી વધારો અને પછી તમેં જે લક્ષ્યબિંદુ તમારે માટે સ્થાપશો તેને પહોંચવામાં દુનિયા ઉપરની કોઇ પણ સત્તા કે શકિત તમને અટકાવી શકશે નહિ કે પાછળ હઠાવી શકશે નહિ.

સૌથી પ્રથમ તમારે તમારી પોતાનીનીજ ખાત્રી કરવાની છે. તમારી પોતાની જાતનેજ તમારા કાર્યસાધકપણાનો સંતોષકારક ખુલાસો આપવો પડશે. તમારી પોતાની સાથે નીચે મુજબ વાત કરો "હું ચાં કામો કરવાં, મારા અંદર રહેલી મહત્વાકાંક્ષાની ટોચણી જે મને હમેશાં ઉંચે અને આગળ વધવા ઉશ્કેર્યા કરે છે તેને તાબે થવું એ તો મારી ખાસ ફરજ છે. મારી માનસિક શકિતઓનાં કાર્યોની સ્વતંત્રતામાં કોઈ પણ ચીજને હવેથી હું વચ્ચે આવવા દઈશ નહિ એવો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. મારા આત્મામાં સરજનહારે જે જે સાધનો મૂક્યાં છે તે સઘળાંનો હું પૂર્ણ બળથી ઉપયોગ કરીશ. પરમાત્મા કદી પણ વ્યર્થ ખોયેલા દિવસનો બદલો આપતો નથી અને તેથી મારામાં જે કાંઇ શકિતનો ભંડોળ મૂકવામાં આવ્યો છે તેનો હું મોટામાં મોટા પ્રમાણમાં ઉપયોગ કરીશ અને સર્વ શકિતમાન બાપના એક સપુત્ર તરીકેનો મારો ભાગ બરાબર ભજવીશ."

ખરૂં પુછો તો દરેક મનુષ્ય ગમે તેટલી દોલતથી પણ ન ખરીદી શકે એવું ઇનામ દરરોજ મેળવી શકે એમ છે; **બળવાન પ્રયત્ન અને અડગ આત્મસુચન.** આપણને પરિણામોની એટલી બધી બીક અને ચિંતા રહે છે કે જે કરવાને માટે આપણે આતુર ઇચ્છા રાખીએ છીએ તેનો અખતરો પણ કરી શકતા નથી. વળી આપણે

પોતાની સાથે બહુજ નરમાશથી વર્તીએ છીએ આપણે આપણા મનના ઉભરાઓની ભરતી ઓટ સાથે વારે ઘડીએ ઘસડાયા કરીએ છીએ.

જે જે મનુષ્યોએ કાંઈપણ ભવ્ય કાર્યો કરી ફ્-તેહ મેળવી છે તે દરેક તરફથી પોતાની જાત ઉપર એક કડક શિક્ષકના જેટલી સખ્તાઈથી વર્તન થતું. તેઓ હમેશાં તેલની ધારા પ્રમાણે પોતાના આદર્શોને સૂચવતા અને તેને પ્રાપ્ત કરવા માટે સખત પ્રયત્ન કરવા પોતાની જાતને પ્રતિજ્ઞાથી બાંધતા.

નિશ્ચયાત્મક વિચારોને ખીલવીને આપણે નમાલી નિર્બળ વલણોને હાંકી મૂકી શકીએ. આ માનસ શાસ્ત્રનો અગત્યનો નિયમ છે. પાણીથી ભરેલા વાસણમાંથી પાણી કાઢી નાખવા માટે આપણે તે વાસણને બીજા કોઇ પદાર્થથી ભરી તેમ કરી શકીએ.

પ્રોફેસર હેલેક કહે છે કે "એક લાગણીને (શરીર ઉપર અને મુખ્યત્વે કરીને ચહેરા ઉપર આવતી) દબાવીએ તો આપણે ઘણી વખત તેને નિર્મુળ કરી શકીએ. આવીજ રીતે શરીર ઉપર (મશ્કરીમાં પણ) કાંઇ હીલચાલો કરીએ તો ઘણી વખતે તેને અનુસરતી લાગણીઓ આપણા મનમાં ઉપજાવી શકીએ.

પ્રોફેસર વિલીઅમ જેમ્સ આજ મુજબનું કહે છે "એક લાગણીને પ્રદર્શિત કરવાનું ના પાડો અને તે નાશ પામશે." હિંમત ટકાવી રાખવાને આપણે ઘણી વખત "અહો! એમાં શું? કાંઇ અડચણ નહીં." એમ બોલી ટટાર થઇએ છીએ. દુઃખ ખમવાની શક્તિ માટે ઘણાંને અમે નીચલો હોઠ દાંત વતી દબાવતાં જોયાં છે. એનાથી ઉલટું આપણે આખો દિવસ વાંકા વળી બેસી રહીએ, નીશાસા નાંખીએ અને દરેક જણને શોકાતુર અવાજે જવાબ આપીએ તો આપણી નિરાશા, આપણી દયામણી સ્થિતિ લંબાયાજ કરે છે.

આપણામાંના ઘણાં જેને અનુભવ થયો છે તે જાણે છે કે નીતિની કેળવણીમાં આનાથી વધારે કીમતી બીજો સિદ્ધાંત નથી. ન ઇચ્છવા યોગ્ય લાગણીના વલણોને આપણે જીતવા માગતા હોઇએ તો સૌથી પ્રથમ પગથીયું એ છે કે **તે તે લાગણીઓથી ઉપજતી શારીરિક ક્રિયાઓ જાણવી અને તેને અટકાવવી એટલુંજ નહીં પણ તેનાથી વિરૂદ્ધની લાગણી કે ગુણથી ઉપજતી શારીરિક હિલચાલો દ્રઢતા અને નિશ્ચયપુર્વક કરવી.** દાખલા તરીકે તમે નિરાશ થતા હો તો, તેનાથી

---

* જૂદી જૂદી જાતની લાગણીઓથી ચહેરા ઉપરના જૂદા જૂદા ભાગો ઉપર થતી હીલચાલોનું ચોક્કસ અને સચિત્ર વર્ણન માટે મુખલક્ષણશાસ્ત્ર જોઇ જવાની ભલામણ કરવામાં આવે છે.

વિરૂદ્ધ આશા પ્રકટાવવા માટે તમારી ભમરને સરળ બનાવો, આંખોને ચળકતી કરો, છાતીના ભાગને બદલે પેઢાના ભાગને સંકોચો, હોઠના ખુણા ઉપર ચઢાવો અને મજબૂત જુસ્સાદાર અવાજે વાત કરો અને ટુંક વખતમાં તમારામાં ઉત્સાહ અને જુસ્સો પ્રકટશે અને નિરાશા જતી રહેશે.

જે સ્થિતિ આપણે લાવવાની ઇચ્છા રાખીએ છીએ તે સ્થિતીનું બળવાન અને સતત સૂચન કરવામાં જે અસીમ બળ રહેલું છે તેનું આપણામાંથી ઘણાજ થોડાને ભાન હોય છે. જેવા સ્રીકે પુરૂષ આપણે થવું હોય તેવા આપણી જાતને અત્યારેજ થયેલા જોવા અથવાતો જે ચીજ મેળવવા નિશ્ચય કર્યો હોય તે અત્યારેજ મળેલી છે એમ નીશ્ચિત રીતે માનવું એ સાધનો કે સંજોગો આણી આપવામાં અને ઘટનાઓ પેદા કરવામાં અસાધારણ સત્તારૂપ થઇ પડે છે.

તમારો ભાગ ભજવો. તમારી સત્તાનુ સૂચન કરો અને જે ચીજ મેળવવાની ઇચ્છા હોય તે ખાત્રીથી તમારી પાસે ખેંચાઇ આવે છે એમ માનો; અને પછી તે આ જડ દુનિયામાં નક્કર રૂપ ધારણ કરશે.

જેમ વરાળનું ઘનરૂપ પાણી કરવામાં આપણને તેને અમુક નળીઓમાં થઇને લઇ જવી પડે છે અને તે વાળેલી નળીઓ ઊપર સતત ઠંડા પાણીની ધારા કરવી પડે છે તેમ

વિચારસૃષ્ટીની ચીજોને આ દેખીતી દુનિયામાં પ્રકટાવવા માટે ઉપર મુજબ કર્યા સિવાય છુટકોજ નથી. આ સર્જન શક્તિનો સૌથી મુખ્ય અને મહત્વનો મુદ્દો છે.

મનનું બંધારણ નવેસરથી રચવામાં **આત્મ-સુચન** નામની ક્રિયાજ ખાસ મદદ આપી શકે છે. જેમ એકેક ઇંટ વડે ઘર તૈયાર થાય છે, જેમ એકેક તંતુ વડે આપણે ઉત્તમ શરીર બનાવી શકીએ છીએ તેમ એકેક વિચાર વડે આપણે શબ્દશઃ આપણા મનને નવું બનાવી શકીએ.

મનમાં એક શબ્દ બોલીએ અથવા છાપેલી ચોપડીમાં તેને જોઇએ તેથી બહુ અસર થતી નથી. નેનો તેજ શબ્દ મોઢેથી બહાર બોલવામાં આવે તો તેમાં એક જાદુઇ સત્તા રહેલી જણાઇ છે. એક વિચારને આપણે શબ્દોમાં મુખ વાટે બહાર કાઢીએ છીએ ત્યારે આપણી યાદશક્તિ ઉપર અને ખાસ કરીને અંતર મન ઉપર વધારે બળથી અસર થાય છે એ આપણા સ્વભાવમાં અદ્ભૂત ફેરફાર કરે છે, અને જે હેતુ સાધવા માટે આપણે કાર્ય કરતા હોઇએ તેમાં મદદ કરનાર મનુષ્ય કે સાધનો જોડે આપણો સંબંધ કરાવી આપે છે. આવી રીતે વારે ઘડીએ સતત, ચીવટાઈથી આપણે જે કામ હાથમાં લીધું હોય તે કરવાની આપણી શક્તિનું સૂચન ઉત્તમ રીતે, અધિકાર યુક્ત, શાહેનશાહી

ગૌરવથી કરવામાં આવે તો કાર્યસાધક શકિતઓને પેદા કરવામાં ઘણુાજ ભારે બળ સમાન થઇ પડે છે.

બળવાન નિશ્ચયી ચારિત્ર બાંધવા માટે, પોતાની જાતને સુધારવા માટે તમારા પોતાના આત્મા સાથે તમારી માનસિક શકિતઓના ભંડોલની આંકણી કરતા હો એવી રીતે વાત કરવી એ બહુજ સારો ઉપાય છે, કારણ કે હરેક મનુષ્ય હરરોજ, પ્રતિક્ષણ પોતાના મનમાંજ પોતાને આગળ વધારવાનાં કે નીચાં પાડવાના પગથીયાં રચ્યો જાય છે.

દાખલા તરીકે જો તમે બીકણ હો, અને તમને લાગે કે કાયરતા કે બાયલાપણાનો પણ કંઇક અંશ તમારામાં જણાય છે, તો સખ્તાઇથી તે વાતને તમે નકારો. તમે આગ્રહથી જણાવો કે તમે જવાબદારી ટાળનાર બાયલા કે બીકણ મનુષ્ય નથી પણ સાહસિકપણાની હદ સુધી જતા બહાદુર માણસ છો. વીર પુરૂષના જેવો તમે હિંમતથી ભગ ભજવો. તેમના ગુણોનું તમારામાં આરોપણ કરો.

પૂર્ણ ઉશ્કેરણી સાથે જાહેર કરો કે તમારામાં પણ કોઇથી દબાય નહી એવી અડગ હિંમત રહેલી છે અને તેનું જે પરીણામ આવશે તેથી તમે જરૂર અજાયબ થશો. તમારામાં તરતજ બળનો અને નિશ્ચયાત્મક શકિતઓનો જમાવ થયેલો લાગશે. નિશ્ચયથી જાહેર કરો કે તમારામાં

નીર્બળતાનો, ખામીનો અને ખોડખાંપણુનો છાંટો પણ નથી કે જેથી તમારા કાર્યક્રમમાં અડચણ કે અંતરાય પડે. તમારામાં જે કાંઇ ગુણ ખુટતા જણાય તે ગુણ,-વિજય મેળવી આપનાર ગુણ અત્યારેજ તમારામાં સંપૂર્ણ રહેલા છે એવું સૂચન કરવાનું દ્રઢ આગ્રહથી નિશ્ચય કરો.

જો તમારામાં નિશ્ચય બળની ખામી હોય, જો તમે ઢચુપચુ મનના રહેતા હો, અને 'આવતી કાલે કરીશું' એવી ટેવથી તમે ટેવાયલા હો તો તેનાથી વિરૂદ્ધના ગુણો તમને મળેલા છે એવું ચીવટાઇથી સૂચન કરો વળી તેજ વખતે દ્રઢ નીશ્ચય કરો કે હું વીર પુરૂષના જીવનનો ભાગ ભજવવા માગું છું, અને જે ફરજનું કરજ અદા કરવાનું મારે માથે રહેલું છે તેનું કાર્ય અત્યારથીજ હું શરૂ કરવા જાઉં છું, એટલુંજ નહીં પણ હું તે કાર્યોમાં ઓતપ્રોત થવા માંગું છું, તેમને હું સંપૂર્ણરીતે પાર પાડવા માગું છું અને હવેથી હું કદી મારી જાતે ઢીલ કરીશ નહિ અથવાતો પ્રસંગોપાત ભુલો થાય તોપણ હું ઝીણી બાબતમાં પણ ઝડપથી ઢીલ કર્યા વગર કામ કરીશ. જોખમદારીવાળા કાર્યો વગરના રહી નીર્બળ રહેવું એના કરતાં બહાદૂરીથી, નીડરતાથી આગળ ધસતાં ભુલો પણ થાય તે વધારે સારૂં છે."

બધી દુનિયાની વિદ્વત્તા કરતાં ઉચ્ચ ઉદ્દેશવાળો દ્રઢ નીશ્ચય વધારે કીમતી છે. કારણ કે દ્રઢ નીશ્ચયી મનુષ્ય

નીડરતાથી આઘુપાછુ જોયા વગર કાર્યો કરી જગતને ચક્તિ કરે એવી ફતેહ મેળવે છે.

આથીજ અભણ મીલ મજુરો પોતાના નીશ્ચયથી ધારેલી મુરાદમાં જે ફત્તેહ મેળવે છે તે પરીણામનો વીચાર કરનાર, ભુતકાળના દાખલા તપાસનાર વધારે બુદ્ધીશાળી ગુમાસ્તાઓ નથી મેળવી શકતા.

માર્ટીન લ્યુથર કરતાં તેનો સાથી મેલેકથોન વધારે બુદ્ધીશાળી અને વીદ્વાન હતો છતાં પણ દઢ નીશ્ચયી લ્યુથરના વીચારો અને કામોએ રાજાઓના રાજા જેવા અને સર્વ સત્તાધારી પોપની સત્તાને તોડી ફોડી નાખી અને જગતના ઇતીહાસમાં તેનું નામ અમર કર્યું. ઈંડા ઉપર ચાલનાર તેને છુંદ્યા સિવાય અને પગ ખરડયા સિવાય કેમ ચાલી શકે" એવું કહેનાર અને તે મુજબ જાણી નીશ્ચયથી ચાલનાર લ્યુથર કે બીજો કોઇ પણ માણસ હજારો તત્વજ્ઞાનના પોપટીયા પ્રોફેસરો કરતાં ઉત્તમ છે એમ કોણ નહિ કહે? બળથી આગળ ચાલનારને ભુલો થવા સંભવ છે, પણ તે ભુલો તેને અંતરાય રૂપ ન થતાં તેને આગળ ચઢવાના પગથીયા રૂપ થઇ પડે છે, જયારે મવાલ, ઢીલા પોચા મનુષ્યો, પાછુ જોઇ દોડનારાઓ, ભુતકાળને નીરખનાર અને આગલા દાખલા જોનારાઓ ભાગ્યેજ મહેનતના પ્રમાણમાં ફત્તેહ મેળવી શકે છે.

જોરદાર સૂચન કરવાની ટેવ એ ફત્તેહની ટેવ છે. પણ યાદ દાખવું જોઇએ કે દઢ નિશ્ચયની લગોલગ કાર્યો આદરાવાં જોઈએ, નહિ તો કદીપણ બહુ આગળ વધાશે નહિ.

સૂચનો, માગણીઓ, અને ઠરાવોને સત્ય કરી બતાવવા માટે તરતજ ઝડપવાળા પ્રયત્નો જો ન કરવાંમાં આવે તો તે તદન નકામું છે; એટલુંજ નહિ પણ તેના કરતાં પણ વધારે ખરાબ છે કારણકે તે આપણા માનસિક બળનો નકામો ક્ષય કરે છે, અને આપણા સૂચનની શક્તિમાં શંકા પેદા કરે છે.

જે જે મનુષ્યો આ દુનિયા ઉપર પોતાની નિશાની મૂકી જાય છે તે સઘળાંઓ વજ્રજેવી નિશ્ચય બુદ્ધિવાળા હતા. તેમની નિંદા કે સ્તુતિ તેમના મનને સ્પર્શ કરી શકતી નહોતી, અને પોતાના દઢ નિશ્ચયની દિશા સિવાય તેમને બીજું કાંઇ સુઝતું નહોતું, કારણકે તેઓ જાણતા હતા કે એતો મનુષ્ય સ્વભાવજ એવો છે કે જે કોઇ માણસ ટોળામાંથી સહેજ માથું વધારે ઉંચું કરે કે તેની તરફ પથરા ફેંકાય, જે મધમાખના ચટકાથી ડરે તેને મધના સ્વાદની ખબર શી પડે? કર્તવ્યની ભુમીકાનો મનુષ્ય, સતત અને ફરીફરીથી કાર્ય કરનાર મનુષ્ય, પોતાની હાર થએલી કદી ન કબુલ કરનાર મનુષ્યજ નીષ્ફળતાંમાંથી પણ જીત પેદા કરી છેવટે ફતેહ મેળવે છે.

જો આપણા યુવકોને ઘેર અને નીશાળમાં અડગ નીશ્ચયમાં તથા જે ચીજ મેળવવાની તેમની ઇચ્છા હોય તેનું ચીવટાઈથી સૂચન કરવામાં કેટલું બધું અગાધ બળ રહેલું છે તે શીખવવામાં આવે તથા નીશ્ચયાત્મક મનની વીજયી છટા, કદી નમ્યુ ન આપે એવી અજય અને અચલાયમાન ઇચ્છા શકતી, અને હાર કેવી થાય છે એ જેને ખબર નથી એવા ઠરાવેનુ બળ બતાવવામાં આવે તો આ જીવન કલહ જેટલો આજે ભયંકર જણાય છે તે તેથી અડધો પણ ન રહે. "કદી પણ બંધ ન પડે એવાં સૂચનો વડે આપણી જાતને સજ્જ કરો" આપણા મીત્રો નીશ્ચયાત્મક, સર્જક અને ક્રીયાત્મક સૂચનો છે. તેઓ આપણા તરફ ચોક્કસ રીતે સાધનોનો ભંડાર ખેંચી લાવે છે સઘળાં નીષેધાત્મક સૂચનો આપણા દુશ્મનો છે. તેઓ આપણા તરફ આકર્ષાતાં સાધનો ઉરાડી મેલે છે.

શું આમાં તમને વહેમ આવે છે ? શું આજે કેટલાંએ વર્ષોથી 'હજુ તમારી લાયકાત નથી' હજુ આપણી યોગ્યતા આવતાં બહુ વાર છે આપણે તે શી ગણત્રીમાં' વગેરે સૂચનોથી આવેલાં પરીણામોનો અનુભવ પૂરો નથી થયો ?

એકાદ માણસ કે પ્રજાને ભારેમાં ભારે નુકશાન કરવું હોય તો તે લાયક નથી તે કંઇ કરી શકે એમ નથી તે આગળ વધી શકે એમ નથી એવી રીતે વારે ઘડીએ

સુચવીને તથા તેની ખાત્રી કરીને સહેલાઇથી કરી શકીએ. દુનિયામાં જે જે દુઃખો જોઈએ છીએ, નિષ્ફળતા અને નિરાશા તથા સંકડાયલાં જીવનો જોઇએ છીએ તે બીજા કોઈપણ કારણ કરતાં આ નિર્બળતાના સૂચનોને વધારે આભારી છે. જેમ કઠણ પથરા પણ પાણીના વહેવાથી ઘસાય છે તેમ સાધારણ પંકિતના મનુષ્યો વારે ઘડીએ ઉચ્ચારાયલું એકનું એક સૂચન સત્ય તરીકે ગ્રહણ કરી લે છે. કેટલીક જગ્યાએ આવીજ રીતે સ્ત્રીઓ તરફ વર્તન રખાયું છે અને પરિણામે સ્ત્રીઓ વહેમી નિર્બળ અને મહત્વાકાંક્ષા વગરની બની છે; અને એજ સ્ત્રીઓ આપણાં બાળકોને-આપણી ભવિષ્યની પ્રજાને તેમને મળેલાં નિર્બળતાનાં સૂચનો પોતાનાં ધાવણની સાથે પાય છે, અને પરિણામે બળ અને વિજય સખત પ્રયત્ન ન કરીએ તો ન મળે! **માનસશાસ્ત્રના એક નિયમની વચી તા એ છે કે** જે જે સૂચન કે વિચાર મનસમીપ વારે ઘડીએ ધરવામાં આવે તો તે આપણી મરજી હોય કે ન હોયતોપણ આપણા ઉપર અસર કરે છે અને પછી તે ખરો છે એમ સ્વિકારવાને ફરજ પડે છે.

બખ્તર કે તોપોથી નહિ. પણ બળવાન ક્રિયાત્મક સૂચનો વડે તમારી જાતને સજ્જ કરો. આના વડેજ લોઇડ જ્યોર્જ નિષ્ફળતા જણાતી વખતે પણ પ્રજાનો જુસ્સો ટકાવી શકયો અને દેખીતી હારમાંથી વિજય પ્રાપ્ત કરી શકયો.

સુખી વિજયી જીંદગી કરવાનું સૌથી પ્રથમ પગથીયું એ છે કે જે સાધન આપણી તદન નજીક આવવા તૈયાર હોય તેને આકર્ષવાં. ઉત્તમ ચીજોજ તમને મળે છે, તમારા જીવનને પ્રતાપમય બનાવે એવા સંજોગોજ તમને મળે છે' એવા સૂચનો વડે આ હેતુ પાર પાડી શકો. રોગ, અકસ્માત, દુઃખ કે અડચણો આવવાની છે, આપણા દુશ્મનો આપણા કરતાં બળવાન છે એવો ખ્યાલ કરવાની મુર્ખાઈ ભરેલી ટેવ હોય તો કહાડી નાખશો. એ ખોટું છે. એની વાત કરવી એ એમને મુર્તિમંત કરવા બરાબર છે, અને તેઓ સજીવ થઇ આપણા તરફ આકર્ષાય છે. જેની તમે ધારણા રાખો તે તમારી ધારણાના બળપ્રમાણે વ્હેલું કે મોડું આવી મળે છે માટે નીષ્ફળતા, દુઃખ કે અડચણો તમને કદી મળે એવો ખ્યાલ પણ ન કરતા.

આખા જગતને ચલાવનાર પરમાત્મા જે બધાને બળ પૂરૂં પાડે છે તેની જોડે એકતા અનુભવો. તમારી જાત જોડે નીચે મુજબ હમેશા વાત કરો "સુખ મેળવવું એતો મારો જન્મસીદ્ધ હક્કજ છે. જીવનમાં હું નિરાશા, નિર્બળતા, અને બંધનોને કચડી નાખી એક વિજેતા તરીકે રહેવાને સરજાયેલો છું. જો હું પરમાત્માનો પુત્ર હોઉં (અને હું જાણું છું કે હું છું) તો હું એક ગુલામ કે ભીખારી તરીકે દુનિયામાં પસાર

થાઉં એતો પ્રભુનું અપમાન કરવા બરાબર છે. હું શહેનશાહના શહેનશાહ ઇશ્વરની એક મૂર્તિરૂપ છું. મારૂં કર્તવ્ય તો એ છે કે તેની મુર્તિ મારામાં સઘળાં મનુષ્યો બરાબર જોઇ શકે એવું કરવું. બાદશાહી મનુષ્યત્વ પ્રકટાવી મારો ઇશ્વરી વારસાનો હક્ક સાબીત કરવો એ મારી ફરજ છે"

આપણા મનમાં પ્રસંગોપાત આવતાં નિરાશા અને નિરૂત્સાહના વલણોને આપણા દૈવી જીવનનાં સચનોથી મારી હઠાવવાં એના જેવો ઉત્તમ રસ્તો જીવન ઉન્નત અને વિશાળ કરવા માટે બીજો કોઈ અમને જડતો નથી. એજ રીતે પુર્વે ભારતના ઋષીમુનીઓ જીવન સફળ કરી ગયા. તમારે ક્ષણે ક્ષણે તમારી સાથે વાત કરવી જોઇએ કે "જો તું ખરેખર મનુષ્ય (અથવા સ્ત્રી) હોય તો આ બધાં ઉપર વિજય મેળવ. આજનો દીવસ સારો ન દેખાતો હોય તો પણ તારી બહાદૂરીથી અને બળથી તેમાંથી પણ ફતેહ ખેંચી લાવ." "શું બને છે કે શું નથી બનતું, શું મેળવાય છે કે નથી મેળવાતું, શું આવે છે કે જાય છે તેની મને શા માટે દરકાર જોઇએ? ફક્ત એટલું તો નક્કી છે કે મારે આજના દીવસમાંથી જેટલું બને એટલું વધારે ઉત્પાદન કરવાનું છેજ. કોઇપણ નિરૂત્સાહી, નિર્મળ વિચારને મારા માનસિક રાજ્યમાં પેસવા દઇ હું મારા મનની

હોવાલો ઉપર ખરાબ છાપો પાડી મારૂં જીવન હવેથી બગાડવા દઇશ નહિ. જે વિચારો, જે ચીજો, જે મનુષ્યો મને ઉત્સાહ આપે, મને આનંદ આપે અને મને વધારે બળવાન કરે તેમનેજ હું મારી નજીક આવવા દઇશ.

આવી રીતના ઠરાવ હરરોજ સવારે અને વારેઘડીએ કરવામાં આવે તો કોઇપણ માણસ નિશ્ચયી, સર્જક અને બળવાન થયા સિવાય રહી શકેજ નહિ.

કાર્યસાધક મન, પોતાની ઉન્નતિની આડે આવતા વિચારરૂપ દુશ્મનોને મારી હઠાવે છે. સંશય, બીક, નિરાશા અપ્રામાણ્ય વગેરેને ક્રિયાત્મક મગજમાં બીલકુલ જગ્યા મળતી નથી. એ તો ફક્ત નિરુદ્યોગી મનમાંજ જન્મે છે. માનસશાસ્ત્રના એક નિયમની વિચિત્રતા એ છે કે જો તમે નિષેધાત્મક, નિરાશામય અને ખીન્ન કરે એવા વિચારો મગજમાં ધારણ કરો તો તમારી આજુબાજુના સંજોગો થોડા વખતમાં જરૂર તેવા થશે; જો શ્રદ્ધાના, આશાના, આનંદના, ઉચ્ચ કર્તવ્યના અને ઉત્સાહના વિચારો ધારણ કરો અને તે મુજબના સંજોગો તમારી આજુબાજુ દેખાયા સિવાય અને તે તમને મળ્યા સિવાય રહે એમ નથી.

જન્મથી નિર્બળ અને નિરૂત્સાહી મનવાળાં મનુષ્યોને પણ યોગ્ય વિચાર કરવાથી ઘણી અજાયબ ભરેલી અસરો થયલી છે. આત્મશ્રદ્ધાના, આત્મવિશ્વાસના, આત્મબળના,

વિચારો કાયમ રાખવામાં જે નિશ્ચય બળની જરૂર પડે છે તે તેમને છેવટે સખત કાર્યમાં પ્રેરે છે અને પરિણામે જે મનુષ્યો નમાલા, નિર્બળ હતા તેઓ પણ બળવાન મનવાળા અને કાર્યસાધક બનેલા છે.

ઘણું મનુષ્યો પોતાને માટે નુકશાનકારક વચનો બોલે છે. તેઓ 'મને યાદ રહેતું નથી.' હું જયાં જાઉં ત્યાં લાકડી કે છત્રીજ ભુલી જાઉં છું ! મારો સ્વભાવજ આવો છે,' એવાં એવાં અનેક નિષેધાત્મક વચનો ઘણી વખત પોતાને માટે બોલે છે. તેઓ જાણતા નથી કે આવી કમનસીબ માનસમૂર્તિઓ પોતાના મનના આરસા સમીપ મૂકવાથી તેઓ ગંભીર રીતે પોતાની આત્મશ્રદ્ધાને અને છેવટે પોતાને મેળવવાની ફત્તેહને નુકશાન પહોંચાડે છે.

બીજાઓનાં ખોટાં સૂચનો કે નિંદાઓ આપણને બહુ નુકશાન ન કરે; પણ જયારે તેઓનાં ખોટાં સૂચનોને કે નિંદાને આપણે પોતે ગ્રહણ કરીએ છીએ, તેમને આપણા મનમાં સ્થાન આપીએ છીએ ત્યારેજ આપણી નિષ્ફળતાનો પાયો નખાય છે. આ અમે વધારે સારી રીતે એક દાખલો આપી સમજાવીશું,

મેસ્મેરીઝમના ખેલોમાં જે મનુષ્ય ઉપર પ્રયોગ થતો હોય તેના હાથ બીલકુલ બાંધેલા ન હોય તો પણ પ્રયોગ કરનારું પોતાના બળવાન સૂચનોના પ્રવાહથી તે માણસ

મનાવે છે કે તે બંધાયલો છે અને હાથ તેના છુટા થઈ શકે એમ નથી. અને પરિણામે તે માણસ હાથ છોડવા ઘણુંએ ફાંફાં મારે કે તરફડે તોપણ હાથ છુટા થતા નથી અને જ્યારે પ્રયોગ કરનાર હાથ છુટા થયા છે એવું સૂચન કરે ત્યારેજ તે હાથ છુટા કરી શકે છે. એજ મેસ્મેરિઝમની અસર એક મજબૂત ઇચ્છાશકિતવાળા માણુસ ઉપર કશી થતી નથી. એક વ્યકિત કે પ્રજા જેને ફ્-તેહ મેળવવી છે તેણે બહારથી કે અંદરથી આવતાં નિબંળતાનાં, કાયરતાનાં અને નિરાશાનાં સૂચનોને ઠોકર મારી છુંદી નાંખવા જોઇએ, અને એકજ સૂચન કાયમ રાખવું જોઇએ કે "મારી જન્મભૂમિમાં હું ફ્-તેહ ન મેળવું તો શું શુક્રના તારાનો કોઇ માણુસ અહીં આવી ફ્-તેહ મેળવશે ?" સ્ત્રીઓએ આ ઉપર બેવડા બળથી ધ્યાન આપવાનું છે; કારણકે કેટલીક અયોગ્ય માન્યતાઓએ, ભજનો, ગરબા અને ગીતોએ તેમને ઉંધા સૂચનો વર્ષો થયાં આપ્યાં છે.

જો હરેક મનુષ્ય પોતાનાં છોકરાંઓને આ સૂચનોનું અગાધ બળ બતાવે; આ વિચારો તેમના મગજ ઉપર દૃઢ ઠસાવે તો આજે સુધારાનું જે રૂપ છે તે બદલાઇ જાય. આપણાં બાળકોનાં અને સ્ત્રીઓનાં મગજમાં જે બીજ નાંખીએ છીએ તે મુજબ આપણે આપણા જીવનમાં કાંઠા, બોર, નિંદામણ કે સુંદર ફળ, પુષ્પો મેળવીએ છીએ.

જે મનુષ્ય બળવાન સૂચનોથી સજ્જ થયો છે તે પોતાની જાતને કે પોતાની મહેનત અને કામોને તદ્દન કંગાલ કિંમતે કે ઘણી સહેલાઈથી નહિ વેચે. તે મનુષ્ય અઠવાડીયામાં એક દિવસની વિશ્રાંતિ લીધા સિવાય, ઉત્તમ કામો કર્યા સિવાય, સ્વમાન અને ગૌરવ જાળવ્યા સિવાય નહિ રહે. તે અગાધ બળથી પોતાના ન્યાયી હકની, પોતાના વાજબી ભાગની માગણી કરશે, જેને લક્ષમાં લીધા સિવાય છુટકો થશે નહિ અને એમ થતાં જે મોટાં પ્રમાણમાં આજે દુઃખ કંગાલપણું અને નિરાશા જણાય છે તે નાશ પામશે. હાલ પણ દુઃખ તેઓનેજ પડે છે કે જેઓ પોતાના કામોને હલકાં માને છે અને તેની હલકી કિંમત રાખે છે.

આજે જે સુખ કે દુઃખ આપણે ભોગવીએ છીએ તે ગઈ કાલની વાવણીનું પરિણામ છે. સૃષ્ટિના કર્તાની સાથે માનસિક રીતે આપણે સંબંધમાં આવીએ અને નીચે મુજબના બળવાન સૂચનોથી પામર મનુષ્યો પાસે નહિ પણ સર્વ સાધનોના ભંડાર પરમાત્મા પાસે આપણા વિજયોની માગણી કરીએ, અને આપણી ઇચ્છાઓ જો પૂરેપૂરી ન્યાયી હશે તો ફત્તેહના સાધનો અજાયબ જેવા ઝડપે મળ્યા વગર રહેશેજ નહિ.

"આપણો માતા પિતારૂપ ઇશ્વર મોટા નાનાનો ભેદ રાખનો નથી. પોતાના બાળકોની જોડેના વર્તનમાં તે ભિન્નતા રાખતો નથી. તે ગોરા કાળાનો, કે ગરીબ તવં-

ગરનો વિચાર કરતો નથી. તેને મન અન્યાય યુક્ત મારા તારાનો ભેદ નથી. તેનાં હરેક છોકરાં પછી તે ગોરી ચામડીનાં હોય કે કાળી ચામડીનાં, સ્ત્રી હોય કે પુરૂષ હોય, ઉંચ કે નીચ હોય-તે હરેકને સરખા અને સમાન હક્ક આપેછે. તે મારા પોતાના પ્રયત્નોથી જેની મને જરૂર છે, જે હું માગું છું તે મને આપશે. એક કંગાલમાં કંગાલ માણુસ અને એક હજાર હીરાથી મઢેલા મુકુટ પહેરનાર રાજાને તે દિવસમાં કામ કરવાના સરખાજ કલાક બક્ષે છે. હું જે કરવા માગું છું તે હું કરી શકીશ અને કરીશજ. અને હું જેવો થવાની ધારણા રાખું છું તેવો થઇશજ." આ તમે વારે ઘડીએ બોલો. તકની અને સંજોગોની રાહ ન જુઓ. સૂચનોની શકિત તમારે માટે જાદુની લાકડી માફક કામ કરશે. સાધનો આપણી બળવાળી માગણીના જવાબમાં આવ્યા વગર રહેતાંજ નથી.

આપણામાંના એકેએકને સુખી, આબાદ અને ચિંતાથી મુકત રહેવાનો કદી ન લૂંટાય એવો હક છે. જયારે ફકત સૂચનોના સાદા નિયમ વડે આ સર્વે પ્રાપ્ત કરી શકીએ એમ છે તો પછી ફુશ્કા ઉપર જીવવું એ શું મુર્ખાઇ નથી ? બળવાન સૂચનો, દૈવી સત્તામાં અનહદ શ્રદ્ધા અને ઝડપવાળા પ્રયત્નો આ ત્રણ વડે આપણી જાતને તથા આપણા આજુબાજુના સંજોગોને અજાયબ જેવી રીતે ફેરવી શકીએ એમ છે; તેમ કરવા વાચક તૈયાર થા.

પ્રકરણ ૧૫ મું.

અચળ ફત્તેહ આપનાર અભય અને હિંમત.

अभयं सत्व संशुद्धि:—गीता

સ્પાર્ટાના લોકો શત્રુ કેટલા છે તે પૂછતા નહોતા પણ તેઓ ક્યાં છે તેજ પુછતા હતા.

રોમન પદ્ધતિએ જે બહાદૂરી ભરેલું અને ભવ્ય હોય તે આપણે કરવું જોઇએ પછી મોત પણ આપણને મળવા માટે માન સમજશે. **શેક્સપીઅર**

ભામાં હિંમત ધરવી એ અડધો લડાઇ (લડવા) બરોબર છે. નસીબ હિંમતવાનનું મિત્ર બને છે. **પ્લોટસ**

જે માણસ બહાદુરીથી આપણી આગળથી પસાર થાય છે તેને માટે આપણે રસ્તો કરીએ છીએ. **બોવી**

ઓ દોસ્ત, બીક તરફ તારૂં સઢ ફેરવતો નહિ. ચઢાવ તો તું ભગ્યતાથી બંદરમાં પેસી જા, અથવા પ્રભુ સાથે (નીડરતાથી) ભરદરીએ હંકાર. **ઇમરસન.**

દુનિયા અથવા લોકોપવાદ જેના મોટા સ્વરૂપથી ડરી જઇ ઘણાં મનુષ્યોએ પોતાની અંતરની ઇચ્છાઓનો ભોગ આપી પોતાનાં જીવનો હમેશને માટે દુઃખી કર્યાં છે તેવા લોકોપવાદની વચ્ચે જ્યારે એક દૃઢ નિશ્ચયી અને ઉંચા ઉદ્દેશવાળો યુવાન માણસ પોતાનું ન્યાયી કાર્ય કરે છે ત્યારે

તેને જણાય છે કે આ પ્રચંડ બીવરાવી નાંખનારૂં સ્વરૂપ જે નક્કર દેખાય છે તે બીજું કાંઈજ નથી પણ ફક્ત ધુમસનું એક પડ છે જેની અંદરથી થોડી ઘણી હિંમતવાળો માણસ પણ બહુ સહેલાઈથી પોતાની મરજી મુજબ પસાર થઈ શકે.

જ્યારે બીજા મનુષ્યો વખાણ અને સત્તા મેળવવા ઉંચા નીચા નમતા હોય અને ગમે તેવાં ખુશામતનાં કે નીચાં કામ કરવા તૈયાર થતા હોય ત્યારે એક જુવાન માણસને દ્રઢતાથી પોતાના પગ ઉપર ટટાર રહેવામાં હિંમતની ઘણી જરૂર પડે છે. જ્યારે તમારા આસપાસના બીજા બધાઓ 'હા' કહેતા હોય ત્યારે ચોખ્ખી 'ના' કહેવી એ અતિશય હિંમતનું કામ છે. બીજાઓ પવિત્ર ફરજોને બાજુએ મૂકી પ્રખ્યાત અને પૈસાદાર થતા હોય ત્યારે એક બાજુએ રહી શાંતિથી ઘોંઘાટ વગર તમારી ફરજો બજાવ્યા કરો એમાં અસાધારણ બળ જોઈએ છે. બીજાઓ પોતાના રોપેલા છોડમાંથી ફુલાં વીણે, તેની માળા પહેરે અને સુગંધ લે અને તમે ને ફુલના ફળ થાય ત્યાં સુધી થોભી તેને મહેનતથી પોષ્યા કરો એ સાધારણ કામ નથી. બીજાઓ પત્તાં રમીને અથવા તો ખરાબ સંગતમાં ગમે તેમ કહેવાતી મોજમઝા કરી પોતાની જુવાનીનો કીમતી વખત ગુમાવે ત વખતે તમે તમારા જીવનને વધારે ભવ્ય બનાવવા

સારાં પુસ્તકો વાંચો, મહાન પુરૂષો પાસેથી બોધ લો, ઉત્તમ ભાષણો સાંભળવા જાઓ, અને સખત મહેનત કરો તો એ પરમેશ્વરની પરમ કૃપા સમજવી; કારણ કે એથીજ તમે તમારૂં જીવન સફળ કરી શકો છો. એક પ્રમાણિક માણસ સામે કુતરાં ભસે તેથી તે કાંઇ ખરાબ હોતો નથી.
"સત્ય સાથે ઝુઝવી સહાયમાં રહેતાં હિંમત જેને નથી,
"ગુલામી કરે છે તે નિશ્ચય, મનુષ્યત્વ તો તેમાં નથી."

આપણી બીજા મશ્કરી કરશે, લોકમાં ખોટું દેખાશે, આવા આવા વિચારો કરી આપણે મશ્કરી થાય એવી રીતે રહીએ છીએ.

પોતે જે વિચાર કરે તે બોલતાં ડરે એવી શરૂઆતથી રહેનાર યુવાન માણુસ છેવટે પોતે જે ઈચ્છે છે તેનો વિચાર પણ કરી શકશે નહિ. ખોટી મોટાઇ, ખોટી આબરૂ અને મશ્કરીના ડરના ખોટા ખ્યાલ ઉપર ઘણાએ આશાભર્યા અને બુદ્ધિશાળી તથા ખરેખર શક્તિવાળા મનુષ્યોએ પોતાનો, પોતાના ફત્તેહમંદ કાર્યોનો અને છેવટના વિજયનો ભોગ આપ્યો છે. બીજાઓ જેમ રહે છે તેમ આપણે રહીએ છીએ, રૂઢી અને 'ફેશનના' દાસ બની આપણે આપણું વિજયી જીવન, આત્મતત્ત્વ ગુમાવીએ છીએ.

હિંમત એ ફત્તેહ છે અને નિષ્ફળતા બીકમાંથી જન્મે છે. તમારા ઠરાવોને તરતજ

અમલમાં મૂકો. જ્યાં સુધી વિચારોની અસરની અજમાયશ નથી કરવામાં આવતી ત્યાં સુધી તેઓ ફક્ત સ્વપ્નાં માફક હોય છે. શું તમે હરીફાઈથી બીઓ છો? સખત મહેનત કરી તમારા હરીફથી આગળ જાઓ. તમારો હરીફ ગમે તેવો મોટો હશે તો પણ તે એક માણસ છે. તે કાંઇ દેવ કે રાક્ષસ નથી. દુનિયામાં તમારી પોતાની જગ્યા જીતીને લો, કારણ કે બહાદુરને બધી ચીજો મદદ કરે છે. અડચણો સામે એક મનુષ્ય તરીકે લડો. સંકટ આવે તો તે પણ બહાદુરીથી સહન કરો. ગરીબાઇ આવે તો તે પણ સહન કરો. દેખીતી નિષ્ફળતા મળે તો તેને પણ સહન કરો, કારણ કે જેમ સૂર્ય પૂર જોશમાં પ્રકાશ્યા પછી બધું ધુમસ જતું રહે છે તેમ આ બધું તમારી બહાદુરી આગળ જતું રહેશે. એક હિંમતવાન નીડર માણસની જાદુઈ અસર એક ભારે ચેપી રોગ જેવી છે. તેની હિંમત, તેનું શૌર્ય, તેનો સત્ય માટેનો આગ્રહ બીજા હજારો મનુષ્યોમાં જાદુની માફક ફેલાય છે. ઇતિહાસ આ વાતની શાખ પૂરે છે. બહાદુર આનંદી માણસો પોતાની નિષ્ફળતા અને નિરાશાથી આગળ વધી ફત્તેહનાં દર્શન કરવા જીવી શકશે.

અડચણોનો વિચાર કરવામાં વખત ન ગુમાવતા. કારણ કે તમારી વિચારેલી અડચણોનો સોમો ભાગ પણ તમે હિંમતથી ધસશો તો દેખાશે નહિ. બહારની મદદથી નહિ,

પણુ તમારી પોતાની હિંમતથી તમે ફત્તેહ મેળવી શકશો.

એક બીલાડીથી ડરતા ઉંદરને એક જાદુગરે દયા લાવી બીલાડો બનાવ્યો, છતાં પણુ તે હવે કુતરાથી બીવા માંડયો. વળી તે જાદુગરે તેને કુતરો બનાવ્યો, ત્યારે તે હવે વાઘથી ડરવા માંડયો, એટલે તેને વાઘ બનાવ્યો. વાઘ બન્યા પછી તેને શીકારીઓની બીક લાગવા માંડી; છેવટે તે જાદુગરે અકળાઈને કહ્યું કે "ફરીથી તું ઉંદર થા. જયારે તારામાં એક ઉંદરનુંજ હૃદય છે તો તને ઉંચા પ્રાણીનું શરીર આપવાથી કશો ફાયદો થશે નહિ" એમ આપણી લાયકાત સિવાય બહારની મદદ નકામ આવે. જે મનુષ્યોએ હિંમતથી કામ કર્યાં છે તેઓએ દુનિયા હલાવી છે. તમે સૌથી પ્રથમ તૈયાર :થાવ અને તમારે લાયકનું તમને ચોક્કસ મળશેજ. હિંમતનો જુસ્સો તમારૂં આખું બંધારણુજ બદલી નાંખશે. તમને મળેલો વારસો કે બહારની મદદો કામમાં નહિ આવે. ફક્ત ડહાપણુવાળા અને ઝડપથી કામ કરનારા મનુષ્યો પ્રયોગો કરી જોવાની હિંમત કરી, અડચણો ને તાબે કરે છે. ઘણાએ આશા આપનારા જુવાનોએ શરૂઆત કરવાની હિંમત ન કરીને પોતાની જીંદગી બરબાદ કરી છે; તેથી જેજે નિશ્ચયો કર્યા હોય, જેને માટે તમે લાયક હો તે દિશાનું પગલું આજથીજ ભરવાનું શરૂ કરો ! ! શરૂ કરો ! ! !

"બીક એક માણસને બીજાઓનો ગુલામ બનાવે છે. એ જુલમગારની સાંકળ છે જીવનની મઝાઓમાં કડવાશ નાખનાર બાયલાપણાનું એક બીજું રૂપ ફીકર છે" એવું ચેનીંગ કહે છે અને તે તદન ખરૂં છે.

'આપણે પામર છીએ' એવા ખોટા ધર્મના વિચારોથી લુલા થયલા છીએ. જો આપણે ધર્મના ખરા વિચારો સમજીશું તો આ લુલાપણું જતું રહેશે. ઇશ્વરે જે મનુષ્યને બનાવ્યો છે તેમાં તુચ્છતા, પામરતા, ક્ષુદ્રતા હોઇ શકેજ નહિ. તે બીજા કરતાં હલકો હોઇ શકેજ નહિ જે કાંઇ આપણામાં હલકાપણું દેખાય તે તો ફક્ત આપણે પોતેજ આપણી જાતમાં મૂકીએ તે છે. ઇશ્વરે જે જે બનાવ્યું છે તે પૂર્ણ છે. જે કોઈ ધર્મ, પંથ મત કે ગુરૂ તમને ક્ષુદ્ર ગણવાનું શીખવતા હોય તે તમારા હડહડતા દુશ્મન છે એમ ગણી તેનાથી દૂર રહેજો. તેઓ તમારૂં આ દુનિયામાં કલ્યાણ કરી શકશે નહિ તેમ પરલોકમાંએ તમારૂં કલ્યાણ કરી શકવાના નથી.

જો આપણે ઉમદા ગુણવાળા થવું હોયતો શું આપણે પામરતાના વિચારો કરી થઇ શકીશું ? "બીજા લોકો જેટલા બુદ્ધિશાળી છે તેટલા તમે નથી, બીજા લોકો જેટલા હોશિયાર છે તેટલા તમે નથી, આ ચીજ તો તમ કરી શકો એમ નથી, એતો અમુક લોકોજ ખાસ કરી શકે એમ છે" એવા વિચારો મનમાં રાખી શું તમે ઉંચા ગુણો ખીલવી

શકશો ? તેવું જો થવું હોયતો તમારે હમેશાં પોતાને કહેવું જોઇએ કે " હું કાંઇ કંગાલ ભીખારી નથી. હું એક રાજા છું. ફત્તેહ એ મારો જન્મસિદ્ધ હકક છે. અને તે કોઇ પણ માણસ ખુંચવી લઇ શકશે નહિ."

સુજ્ઞ વાંચક, હવે ફક્ત થોડા વખતને છુટા પડીએ છીએ. નવજીવન ગ્રંથમાળાનો બીજો ગ્રંથ ટુંક વખતમાં તૈયાર થશે; તેટલામાં આ પુસ્તકને ફરી ફરી વાંચી જીવનયાત્રામાં તમારો ભાગ ઉત્તમ રીતે ભજવવા તૈયાર થઇ જશો. હવે પછીના પુસ્તકમાં આથી પણ અગત્યની બાબતો ઉપર આપણે કેવી રીતે વર્તવું તે બતાવવામાં આવશે.

આટલા બધા મતમતાંતરોમાંથી સાચા હિંદુધર્મનું શું સત્ય સ્વરૂપ હોય, તે કેમ ફરીથી ફેલાવી શકાય। આપણી આજુબાજુ દુઃખ, રોગ અને શરીરની અનેક નબળાઇઓ કેમ જીતી શકાય તે બધું બીજા પુસ્તકમાં બતાવવામાં આવશે. તેટલામાં તમારે મહત્વાકાંક્ષા ટકાવી હિંમતથી તૈયાર થવાનું છે અને જેમ બીજાઓ કરી શકયા તેમ તમારે પોતેજ ફત્તેહ મેળવવાની છે. તમારી પૂર્વે થઇ ગયલાં હજારો મનુષ્યોએ તમારા કરતાં ઓછાં સાધન અને સગવડ છતાં ફત્તેહ મેળવી છે. તમે પણ તેમ કરી શકો, એમ છો. માટે વિજયી છટા ધારણ કરી તમે પણ જીવન સફળ કરો.

સ

શુદ્ધિપત્રક.

પૃષ્ટ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૬	૧૪	૨૧૨	૨૨૧
,,	૨૨	૨૪૬	૨૫૪
૨૬	૧૬	નાસા	નાસી
૨૬	૧૭	તમજ	તેમજ
૩૪	૧૨	વરૂદ્ધ	વિરૂદ્ધ
૪૦	૨૧	આદથી	આદિથી
૫૦	૨	મસ્તકશાસ્ત્રી	મસ્તકશાસ્ત્ર
૫૧	૧૧	અપોગતિ	અધોગતિ
૫૧	૧૭	આનાવાદનો	આશાવાદનો
૫૨	૮	સ્થના	સ્થાન
૫૨	૧૨	ભુદ્ધ	બુદ્ધ
૫૪	૮	પહોડાને	પહાડોને
૫૪	૨	દેવી	દૈવી
,,	૧૮	મળવાનીની	મળવાની
૬૨	૬	રખડી છે અને	રખડી
,,	૭	એમ	એક
૬૩	૧૮	સંચયને	સંશયને
૭૬	૨	છે	કરે છે.
૭૮	૧૩	માટે અને	માટે
૮૨	૧૪	મભાગ્યને	કમભાગ્યને
૯૦	૬	નના	લક્ષ્ય સ્થાનના
૯૪	૧૮	શકિઓ	શક્તિઓ


,,	૨૦	શક્તિએની	શક્તિઓની
૯૬	૨૦	સમુદયમા	સમુદ્રમાં
૧૦૮	૯	ચકરી	ચાકરી
૧૦૮	૨૦	સંસંધી	સંબંધી
૧૧૮	૨૦	રાખાવાની	રાખવાની
૧૨૧	૨૧	બ્યહારમાં	બ્યવહારમાં
૧૩૬	૯	વતણુંકનું	વર્તણુંકનું
૧૪૦	૮	એકેલું	એકેકું
,,	,,	ત	તે તે
૧૪૮	૧૫	સ્થિતઓ	સ્થિતિઓ
,,	૧૭	બનવાશો	બનાવશો
૧૫૯	૧	ઘેદા	પેદા
૧૬૫	૨૧	માનો છે	માનો છો
૧૭૨	૧૭	ઓાયથી	ઓાથાથી
૧૭૪	૭	અપુત્રોનો	અપુત્રોને
૧૭૬	૨	જગનૂ:	જગનૂ
,,	૧૭	ધમ	ધર્મ
૧૭૬	૯	આકબ્યા	આકર્બ્યાં
૧૮૭	૧૫	એક્ષદ્દડ	ઓાકસદ્દડ
૧૮૯	૨૦	નગો	નાગો
૧૮૯	૧૦	તારવત્રમાં	તારવવામાં
૧૯૦	૨૧	७	કछ
૧૯૩	૫	કયં	ક.યં

,,	૬	ઉત્સહ	ઉત્સાહ
,,	૧૦	ફ્રેટોઆફ	ફ્રાટોઆફ
૧૯૫	૪	નિગળ	નિગંળ
,,	૬	શાસ્ત્ર	શસ્ત્ર
૨૦૩	૧૪	માનવશાસ્ત્રીઓએને	માનવશાસ્ત્રીઓને
૨૦૪	૧૦	સપડયેલો ક્રોધ	સપડાયેલો ક્રોધ
૨૦૭	૨૦	કેળવા	કેળવવા
૨૦૮	૫	માન પ્રદ	માનપ્રદ
	૧૧	ત પરાં	તમારાં
	૧૬	ન ણુંદ	નણુંદ
	૧૬	નપાસ	તપાસ
૨૧૨	૩	પંકૃતિ	પંક્તિ
૨૧૩	૧૯	કાય	કાર્ય
૨૨૧	૩	।	તે
૨૨૩	૧૦	ઢીલ	ઢીલું
૨૨૫	૯	સ મે	સામે
	૧૧	ત બે	તાબે
૨૨૯	૧૭	દરરોજ	દરરોજ બે રીતે
૨૩૩	૧૧	નેનો	તેનો
૨૩૬	૧૨	ધુંઘ	ધુંધા
૨૩૯	૬	ઇચ્છા શક્તી	ઇચ્છાશક્તિ



હરેક મનુષ્ય
માટ હું છું

હું તારી સાથે
રહી તારું
રક્ષણ કરીશ









તારો ભોમિયો

—: અને :—

મદદગાર બની

તારા અણીના પ્રસં-

ગોએ તારી બાજુએ

રહીશ

સંસાર વ્યવહાર તથા પરમાર્થનો પણ વિ[illegible]

માટે આ પુસ્તક અતિશય જરૂરનું છે.

આપણા દેશની સ્ત્રીઓ [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] જરૂર છે કે સ્ત્રી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]